| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | **સુરત મહાનગરપાલિકા,**<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ, સુરત – ૩૯૫ ૦૦૩. |

**<u>અપીલ અરજી નં.૦૧/૧૯–૨૦</u>**

**અરજદાર :** શ્રી શોએબ એ.કોસલાવાલા

**સામાવાળા :** સેકશન ઓફીસર (મધ્યસ્થ મહેકમ વિભાગ) અને જાહેર માહિતી અધિકારી.

**<u>ફરીયાદની હકીકત :–</u>**

**વિષય:–** શ્રી શોએબ એ.કોસલાવાલાની મુળ અરજી આઈ.ડી.નં.૨૯૭૪ તા.૦૫/૦૩/૧૯ સંદર્ભે કરેલ અપીલ અરજી બાબત.

**સંદર્ભ:–** અરજદાર મજકુરની તા.૦૯/૦૪/૧૯ ની અપીલ અરજી No.SMC/GAD/FAP/01/19-20.

અરજદાર શ્રી શોએબ એ.કોસલાવાલાએ જાહેર માહિતી અધિકારીશ્રી સુરત મહાનગરપાલિકા, સુરતને સંબોધીને મુળ અરજી આઈ.ડી.નં.૨૯૭૪ તા.૦૫/૦૩/૧૯ થી સેન્ટ્રલ ઝોન વોર્ડ નં.૧૨/૭૫૩ મા થયેલ ગેરકાયદેસર બાંધકામ બાબતે કરેલ કાર્યવાહી સબંધમાં કુલ–૪૯ મુદ્દાઓની વિશાળ પ્રમાણમાં કહી શકાય એવી સુરત મહાનગરપાલિકાના વિવિધ વિભાગ/ઝોનને લગતી જુદી જુદી વિગતોની માહિતીની માંગણી કરેલ. જે અંતર્ગત જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર, મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઇએસટી/૯૨૦૭ તા.૨૬/૦૩/૧૯ થી મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત મુદ્દા નં.૧, ૩, ૩૭, ૩૯ તથા ૪૬ ની ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી/પુર્તતા સમયમર્યાદામાં પાઠવવામાં આવેલ. જે પાઠવવામાં આવેલ માહિતી/પુર્તતાથી નારાજ થઈ તા.૦૯/૦૪/૧૯ ના રોજ પ્રથમ અપીલ અરજી દાખલ કરી અપીલ તબકકે "નમુનો 'ક' આઈ.ડી.નં.૨૯૭૪ ના મુદ્દા નં.૧,૩,૧૬,૨૯,૩૨,૩૭,૩૮,૩૯, ૪૨, ૪૩,૪૬ વિગેરે આપને લગતા મુદ્દાઓની માહિતીઓ વિના મુલ્યે આપવા તથા હમારી માહિતી માંગવાની અરજી નમુનો 'ક' નો પુરતો અભ્યાસ કર્યા વગર નામ. સુપ્રીમ કોર્ટ તેમજ આયોગના ચુકાદાનો ખોટુ અર્થઘટન કરીને અમોને ખોટી, અપુરતી, ગેરમાર્ગે દોરનારી માહિતી જાહેર માહિતી અધિકારીએ આપી છે." તે મુજબની રજુઆત કરેલ છે.

અરજદારશ્રી દ્વારા મુળ અરજી આઈ.ડી.નં.૨૯૭૪ તા.૦૫/૦૩/૧૯થી માંગવામાં આવેલ માહિતી પૈકી મધ્યસ્થ મહેકમ વિભાગને અંશતઃ લાગત જણાતા **<u>મુદ્દા નં.૧, ૩, ૩૭, ૩૯ તથા ૪૬ પરત્વે</u>** સુરત મહાનગરપાલિકાના મધ્યસ્થ મહેકમ વિભાગના જાહેર માહિતી અધિકારી ધ્વારા ઉકત નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઇએસટી/૯૨૦૭ તા.૨૬/૦૩/૧૯ થી આર.ટી.આઈ.એકટની જોગવાઈને આધીન નિયમાનુંસાર માહિતી/પુર્તતા પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે. જે અંતર્ગત અરજદાર ધ્વારા માંગવામાં આવેલ માહિતી પૈકીના **<u>મુદ્દા નં.૧</u>** થી ડે.ઈજનેર અજીત નાયકને એસ.એમ.સી.માંથી <u>કયા કારણોસર કઈ તારીખે સસ્પેન્ડ કરવામાં આવેલ તેની સંપુર્ણ માહિતી તેમજ કઈ તારીખે નોકરી પરપાછા લીધા તેમજ કઈ તારીખે રીટાયર્ડ થયા તેની સંપુર્ણ માહિતી</u> વિગતવાર વાંચી શકાય તેવી આપવા જણાવેલ. જે સંદર્ભે <u>જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(મહેકમ) ધ્વારા</u> "માગવામાં આવેલ માહિતી જે તે અધિકારી/કર્મચારીને લગતી અંગત અને નોકરીદાતા વચ્ચેની છે. જે કામગીરી સેવા નિયમો હેઠળ નિયંત્રિત છે તેમજ આ માહિતીને જાહેર ગતિવિધી અથવા જાહેર હિત સાથે કોઈપણ પ્રકારનો સબંધ હોવાનુ જણાતુ ન હોય, પ્રસ્તુત માહિતી આરટીઆઈ એકટની કલમ ૮(૧)(ચ)(ઠ) મુજબ ત્રાહિત પક્ષકારને પુરી પાડવા જોગ નથી. વધુમાં પ્રસ્તુત માગવામાં આવેલ માહિતી સંદર્ભેના માહિતી અધિકારી અધિનિયમ સાથે સંકળાયેલા એક મહત્વપુર્ણ કેસ SCP CLP (CIVIL) 27734 OF 1012 મા નામ.સુપ્રિમ કોર્ટે તા.૦૩/૧૦/૧૨ ના ચુકાદામાં જણાવેલ છે કે કોઈપણ સરકારી અધિકારી વિરૂધ્ધની તપાસ/ફરિયાદ અંગેની માહિતી એ તેઓની "અંગત" માહિતી ગણાય, જે માહિતી આપી શકાય નહી તેમજ તે માહિતી અધિકારી અધિનિયમ અન્વયે "As a matter of right" માંગી શકાય નહી. આ બાબતે માહિતી આયોગમાં દાખલ બીજી અપીલ નં.અ–૩૭૧૫–૨૦૧૬ અનુસંધાને ગુજરાત રાજ્ય માહિતી આયોગના માન.રાજ્ય માહિતી કમિશ્નરશ્રી ધ્વારા આપવામાં આવેલ ચુકાદો/હુકમની નકલ અવલોકાનાર્થે આ સાથે સામેલ છે." તેમ જણાવી પુર્તતા પાઠવવામાં આવેલ છે. જે આર.ટી.આઈ. એકટની ઉકત કલમો, નામ. સુપ્રિમ કોર્ટના ઉકત ચુકાદા તથા નામ. આયોગ ધ્વારા આપેલ ચુકાદા વિગેરે ધ્યાને લેતા/વંચાણે લેતા યોગ્ય જણાય છે તથા આ સબંધે નામ.આયોગનો હુકમ અવલોકાનાર્થે પણ અરજદારને પાઠવવામાં જ આવેલ છે. જેનો અરજદાર ધ્વારા અભ્યાસ કર્યા વગર અપીલ તબકકે કરેલ આક્ષેપો/રજુઆત ગ્રાહય રાખવા જોગ નથી. જયારે લાગત **<u>મુદ્દા નં.૩,૩૭ અને ૩૯</u>** માં જણાવેલ સેન્ટ્રલ–ઝોનના ડે.ઈજનેર સહિત સ્થળ નિરિક્ષણ કરવા માટે હાજર તમામ અધિકારીઓના નામ, હોદ્દો અને લાયકાતના પ્રમાણપત્રો તથા ડે.કમિશનરશ્રી રાજેશ પંડયાની લાયકાતના પ્રમાણપત્રો તેમજ સદર મિલ્કત એટલે કે ઉકત આર.ટી.આઈ. અરજીની માહિતીની વિગતમાં જણાવેલ સેન્ટ્રલ ઝોન વોર્ડ નં.૧૨/૭૫૩ ની મિલ્કત બનાવવાની શરૂ થઈ ત્યારથી આજદિન સુધીના તમામ જવાબદાર અધિકારીઓ અને કર્મચારીઓના નામ, નંબર, હોદ્દો તેમજ લાયકાતના પ્રમાણપત્રની માંગવામાં આવેલ. જે સંદર્ભે **<u>મુદ્દા નં.૩, ૩૭ તથા ૩૯ ની સંયુકત અંશતઃ પુર્તતામાં:</u>** "જે તે કર્મચારીના લાયકાતના પ્રમાણપત્રની માંગવામાં આવેલ માહિતી બાબતે કોઈપણ અધિકારી/કર્મચારીએ તેમની નિમણુંક સંદર્ભે રજુ કરેલ શૈક્ષણિક લાયકાતના પુરાવાઓ કે અન્ય કોઈપણ દસ્તાવેજો એ તેઓના અંગત પ્રકારના ડોકયુમેન્ટ હોય જે વિશ્વસનીય સબંધોને આધારે અત્રેની કચેરીને તેઓની નિમણુંકના હેતુસર ઉપલબ્ધ થયેલ હોય જે ત્રાહિત વ્યકિતને આપી શકાય નહી કે આપવુ હિતાવહ જણાતુ નથી તેમજ ઉકત માહિતીને જાહેર ગતિવિધી અથવા જાહેર હિત સાથે કોઈપણ પ્રકારનો સબંધ હોવાનુ જણાતુ ન હોય, પ્રસ્તુત માહિતી આરટીઆઈ એકટની કલમ ૮(૧)(ચ)(ઠ) મુજબ ત્રાહિત પક્ષકારને પુરી પાડવા જોગ નથી." તેમ જણાવેલ છે. જે સંદર્ભે આરટીઆઈની ઉકત કલમોનો અભ્યાસ કરતા કરવામાં આવેલ પુર્તતા યોગ્ય અને ઉચિત જણાય છે. ઉકત મુદ્દા નં.૩ તથા ૩૯ થી સેન્ટ્રલ ઝોનની મિલ્કતના બાંધકામ બાબતે જવાબદાર અધિકારી/કર્મચારીઓના નામ/નંબર/હોદ્દાની માંગવામાં આવેલ માહિતીની બાબત મધ્યસ્થ મહેકમ વિભાગને સ્પર્શતી નથી. તે માહિતી સેન્ટ્રલ ઝોનને સ્પર્શતી હોય તે માહિતી સેન્ટ્રલ ઝોનનું સત્તા મંડળ જ પુરી પાડી શકે. મધ્યસ્થ મહેકમ વિભાગને ફકત જે તે અધિકારી/કર્મચારીના શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રને લગતી માહિતી જ સ્પર્શતી હોય જે તેઓની નિમણુંક અંતર્ગત ઉપલબ્ધ થયેલ હોય, તે બાબતે નિયમાનુંસાર **<u>સંયુકત અંશતઃ પુર્તતા મધ્યસ્થ મહેકમ વિભાગ કક્ષાએથી આર.ટી.આઈ.એકટની</u>** કલમ ૮(૧)(ચ)(ઠ) મુજબની જોગવાઈને આધિન પાઠવવામાં આવેલ, જે યોગ્ય અને ઉચિત જણાય છે.

વધુમાં ઉપરોક્ત મુજબ શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રની માંગવામાં આવતી માહિતી બાબતે અત્રેથી ઉક્ત કલમને આધીન ઈન્કાર કરવામાં આવેલ એક આર.ટી.આઈ. અરજીને પડકારવા માટે રાજ્ય માહિતી આયોગમાં દાખલ કરવામાં આવેલ બીજી અપીલ નં.અ–૫૬૧૩/૨૦૧૫ માં નામ.ગુજરાત રાજ્ય માહિતી આયોગના રાજ્ય માહિતી કમિશનરશ્રી ધ્વારા તા.૦૮/૧૨/૨૦૧૬ ના રોજ આપેલ ચુકાદામાં શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્ર વિગેરે અંગત બાબત છે જે માહિતી અધિકાર અધિનિયમની કલમ ૮(૧)(ઠ) હેઠળ આપવાપાત્ર નથી, અપીલ અરજી દફતરે કરવા હુકમ કરેલ છે. તદઉપરાંત રાજ્ય માહિતી આયોગમાં દાખલ કરવામાં આવેલ અન્ય એક અપીલ નં.અ–૨૫૯૯–૨૦૧૪ માં ગુજરાત રાજ્ય માહિતી આયોગના મુખ્ય માહિતી કમિશનરશ્રી ધ્વારા કર્મચારીની "અંગત" પ્રકારની માહિતી વિવાદીને આપવાપાત્ર નથી તે મુજબનો હુકમ કરેલ છે. તદઉપરાંત સુ.મ.ન.પાલિકામાં ફરજ બજાવતા એક કર્મચારી ધ્વારા શૈક્ષણિક લાયકાતના રજુ કરેલ પુરાવાની માંગવામાં આવેલ માહિતી બાબતે માહિતી અધિકાર અધિનિયમની કલમ–૮(૧)(ઠ) મુજબ માહિતી પુરી પાડવા અત્રેના જાહેર માહિતી અધિકારી ધ્વારા ઈન્કાર કરવામાં આવેલ, તે કિસ્સામાં નામ.રાજ્ય માહિતી આયોગમાં એક અરજદાર ધ્વારા દાખલ કરવામાં આવેલ બીજી અપીલ નં.અ–૧૫૦૩– ૨૦૧૭ માં નામ.ગુજરાત રાજ્ય માહિતી આયોગના રાજ્ય માહિતી કમિશનરશ્રી ધ્વારા હાલમાં જ તા.૧૧/૦૧/૨૦૧૮ ના રોજ આપેલ ચુકાદામાં અરજદાર ધ્વારા માંગવામાં આવેલ માહિતી અંગત પ્રકારની હોય, આપવામાં આવી નથી તે સંદર્ભે પ્રથમ અપીલ અધિકારીના નિર્ણય સાથે સંમત હોવાનું જણાવી વિવાદીની બીજી અપીલ દફતરે કરવા હુકમ કરેલ છે. જે તમામ હુકમો/ચુકદાઓની નકલ અવલોકનાર્થે આ સાથે સામેલ છે. જે મુજબનો નામ.રાજ્ય માહિતી આયોગનો હુકમ પ્રસ્તુત અપીલ અરજી સંદર્ભે ધ્યાને લેવા જોગ છે.

ઉપરોક્ત વિગતે તા.૨૯/૦૪/૨૦૧૯ ના રોજ અરજદાર રૂબરું મળવા આવતા તેઓને આર.ટી.આઈ. એક્ટની સદર જોગવાઈ તથા નામ.રાજ્ય માહિતી આયોગના વિવિધ ચુકાદાને આધિન જે તે અધિકારી/કર્મચારીની સસ્પેન્શનની/નિવૃત્તીની તેમજ શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રોની માહિતી જે તે અધિકારી/કર્મચારીને લગતી અંગત અને નોકરીદાતા વચ્ચેની જે કામગીરી સેવા નિયમો હેઠળ નિયંત્રિત અને અંગત ગણાતી માહિતી હોય જે આપવા જોગ નથી તેમજ સેન્ટ્રલ ઝોનની મિલ્કતના બાંધકામ બાબતે જવાબદાર અધિકારીના નામ/હોદ્દાની માહિતી મધ્યસ્થ મહેકમ વિભાગના સત્તામંડળને સ્પર્શતી ન હોય સેન્ટ્રલ ઝોનના સત્તામંડળ જ તેવી માહિતી પુરી પાડી શકે તેવી સ્પષ્ટ સમજ પુરી પાડવામાં આવેલ છે.

આ ઉપરાંત **લાગત મુદ્દા નં.૪૬ માં:** "અમોએ તા.૨૬/૦૫/૧૭ના રોજ કમિશનરશ્રીને સેન્ટ્રલ ઝોનના કાર્યપાલક ઈજનેર બસાકનુ રાજીનામુ નામંજુર કરવા અરજી કરેલ, તેના ઉપર કયા પ્રકારની કાર્યવાહી કરેલ તેની સંપુર્ણ માહિતી આપવી."ની માહિતીની માંગણી કરવામાં આવેલ. જેની **પુર્તતામાં** "માંગવામાં આવેલ માહિતી મજકુર અધિકારીની અંગત અને નોકરીદાતા વચ્ચેની છે જે કામગીરી સેવા નિયમો હેઠળ નિયંત્રિત છે તેમજ આ માહિતીને જાહેર ગતિવિધી કે જાહેર હિત સાથે સબંધ હોવાનુ જણાતુ ન હોય, તથા આપના ધ્વારા સદર માગવામાં આવેલ માહિતી જાહેર હિતમાં માંગી હોવાનુ પ્રસ્થાપિત થતુ ન હોય, પ્રસ્તુત માહિતી આરટીઆઈ એક્ટની કલમ ૮(૧)(ચ)(ઠ) મુજબ ત્રાહિત પક્ષકારને પુરી પાડવા જોગ નથી."તેમ જણાવેલ. આ મુદ્દા બાબતે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(મહેકમ) સાથે રૂબરું ચર્ચા કરવામાં આવતા ઉક્ત પુરી પાડવામાં આવેલ પુર્તતા સેન્ટ્રલ ઝોનના કાર્યપાલક ઈજનેર શ્રી બસાકના રાજીનામાની અરજી બાબતે કરવામાં આવેલ કાર્યવાહીની માહિતી માંગવામાં આવેલ હોવાનું સમજી શરત ચુકથી સદર મુજબની પુર્તતા થયેલ હોવાનું જણાવેલ છે. ખરેખર અરજદાર ધ્વારા તેઓની તા.૨૬/૦૫/૧૭ના રોજ કમિશનરશ્રીને સેન્ટ્રલ ઝોનના કાર્યપાલક ઈજનેર શ્રી બસાકનુ રાજીનામુ નામંજુર કરવા અરજી કરેલ, તેના ઉપર કયા પ્રકારની કાર્યવાહી કરેલ તેની સંપુર્ણ માહિતી આપવી માંગણી કરેલ હતી. આથી આ બાબતે મજકુર અરજદારની તા.૨૬/૦૫/૨૦૧૭ ના રોજની સદર અરજી બાબતે મધ્યસ્થ મહેકમ વિભાગ કક્ષાએથી કરવામાં આવેલ કાર્યવાની નકલ અરજદારને વિના મુલ્યે પાઠવવા જોગ છે.

તદઉપરાંત અરજદાર મજકુર ધ્વારા અપીલ તબકકે મુળ આઈ.ડી.અરજીના મુદ્દા નં.૧,૩,૧૬,૨૯,૩૨,૩૭,૩૮,૩૯,૪૨,૪૩,૪૬ વિગેરે મધ્યસ્થ મહેકમ વિભાગને લગતા હોવાનું જણાવી તે મુદ્દાઓની માહિતીઓ વિના મુલ્યે આપવા રજુઆત કરેલ છે. જે અંતર્ગત અરજદારની અરજીની ચકાસણી કરતા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) ધ્વારા ઉક્ત મુળ આઈ.ડી.ના લાગત મુદ્દા નં.૧,૩,૩૭,૩૯ તથા ૪૬ ની પુર્તતા કરવામાં આવેલ છે. જયારે બાકીના મુદ્દા નં.૧૬,૩૨,૪૩ ની માંગેલ માહિતીની વિગતો વંચાણે લેતા તે મુદ્દાઓમાં જણાવેલ જે તે અધિકારી/કર્મચારીની વિવિધ માંગવામાં આવેલ માહિતી પૈકી તેઓની "લાયકાતના પ્રમાણપત્રની નકલની" માંગવામાં આવેલ માહિતી અંશતઃ મધ્યસ્થ મહેકમ વિભાગને સ્પર્શતી હોવાનું જણાય છે. જેથી આ મુદ્દાઓ ફરીથી વંચાણે લઈ મુદ્દામાં જણાવેલ જે તે અધિકારી/કર્મભચારીની લાયકાતના પ્રમાણપત્રની અરજદારે માગ્યા મુજબની લાગત માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર (મહેકમ) એ યોગ્ય પુર્તતા/માહિતી નિયમાનુંસાર પુરી પાડવા જોગ છે. જયારે મુદ્દા નં.૨૯,૩૮ તથા ૪૨ થી માંગવામાં આવેલ માહિતી મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત હોવાનું જણાતુ નથી.

આમ, આ ઉક્ત સમગ્ર બાબતો ધ્યાને લેતા સદર અપીલ અરજી અંગે ઉક્ત સુચવ્યા મુજબની જરૂરી યોગ્ય કાર્યવાહી કરવા અંગે હુકમ કરી, અપીલ અરજીનો નિકાલ કરવા જોગ છે.

**–: હુ ક મ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર શ્રી શોએબ એ.કોસલાવાલાએ મુળ અરજી આઈ.ડી.નં.૨૯૭૪ તા.૦૫/૦૩/૧૯ થી કુલ–નં.૪૯ ની વિશાળ પ્રમાણમાં કહી શકાય એવી સુરત મહાનગરપાલિકાના વિવિધ વિભાગ/ઝોનને લગતી જુદી જુદી વિગતોની માહિતીની માંગણી કરેલ. જે અંતર્ગત જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર, મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઇએસટી/૯૨૦૭ તા.૨૬/૦૩/૧૯ થી મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત મુદ્દા નં.૧,૩,૩૭ તથા ૩૯ ની માહિતી/પુર્તતા આર.ટી.આઈ.એક્ટની કલમ ૮(૧) (ચ)(ઠ)ની જોગવાઈ તથા નામ.રાજ્ય માહિતી આયોગના ચુકાદાને આધિન પુરી પાડવામાં આવેલ, જે યોગ્ય અને ઉચિત જણાય છે. આ અંગે વધુ કોઈ માહિતી પુરી પાડવાની કે હુકમ કરવાનો રહેતો નથી. અરજદાર ધ્વારા તે સિવાયના અપીલ અરજીમાં જણાવેલ અન્ય મુદ્દા નં.૧૬,૩૨,૪૩ ની માંગેલ માહિતીની વિગતો વંચાણે લેતા તે મુદ્દામાં જણાવેલ અધિકારી/કર્મચારીની વિવિધ પ્રકારની માંગવામાં આવેલ માહિતી પૈકી તેઓની

"લાયકાતના પ્રમાણપત્રની નકલોની" માંગવામાં આવેલ માહિતી અંશતઃ લાગત જણાતી હોય, આ અંગે અરજદારને યોગ્ય પુર્તતા/માહિતી વિના મુલ્યે પુરી પાડવા તેમજ મુદ્દા નં.૪૬ ની શરતચુકથી નહી અપાયેલ માહિતી આ હુકમ થયેથી વિના મુલ્યે તુરંત પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(મહેકમ) ને હુકમ કરવામાં આવે છે. તે સિવાયના અપીલ અરજીમાં જણાવેલ અન્ય મુદ્દા નં.૨૯,૩૮ તથા ૪૨ થી માંગવામાં આવેલ માહિતી મધ્યસ્થ મહેકમ વિભાગની કચેરીને લાગત હોવાનું જણાતુ ન હોય તે બાબતે કોઈ હુકમ કરવા જોગ નથી. આમ, આ સમગ્ર બાબતો ધ્યાને લેતા સદર અપીલ અરજી અંગે ઉકત સુચવ્યા મુજબની જરૂરી યોગ્ય કાર્યવાહી કરી, અપીલ અરજી દફતરે કરી નિકાલ કરવામાં આવે છે.

વધુમાં આ હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજ્ય કક્ષાની કચેરી, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે અરજદાર બીજી અપીલ કરી શકે છે.

(જે.જે.માંજરા)
અપીલ અધિકારી અને પર્સોનલ ઓફિસર(મહેકમ)
સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત
ફોન નં.(૦૨૬૧)૨૪૨૩૭૫૧ થી ૫૬ એક્ષટે.નં.૫૧૯

નં.જીએડી/ઇએસટી/૬૩૩
તા.૩૦/૦૪/૨૦૧૯

**નકલ રવાના:** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મધ્યસ્થ મહેકમ વિભાગ) પ્રતિ…જાણ તથા જરૂરી કાર્યવાહી કરી, કરેલ કાર્યવાહીની જાણ કરવા માટે
**નકલ રવાના:** શ્રી શોએબ એ.કોલસાવાલા, પ્રતિ….જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | **સુરત મહાનગરપાલિકા,**<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ, સુરત – ૩૯૫ ૦૦૩. |

**અપીલ અરજી નં.૦૨/૧૯–૨૦**

**અરજદાર :** મેઘબંધુ કલ્યાણ સેવા ટ્રસ્ટ, મેનેજીંગ ડિરેક્ટર શ્રી એમ.કે.પરમાર

**સામાવાળા :** સેક્શન ઓફીસર (મધ્યસ્થ મહેકમ વિભાગ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષય:–** શ્રી એમ.કે.પરમારની મુળ અરજી આઈ.ડી.નં.૭૩૦ તા.૨૨/૦૩/૧૯ સંદર્ભે કરેલ પ્રથમ અપીલ અરજી બાબત.

**સંદર્ભ:–** અરજદાર મજકુરની તા.૨૯/૦૪/૧૯ ની અપીલ અરજી No.SMC/GAD/FAP/02/19-20.

અરજદાર શ્રી એમ.કે.પરમારએ મ્યુનિ.કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાને સંબોધીને મુળ અરજી આઈ.ડી.નં.૭૩૦ તા.૨૨/૦૩/૧૯ મધ્યસ્થ કચેરી ખાતે કરેલ. જે મધ્યસ્થ કચેરી ધ્વારા પત્ર નં.સી/આરટીઆઈ/૭૩૦ તા.૨૨/૦૩/૧૯ થી સેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારીશ્રી મધ્યસ્થ મહેકમ, પેન્શન, ઈન્કવયારી અને હિસાબી વિભાગને તબદીલ કરેલ. જે મધ્યસ્થ મહેકમ વિભાગને તા.૨૫/૦૩/૧૯ના રોજ પ્રાપ્ત થયેલ. સદર મુળ આઈ.ડી.ની વિગતો ધ્યાને લેતા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઈએસટી/૩૨૫ તા.૧૨/૦૪/૧૯ થી પુરી પાડવા જોગ માહિતી બાબતે યોગ્ય પુર્તતા/જવાબ પાઠવી માંગેલ મુદ્દાઓની લાગત માહિતી નકલો (પાના નંગ–૪૯) મેળવવા નિયત નમુના–ખ પત્ર નં.જીએડી/ઈએસટી/૩૨૬ તા.૧૨/૦૪/૧૯ થી નકલ ફી રૂા.૯૮/– ભરપાઈ કરવા જાણ કરવામાં આવેલ. જે પાઠવવામાં આવેલ માહિતી/પુર્તતાથી નારાજ થઈ તા.૨૯/૦૪/૧૯ ના રોજ પ્રથમ અપીલ અરજી દાખલ કરી અપીલ તબકકે અરજદાર ધ્વારા "આઈ.ડી.નં.૭૩૦ તા.૨૨/૦૩/૧૯ મધ્યસ્થ મહેકમ વિભાગના કર્મચારીને લગતી હોય સદર માહિતી કોઈ કાયદાકીય બાધ નડતો ન હોય જાણી જોઈને કર્મચારીની માહિતી છુપાવવાનો પ્રયાસ કરવામાં આવેલ છે. કર્મચારી મજકુરનો બચાવ કરવાનો ગંભીર પ્રયાસ કરવામાં આવતો હોય તેવુ ફલિત થાય છે. નામ.સુપ્રિમ કોર્ટના તા.૩૧/૦૮/૧૭ ના ચુકાદાનુ અનુસંધાન લઈ તા.૦૨/૦૨/૧૯ ના રોજ કરેલ હુકમોની નકલ, આપેલ ચુકાદાની નકલ પુરી પાડવામાં આવેલ નથી અને કર્મચારીની અંગત માહિતી જણાવી માહિતી નહી પુરી પાડી ઉડાઉ જવાબ આપવામાં આવેલ હોય કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધ હોય આવો જવાબ માન્ય નથી. નામ. સુપ્રિમ કોર્ટના ચુકાદાની નકલો, માહિતી આયોગના હુકમોની નકલો પુરી પાડવામાં આવી ન હોય જેથી અપીલ કરવાની ફરજ પાડી છે." તે મુજબની રજુઆત કરેલ છે.

ઉપરોકત વિગતે અરજદાર મેઘબંધુ કલ્યાણ સેવા ટ્રસ્ટના મેનેજીંગ ડિરેકટર શ્રી એમ.કે.પરમાર ધ્વારા કરેલ સદર અપીલ અરજી સંદર્ભે તેઓને રૂબરૂં સુનાવણીમાં તા.૨૭/૦૫/૨૦૧૯ ના રોજ સાંજે ૩.૩૦ કલાકે હાજર રહેવા અત્રેથી પત્ર નં.જીએડી/ઈએસટી/૧૧૭૬ તા.૨૧/૦૫/૨૦૧૯ થી જાણ કરવામાં આવેલ હતી. તે સંદર્ભે મજકુર અરજદાર તા.૨૭/૦૫/૨૦૧૯ ના રોજ રૂબરૂ સુનાવણીમાં હાજર રહી "મુળ અરજી તા.૨૭/૦૩/૨૦૧૯ અન્વયે ફરજ પરના તમામ કર્મચારીઓની જયાં જયાં બદલીઓની વિગતો તથા સરકારશ્રીના નિયમાનુંસાર ત્રણ વર્ષ ઉપરાંતથી ફરજ બજાવતા કર્મચારીઓની બદલીના હુકમો વિગેરે માંગણી કરેલ જે મળેલ નથી. વળી નામ.સુપ્રિમ કોર્ટ સીવીલ એપ્લી.નં.૨૨/૨૦૦૯ બેંક વર્સીસ સી.એસ.શ્યામ એન્ડ અધર તા.૩૧/૦૮/૨૦૧૭ ના ચુકાદાની નકલો રાજય માહિતી આયોગના રાજય માહિતી કમિશનરશ્રીના ચુકદાની નકલો આપવા અંગે મુખ્ય રજુઆત કરેલ.

ઉપરોકત વિગતે જણાવવાનું કે મેઘબંધુ કલ્યાણ સેવા ટ્રસ્ટના મેનેજીંગ ડિરેકટર શ્રી એમ. કે. પરમાર ધ્વારા મ્યુનિ.કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાને સંબોધીને મુળ અરજી આઈ.ડી.નં.૭૩૦ તા.૨૨/૦૩/૧૯ મધ્યસ્થ કચેરી ખાતે કરેલ હતી. જે અંતર્ગત  જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(મહેકમ) તરફથી મળેલ વિગતવાર માહિતીને ધ્યાને લેતા મજકુર અરજદાર દ્વારા સુરત મહાનગરપાલિકાના મધ્યસ્થ મહેકમ વિભાગને અંશત: લાગત મુદ્દા નં.૧ થી ૪ અંતર્ગત મધ્યસ્થ મહેકમ વિભાગ તથા અન્ય વિવિધ વિભાગમાં ફરજ બજાવતા કર્મચારીઓની બદલી બાબતે માહિતીની માંગણી કરેલ હતી. જે તમામ ૧ થી ૪ મુદ્દાઓની જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(મહેકમ) ધ્વારા સંયુકત માહિતી/પુર્તતા અરજદારને નીચે મુજબ નિયત નમુના–ગ થી નિયત સમયમર્યાદામાં પાઠવવામાં આવેલ છે.

"પ્રસ્તુત મુદ્દા નં.૧ થી ૪ થી માંગવામાં આવેલ મહિતીની વિગતે જણાવવાનું કે નામ.ગુજરાત રાજય માહિતી આયોગના માન.રાજય માહિતી કમિશ્નરશ્રી ધ્વારા એક આર.ટી.આઈ. અરજી સંદર્ભે નામ. સુપ્રિમ કોર્ટના સિવીલ અપીલ નં.૨૨ ઓફ ૨૦૦૯ કેનેરા બેંક વર્સીસ સી.એસ.એન્ડ અધર્સ તા.૩૧/૮/૧૭ ના ચુકાદાનુ અનુસંધાન લઈ તા.૨/૨/૧૯ ના રોજ કરેલ હુકમમાં ખુબ જ સ્પષ્ટપણે જણાવેલ છે કે કલેરીકલ સ્ટાફ અને કર્મચારીઓની અંગત બાબતો, નોકરીમાં જોડાયા તારીખ, બઢતીની વિગત, કચેરીમાં જોડાયાની તારીખ, ટ્રાન્સફરના હુકમો વિગેરે તેમની અંગત માહિતી છે. આ પ્રકારની માહિતી એ જે તે કર્મચારીઓ અને તેમના નોકરીદાતા વચ્ચેની છે. જે કામગીરી સેવા નિયમો હેઠળ નિયંત્રિત થાય છે. જેથી માહિતી અધિકારી અધિનિયમની કલમ ૮(૧)(ઠ) હેઠળ જાહેર કરી શકાય નહી. તેમજ આ મુજબ માંગવામાં આવેલ માહિતીમાં જાહેર હિત સમાયેલુ હોવુ જોઈએ. અરજદાર આવી માહિતી પોતાના અધિકાર તરીકે માંગે શકે નહી. તે બાબતો ધ્યાને લેતા મુદ્દા નં.૧ થી ૪ મુજબની માંગવામાં આવેલ સમગ્ર માહિતીમાં કોઈપણ પ્રકારનુ જાહેર હિત સમાયેલ હોવાનુ પ્રસ્થાપિત થતુ નથી કે અરજદાર ધ્વારા પ્રસ્થાપિત કરવામાં આવેલ નથી. માગવામાં આવેલ માહિતી જે તે કર્મચારી અને તેમના નોકરીદાતા વચ્ચેની છે જે કામગીરી સેવા નિયમો હેઠળ નિયંત્રિત હોય તે બાબતો ધ્યાને લેતા માગ્યા મુજબની માહિતી આરટીઆઈ એકટની કલમ ૮(૧)(ઠ) મુજબ ત્રાહિત પક્ષકારને પુરી પાડવા જોગ નથી. આયોગના હુકમની નકલ અવલોકનાર્થે આ સાથે સામેલ છે. વધુમાં પ્રસ્તુત મુદ્દા નં.૧ અંતર્ગત કોમ્પ્યુટર અંગેના સીસીસી કોર્ષ માટે માન્યતા ધરાવતી સંસ્થાની માંગવામાં આવેલ માહિતી પરિપત્ર નં.જીએડી/ઈએસટી/૧૩૧૦ તા.૨૧/૬/૧૩ની નકલ નંગ–૧૩ તથા ગુજરાત સરકારશ્રીના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક વિભાગનો ઠરાવ ક્રમક : ટીઆરજી/૨૦૦૬ /૨૩૩૯/આઈ.ટી. તા.૭/૬/૧૪ની નકલ–૨૬ આ સાથે સામેલ છે. જે નકલો મેળવવા સામેલ પત્ર મુજબની નકલ ફી રૂા.૯૮/– ભરપાઈ કર્યેથી તેવી માહિતીની નકલો પુરી પાડીએ"

ઉકત વિગતો ધ્યાને લેતા મધ્યસ્થ મહેકમ વિભાગના જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા આરટીઆઈ એકટની કલમ ૮(૧)(ઠ) મુજબની જોગવાઈ, નામ.સુપ્રિમ કોર્ટના ચુકાદાઓને અવલોકનમાં લઈ નામ. રાજય માહિતી આયોગના હુકમોને આધિન જ સદરહુ માહિતી/પુર્તતા અરજદારને પુરી પાડવામાં આવેલ હોય જે ઉચિત અને યોગ્ય જણાય છે. પરંતુ તે અંતર્ગત જાહેર માહિતી અધિકારી ધ્વારા કોઈ કર્મચારીની માહિતી છુપાવવાનો કે બચાવ કરવાનો પ્રયાસ કરવામાં આવેલ હોવાનો અરજદારનો આક્ષેપ પાયા વિહોણો જણાય છે. કારણ કે અરજદાર ધ્વારા સદરહુ મુદ્દા નં.૧ થી ૪ થી જે તે કર્મચારીએ નિમણુંકની તારીખથી આજદિન સુધી કયા કયા વિભાગમાં ફરજ બજાવેલ છે તે અંગેની તેમજ તેઓની બદલીના/પ્રમોશનના હુકમો સંબંધીત, બદલી/પ્રમોશનના સ્થળે હાજર થયા અંગેની, કોમ્પ્યુટર કોર્ષ સંબંધીત તેમજ સને ૨૦૧૬–૧૭ ના વર્ષમાં સેકશન ઓફિસર/પ્રથમ શ્રેણી કલાર્ક/બીજી શ્રેણી કલાર્ક/ત્રીજી શ્રેણી કલાર્કના નામજોગ બદલીના થયેલ હુકમો પૈકી મધ્યસ્થ મહેકમ અને મહેકમ (પી) વિભાગ તેમજ એકાઉન્ટ વિભાગના કુલ કેટલા કર્મચારીઓની બદલી કરવામાં આવેલ તે પૈકી કેટલા ફરજના સ્થળે હાજર થયા/ હાજર ન થયા /કયા કારણોસર હાજર ન થયા, બદલીના હુકમો મોડિફાઈડ થયા, છેલ્લા પાંચ વર્ષમાં એક જ જગ્યા પર ફરજ બજાવતા હોય તેઓની બદલીના ઓર્ડર થયા બાદ પણ એક જ ડીપાર્ટમેન્ટમાં ફરજ બજાવવાના હુકમો થયા હોય, તેઓની ડીમોલેશનની

કામગીરી/વસ્તી ગણતરીની કામગીરી/પોલીયોની કામગીરી/ભરતી પ્રક્રિયાના ફોર્મ સ્વીકારવાની કામગીરીના હુકમો થયા તે અંગેની વિવિધ માંગ્યા મુજબની માહિતીની માંગણી કરેલ છે. જે મુજબની માંગવામાં આવેલ માહિતીને જાહેર ગતિવિધી અથવા હિત સાથે કોઈપણ પ્રકારનો સંબંધ હોવાનુ જણાતુ નથી તેમજ આ પ્રકારેની માંગ્યા મુજબની માહિતી એ જે તે કર્મચારીઓ અને તેમના નોકરીદાતા વચ્ચેની છે. જે કામગીરી સેવા નિયમો હેઠળ નિયંત્રિત થાય છે. આર.ટી. આઈ. એક્ટ હેઠળ માંગવામાં આવેલ માહિતી બાબતે કોઈ જાહેર હિત સમાયેલ હોવુ જોઈએ. અરજદાર આવી માહિતી પોતાના અધિકાર તરીકે માંગે શકે નહી. જે માહિતી અધિકાર અધિનિયમની કલમ ૮(૧)(ઠ) હેઠળ જાહેર કરવા જોગ હોવાનું જણાતુ નથી. જે હકીકતો ધ્યાને લેતા મધ્યસ્થ મહેકમ વિભાગના જાહેર માહિતી અધિકારી ધ્વારા સદરહુ પ્રકારેની માંગ્યા મુજબની માહિતી આરટીઆઈ એક્ટની કલમ ૮(૧)(ઠ) તેમજ નામ.ગુજરાત રાજય માહિતી આયોગના માન.રાજય માહિતી કમિશ્નરશ્રીના તાજેતરમાં જ થયેલ તા.૦૨/૦૨/૨૦૧૯ ના હુકમને આધિન ત્રાહિત પક્ષકારને પુરી પાડવા ઈન્કાર કરેલ જે ખુબ જ યોગ્ય/ઉચિત અને નિયમાનુસાર જણાય છે. વધુમાં અરજદારને નામ.રાજય માહિતી આયોગના સદર ચુકાદાની નકલ અવલોકાર્થે પુરી પાડવામાં આવેલ હોવા બાબતેનો સદર નમુના–ગ પત્રમા ઉલ્લેખ છે. તે ધ્યાને લેતા જાહેર માહિતી અધિકારીએ સદર ચુકાદાઓની નકલ પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે. તેમછતાં અરજદાર ધ્વારા આવા હુકમોની નકલો મળેલ ન હોવાનુ જણાવેલ હોય જે ધ્યાને લેતા ઉકત આયોગના હુકમોની નકલો ફરીથી અરજદારને અવલોકાનાર્થે મોકલવા જોગ છે.

તદઉપરાંત મધ્યસ્થ મહેકમ વિભાગ ધ્વારા પાઠવવામાં આવેલ માહિતી/પુર્તતા પત્ર સાથે પાઠવેલ નિયત નમુના–ખ થી નકલ ફી ભરી માહિતીની નકલો મેળવવા બાબતેના પત્રમાં સુચવ્યા મુજબની નકલ ફી રૂા.૯૮/– અરજદાર ધ્વારા સેન્ટ્રલ ઝોન સીટી સીવીક સેન્ટર ખાતે રસીદ નં.૩૦૦/૦૫ તા.૨૬/૦૪/૧૯ થી ભરપાઈ કરેલ. જે અંગેની જાણ મધ્યસ્થ મહેકમ વિભાગને તા.૨૬/૦૪/૧૯ ના રોજ થતા નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઇએસટી/૬૩૨ તા.૩૦/૦૪/૧૯ મુજબ લાગત નકલો અરજદારને મોકલી આપવામાં આવેલ છે. જે બાબતે કોઈ ટીપ્પણી કરવાની આવશ્યકતા જણાતી નથી. આમ, ઉપરોકત તમામ હકીકત ધ્યાને લેતા અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય સદર અપીલ અરજી દફતરે કરવા જોગ જણાય છે.

વધુમાં અરજદારને રૂબરું સુનાવણી દરમ્યાન પણ ઉકત કર્મચારીઓની બદલીના હુકમો સંબધીત વિવિધ માંગ્યા મુજબની માહિતી સદર નામ.રાજય માહિતી આયોગના ચુકાદાને આધીન પુરી પાડવા જોગ નથી. તેવી યોગ્ય સમજ પુરી પાડવામાં આવેલ તેમજ આ માહિતી કયા હેતુસર માંગી રહયા છે તેવુ અરજદારને પુછવામાં આવતા તેઓએ તે બાબતે કોઈપણ પ્રકારનું યોગ્ય કારણ જણાવેલ નથી કે કયા જાહેર હિતમાં માહિતી માંગી છે તે પ્રસ્થાપિત કરી શકેલ નથી.

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી, રૂબરું સુનાવણીમાં કરેલ રજુઆત તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર શ્રી એમ.કે.પરમારે મુળ અરજી આઈ.ડી.નં.૭૩૦ તા.૨૨/૦૩/૧૯ થી મુદ્દા નં.૧ થી ૪ અનુસારની માંગવામાં આવેલ માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસરશ્રી, મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી સદરહુ માંગ્યા મુજબની માહિતીને જાહેર ગતિવિધી અથવા જાહેર હિત સાથે કોઈપણ પ્રકારનો સંબંધ હોવાનુ જણાતુ ન હોય તેમજ માંગવામાં આવેલ માહિતી એ જે તે કર્મચારીઓ અને તેમના નોકરીદાતા વચ્ચેની છે, જે હકીકતો ધ્યાને લેતા આ પ્રકારેની માંગ્યા મુજબની માહિતી આરટીઆઈ એક્ટની કલમ ૮(૧)(ઠ) તેમજ નામ.ગુજરાત રાજય માહિતી આયોગના માન.રાજય માહિતી કમિશ્નરશ્રીના તાજેતરમાં જ થયેલ તા.૦૨/૦૨/૨૦૧૯ ના હુકમને આધિન ત્રાહિત પક્ષકારને પુરી પાડવા કરેલ ઈન્કાર ખુબ જ યોગ્ય અને ઉચિત અને નિયમાનુસારનું જણાય છે. આથી અપીલ તબકકે તેમજ રૂબરું સુનાવણી અંતર્ગત કર્મચારીઓની બદલીના હુકમો વિગેરેની કરવામાં આવેલ માંગણી ગ્રાહય રાખવાની રહેતી નથી. જે હકીકત ધ્યાને લેતા અરજદાર ધ્વારા જણાવ્યા મુજબ કોઈ કર્મચારીની માહિતી છુપાવવાનો કે બચાવ કરવાનો પ્રયાસ કરવામાં આવેલ હોવાનો આક્ષેપ પાયા વિહોણો જણાય છે. આ બાબતે રૂબરું સુનાવણી દરમ્યાન પણ અરજદાર કયા જાહેર હિતમાં સદર માહિતી માંગી છે તે પ્રસ્થાપિત કરી શકેલ નથી. વધુમાં અરજદાર ધ્વારા તા.૨૬/૦૪/૧૯ ના રોજ નકલ ફી ભરપાઈ કરતા ધ્વારા મધ્યસ્થ મહેકમ વિભાગ ધ્વારા તા.૩૦/૦૪/૧૯ ના રોજ લાગત મુદ્દાઓની નકલો પણ પુરી પાડવામાં આવેલ છે તેમજ અરજદારને નામ.રાજય માહિતી આયોગના સદર ચુકાદાની નકલ અવલોકાર્થે પુરી પાડવામાં આવેલ હોવા બાબતેનો સદરહુ નમુના–ગ પત્રમા ઉલ્લેખ હોય, તે ધ્યાને લેતા જાહેર માહિતી અધિકારીની રજુઆત મુજબ સદર ચુકાદાઓની નકલ પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે. તેમછતાં અરજદાર ધ્વારા અપીલ તબકકે તેમજ રૂબરું સુનાવણી દરમ્યાન આવા હુકમોની નકલો મળેલ ન હોવાનુ જણાવેલ હોય જે બાબત ગ્રાહય રાખી નામ.રાજય માહિતી આયોગનો તા.૦૨/૦૨/૧૯ ના હુકમની નકલ ફરીથી અવલોકાનાર્થે અરજદારને આ અપીલ હુકમની સાથે પુરી પાડવા હુકમ કરવામાં આવે છે. પરંતુ અરજદાર ધ્વારા રૂબરું સુનાવણી દરમ્યાન નામ. સુપ્રિમ કોર્ટના સિવીલ અપીલ નં.૨૨ ઓફ ૨૦૦૯ કેનેરા બેંક વર્સીસ સી.એસ.એન્ડ અધર્સ તા.૩૧/૮/૧૭ ના ચુકાદાની નકલ પુરી પાડવા માંગણી કરેલ છે. જે અત્રે ઉપલબ્ધ નથી. કારણકે નામ.સુપ્રિમ કોર્ટના આ હુકમનું અનુસંધાન લઈને જ નામ.રાજય માહિતી આયોગના રાજય માહિતી કમશિનરશ્રી ધ્વારા સદર તા.૦૨/૦૨/૧૯ નો હુકમ કરેલ છે. તે બાબત જાહેર માહિતી અધિકારીએ પણ નમુના–ગ માં પણ ખુબ જ સ્પષ્ટપણે વર્ણેવેલ છે. આથી સુપ્રિમ કોર્ટના તા.૩૧/૮/૧૭ ના ચુકાદાની નકલ અત્રેના વિભાગ કક્ષાએ ઉપલબ્ધ ન હોય, જે પુરી પાડી શકાય તેમ નથી/પુરી પાડવાની રહેતી નથી. આમ, આ સમગ્ર બાબતો ધ્યાને લઈ અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય સદર અપીલ અરજી દફતરે કરી નિકાલ કરવામાં આવે છે.

વધુમાં આ હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં.૧,બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે અરજદાર બીજી અપીલ કરી શકે છે.

**(એસ.એચ.વ્યાસ)**
**અપીલ અધિકારી અને પર્સોનલ ઓફિસર(મહેકમ)**
**સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત**
**ફોન નં.(૦૨૬૧)૨૪૨૩૭૫૧ થી ૫૬ એક્ષટે.નં.૫૧૯**

નં.જીએડી/ઇએસટી/૧૩૮૮
તા.૨૮/૦૫/૨૦૧૯

**નકલ રવાના:** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મધ્યસ્થ મહેકમ વિભાગ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાના:** શ્રી એમ.કે.પરમાર, પ્રતિ....જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | **સુરત મહાનગરપાલિકા,**<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ, સુરત – ૩૯૫ ૦૦૩. |


**અપીલ અરજી નં.૦૩/૧૯–૨૦**

**અરજદાર :** શ્રી યોગેશ પિતામ્બર સુરતી

**સામાવાળા :** સેકશન ઓફીસર (મધ્યસ્થ મહેકમ વિભાગ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** શ્રી યોગેશ પિતામ્બર સુરતીની મુળ અરજી આઈ.ડી.નં.૨૧૯ તા.૨૬/૦૪/૧૯ સંદર્ભે કરેલ અપીલ અરજી બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૨૨/૦૫/૧૯ ની અપીલ અરજી No.SMC/GAD/FAP/03/19-20.

અરજદાર શ્રી યોગેશ પિંતાબર સુરતીએ જાહેર માહિતી અધિકારીશ્રી, સુરત મહાનગરપાલિકાને સંબોધીને મુળ અરજી આઈ.ડી.નં.૨૧૯ તા.૨૬/૪/૧૯ સેન્ટ્રલ ઝોન સીટી સીવીક સેન્ટર ખાતે કરેલ છે. જે સેન્ટ્રલ ઝોન સીટી સીવીક સેન્ટર ધ્વારા આ.નં.સીસીસી/સી.ઝેડ/આ./૨૧૯ તા.૨૯/૪/૧૯ થી લાગત વિભાગ/ખાતાઓ સહિત જાહેર માહિતી અને સેકશન ઓફિસરશ્રી, મધ્યસ્થ મહેકમ વિભાગને તબદીલ કરેલ. જે મધ્યસ્થ મહેકમ વિભાગને તા.૨૯/૦૪/૧૯ ના રોજ પ્રાપ્ત થયેલ. સદર મુળ આઈ.ડી.ની વિગતો ધ્યાને લેતા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઇએસટી/૧૧૩૧ તા.૧૮/૦૫/૧૯ થી પુરી પાડવા જોગ માહિતી બાબતે યોગ્ય પુર્તતા/જવાબ પાઠવી માંગેલ મુદ્દાઓની લાગત માહિતી નકલો (પાના નંગ–૮૬) મેળવવા નિયત નમુના–ખ પત્ર નં.જીએડી/ઈએસટી/૧૧૩૨ તા.૧૮/૦૫/૧૯ થી નકલ ફી રૂા.૧૭૨/– ભરપાઈ કરવા જાણ કરવામાં આવેલ. જે પાઠવવામાં આવેલ માહિતી/પુર્તતાથી નારાજ થઈ તા.૨૨/૦૫/૧૯ ના રોજ પ્રથમ અપીલ અરજી દાખલ કરી અપીલ તબકકે અરજદાર ધ્વારા "ખોટા અને અધુરા જવાબ તેમજ કોઈ માહિતી મળેલ નથી." તે મુજબની રજુઆત કરેલ છે.

અરજદાર મજકુર ધ્વારા ઉકત આઈ.ડી.થી સુમન માધ્યમિક શાળા સેલ બાબતે મુદ્દા નં.૧ થી ૧૨ની માહિતીની માંગણી કરેલ. જે પૈકી મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત મુદ્દા નં.૧ તથા ૭ ની માહિતી પુરી પાડવા જોગ જણાય છે. જે લાગત મુદ્દા નં.૧ થી તા.૧/૧/૧૪ થી તા.૨૬/૪/૧૯ સુધીમાં સુમન માધ્યમિક શાળા સેલમાં કેટલા કર્મચારીઓ મુકવામાં આવ્યા તે તમામ કર્મચારીના નામ, નંબર તથા તેઓના ઓર્ડરની નકલની માંગણી કરેલ. તથા મુદ્દા નં.૭ થી સુરત મહાનગરપાલિકાના મહેકમના નિયમ મુજબ ઘરભાડુ અને ટ્રાન્સપોર્ટ ભથ્થુ કોને કેટલુ મળે તે અંગેના પરિપત્રોની માંગણી કરેલ. જે સંદર્ભે મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી તા.૧/૧/૧૪ થી તા.૨૬/૪/૧૯ સુધીમાં સુમન માધ્યમિક શાળા સેલમાં વિવિધ કેડરની કરવામાં આવેલ નિમણુંક અંગેના કચેરી હુકમો (પાના નંગ–૮૨) તથા સામાન્ય સભા ઠરાવ નં.૩૬૨/૦૯ તા.૨૭/૨/૦૯ના ઠરાવની નકલ (પાના નંગ–૪) મળી કુલ પાના નંગ–૮૬ પુરા પાડવા નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઇએસટી /૧૧૩૧ તા.૧૮/૦૫/૧૯ થી પુર્તતા/જવાબ પાઠવી નમુના–ખ પત્ર નં.જીએડી/ ઈએસટી/૧૧૩૨ તા.૧૮/૦૫/૧૯ થી નકલ ફી રૂા.૧૭૨/– ભરપાઈ કરી લાગત નકલો મેળવી લેવા જણાવવામાં આવેલ. જે સંદર્ભે અરજદાર ધ્વારા તા.૨૦/૫/૧૯ ના રોજ સુચવેલ નકલ ફી ભરપાઈ કરતા તે અંગેની જાણ તા.૨૪/૫/૧૯ ના રોજ થતા મધ્યસ્થ મહેકમ વિભાગ કક્ષાએથી લાગત માહિતીની નકલો પાના નંગ–૮૬ આ.નં.જીએડી/ઇએસટી/૧૩૬૧ તા.૨૮/૫/૧૯ થી પુરી પાડવામાં આવેલ છે. આમ ઉકત મુળ આઈ.ડી. સંદર્ભે મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત મુદ્દાની માહિતી સમયમર્યાદામાં અરજદારને પાઠવવામાં આવેલ છે. તેમછતા અરજદાર ધ્વારા અપીલ તબકકે ખોટા અને અધુરા જવાબ તેમજ કોઈ માહિતી મળેલ ન હોવાની રજુઆત કરેલ છે. આ બાબતે અરજદાર ધ્વારા અપીલ અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં અત્રેથી પુરી પાડવામાં આવેલ માહિતી સંદર્ભમાં કઈ માહિતી ખોટી/અધુરી પુરી પાડવામાં આવેલ છે/માહિતી પુરી પાડવામાં આવેલ નથી? તે બાબતે જરૂરી આધાર/પુરાવા સહિત પુર્તતા/સ્પષ્ટતાઓ દિન–૫ માં તાકીદે મોકલી આપવા પત્ર નં.જીએડી/ઈએસટી/૧૪૭૨ તા.૩૦/૫/૧૯ થી જાણ કરવામાં આવેલ છે. સદર પત્ર સંદર્ભે અરજદાર ધ્વારા આજપર્યંત કોઈ પણ પ્રકારની રજુઆત, પુર્તતા કે સ્પષ્ટતા કરેલ નથી કે કરેલા આક્ષેપોના સમર્થનમાં કોઈ જ આધાર કે પુરાવા રજુ કરેલ નથી/રજુ કરી શકેલ નથી. જે ધ્યાને લેતા અપીલ તબકકે અરજદાર ધ્વારા ખોટા અને અધુરા જવાબ તેમજ કોઈ માહિતી મળેલ નથી તે મુજબની કરેલ રજુઆતમાં કોઈ તથ્ય જણાતુ ન હોય, કરેલ રજુઆત ગેરવ્યાજબી અને પાયાવિહોણી જણાતી હોય, મજુકરની અપીલ અરજી અંતર્ગત મધ્યસ્થ મહેકમ વિભાગ કક્ષાએથી વધુ કોઈ માહિતી પુરી પાડવાની બાકી હોવાનું જણાતુ ન હોય, અપીલ અરજી દફતરે કરવા જોગ જણાય છે.

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર શ્રી યોગેશ પિંતાબર સુરતીની મુળ અરજી આઈ.ડી.નં.૨૧૯ તા.૨૬/૪/૧૯ અનુસંધાને મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત મુદ્દા નં.૧ તથા ૭ સંદર્ભે પુરી પાડવા જોગ માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(મહેકમ) ધ્વારા નિયત નમુના પત્ર–ગ થી પુર્તતા/જવાબ પાઠવી નમુના–ખ ધ્વારા નકલ ફી રૂા.૧૭૨/– ભરપાઈ કરી લાગત નકલો મેળવી લેવા જણાવેલ. જે સંદર્ભે અરજદાર ધ્વારા તા.૨૦/૫/૧૯ ના રોજ નકલ ફી ભરપાઈ કરતા લાગત માહિતીની નકલો પાના નંગ–૮૬ આ.નં.જીએડી/ઇએસટી/૧૩૬૧ તા.૨૮/૫/૧૯ થી પુરી પાડવામાં આવેલ છે. આમ ઉકત મુળ આઈ.ડી. સંદર્ભે મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત મુદ્દાની માહિતી સમયમર્યાદામાં અરજદારને પાઠવવામાં આવેલ છે. તેમછતા અરજદાર ધ્વારા અપીલ તબકકે ખોટા અને અધુરા જવાબ તેમજ કોઈ માહિતી મળેલ ન હોવાની રજુઆત કરેલ છે. આ બાબતે અરજદાર ધ્વારા અપીલ અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં અત્રેથી પુરી પાડવામાં આવેલ માહિતી સંદર્ભમાં કઈ માહિતી ખોટી/અધુરી પુરી પાડવામાં આવેલ છે/માહિતી પુરી પાડવામાં આવેલ નથી? તે બાબતે જરૂરી આધાર/પુરાવા સહિત પુર્તતા/સ્પષ્ટતાઓ દિન–૫ માં તાકીદે મોકલી આપવા પત્ર નં.જીએડી/ઈએસટી/૧૪૭૨ તા.૩૦/૫/૧૯ થી જાણ કરવામાં આવેલ છે. સદર પત્ર સંદર્ભે અરજદાર ધ્વારા આજપર્યંત કોઈ પણ પ્રકારની રજુઆત, પુર્તતા કે સ્પષ્ટતા કરેલ નથી કે કરેલા આક્ષેપોના સમર્થનમાં કોઈ જ આધાર કે પુરાવા રજુ કરેલ નથી/રજુ કરી શકેલ નથી. જે ધ્યાને લેતા અપીલ તબકકે અરજદાર ધ્વારા ખોટા અને અધુરા જવાબ તેમજ કોઈ માહિતી મળેલ નથી તે મુજબની કરેલ રજુઆતમાં કોઈ તથ્ય જણાતુ ન હોય, કરેલ રજુઆત ગેરવ્યાજબી અને પાયાવિહોણી જણાતી હોય, મજુકરની અપીલ અરજી અંતર્ગત મધ્યસ્થ મહેકમ વિભાગ કક્ષાએથી વધુ કોઈ માહિતી પુરી પાડવાની બાકી હોવાનું જણાતુ ન હોય, અપીલ અરજી દફતરે કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

| | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | **સુરત મહાનગરપાલિકા,**<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ, સુરત – ૩૯૫ ૦૦૩. |
|---|---|---|---|

વધુમાં આ હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે અરજદાર બીજી અપીલ કરી શકે છે.

**(એસ.એચ.વ્યાસ)**
**અપીલ અધિકારી અને પર્સોનલ ઓફિસર(મહેકમ)**
**સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત**
**ફોન નં.(૦૨૬૧)૨૪૨૩૭૫૧ થી ૫૬ એક્ષટે.નં.૫૧૯**

નં.જીએડી/ઇએસટી/૨૦૪૩
તા.૧૭/૦૬/૨૦૧૯

**નકલ રવાના:** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મધ્યસ્થ મહેકમ વિભાગ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાના:** શ્રી યોગેશ પિતાંબર સુરતી, પ્રતિ....જાણ માટે.

ફેક્સ : 91-0261-2422110
ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
મુગલસરાઈ, સુરત – ૩૯૫ ૦૦૩.

**અપીલ અરજી નં.૦૪/૧૯–૨૦**

**અરજદાર :** શ્રી જીગીષ સોસા

**સામાવાળા :** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસરશ્રી, મધ્યસ્થ મહેકમ વિભાગ.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** શ્રી જીગીષ સોસાની મુળ અરજી આઈ.ડી.નં.૧૭૯ તા.૨૨/૦૪/૧૯ સંદર્ભે કરેલ અપીલ અરજી બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૧૩/૦૬/૧૯ ની અપીલ અરજી No.SMC/GAD/FAP/04/19-20.

અરજદાર શ્રી જીગીષ સોસાની મુળ અરજી આઈ.ડી.નં.૧૭૯ તા.૨૨/૦૪/૧૯થી જાહેર માહિતી અધિકારીશ્રી, સુરત મહાનગરપાલિકાને સંબોધીને સેન્ટ્રલ ઝોન સીટી સીવીક સેન્ટર ખાતે કરેલ. જે એકઝી.આસી. અને જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા નં.સીસીસી/સેઝોન/૧૭૯ તા.૨૪/૪/૧૯ થી આરોગ્ય વિભાગ, મધ્યસ્થ મહેકમ વિભાગ તથા ફુડ વિભાગને તબદીલ કરેલ. જે મધ્યસ્થ મહેકમ વિભાગને તા.૨૫/૪/૧૯ ના રોજ પ્રાપ્ત થયેલ. આ સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસરશ્રી, મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી લાગત મુદ્દા નં.૧ થી ૩ તથા ૬ ની માહિતી સમયમર્યાદામાં નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઇએસટી/૮૪૭ તા.૯/૫/૧૯ થી યોગ્ય પુર્તતા/જવાબ પાઠવી માંગેલ મુદ્દાઓની લાગત માહિતીની નકલો (પાના નંગ–૨) મેળવવા નિયત નમુના–ખ પત્ર નં.જીએડી/ઈએસટી/૮૪૮ તા.૯/૫/૧૯ થી નકલ ફી રૂ.૪/– ભરપાઈ કરવા જાણ કરવામાં આવેલ. જે પાઠવવામાં આવેલ માહિતી/પુર્તતાથી નારાજ થઈ તા.૧૩/૬/૧૯ ના રોજ પ્રથમ અપીલ દાખલ કરેલ. સદર અપીલ અવલોકનમાં લેતા અરજદારે અપીલ તબકકે "(ક) સમયમર્યાદામાં સંપુર્ણ માહિતી આપેલ નથી. જેથી માહિતી છુપાવાનો પ્રયાસ કરેલ છે. (ખ) અમોએ માંગેલ માહિતી છુપાવાનો પ્રયાસ કરેલ છે. જેથી માહિતી આપવામાં આવેલ નથી." તેમ જણાવેલ છે.

અરજદાર મજકુર ધ્વારા ઉકત આઈ.ડી.થી કતારગામ ઝોન ખાતે ફરજ બજાવતા ફુડ સેફટી ઓફીસર શ્રી ડી.કે.પટેલ બાબતમાં નં.૧ થી ૧૦ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ. જે પૈકી મધ્યસ્થ મહેકમ વિભાગ ધ્વારા ઉકત પત્રથી લાગત મુદ્દા નં.૧ થી શ્રી ડી.કે.પટેલની કયા વર્ષે નિમણુંક કરવામાં આવી ત્યારે કયા હોદ્દા પર નિમણુંક કરી હતી તેની સંપુર્ણ માહિતી આપવી. જે બાબતેની પુર્તતામાં "ફુડ સેફટી ઓફીસરશ્રી ડી.કે.પટેલની તા.૩૦/૭/૯૨ ના રોજ સેનેટરી સબ ઈન્સ્પેકટર તરીકે વેકટર બોર્ન ડીસીસ કંટ્રોલ યુનિટમાં નિમણુંક કરવામાં આવેલ" મુદ્દા નં.૨ થી શ્રી ડી.કે.પટેલની કયા વર્ષે બઢતી કરવામાં આવી તેની સંપુર્ણ માહિતી આપવી. જે બાબતની પુર્તતામાં "શ્રી ડી.કે.પટેલની નિમણુંક થયા તારીખથી આજદિન સુધી કોઈપણ પ્રકારની બઢતી આપવા અંગે કોઈ હુકમ થયેલ હોવાનું જણાતુ ન હોય, માગ્યા મુજબની રેકર્ડ આધારીત માહિતી "નીલ" છે." મુદ્દા નં.૩ થી સદર દર્શાવેલ કર્મચારીની અભ્યાસ/લાયકાત અંગે કયા અધિકારી ધ્વારા તપાસણી કરી હોય તેની સંપુર્ણ માહિતી આપવી. જે બાબતની પુર્તતામાં "આરટીઆઈ હેકટ હેઠળ રેકર્ડ ઉપલબ્ધ માહિતીની જોગવાઈ હોય, મજકુર કર્મચારીની અભ્યાસ/લાયકાત અંગે કયા અધિકારી ધ્વારા તપાસણી કરી તે બાબતેનો સ્પેસીફીક કોઈ લેખિત રેકર્ડ ઉપલબ્ધ હોવાનુ જણાતુ ન હોય માગ્યા મુજબની માહિતી પુરી પાડવુ શકય જણાતુ નથી." તથા મુદ્દા નં.૬ થી જે તે સમયે ફુડ સેફટી ઓફીસરની જાહેરાત/નોટીફીકેશનની સંપુર્ણ માહિતી આપવી અને માગ્યા મુજબની સહી સીકકાવાળી નકલ આપવી. જે બાબતની પુર્તતામાં "શ્રી ડી.કે.પટેલની ફુડ સેફટી ઓફીસર તરીકેની કરવામાં આવેલ નિમણુંક માટે કોઈ જાહેરાત આપવામાં આવેલ નથી. પરંતુ સામાન્ય સભા ઠરાવ નં.૯૧/૦૬ તા.૨૮/૩/૦૬ને આધીન મે.કમિશ્નરશ્રીના હુકમ નં.જીએડી/ઈએસટી/૮૪૦ તા.૫/૬/૦૬ મુજબ થયેલ છે. જે પાના નંગ–૨ નકલ ફી રૂ.૪/– ભરપાઈ કર્યેથી પુરી પાડવામાં આવશે." તેમ જણાવી ઉકત લાગત મુદ્દાઓની માહિતી/પુર્તતા પાઠવી લાગત નકલો નકલ ફી ભરપાઈ કરી મેળવી લેવા અરજદારને જાણ કરવામાં આવેલ. તેમ છતાં અરજદાર ધ્વારા કોઈ નકલ ફી ભરપાઈ કરેલ ન હોવાથી લાગત નકલો પુરી પાડી શકાયેલ નથી. જે ધ્યાને લેતા અપીલ તબકકે સમયમર્યાદામાં સંપુર્ણ માહિતી આપેલ નથી જેથી માહિતી છુપાવાનો પ્રયાસ કરેલ છે તે મુજબની કરેલ રજુઆતમાં કોઈ તથ્ય જણાતુ ન હોય, કરેલ રજુઆત ગેરવ્યાજબી અને પાયાવિહોણી જણાય છે. તે સંજોગોમાં જાહેર માહિતી અધિકારી ધ્વારા કરવામાં આવેલ કાર્યવાહી યોગ્ય અને ઉચિત જણાતી હોય, અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનુ રહેતુ નથી. તેમ છતાં ઉકત નિયત નમુના–ગ થી પાઠવવામાં આવેલ માહિતી / પુર્તતાની નકલ તથા નકલ ફી ભરપાઈ કરવા બાબતેના નિયત નમુના–ખ ની નકલો આ અપીલ હુકમ સાથે ફરીથી પાઠવી લાગત નકલો મેળવવા માંગતા હોય તો આ અપીલ હુકમ મળ્યેથી દિન–૧૦ માં નકલ ફી ભરપાઈ કરી માહિતીની નકલ મેળવી લેવા સ્વતંત્ર છો. આમ, આ સમગ્ર બાબતો ધ્યાને અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય સદર અપીલ અરજી દફતરે કરવા જોગ જણાય છે.

...૨...

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | **સુરત મહાનગરપાલિકા,**<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ, સુરત – ૩૯૫ ૦૦૩. |



**<u>–: હુકમ :–</u>**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર શ્રી જીગીષ સોસાની મુળ અરજી આઈ.ડી.નં.૧૭૯ તા.૨૨/૦૪/૧૯ થી કતારગામ ઝોન ખાતે ફરજ બજાવતા ફુડ સેફટી ઓફીસર શ્રી ડી.કે.પટેલ બાબતમાં નં.૧ થી ૧૦ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ. જે પૈકી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી મધ્યસ્થ મહેકમ વિભાગ ધ્વારા ઉકત પત્રથી લાગત મુદ્દા નં.૧ થી ૩ તથા ૬ ની માહિતી સમયમર્યાદામાં નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઇએસટી/૮૪૭ તા.૯/૫/૧૯ થી યોગ્ય પુર્તતા/જવાબ પાઠવી લાગત માહિતીની નકલો (પાના નંગ–૨) મેળવવા નિયત નમુના–ખ પત્ર નં.જીએડી/ઈએસટી/૮૪૮ તા.૯/૫/૧૯ થી નકલ ફી રૂા.૪/– ભરપાઈ કરવા જાણ કરવામાં આવેલ. તેમ છતાં અરજદાર ધ્વારા કોઈ નકલ ફી ભરપાઈ કરેલ ન હોવાથી લાગત નકલો પુરી પાડી શકાયેલ નથી. જે ધ્યાને લેતા અપીલ તબકકે સમયમર્યાદામાં સંપુર્ણ માહિતી આપેલ નથી જેથી માહિતી છુપાવાનો પ્રયાસ કરેલ છે તે મુજબની કરેલ રજુઆતમાં કોઈ તથ્ય જણાતુ ન હોય, કરેલ રજુઆત ગેરવ્યાજબી અને પાયાવિહોણી જણાય છે. તે સંજોગોમાં જાહેર માહિતી અધિકારી ધ્વારા કરવામાં આવેલ કાર્યવાહી યોગ્ય અને ઉચિત જણાતી હોય, અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનુ રહેતુ નથી. તેમ છતાં ઉકત નિયત નમુના–ગ થી પાઠવવામાં આવેલ માહિતી/પુર્તતાની નકલ તથા નકલ ફી ભરપાઈ કરવા બાબતેના નિયત નમુના–ખ ની નકલો આ અપીલ હુકમ સાથે ફરીથી પાઠવવાનું રાખીએ તથા તે અંતર્ગત લાગત નકલો મેળવવા માંગતા હોય તો આ અપીલ હુકમ મળ્યેથી દિન–૧૦ માં નકલ ફી ભરપાઈ કરી માહિતીની નકલ મેળવી લેવા સ્વતંત્ર છો. આમ, આ સમગ્ર બાબતો ધ્યાને અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય સદર અપીલ અરજી દફતરે કરી નિકાલ કરવામાં આવે છે. વધુમાં આ હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે અરજદાર બીજી અપીલ કરી શકે છે.

**(એસ.એચ.વ્યાસ)**
**અપીલ અધિકારી અને પર્સોનલ ઓફિસર(મહેકમ)**
**સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત**
**ફોન નં.(૦૨૬૧)૨૪૨૩૭૫૧ થી ૫૬ એક્ષટે.નં.૫૧૯**

નં.જીએડી/ઇએસટી/૨૨૭૩
તા.૨૬/૦૬/૨૦૧૯

**નકલ રવાનાઃ** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મધ્યસ્થ મહેકમ વિભાગ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાનાઃ** શ્રી જીગીષ સોસા, પ્રતિ....જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | **સુરત મહાનગરપાલિકા,**<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ, સુરત – ૩૯૫ ૦૦૩. |


**<u>અપીલ અરજી નં.૦૫/૧૯–૨૦</u>**

**અરજદાર :** શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળા

**સામાવાળા :** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસરશ્રી, મધ્યસ્થ મહેકમ વિભાગ.

**<u>ફરીયાદની હકીકત :–</u>**

**વિષય:–** શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળાની મુળ અરજી આઈ.ડી.નં.૧૫૨ તા.૦૯/૦૫/૧૯ સંદર્ભે કરેલ અપીલ અરજી બાબત.

**સંદર્ભ:–** અરજદાર મજકુરની તા.૧૭/૦૬/૧૯ ની અપીલ અરજી No.SMC/GAD/FAP/05/19-20.

અરજદાર શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળાએ મુળ અરજી આઈ.ડી.નં.૧૫૨ તા.૯/૫/૧૯ થી જાહેર માહિતી અધિકારી, સુ.મ.પા. સી.વાય.ભટ્ટ, નોડલ ઓફીસર, આર.ટી.આઈ. સેલને સંબોધીને વેસ્ટ ઝોન ખાતે કરેલ. જે વેસ્ટ ઝોન ધ્વારા નં.વે.ઝોન/આરટીઆઈસેલ/૩૨૧ તા.૯/૫/૧૯ થી આર.ટી.આઈ.સેલ મુખ્ય કચેરીને તબદીલ કરેલ. જે આરટીઆઈ સેલ ધ્વારા લાગત ઝોન/ખાતા/વિભાગો સહિત મધ્યસ્થ મહેકમ વિભાગને તબદીલ કરેલ. જે તા.૧૦/૫/૧૯ ના રોજ પ્રાપ્ત થયેલ. આ સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસરશ્રી, મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત મુદ્દા નં.૫ ની માહિતી/પુર્તતા સમયમર્યાદામાં નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ ઇએસટી/૧૬૧૧ તા.૩/૬/૧૯થી પાઠવી લાગત માહિતીની નકલ નંગ–૧ પુરી પાડવા નિયત નમુના–ખ પત્ર નં.જીએડી/ઈએસટી/૧૬૧૨ તા.૩/૬/૧૯ થી નકલ ફી રૂા.૨/– ભરપાઈ કરવા જાણ કરવામાં આવેલ. તેમછતાં અરજદાર ધ્વારા તા.૧૭/૬/૧૯ ના રોજ પ્રથમ અપીલ દાખલ કરેલ છે. સદર અપીલ અવલોકનમાં લેતા અરજદારે અપીલ તબકકે જે ઝોન/વિભાગો/ખાતાઓના મળેલ નિર્ણયની સામે અપીલ કરી છે જેમાં મધ્યસ્થ મહેકમ વિભાગનો ઉલ્લેખ કરેલ નથી. અરજદાર ધ્વારા અપીલ અરજીમાં સદર મુદ્દા નં.૫ બાબતે "હોદ્દા અને ચાર્જ, ભણતર, સર્વિસબુકની માહિતી બાબતે કોઈ માહિતી આપવામાં આવેલ નથી મારા ધ્વારા માગવામાં આવેલ માહિતી અંગે આજદીન સુધી કોઈ ચુકાદો આપવા માટે આવેલ નથી. આમ કામના ભારણ અને કામમાં બેદરકારી રાખી કરવામાં આવતી કામગીરી ધ્યાને લઈ માહિતી માંગવામાં આવેલ છે" તેમ જણાવેલ છે.

અરજદાર મજકુર ધ્વારા ઉકત આઈ.ડી.ના મુદ્દા નં.૫ થી ડે.મ્યુનિ.કમિશ્નરશ્રી "<u>સી.વાય.ભટ્ટ પાસે હાલમાં ઉપલબ્ધ રેકર્ડ પરના હોદ્દા, વિભાગના ચાર્જ સંભાળે છે તેમજ તેમની ભણતરની વિગત તેમજ સર્વિસબુક, કોર્ટ મેટર</u> તેમની વિરૂધ્ધ ખાતાકીય તપાસ કે ફરીયાદ <u>સંદર્ભે કરવામાં આવેલ તમામ વિગત પ્રમાણિત નકલ આપવી.</u>" જે મુજબની માહિતીની માંગણી કરેલ કરેલ. જે સંદર્ભે મધ્યસ્થ મહેકમ વિભાગ ધ્વારા ઉકત પત્રથી પુર્તતામાં "અંડર લાઈન કરેલ મધ્યસ્થ મહેકમ વિભાગને અંશતઃ લાગત જણાતા મુદ્દાની વિગતે શ્રી સી.વાય.ભટ્ટ હાલમાં સુ.મ.પા.માં ડે.મ્યુનિ.કમિશ્નરના હોદ્દા ઉપર ફરજ બજાવે છે. તેઓના હસ્તકના ખાતા/ઝોનની માહિતી દર્શાવતુ પત્રક નકલ–૧ મેળવવા આ સાથે સમેલ પત્ર મુજબની નકલ ફી રૂા.૨/– ભરપાઈ કર્યેથી તેવી માહિતીની નકલ પુરી પાડવામાં આવશે. તેમજ તેઓના ભણતર તથા સર્વિસબુકની નકલની માંગવામાં આવેલ માહિતીની વિગતે જણાવવાનુ કે, સુરત મહાનગરપાલિકામાં કોઈપણ કર્મચારી/અધિકારીએ તેમની નિમણુંક સંદર્ભે રજુ કરેલ શૈક્ષણિક લાયકાતના પુરાવાઓ કે અન્ય કોઈપણ દસ્તાવેજો એ તેઓનો અંગત પ્રકારનો ડોકયુમેન્ટ હોય જે વિશ્વસનીય સબંધોને આધારે અત્રેની કચેરીને તેઓની નિમણુંકના હેતુસર ઉપલબ્ધ થયેલ હોય તેમજ તેઓની સર્વિસબુક એ જે તે અધિકારી/કર્મચારી અને તેમના નોકરીદાતા વચ્ચેની છે જે કામગીરી સેવા નિયમો હેઠળ નિયંત્રણ થાય છે. જેને જાહેર ગતિવિધિ અથવા હિત સાથે કોઈપણ પ્રકારનો સબંધ ધરાવતુ હોવાનુ જણાતુ ન હોય જે આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ચ) અને (ઠ) મુજબ ત્રાહિત વ્યકિતને આપી શકાય નહી કે આપવુ હિતાવહ જણાતુ નથી. વધુમાં મજકુર અધિકારીની સામે મધ્યસ્થ મહેકમ વિભાગ હસ્તક હાલમાં કોઈ કોર્ટમેટર ચાલતી હોવાનુ જણાતુ ન હોય તે સંદર્ભેની માગ્યા મુજબની માહિતી "નીલ" છે." તેમ જણાવી માહિતી/પુર્તતા પાઠવી શ્રી સી.વાય.ભટ્ટ હસ્તકના ખાતા/ઝોનની માહિતી દર્શાવતુ પત્રક નકલ–૧ મેળવવા સામેલ પત્ર મુજબની નકલ ફી રૂા.૨/– ભરપાઈ કર્યેથી તેવી માહિતીની નકલ પુરી પાડવામાં આવશે તેમ જણાવેલ, પરંતુ અરજદાર ધ્વારા કોઈ નકલ ફી ભરપાઈ કરેલ ન હોવાની લાગત માહિતીની નકલ પુરી પાડી શકાયેલ નથી. તે સંજોગોમાં મધ્યસ્થ મહેકમ વિભાગના જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા મધ્યસ્થ મહેકમ વિભાગને અંશતઃ લાગત મુદ્દાનં.૫ બાબતે પુરી પાડવામાં આવેલ માહિતી/પૂર્તતા નિયમોનુંસાર યોગ્ય અને ઉચિત જણાતી હોય સદર અપીલ અરજી પરત્વે વધુ કોઈ કાર્યવાહી કરવા જોગ જણાતી ન હોય જે દફતરે કરવા જોગ જણાય છે.

**<u>–: હુ કમ :–</u>**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળાએ મુળ અરજી આઈ.ડી.નં.૧૫૨ તા.૯/૫/૧૯થી ડે.મ્યુનિ.કમિશ્નરશ્રી સી.વાય.ભટ્ટ બાબતમાં નં.૧ થી ૫ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ. જે પૈકી સુરત મહાનગરપાલિકાના મધ્યસ્થ મહેકમ વિભાગને અંશતઃ લાગત મુદ્દા નં.૫ પરત્વે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી મધ્યસ્થ મહેકમ વિભાગ ધ્વારા ઉકત પત્રો નિયત નમુના–ગ થી યોગ્ય અને નિયમોનુંસારની માહિતી/પૂર્તતા સમયમર્યાદામાં પાઠવી લાગત માહિતીની નકલ નંગ–૧ મેળવવા નિયત નમુના–ખ થી નકલ ફી રૂા.૨/– ભરપાઈ કરવા જાણ કરવામાં આવેલ. તેમ છતાં અરજદાર ધ્વારા કોઈ નકલ ફી ભરપાઈ કરેલ ન હોવાથી લાગત નકલ પુરી પાડી શકાયેલ નથી. તે સંજોગોમાં મધ્યસ્થ મહેકમ વિભાગના જાહેર માહિતી અધિકારી ધ્વારા કરવામાં આવેલ કાર્યવાહી યોગ્ય અને ઉચિત જણાતી હોય, અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનુ રહેતુ નથી. તેમ છતાં ઉકત નિયત નમુના–ગ થી પાઠવવામાં આવેલ માહિતી/પુર્તતાની નકલ તથા નકલ ફી ભરપાઈ કરવા બાબતેના નિયત નમુના–ખ ની નકલો આ અપીલ હુકમ સાથે ફરીથી પાઠવવા હુકમ કરવામાં આવે છે તથા તે અંતર્ગત અરજદાર લાગત નકલો મેળવવા માંગતા હોય તો આ અપીલ હુકમ મળ્યેથી દિન–૧૦ માં નકલ ફી ભરપાઈ કરી માહિતીની નકલ મેળવી લેવા સ્વતંત્ર છે. તેમજ અરજદાર ધ્વારા દિન–૧૦ માં નિયત ફી ભરપાઈ કર્યાની પહોંચ રજુ કરે તયારે જાહેર માહિતી અધિકારીશ્રીએ અરજદારને માંગેલ માહિતીની નકલ પુરી પાડવાની રહેશે. આમ, ઉકત સમગ્ર બાબતો ધ્યાને લેતા અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય સદર અપીલ અરજી દફતરે કરી નિકાલ કરવામાં આવે છે. વધુમાં આ હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે અરજદાર બીજી અપીલ કરી શકે છે.

**(એસ.એચ.વ્યાસ)**
**અપીલ અધિકારી અને પર્સોનલ ઓફિસર(મહેકમ)**
**સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત**
**ફોન નં.(૦૨૬૧)૨૪૨૩૭૫૧ થી ૫૬ એક્ષટે.નં.૫૧૯**

નં.જીએડી/ઇએસટી/૨૫૫૭
તા.૦૪/૦૭/૨૦૧૯

**નકલ રવાના :** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મધ્યસ્થ મહેકમ વિભાગ) પ્રતિ.... જાણ માટે

**નકલ રવાના :** શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળા, પ્રતિ....જાણ માટે.

| | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ, સુરત – ૩૯૫ ૦૦૩. |
|---|---|---|---|

**અપીલ અરજી નં.૦૬/૧૯–૨૦**

**અરજદાર :** શ્રી ઈમ્તિયાઝ એચ.ખાન

**સામાવાળા :** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસરશ્રી, મધ્યસ્થ મહેકમ વિભાગ.

**ફરીયાદની હકીકત :–**

**વિષય:–** શ્રી ઈમ્તિયાઝ એચ.ખાનની મુળ અરજી આઈ.ડી.નં.૪૮૨ તા.૨૭/૦૫/૧૯ સંદર્ભે કરેલ અપીલ અરજી બાબત.

**સંદર્ભ:–** અરજદાર મજકુરની તા.૨૮/૦૬/૧૯ ની અપીલ અરજી No.SMC/GAD/FAP/06/19-20.

અરજદાર શ્રી ઈમ્તિયાઝ એચ.ખાનએ જાહેર માહિતી અધિકારી, સુરત મહાનગરપાલિકાને સંબોધીને મુળ અરજી આઈ.ડી.નં.૪૮૨ તા.૨૭/૫/૧૯ સેન્ટ્રલ ઝોન સીટી સીવીક સેન્ટર ખાતે કરેલ. જે સેન્ટ્રલ ઝોન સીટી સીવીક સેન્ટર તરફથી નં.સીસીસી/સેઝોન/૪૮૨ તા.૨૭/૫/૧૯ થી મધ્યસ્થ મહેકમ વિભાગ તથા એકાઉન્ટ વિભાગને તબદીલ કરેલ. જે મધ્યસ્થ મહેકમ વિભાગને તા.૨૯/૫/૧૯ના રોજ પ્રાપ્ત થયેલ. સદર મુળ આઈ.ડી. બાબતે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસરશ્રી મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી લાગત મુદ્દા નં.૧ ની માહિતી/પુર્તતા નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઇએસટી /૧૯૪૯ તા.૧૪/૬/૧૯થી પુરી પાડવામાં આવેલ. આ પુરી પડાયેલ માહિતી/પુર્તતાથી નારાજ થઈ અપીલ તબકકે "અપીલ માટેના કારણો–(ખ) નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ છે. તેમ જણાવી "ઉચ્ચતર પગારધોરણના કચેરી હુકમની નકલ / નિયમો, ઠરાવો, પરિપત્રની નકલ. ઉચ્ચતર પગારધોરણ/તફાવત રકમ / ઈજાફા બાબત" તેમ જણાવી અપીલ અરજી કરેલ છે.

અરજદાર મજકુર દ્વારા મુળ અરજી આઈ.ડી.નં.૪૮૨ તા.૨૭/૦૫/૧૯થી માંગવામાં આવેલ માહિતી પૈકી મધ્યસ્થ મહેકમ વિભાગના જાહેર માહિતી અધિકારી ધ્વારા ઉકત નિયત નમુના–ગ થી મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત **મુદ્દા નં.૧** થી "તા.૦૧/૦૭/૨૦૧૬ ના રોજ ૨૨ વર્ષના પાત્ર થનાર કર્મચારીઓના ઉચ્ચતર પગારધોરણ અંગેના કચેરી હુકમોની નકલ આપવા વિનંતી." મુજબની માહિતી માંગવામાં આવેલ. જે સંદર્ભે **પુર્તતામાં:** "પ્રસ્તુત મુદ્દાથી માંગવામાં આવેલ માહિતીની વિગતે જણાવવાનુ કે સુરત મહાનગરપાલિકામાં કલેરીકલ કેડરમાં ૨૨ વર્ષે ઉચ્ચતર પગારધોરણનો લાભ જે તે કર્મચારીની નોકરીમાં જોડાયા તારીખથી ૨૨ વર્ષ ગણી તે તારીખના રોજથી આપવામાં આવે છે. આથી પ્રસ્તુત માંગ્યા મુજબના કચેરી હુકમ ઈસ્યુ કરવામાં આવેલ હોવાનુ જણાતુ ન હોય માગ્યા મુજબની રેકર્ડ આધારીત માહિતી "નીલ" છે. તેમ જણાવી માહિતી/પુર્તતા પાઠવવામાં આવેલ છે. જે પાઠવવામાં આવેલ પુર્તતા યોગ્ય અને ઉચિત જણાય છે. કારણ કે મહાનગરપાલિકામાં સા.સ.ઠ.નં.૧૯૫ તા.૨૨/૧૨/૯૫ પહેલા કલેરીકલ કેડરમાં નિમણુંક પામતા કર્મચારીઓને ૧૦–૧૮ અને ૨૨ વર્ષે ઉચ્ચતર પગારધોરણ આપવાની યોજના અમલમાં હોય, તે અંતર્ગત કલેરીકલ કેડરના કર્મચારીની નિમણુંકની તારીખથી ૨૨ વર્ષ ગણી તે તારીખે ૨૨ વર્ષનું ઉચ્ચતર પગારધોરણનો લાભ આપવામાં આવે છે. જે ધ્યાને લેતા કોઈપણ વર્ષમાં તા.૦૧/૦૭ ના રોજ ૨૨ વર્ષના ઉચ્ચતર પગારધોરણનો લાભ આપવાનો પ્રશ્ન રહેતો ન હોય, તા.૦૧/૦૭ ના રોજ ૨૨ વર્ષના ઉચ્ચતર પગારધોરણનો લાભ આપવા બાબતેના કોઈ કચેરી હુકમો ઈસ્યુ થયેલા ન હોય, તે અંગેની માંગવામાં આવેલ માહિતી "નીલ" છે મુજબની પુરી પાડવામાં આવેલ પુર્તતા યોગ્ય અને ઉચિત જણાય છે. વધુમાં અરજદાર મજકુર ધ્વારા અપીલ તબકકે અપીલ અરજીમાં ઉચ્ચતર પગારધોરણના કચેરી હુકમની નકલ/નિયમો, ઠરાવો, પરિપત્રની નકલ, ઉચ્ચતર પગારધોરણ/તફાવત રકમ/ઈજાફા બાબતેનો ઉલ્લેખ કરેલ છે તે અરજીના મુદ્દા નં.૨ એકાઉન્ટ વિભાગને તબદીલ થયેલ હોય, મધ્યસ્થ મહેકમ વિભાગ કક્ષાએથી માહિતી પુરી પાડવાની રહેતી નથી.

આમ, ઉકત તમામ હકીકતો ધ્યાને લેતા મધ્યસ્થ મહેકમ વિભાગના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી ધ્વારા મુળ આઈ.ડી. સંદર્ભે કરવામાં આવેલ કાર્યવાહી/પુર્તતા યથાયોગ્ય અને ઉચિત જણાતી હોય આ અપીલ અરજી અંગે મધ્યસ્થ મહેકમ વિભાગ કક્ષાએથી વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય કે અન્ય કોઈ માહિતી કે નકલો પુરી પાડવાની રહેતી ન હોય જેથી અરજદારની સદર અપીલ અરજી દફતરે કરવા જોગ જણાય છે.

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી સદર અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર શ્રી ઈમ્તિયાઝ એચ.ખાનએ મુળ અરજી આઈ.ડી.નં.૪૮૨ તા.૨૭/૫/૧૯ થી મુદ્દા નં.૧ તથા ૨ ની માહિતીની માંગણી કરેલ. જે પૈકી મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત મુદ્દા નં.૧ પરત્વે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી ધ્વારા ઉકત પત્ર નિયત નમુના–ગ થી યોગ્ય અને નિયમોનુંસારની માહિતી/પૂર્તતા સમયમર્યાદામાં પાઠવવામાં આવેલ. હાલ સુરત મહાનગરપાલિકામાં સા.સ.ઠ.નં.૧૯૫ તા.૨૨/૧૨/૧૯૯૫ પહેલા કલેરીકલ કેડરમાં નિમણુંક પામતા કર્મચારીઓને ૧૦–૧૮ અને ૨૨ વર્ષે ઉચ્ચતર પગારધોરણ આપવાની યોજના અમલમાં છે. તે અંતર્ગત કલેરીકલ કેડરના કર્મચારીની નિમણુંકની તારીખથી ૨૨ વર્ષ ગણી તે તારીખે ૨૨ વર્ષનું ઉચ્ચતર પગારધોરણનો લાભ આપવામાં આવે છે. જે ધ્યાને લેતા કોઈપણ વર્ષમાં તા.૦૧/૦૭ ના રોજ ૨૨ વર્ષના ઉચ્ચતર પગારધોરણનો લાભ આપવાનો પ્રશ્ન રહેતો ન હોય, જે ધ્યાને લેતા તા.૦૧/૦૭ ના રોજ ૨૨ વર્ષના ઉચ્ચતર પગારધોરણનો લાભ આપવા બાબતેના કોઈ કચેરી હુકમ ઈસ્યુ થયેલ ન હોય, તે અંગેની માંગવામાં આવેલ માહિતી "નીલ" છે. તે મુજબની કરવામાં આવેલ પૂર્તતા યોગ્ય અને ઉચિત જણાય છે. જયારે અરજદાર મજકુર ધ્વારા અપીલ તબકકે અપીલ અરજીમાં ઉચ્ચતર પગારધોરણના કચેરી હુકમની નકલ/ નિયમો, ઠરાવો, પરિપત્રની નકલ, ઉચ્ચતર પગારધોરણ/તફાવત રકમ/ઈજાફા બાબતેનો ઉલ્લેખ કરેલ છે તે અરજીના મુદ્દા નં.૨ એકાઉન્ટ વિભાગને તબદીલ થયેલ હોય, મધ્યસ્થ મહેકમ વિભાગ કક્ષાએથી માહિતી પુરી પાડવાની રહેતી નથી. આમ, ઉકત તમામ હકીકતો ધ્યાને લેતા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી ધ્વારા મુળ આઈ.ડી. સંદર્ભે કરવામાં આવેલ કાર્યવાહી/પુર્તતા યથાયોગ્ય અને ઉચિત જણાતી હોય આ અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય કે અન્ય કોઈ માહિતી કે નકલો પુરી પાડવાની રહેતી ન હોય સદર અપીલ અરજી દફતરે કરી નિકાલ કરવામાં આવે છે. વધુમાં આ હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે અરજદાર બીજી અપીલ કરી શકે છે.

**(એસ.એચ.વ્યાસ)**
**અપીલ અધિકારી અને પર્સોનલ ઓફિસર(મહેકમ)**
**સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત**
**ફોન નં.(૦૨૬૧)૨૪૨૩૭૫૧–૫૬ એક્ષટે.નં.૫૧૯**

નં.જીએડી/ઇએસટી/૩૦૩૪
તા.૧૯/૦૭/૨૦૧૯

**નકલ રવાના :** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મધ્યસ્થ મહેકમ વિભાગ) પ્રતિ.... જાણ માટે

**નકલ રવાના :** શ્રી ઈમ્તિયાઝ એચ.ખાન, પ્રતિ....જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | **સુરત મહાનગરપાલિકા,**<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ, સુરત – ૩૯૫ ૦૦૩. |

**અપીલ અરજી નં.૦૭/૧૯–૨૦**

**અરજદાર :** શ્રી યોગેશ પી. સુરતી
**સામાવાળા :** સેકશન ઓફીસર (મધ્યસ્થ મહેકમ વિભાગ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** શ્રી યોગેશ પી. સુરતીની મુળ અરજી આઈ.ડી.નં.૪૨૭ તા.૧૮/૦૫/૧૯ સંદર્ભે કરેલ અપીલ અરજી બાબત.
**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૦૫/૦૭/૧૯ ની અપીલ અરજી No.SMC/GAD/FAP/07/19-20.

અરજદાર શ્રી યોગેશભાઈ પી. સુરતીએ જાહેર માહિતી અધિકારીશ્રી, સુરત મહાનગરપાલિકાને સંબોધીને મુળ અરજી આઈ.ડી.નં.૪૨૭ તા.૧૮/૫/૧૯ સેન્ટ્રલ ઝોન સીટી સીવીક સેન્ટર ખાતે કરેલ છે. જે સેન્ટ્રલ ઝોન સીટી સીવીક સેન્ટર ધ્વારા આ.નં.સીસીસી/સી.ઝેડ/આ./૪૨૭ તા.૨૦/૫/૧૯ થી જાહેર માહિતી અને સેકશન ઓફિસરશ્રી, રીક્રુટમેન્ટ વિભાગને તબદીલ કરેલ. જે રીક્રુટમેન્ટ વિભાગ ધ્વારા નં.જીએડી/ઇએસટી/આર/૨૨૧ તા.૨૧/૫/૧૯ થી મધ્યસ્થ મહેકમ વિભાગને સંપુર્ણ તબદીલ કરેલ. જે મધ્યસ્થ મહેકમ વિભાગને તા.૨૨/૦૫/૧૯ ના રોજ પ્રાપ્ત થયેલ. સદર મુળ આઈ.ડી.ની વિગતો ધ્યાને લેતા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઇએસટી/૧૮૧૨ તા.૧૧/૦૬/૧૯ થી પુરી પાડવા જોગ માહિતી બાબતે યોગ્ય પુર્તતા/જવાબ પાઠવી માંગેલ મુદ્દાઓની લાગત માહિતી નકલો (પાના નંગ–૧૬) મેળવવા નિયત નમુના–ખ પત્ર નં.જીએડી/ઈએસટી/૧૮૧૩ તા.૧૧/૦૬/૧૯ થી નકલ ફી રૂ.૩૨/– ભરપાઈ કરવા જાણ કરવામાં આવેલ. જે પાઠવવામાં આવેલ માહિતી/પુર્તતાથી નારાજ થઈ તા.૦૫/૦૭/૧૯ ના રોજ પ્રથમ અપીલ અરજી દાખલ કરી અપીલ તબકકે અરજદાર ધ્વારા "અધુરી માહિતી આપેલ છે." તે મુજબની રજુઆત કરેલ છે.

અરજદાર મજકુર ધ્વારા ઉકત આઈ.ડી.થી "સુરત મહાનગરપાલિકામાં નીચે જણાવેલ કેડરની લાયકાતમાં છેલ્લા ૧૨ વર્ષમાં ફેરફાર થયા હોય તો તેની જુની લાયકાત નવા સુધારા મુજબની લાયકાત અને કોના ધ્વારા સુધારો કરવામાં આવેલ તે તમામની સંપુર્ણ વિગત. ડે.કમિશ્નર, આસી. કમિશ્નર, આસી અને જુની.ઈજનેર તમામ." મુજબની માહિતી માંગવામાં આવેલ. જે સંદર્ભે **<u>પુર્તતામાં:</u>** "સુરત મહાનગરપાલિકામાં ડે.કમિશ્નર, આસી.કમિશ્નર, આસી અને જુની.ઈજનેર કેડરની લાયકાતમાં છેલ્લા ૧૨ વર્ષમાં થયેલ ફેરફાર/સુધારા અંગેની માંગવામાં આવેલ માહિતીની વિગતે સામાન્ય સભા ઠરાવ નં.૫૭૯/૨૦૦૮ તા.૨૯/૮/૦૮ તથા ગુજરાત સરકારશ્રીના શહેરી વિકાસ અને અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ સમન/૧૦૨૦૦૮/૫૪૮૨/પી તા.૪/૧/૨૦૧૦ તેમજ સામાન્ય સભા ઠરાવ નં.૧૫/૨૦૦૮ તા.૧૭/૧/૨૦૦૮, નં.૮૮૬/૧૧ તા.૨૧/૧૦/૨૦૧૧, નં.૩૧૪/૦૯ તા.૩/૮/૨૦૦૯, નં.૧૯૦/૧૭ તા.૨૯/૪/૨૦૧૭ ની નકલ (પાના નંગ–૧૬) પરથી માંગ્યા મુજબની માહિતીનો સંદર્ભ મળી શકે તેમ હોય, જે નકલ મેળવવા આ સાથે સામેલ પત્ર મુજબની નકલ ફી રૂ.૩૨/– ભરપાઈ કર્યેથી તેવી મહિતીની નકલ તમોને પુરી પાડવામાં આવશે." તેમ જણાવવામાં આવેલ. જે સંદર્ભે અરજદાર ધ્વારા તા.૧૨/૦૬/૧૯ ના રોજ સુચવેલ નકલ ફી સેન્ટ્રલ ઝોન સીટી સીવીક સેન્ટર ખાતે ભરપાઈ કરેલ અને તે અંગેની જાણ તા.૧૩/૦૬/૧૯ ના રોજ થતા મધ્યસ્થ મહેકમ વિભાગ કક્ષાએથી સમયમર્યાદામાં લાગત માહિતીની નકલો પાના નંગ–૧૬ નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઇએસટી/૧૯૬૮ તા.૧૪/૦૬/૧૯ થી પુરી પાડવામાં આવેલ છે. આમ ઉકત મુળ આઈ.ડી. સંદર્ભે મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત મુદ્દાની માહિતી/પુર્તતા તથા લાગત નકલો સમયમર્યાદામાં પુરી પાડવામાં આવેલ છે. તેમછતા અરજદાર ધ્વારા અપીલ તબકકે "અધુરી માહિતી આપેલ છે." તે મુજબની રજુઆત કરેલ. આ બાબતે અરજદાર ધ્વારા અપીલ અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં અત્રેથી પુરી પાડવામાં આવેલ માહિતી સંદર્ભમાં કઈ માહિતી અધુરી પુરી પાડવામાં આવેલ? તે બાબતે જરૂરી આધાર/પુરાવા સહિત પુર્તતા/સ્પષ્ટતાઓ દિન–૫ માં તાકીદે મોકલી આપવા પત્ર નં.જીએડી/ઈએસટી/૩૩૫૨ તા.૨૯/૭/૧૯ થી જાણ કરવામાં આવેલ છે. સદર પત્ર સંદર્ભે અરજદાર ધ્વારા આજપર્યત કોઈ પણ પ્રકારની રજુઆત, પુર્તતા કે સ્પષ્ટતા કરેલ નથી કે કરેલા આક્ષેપોના સમર્થનમાં કોઈ જ આધાર/પુરાવા રજુ કરેલ નથી. જે ધ્યાને લેતા અપીલ તબકકે અરજદાર ધ્વારા અધુરા જવાબ આપેલ હોવાની કરેલ રજુઆતમાં કોઈ તથ્ય જણાતુ ન હોય, કરેલ રજુઆત ગેરવ્યાજબી અને પાયાવિહોણી જણાતી હોય, મજુકરની અપીલ અરજી અંતર્ગત મધ્યસ્થ મહેકમ વિભાગ કક્ષાએથી વધુ કોઈ માહિતી પુરી પાડવાની બાકી હોવાનું જણાતુ ન હોય, અપીલ અરજી દફતરે કરવા જોગ જણાય છે. આમ, ઉપરોકત તમામ હકીકત ધ્યાને લેતા મધ્યસ્થ મહેકમ વિભાગ ધ્વારા સદર અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય સદર અપીલ અરજી દફતરે કરવા જોગ જણાય છે.

**<u>–: હુકમ :–</u>**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર શ્રી યોગેશ પી. સુરતીની મુળ અરજી આઈ.ડી.નં.૪૨૭ તા.૧૮/૦૫/૧૯ ધ્વારા ડે.કમિશ્નર, આસી. કમિશ્નર, આસી અને જુની.ઈજનેરની કેડરોની લાયકાતમાં છેલ્લા ૧૨ વર્ષમાં ફેરફાર થયા હોય તે સબંધી માંગેલ માહિતી સંદર્ભે પુરી પાડવા જોગ માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(મહેકમ) ધ્વારા નિયત નમુના પત્ર–ગ થી પુર્તતા/જવાબ પાઠવી નમુના–ખ ધ્વારા નકલ ફી રૂ.૩૨/– ભરપાઈ કરી લાગત નકલો મેળવી લેવા જણાવેલ. જે સંદર્ભે તા.૧૨/૦૬/૧૯ ના રોજ નકલ ફી ભરપાઈ કરતા લાગત માહિતીની નકલો પાના નંગ–૧૬ આ.નં.જીએડી/ઇએસટી/૧૯૬૮ તા.૧૪/૦૬/૧૯ થી પુરી પાડવામાં આવેલ છે. આમ ઉકત મુળ આઈ.ડી. સંદર્ભે મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત મુદ્દાની માહિતી સમયમર્યાદામાં અરજદારને પાઠવવામાં આવેલ છે. તેમછતા અરજદાર ધ્વારા અપીલ તબકકે "અધુરી માહિતી આપેલ છે." તે મુજબની રજુઆત કરેલ. આ બાબતે અરજદાર ધ્વારા અપીલ અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં અત્રેથી પુરી પાડવામાં આવેલ માહિતી સંદર્ભમાં કઈ માહિતી અધુરી પુરી પાડવામાં આવેલ? તે બાબતે જરૂરી આધાર/પુરાવા સહિત પુર્તતા/સ્પષ્ટતાઓ દિન–૫ માં તાકીદે મોકલી આપવા પત્ર નં.જીએડી/ઈએસટી/૩૩૫૨ તા.૨૯/૭/૧૯ થી જાણ કરવામાં આવેલ છે. સદર પત્ર સંદર્ભે અરજદાર ધ્વારા આજપર્યત કોઈ પણ પ્રકારની રજુઆત, પુર્તતા કે સ્પષ્ટતા કરેલ નથી કે કરેલા આક્ષેપોના સમર્થનમાં કોઈ જ આધાર/પુરાવા રજુ કરેલ નથી. જે ધ્યાને લેતા અપીલ તબકકે અરજદાર ધ્વારા અધુરા જવાબ આપેલ હોવાની કરેલ રજુઆતમાં કોઈ તથ્ય જણાતુ ન હોય, કરેલ રજુઆત ગેરવ્યાજબી અને પાયાવિહોણી જણાતી હોય, મજુકરની અપીલ અરજી અંતર્ગત મધ્યસ્થ મહેકમ વિભાગ કક્ષાએથી વધુ કોઈ માહિતી પુરી પાડવાની બાકી હોવાનું જણાતુ ન હોય, અપીલ અરજી દફતરે કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે. વધુમાં આ હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજ્ય કક્ષાની કચેરી, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે અરજદાર બીજી અપીલ કરી શકે છે.

**(એસ.એચ.વ્યાસ)**
**અપીલ અધિકારી અને પર્સોનલ ઓફિસર(મહેકમ)**
**સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત**
**ફોન નં.(૦૨૬૧)૨૪૨૩૭૫૧ થી ૫૬ એક્ષ્ટે.નં.૫૧૯**

નં.જીએડી/ઇએસટી/૩૫૭૨
તા.૦૫/૦૭/૨૦૧૯

**નકલ રવાનાઃ** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મધ્યસ્થ મહેકમ વિભાગ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાનાઃ** શ્રી યોગેશ પી. સુરતી, પ્રતિ....જાણ માટે.

ફેક્સ : 91-0261-2422110
ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87

**સુરત મહાનગરપાલિકા,**
મહાનગર સેવા સદન,
મુગલસરાઈ, સુરત – ૩૯૫ ૦૦૩.

**અપીલ અરજી નં.૦૮/૧૯–૨૦**

**અરજદાર :** શ્રી યોગેશ પી. સુરતી

**સામાવાળા :** સેકશન ઓફીસર (મધ્યસ્થ મહેકમ વિભાગ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષય:–** શ્રી યોગેશ પી. સુરતીની મુળ અરજી આઈ.ડી.નં.૪૨૬ તા.૧૮/૦૫/૧૯ સંદર્ભે કરેલ અપીલ અરજી બાબત.

**સંદર્ભ:–** અરજદાર મજકુરની તા.૦૫/૦૭/૧૯ ની અપીલ અરજી **No.SMC/GAD/FAP/08/19-20.**

અરજદાર શ્રી યોગેશભાઈ પી. સુરતીએ જાહેર માહિતી અધિકારીશ્રી, સુરત મહાનગરપાલિકાને સંબોધીને જુની.ઈજનેર, આસી.ઈજનેર(મીકે.)ની છેલ્લી ભરતી બાબતે મુદ્દા નં.૧ થી ૫ ની માહિતીની માંગણી કરતી મુળ અરજી આઈ.ડી.નં.૪૨૬ તા.૧૮/૫/૧૯ સેન્ટ્રલ ઝોન સીટી સીવીક સેન્ટર ખાતે કરેલ છે. જે સેન્ટ્રલ ઝોન સીટી સીવીક સેન્ટર ધ્વારા આ.નં.સીસીસી/સી.ઝેડ/આ./૪૨૬ તા.૨૦/૫/૧૯ થી જાહેર માહિતી અને સેકશન ઓફિસરશ્રી, રીક્રુટમેન્ટ વિભાગને તબદીલ કરેલ. જે રીક્રુટમેન્ટ વિભાગ ધ્વારા નં.જીએડી/ઇએસટી/આર/૨૨૨ તા.૨૧/૫/૧૯ થી મધ્યસ્થ મહેકમ વિભાગને અંશતઃ તબદીલ કરેલ. જે મધ્યસ્થ મહેકમ વિભાગને તા.૨૨/૦૫/૧૯ ના રોજ પ્રાપ્ત થયેલ.

અરજદાર મજકુર ધ્વારા ઉકત મુળ આઈ.ડી.થી જુની.ઈજનેર, આસી.ઈજનેર(મીકે.)ની છેલ્લી ભરતી બાબતે મુદ્દા નં.૧ થી ૫ ની માહિતીની માંગણી કરેલ. જે માંગેલ માહિતી સંદર્ભે **<u>પુર્તતામાં:</u>** "કોઈપણ મુદ્દા મધ્યસ્થ મહેકમ વિભાગને સ્પર્શતા હોવાનુ જણાતુ ન હોય, મધ્યસ્થ મહેકમ વિભાગની પ્રસ્તુત અરજી પરત્વે માહિતી "નીલ" છે." તેમ જણાવી નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઇએસટી/૧૭૨૨ તા.૦૬/૦૬/૧૯ થી અરજદારને યોગ્ય માહિતી/પુર્તતા પાઠવવામાં આવેલ. જે પુરી પાડવામાં આવેલ માહિતી અરજદારની અરજીના મુદ્દાઓને ધ્યાને લેતા યોગ્ય અને ઉચિત જણાય છે. જો કે મજકુર અરજદારની અપીલ અરજીની હકીકત જોતા તેઓ ધ્વારા મધ્યસ્થ મહેકમ વિભાગની સદર પુરી પાડવામાં આવેલ માહિતી માટે અપીલ અરજી કરેલ હોવાનું જણાતુ નથી. પરંતુ રીક્રુટમેન્ટ વિભાગની માહિતી માટે અપીલ અરજી કરેલ હોવાનું જણાય છે. જે ધ્યાને લેતા મધ્યસ્થ મહેકમ વિભાગ કક્ષાએથી પ્રસ્તુત અપીલ અરજી પરત્વે કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, જે દફતરે કરવા જોગ જણાય છે.

**–: હુ ક મ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર શ્રી યોગેશ પી. સુરતીની મુળ અરજી આઈ.ડી.નં.૪૨૬ તા.૧૮/૦૫/૧૯ ધ્વારા જુની.ઈજનેર, આસી.ઈજનેર(મીકે.)ની છેલ્લી ભરતી બાબતે મુદ્દા નં.૧ થી ૫ ની માહિતીની માંગણી કરેલ. જે માંગેલ માહિતીના કોઈપણ મુદ્દા મધ્યસ્થ મહેકમ વિભાગને સ્પર્શતા હોવાનુ જણાતુ ન હોય, મધ્યસ્થ મહેકમ વિભાગની પ્રસ્તુત અરજી પરત્વે માહિતી "નીલ" છે તેમ જણાવી નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઇએસટી/૧૭૨૨ તા.૦૬/૦૬/૧૯ થી અરજદારને જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(મહેકમ) ધ્વારા યોગ્ય માહિતી/ પુર્તતા પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે. જે પુરી પાડવામાં આવેલ માહિતી અરજદારની અરજીના મુદ્દાઓને ધ્યાને લેતા યોગ્ય અને ઉચિત જણાય છે. તેમજ મજકુર અરજદારની અપીલ અરજીની હકીકત જોતા તેઓ ધ્વારા મધ્યસ્થ મહેકમ વિભાગની સદર પુરી પાડવામાં આવેલ માહિતી માટે અપીલ અરજી કરેલ હોવાનું જણાતુ નથી. પરંતુ રીક્રુટમેન્ટ વિભાગની માહિતી માટે અપીલ અરજી કરેલ હોવાનું જણાય છે. જે ધ્યાને લેતા મધ્યસ્થ મહેકમ વિભાગ કક્ષાએથી પ્રસ્તુત અપીલ અરજી પરત્વે કોઈ કાર્યવાહી કરવા જોગ જણાતુ ન હોય કે અન્ય કોઈ માહિતી પુરી પાડવાની આવશ્યકતા જણાતી ન હોય, સદર અપીલ અરજી દફતરે કરી અપીલ અરજીનો નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

વધુમાં આ હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે અરજદાર બીજી અપીલ કરી શકે છે.

નં.જીએડી/ઇએસટી/૩૩૧૮
તા.૨૬/૦૭/૨૦૧૯

**(એસ.એચ.વ્યાસ)**
**અપીલ અધિકારી અને પર્સોનલ ઓફિસર(મહેકમ)**
**સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત**
**ફોન નં.(૦૨૬૧)૨૪૨૩૭૫૧ થી ૫૬ એક્ષટે.નં.૫૧૯**

**નકલ રવાનાઃ** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મધ્યસ્થ મહેકમ વિભાગ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાનાઃ** શ્રી યોગેશ પી. સુરતી, પ્રતિ....જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | **સુરત મહાનગરપાલિકા,**<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ, સુરત – ૩૯૫ ૦૦૩. |


**અપીલ અરજી નં.૦૯/૧૯–૨૦**

**અરજદાર :** શ્રી અબ્દુલ રશીદ અબ્દુલ રઝાક શેખ

**સામાવાળા :** સેકશન ઓફીસર (મધ્યસ્થ મહેકમ વિભાગ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષય:–** શ્રી અબ્દુલ રશીદ અબ્દુલ રઝાક શેખની મુળ અરજી આઈ.ડી.નં.૬૩૩ તા.૧૩/૦૬/૧૯ સંદર્ભે કરેલ અપીલ અરજી બાબત.

**સંદર્ભ:–** અરજદાર મજકુરની તા.૧૮/૦૭/૧૯ ની અપીલ અરજી **No.SMC/GAD/FAP/09/19-20.**

અરજદાર શ્રી અબ્દુલ રશીદ અબ્દુલ રઝાક શેખએ જાહેર માહિતી અધિકારીશ્રી, પર્સોનેલ ઓફીસર, મધ્યસ્થ વિભાગ, સુરત મહાનગરપાલિકાને સંબોધીને મુળ અરજી આઈ.ડી.નં.૬૩૩ તા.૧૩/૬/૧૯ સેન્ટ્રલ ઝોન સીટી સીવીક સેન્ટર ખાતે કરેલ. જે સેન્ટ્રલ ઝોન સીટી સીવીક સેન્ટર તરફથી નં.સીસીસી/સેઝોન/૬૩૩ તા.૧૪/૬/૧૯ થી મધ્યસ્થ મહેકમ વિભાગ તથા સેન્ટ્રલ ઝોનને તબદીલ કરેલ. જે મધ્યસ્થ મહેકમ વિભાગને તા.૧૫/૬/૧૯ના રોજ પ્રાપ્ત થયેલ. સદર મુળ આઈ.ડી. બાબતે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસરશ્રી મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી લાગત મુદ્દા નં.ર તથા ૫ ની માહિતી/પુર્તતા નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઇએસટી/૨૪૨૧ તા.૧/૭/૧૯ થી પુરી પાડવામાં આવેલ. આ પુરી પડાયેલ માહિતી/પુર્તતાથી નારાજ થઈ અપીલ તબકકે અપીલ માટેના કારણો–(ખ) નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ છે. તેમ જણાવી (૨) કર્મચારી તરફથી દર વર્ષે સુ.મ.પા.ને પોતાના બેંક તેમજ સંપતિની જાહેરાત અંગેની માહિતીનો સોગંદનામુ આપે છે તેની માહિતી આપો. (૫) કર્મચારીએ બી.પી.એમ.સી.એકટની જોગવાઈ મુજબ એક જ ખાતામાં કેટલા વર્ષથી કેટલા વર્ષ ફરજ બજાવેલ છે તેની માહિતી આપો. તેમ જણાવી અપીલ અરજી કરેલ છે.

અરજદાર મજકુર દ્વારા મુળ અરજી આઈ.ડી.નં.૬૩૩ તા.૧૩/૬/૧૯થી કર્મચારી શ્રી હેમંતકુમાર ખીમજીભાઈ બારીયાની બાબતમાં મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી માંગવામાં આવેલ. જે માંગેલ માહિતી પૈકી મધ્યસ્થ મહેકમ વિભાગના જાહેર માહિતી અધિકારી ધ્વારા ઉક્ત નિયત નમુના–ગ થી મધ્યસ્થ મહેકમ વિભાગને **<u>લાગત મુદ્દા નં.ર થી</u>** "કર્મચારી તરફથી દર વર્ષે સુરત મહાગરપાલિકાને પોતાના બેંક તેમજ સંપતિની જાહેરાત અંગેની માહિતીનો સોગંદનામુ આપે છે તેની માહિતી આપો." મુજબની માહિતી માંગવામાં આવેલ. જે સંદર્ભે **<u>પુર્તતામાં:</u>** "પ્રસ્તુત મુદ્દાથી માંગવામાં આવેલ માહિતીની વિગતે જણાવવાનુ કે સુરત મહાનગરપાલિકાના કર્મચારી /અધિકારી ધ્વારા રજુ કરાયેલ સ્થાયી મિલ્કત સંબંધી માહિતીના પત્રકો અત્રેના મધ્યસ્થ મહેકમ વિભાગ ધ્વારા નિભાવવામાં આવે છે. પરંતુ અધિકારી/ કર્મચારી ધ્વારા રજુ કરાયેલ સ્થાયી મિલ્કત સંબંધી માહિતીના પત્રકો એ જે તે અધિકારી/કર્મચારીની અંગત માહિતી હોય જે વિશ્વસનીય સંબધોને આધારે જે તે અધિકારી/કર્મચારી પાસેથી ઉપલબ્ધ થયેલ હોય તેમજ ઉક્ત માહિતી જાહેર ગતિવિધિ અથવા હિત સાથે કોઈપણ પ્રકારનો સંબધ ધરાવતી હોવાનું જણાતુ ન હોય તેમજ આવી માહિતી આપવાથી સંબંધીતના વ્યકતિગત/અંગત જીવનમાં અનધિકૃત દખલ ઉભી થવાની શકયતા રહેલી હોય જેથી માંગ્યા મુજબની માહિતી આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ચ) અને (ઠ) મુજબ પુરી પાડવા જોગ નથી. વધુમાં અત્રેના વિભાગ ધ્વારા અધિકારી/કર્મચારીના બેંક એકાઉન્ટની માહિતીનો રેકર્ડ નિભાવવામાં આવતો નથી" મુજબની માહિતી/પુર્તતા પાઠવવામાં આવેલ જે યોગ્ય અને ઉચિત જણાય છે. કારણકે મિલ્કત સંબધીત માંગવામાં આવેલ માહિતીના કિસ્સામાં નામ.સુપ્રિમ કોર્ટના સ્પે.લીવ પીટીશન (લીવ પીટીશન) સીવીલ નં.૨૭૭૩૪/૧૨– શ્રી ગીરીશ રામચંદ્ર દેશપાંડે વિરૂધ્ધ સેન્ટ્રલ ઈન્ફરમેશન કમિશ્નર અને અન્યોના કેસમાં પીટીશનર ધ્વારા ત્રાહિતને લગતી ઉક્ત વિગતે માંગવામાં આવેલ માહિતીના સંદર્ભમાં ઉપરોક્ત કલમ ૮(૧)(ઠ) હેઠળ કરવામાં આવેલ ઈન્કાર સામેની અરજી ડીસમીશ કરવામાં આવેલ. વધુમાં ઉપરોક્ત મુજબ મિલ્કત સંબધીત માંગવામાં આવતી માહિતી આપવા બાબતે અત્રેથી ઉક્ત કલમ તથા સુપ્રિમ કોર્ટના ચુકાદાને આધીન ઈન્કાર કરવામાં આવેલ, તેને પડકારવા માટે રાજય માહિતી આયોગમાં દાખલ કરવામાં આવેલ અપીલ નં.૫૯૪૧/૧૪–૧૫ માં નામ.ગુજરાત રાજય માહિતી આયોગના રાજય માહિતી કમિશનરશ્રી ધ્વારા તા.૦૧/૦૬/૨૦૧૬ ના રોજ આપેલ ચુકાદામાં કલમ ૮ હેઠળ જાહેર માહિતી અધિકારી અને અપીલ અધિકારીશ્રીએ લીધેલ નિર્ણયમાં હસ્તક્ષેપ કરવાનું કોઈ યોગ્ય કારણ જણાતુ ન હોય, અપીલ અરજીને દફતરે કરવા હુકમ કરેલ છે. આમ, આર.ટી.આઈ. એકટની ઉક્ત જોગવાઈ ધ્યાને લેતા મજકુર અધિકારીની મિલ્કત સંબધીત માંગવામાં આવેલ માહિતી પુરી પાડવા જોગ જણાતી નથી. તથા **<u>લાગત મુદ્દા નં.૫ થી</u>** "કર્મચારીએ બી.પી.એમ.સી.એકટની જોગવાઈ મુજબ એક જ ખાતામાં કેટલા વર્ષથી કેટલા વર્ષ ફરજ બજાવેલ છે તેની માહિતી આપો." મુજબની માહિતી માંગવામાં આવેલ. જે સંદર્ભે **<u>પુર્તતામાં:</u>** "પ્રસ્તુત મુદ્દાથી માંગવામાં આવેલ માહિતીની વિગતે જણાવવાનું કે સુરત મહાનગરપાલિકામાં બી.પી.એમ.સી. એકટની જોગવાઈ મુજબ બદલી કરવામાં આવતી ન હોય મજકુર કર્મચારીએ બી.પી.એમ.સી. એકટની જોગવાઈ મુજબ એક જ ખાતામાં કેટલા વર્ષ ફરજ બજાવેલ છે તે મુજબની માંગવામાં આવેલ માહિતી મુજબનો કોઈ રેકર્ડ ઉપલબ્ધ હોવાનુ જણાતો ન હોય માંગ્યા મુજબની માહિતી "નીલ" છે. જે મુજબની પુર્તતા પાઠવવામાં આવેલ જે યોગ્ય અને ઉચિત જણાય છે. કારણ કે સુરત મહાનગરપાલિકાના અધિકારી/કર્મચારીની બદલી એ એક વહીવટી પક્રિયાનો ભાગ છે. તે અનુસાર અત્રેની કચેરીએથી પોસ્ટીંગ સહિત બઢતી તેમજ બદલીના હુકમો કરતી વખતે સક્ષમ સત્તા તરફથી મળતા આદેશો, વીજીલન્સ તપાસ રીપોર્ટ, કર્મચારી વિરૂધ્ધ મળતી ફરિયાદો, ખાતાકીય ભલામણ, કર્મચારીઓ તરફથી બદલી અંગે મળતી અરજીઓ તેમજ અધિકારી/કર્મચારીની ચોકકસ કાર્યમાં નિપુણતા/અનુભવ જેવા પરિબળો ધ્યાને લઈ સુરત મહાનગરપાલિકાના વિશાળ વહીવટી, આર્થિક તેમજ નાણાંકીય હિત ધ્યાને લઈ તેમજ જુદા જુદા ઝોન/ખાતાઓની રોજબરોજની કામગીરી કાર્યરત રહે તેમજ વહીવટી તંત્ર કાર્યરત રહે તે મુજબના વિશિષ્ટ પાસાઓને ધ્યાને લઈ બદલી અંગેની કાર્યવાહી યોગ્ય તે સમયે હાથ ધરવામાં આવતી હોય છે. આમ, ઉક્ત તમામ હકીકતો ધ્યાને લેતા મધ્યસ્થ મહેકમ વિભાગના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી ધ્વારા મુળ આઈ.ડી. સંદર્ભે કરવામાં આવેલ કાર્યવાહી/પુર્તતા યથાયોગ્ય અને ઉચિત જણાતી હોય આ અપીલ અરજી અંગે મધ્યસ્થ મહેકમ વિભાગ કક્ષાએથી વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય કે અન્ય કોઈ માહિતી કે નકલો પુરી પાડવાની રહેતી ન હોય જેથી સદર અપીલ અરજી દફતરે કરવા જોગ જણાતી હોય, જે દફતરે કરવા જોગ જણાય છે.

**<u>–: હુ ક મ :–</u>**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર શ્રી અબ્દુલ રશીદ અબ્દુલ રઝાક શેખએ આઈ.ડી.નં.૬૩૩ તા.૧૩/૬/૧૯ થી કર્મચારી શ્રી હેમંતકુમાર ખીમજીભાઈ બારીયાની બાબતમાં મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી માંગવામાં આવેલ. જે માંગેલ માહિતી પૈકી મધ્યસ્થ મહેકમ વિભાગના જાહેર માહિતી અધિકારી ધ્વારા ઉક્ત નિયત નમુના–ગ પત્રથી લાગત મુદ્દા નં.રથી અધિકારી/ કર્મચારી ધ્વારા રજુ કરાયેલ સ્થાયી મિલ્કત સંબંધી માહિતીના પત્રકો એ જે તે અધિકારી/કર્મચારીની અંગત માહિતી હોય જે વિશ્વસનીય સંબધોને આધારે જે તે અધિકારી/કર્મચારી પાસેથી ઉપલબ્ધ થયેલ હોય તેમજ ઉક્ત માહિતી જાહેર ગતિવિધિ અથવા હિત સાથે કોઈપણ પ્રકારનો સંબધ ધરાવતી ન હોય જેથી માંગ્યા મુજબની માહિતી આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ચ) અને (ઠ) મુજબ પુરી પાડવા જોગ ન હોય જેથી મધ્યસ્થ મહેકમ કક્ષાએ કરવામાં આવેલ પુર્તતા/માહિતી યથાયોગ્ય ઉચિત અને યોગ્ય જણાય છે. આ અંગે નામ. સુપ્રિમ કોર્ટના ચુકાદા તેમજ નામ.ગુજરાત આયોગ ધ્વારા કરવામાં આવેલ હુકમો સ્વયંસ્પષ્ટ છે જે પણ ધ્યાને લેવા જોગ છે. તેમજ મુદ્દા નં.૫ની માહિતી/પુર્તતામાં બી.પી.એમ.સી. એકટની જોગવાઈ મુજબ કર્મચારી/અધિકારીઓની બદલી કરવામાં આવતી ન હોય બી.પી.એમ.સી. એકટની જોગવાઈ મુજબ એક જ ખાતામાં કેટલા વર્ષ ફરજ બજાવેલ છે તે

| | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | **સુરત મહાનગરપાલિકા,**<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ, સુરત – ૩૯૫ ૦૦૩. |
|---|---|---|---|

મુજબની માંગવામાં આવેલ માહિતી મુજબનો કોઈ રેકર્ડ ઉપલબ્ધ ન હોય માંગ્યા મુજબની માહિતી "નીલ" છે. જે મુજબની પુર્તતા પાઠવવામાં આવેલ પુર્તતા/માહિતી યોગ્ય અને ઉચિત જણાય છે. કારણ કે સુરત મહાનગરપાલિકાના અધિકારી/કર્મચારીની બદલી એ એક વહીવટી પક્રિયાનો ભાગ છે. તેમજ વહીવટી તંત્ર કાર્યરત રહે તે મુજબના વિશિષ્ટ પાસાઓને ધ્યાને લઈ બદલી અંગેની કાર્યવાહી યોગ્ય તે સમયે હાથ ધરવામાં આવતી હોય છે. આમ, ઉકત તમામ હકીકતો ધ્યાને લેતા મધ્યસ્થ મહેકમ વિભાગના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી ધ્વારા મુળ આઈ.ડી. સંદર્ભે કરવામાં આવેલ કાર્યવાહી/પુર્તતા યથાયોગ્ય અને ઉચિત જણાતી હોય આ અપીલ અરજી અંગે મધ્યસ્થ મહેકમ વિભાગ કક્ષાએથી વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય કે અન્ય કોઈ માહિતી કે નકલો પુરી પાડવાની રહેતી ન હોય જેથી સદર અપીલ અરજી દફતરે કરવા જોગ જણાતી હોય, જે દફતરે કરી અપીલ અરજીનો નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે. વધુમાં આ હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે અરજદાર બીજી અપીલ કરી શકે છે.

**(એસ.એચ.વ્યાસ)**
**અપીલ અધિકારી અને પર્સોનલ ઓફિસર(મહેકમ)**
**સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત**
**ફોન નં.(૦૨૬૧)૨૪૨૩૭૫૧ થી ૫૬ એક્ષટે.નં.૫૧૯**

નં.જીએડી/ઇએસટી/૩૬૬૩
તા.૦૭/૦૮/૨૦૧૯

**નકલ રવાનાઃ** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મધ્યસ્થ મહેકમ વિભાગ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાનાઃ** શ્રી અબ્દુલ રશીદ અબ્દુલ રઝાક શેખ, પ્રતિ....જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | **સુરત મહાનગરપાલિકા,**<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ, સુરત – ૩૯૫ ૦૦૩. |

**અપીલ અરજી નં.૧૦/૧૯–૨૦**

**અરજદાર :** શ્રી સલમાન ઈનાયત પટેલ

**સામાવાળા :** સેકશન ઓફીસર (મધ્યસ્થ મહેકમ વિભાગ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષય:–** શ્રી સલમાન ઈનાયત પટેલની મુળ અરજી આઈ.ડી.નં.૧૮૬ તા.૧૭/૦૬/૧૯ સંદર્ભે કરેલ અપીલ અરજી બાબત.

**સંદર્ભ:–** અરજદાર મજકુરની તા.૧૯/૦૭/૧૯ ની અપીલ અરજી No.SMC/GAD/FAP/10/19-20.

અરજદાર શ્રી સલમાન ઈનાયત પટેલએ આઈ.ડી.નં.૧૮૬ તા.૧૭/૬/૧૯ થી ચીફ ફાયર ઓફીસરશ્રી સુરત મહાનગરપાલિકા, સુરતને સંબોધીને ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ વિભાગ ખાતે કરેલ. જે અરજી ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ ધ્વારા નં.એફઈએસ/૬૫૩ તા.૧૮/૬/૧૯ થી મધ્યસ્થ મહેકમ વિભાગ, રીક્રુટમેન્ટ વિભાગ તથા વર્કશોપ વિભાગને તબદીલ કરેલ. જે મહેકમ વિભાગને તા.૧૮/૬/૧૯ના રોજ મળેલ છે જે આ સાથે સામેલ છે. આ સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર, મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઇએસટી/૨૪૭૮ તા.૨/૭/૧૯ થી ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી/પુર્તતા સમયમર્યાદામાં પાઠવવામાં આવેલ. જે પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતાથી નારાજ થઈ તા.૧૯/૭/૧૯ના રોજ પ્રથમ અપીલ અરજી દાખલ કરી, અપીલ તબકકે "કરેલ અરજીનો સંતોષકારક જવાબ મડેલ નથી. ઉપરોકત હકીકત અને નકલોને ધ્યાને લઈને માહિતી અધિકારી અધિનિયમ કાયદાની જોગવાઈ ૭(૬) મુજબ વિના મુલ્યે આપવા હુકમ કરશો અને જાહેર માહિતી અધિકારી ભવિષ્યમાં આવી રીતે કાયદાનો અનાદર ન કરે તે રીતે કાયદાની જોગવાઈ મુજબ કાર્યવાહી કરશો" તે મુજબની રજુઆત કરેલ છે.

ઉપરોકત હકીકત ધ્યાને લેતા, અરજદાર મજકુરની મુળ આઈ.ડી. અંગે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(મહેકમ) ધ્વારા મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત **મુદ્દા નં.૧ થી** "સુરત મહાનગરપાલિકામાં ફરજ બજાવતા કર્મચારીના ડોઈજર જેમાં નોકરી શરૂ (સ્ટાર્ટ) કર્યાના સમય (ટાઈમ)થી આજ રોજ સુધી આપેલા/જમા કરાવેલ તથા ફાઈલમાં રહેલા તમામ દસ્તાવેજોનું નિરીક્ષણ."ની માહિતીની માંગણી કરેલ. જે મુદ્દા નં.૧ની માંગેલ માહિતી બાબતે ઉકત પત્રથી **પુર્તતામાં** "પ્રસ્તુત મુદ્દાથી માંગવામાં આવેલ માહિતી ખુબ જ અસ્પષ્ટ છે. સુરત મહાનગરપાલિકામાં ફરજ બજાવતા કયા વિભાગના કયા અધિકારી/કર્મચારીની સદર માહિતી માંગવામાં આવેલ છે તે સ્પષ્ટ થતુ નથી. વધુમાં પ્રસ્તુત મુદ્દાથી સ્ટાફ ધ્વારા નોકરીની શરૂઆતથી સુરત મહાનગરપાલિકામાં જમા કરાવેલ દસ્તાવેજ/ ફાઈલની માંગવામાં આવેલ માહિતીનુ નિરીક્ષણની માગવામાં આવેલ માહિતીની વિગતે જણાવવાનુ કે, સુરત મહાનગરપાલિકામાં કોઈપણ અધિકારી/કર્મચારીએ તેમની નિમણુંક સંદર્ભે રજુ કરેલ અરજી, શૈક્ષણિક લાયકાતના પુરાવાઓ કે અન્ય કોઈપણ દસ્તાવેજોએ તેઓનો અંગત પ્રકારનો ડોકયુમેન્ટ હોય જે વિશ્વસનીત સબંધોને આધારે અત્રેની કચેરીને તેઓની નિમણુકના હેતુસર ઉપલબ્ધ થયેલ હોય જે ત્રાહિત વ્યકિતને આપી શકાય નહી કે આપવુ હિતાવહ જણાતુ નથી. તેમજ ઉકત માહિતીને જાહેર ગતિવિધિ અથવા હિત સાથે કોઈપણ પ્રકારનો સબંધ ધરાવતી હોવાનુ જણાતુ ન હોય, પ્રસ્તુત મુદ્દાથી સ્ટાફ ધ્વારા નોકરીની શરૂઆતથી સુરત મહાનગરપાલિકામાં જમા કરાવેલ દસ્તાવેજનું માંગવામાં આવેલ નિરીક્ષણ આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ચ) અને (ઠ) મુજબ પુરૂ પાડવા જોગ નથી." તેમ માહિતી/પુર્તતા પાઠવવામાં આવેલ છે.

ઉપરોકત હકીકત ધ્યાને લેતા અરજદાર ધ્વારા સુરત મહાનગરપાલિકામાં ફરજ બજાવતા કર્મચારીના નોકરી શરૂ કર્યાના સમયથી આજદિન સુધી આપેલા/જમા કરાવેલ તથા ફાઈલમાં રહેલા તમામ દસ્તાવેજોના નિરીક્ષણની કરેલ માંગણી બાબતે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(મહેકમ) ધ્વારા આર.ટી.આઈ.એકટની કલમ ૮(૧)(ચ)(ઠ) હેઠળ પુર્તતા સહિત કર્મચારીના અંગત દસ્તાવેજોની માહિતી પુરી પાડવા કરેલ ઈન્કાર ઉચિત, યોગ્ય અને નિયમોનુસારની જણાય છે. કારણકે શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રની માંગવામાં આવતી માહિતી બાબતે અત્રેથી ઉકત કલમને આધીન ઈન્કાર કરવામાં આવેલ, જે અરજીને પડકારતા દાખલ કરવામાં આવેલ બીજી અપીલ નં.અ–૫૬૧૩/૨૦૧૫ માં નામ.ગુજરાત રાજય માહિતી આયોગના તા.૦૮/૧૨/૨૦૧૬ ના રોજ આપેલ ચુકાદામાં શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્ર વિગેરે અંગત બાબત છે જે માહિતી અધિકાર અધિનિયમની કલમ ૮(૧)(ઠ) હેઠળ આપવાપાત્ર નથી, જે અપીલ અરજી દફતરે કરવા હુકમ કરેલ છે. તદઉપરાંત રાજય માહિતી આયોગમાં દાખલ કરવામાં આવેલ અન્ય એક અપીલ નં.અ–૧૫૦૩–૨૦૧૭ માં ગુજરાત રાજય માહિતી આયોગ ધ્વારા ઉમેદવારના શૈક્ષણિક લાયકાતના પુરાવા/પ્રમાણપત્રની માંગવામાં આવેલ માહિતી, માહિતી અધિકાર અધિનિયમની કલમ ૮(૧)(ઠ) મુજબ અંગત પ્રકારની હોય આપવામાં આવી નથી, જે પ્રથમ અપીલ અધિકારીના નિર્ણય સાથે સંમત હોવાનુ જણાવી બીજી અપીલ દફતરે કરવા હુકમ કરેલ છે. જેની નકલ આ સાથે અવલોકનાર્થે સામેલ છે. આમ, ઉકત સમગ્ર હકીકત ધ્યાને લેતા અરજદારની મુળ અરજી પરત્વે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) ધ્વારા આર.ટી. આઈ. એકટની કલમ–૮(૧)(ચ) અને (ઠ) ની જોગવાઈઓને આધીન તથા નામ.રાજય માહિતી આયોગના હુકમોને ધ્યાને લઈ પાઠવેલ માહિતી/પુર્તતા નિયમાનુંસારની હોય, અરજદાર ધ્વારા કરવામાં આવેલ રજુઆત ગ્રાહય રાખવા જોગ જણાતી નથી. સદર અપીલ અરજી અંગે મધ્યસ્થ મહેકમ વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય કે વધુ કોઈ દસ્તાવેજો કે નકલો પુરી પાડવાની રહેતી ન હોય, જેથી સદર અપીલ અરજી દફતરે કરવા જોગ જણાય છે.

**–: હુ ક મ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકતો ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર શ્રી સલમાન ઈનાયત પટેલએ આઈ.ડી.નં.૧૮૬ તા.૧૭/૬/૧૯ થી મુદ્દા નં.૧ થી ૪ ની માંગવામાં આવેલ માહિતી પૈકી મધ્યસ્થ મહેકમ વિભાગના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસરશ્રીને લાગત મુદ્દા નં.૧ બાબતે ઉકત નિયત નમુના–ગ પત્રથી આર.ટી.આઈ.એકટની કલમ ૮(૧)(ચ)(ઠ) હેઠળ પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા ઉચિત, યોગ્ય અને નિયમોનુસાર જણાતી હોય, જે બાબતે નામ.રાજય માહિતી આયોગના તા.૮/૧૨/૨૦૧૬ તથા તા.૧૧/૧/૨૦૧૮ના ચુકાદાઓ અવલોકાનાર્થે પ્રસ્તુત અરજી સંદર્ભે ધ્યાને લેવા જોગ છે. આમ, ઉકત સમગ્ર હકીકત ધ્યાને લેતા અરજદાર ધ્વારા કરવામાં આવેલ રજુઆત ગ્રાહય રાખવા જોગ જણાતી નથી. જેથી સદર અપીલ અરજી અંગે મધ્યસ્થ મહેકમ કક્ષાએથી વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય કે વધુ કોઈ દસ્તાવેજો કે નકલો પુરી પાડવાની રહેતી ન હોય, જેથી સદર અપીલ અરજી દફતરે કરવા જોગ જણાતી હોય, જે દફતરે કરી અપીલ અરજીનો નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે. વધુમાં આ હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે અરજદાર બીજી અપીલ કરી શકે છે.

**(એસ.એચ.વ્યાસ)**
**અપીલ અધિકારી અને પર્સોનલ ઓફિસર(મહેકમ)**
**સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત**
**ફોન નં.(૦૨૬૧)૨૪૨૩૭૫૧ થી ૫૬ એક્ષટે.નં.૫૧૯**

નં.જીએડી/ઇએસટી/૩૭૨૩
તા.૦૯/૦૮/૨૦૧૯

**નકલ રવાના:** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મધ્યસ્થ મહેકમ વિભાગ) પ્રતિ.... જાણ માટે

**નકલ રવાના:** શ્રી સલમાન ઈનાયત પટેલ પ્રતિ....જાણ માટે.

| | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | **સુરત મહાનગરપાલિકા,**<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ, સુરત – ૩૯૫ ૦૦૩. |
|---|---|---|---|

**અપીલ અરજી નં.૧૧/૧૯–૨૦**

**અરજદાર :** શ્રી જયસુખભાઈ ગજેરા

**સામાવાળા :** સેકશન ઓફીસર (મધ્યસ્થ મહેકમ વિભાગ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષય:–** શ્રી જયસુખભાઈ ગજેરાની મુળ અરજી આઈ.ડી.નં.૭૮૩ તા.૨૪/૦૬/૧૯ સંદર્ભે કરેલ અપીલ અરજી બાબત.

**સંદર્ભ:–** અરજદાર મજકુરની તા.૨૩/૦૭/૧૯ ની અપીલ અરજી No.SMC/GAD/FAP/11/19-20.

અરજદાર શ્રી જયસુખભાઈ ગજેરાએ મુળ અરજી આઈ.ડી.નં.૭૮૩ તા.૨૪/૬/૧૯ થી જાહેર માહિતી અધિકારીશ્રી ઈસ્ટ ઝોન, મધ્યસ્થ મહેકમ, ઈન્કવાયરી તથા વિજીલન્સ વિભાગ, સુરત મહાનગરપાલિકા, સુરતને સંબોધીને સેન્ટ્રલ ઝોન સીટી સીવીક સેન્ટર ખાતે કરેલ. જે નં.સીસીસી/સેઝોન/૭૮૩ તા.૨૫/૬/૧૯ થી મધ્યસ્થ મહેકમ વિભાગ, વીજીલન્સ વિભાગ, ઈન્કવાયરી વિભાગ તથા વેસ્ટ ઝોનને તબદીલ કરેલ. જે મધ્યસ્થ મહેકમ વિભાગને તા.૨૬/૬/૧૯ ના રોજ પ્રાપ્ત થયેલ. સદર મુળ આઈ.ડી. ધ્વારા વરાછા ખાતે આવેલ તક્ષશીલા આર્કેટની આગ અકસ્માત સંદર્ભે મુદ્દા નં.૧ થી ૬ ની માહિતીની માંગણી કરેલ. જે અંતર્ગત જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર, મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ ઇએસટી/ ૨૮૩૦ તા.૧૫/૭/૧૯ થી લાગત મુદ્દા નં.૫ અને ૬ માહિતી/પુર્તતા સમયમર્યાદામાં પાઠવવામાં આવેલ. જે પાઠવવામાં આવેલ માહિતી/ પુર્તતાથી નારાજ થઈ તા.૨૩/૭/૧૯ ના રોજ પ્રથમ અપીલ અરજી દાખલ કરી અપીલ તબકકે "જા.મા.અધિકારીએ આપેલ જવાબ આરટીઆઈ એકટ ૨૦૦૫ના નિયમ સાથે સુસંગત નથી.(૧) અધિકારી/ કર્મચારી પર કરવામાં આવેલ કાર્યવાહી, તક્ષશીલા અગ્નિકાંડને કારણે છે. (૨) આ અગ્નિકાંડ સબંધિત હોય શિક્ષાત્મક કાર્યવાહી થયાની સુ.મ.પા. ધ્વારા પ્રેસનોટ આપવામાં આવેલ છે. જેથી આ માહિતી અંગદ માહિતીના ડાયરામાં આવતી ન હોય અમો અરજદાર અગ્નિકાંડમાં અમારી પુત્રીના મૃત્યુ થયેલ હોય, અમોને આપવાનુ બને છે. (૩) મુંબઈ ફુટઓવર બ્રીજના કિસ્સામાં પણ આ માહિતી પબ્લીક ડોમીટ થયેલ. જેથી અમારી નમુના–ક મુજબની તા.૨૪/૬/૧૯ની માહિતી અન્વયે મુદ્દા નં.૫,૬ની માહિતી આપવા જા.મા.અ.ને આદેશ થવા વિનંતી" તેમ જણાવેલ છે.

ઉપરોકત હકીકત ધ્યાને લેતા, અરજદાર મજકુરની મુળ આઈ.ડી.અંગે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(મહેકમ) ધ્વારા નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ ઇએસટી/૨૮૩૦ તા.૧૫/૭/૧૯ થી મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત **મુદ્દા નં.૫ થી** "તક્ષશિલા આર્કેડમાં આગ લાગ્યા બાદ ઈમ્પેકટ મંજુર કરનાર તથા સી.ઓ.આર. ઈસ્યુ કરનાર કર્મચારી/અધિકારી પર શિક્ષાત્મક પગલા લેવાના ભાગરૂપે કરવામાં આવેલ રીપોર્ટની નકલ તથા રીપોટીંગમાં સહી કરાર તમામ અધિકારીના નામ, મો.નં.ની વિગત. તથા **મુદ્દા નં.૬ થી** આ પ્રકરણમાં તત્કાલિન જુ.ઈજનેર અને હાલમાં ડે.ઈજનેર તરીકે ફરજ બજાવતા વી.કે. પરમારને ફરજમોકુફી હેઠળ તથા કા.ઈજનેર શ્રી પી.ડી.મુન્શી અને કા.ઈજનેર શ્રી જયેશ સોલંકીને ચાર્જસીટ આપવામાં આવી તે રીપોટીંગ તથા ફરજ મોકુફી, ચાર્જશીટનો ખરડો તૈયાર કરનાર અને મંજુર કરનાર તમામ અધિકારીના નામ, મો.નં.ની વિગત. ની માહિતી માંગેલ. જે સંદર્ભે ઉકત પત્રથી બંને મુદ્દાઓની સંયુકત **પુર્તતામાં** "પ્રસ્તુત મુદ્દા નં.૫ તથા ૬ માં અંડરલાઈન કરેલ સુરત મહાનગરપાલિકાના મધ્યસ્થ મહેકમ વિભાગને અંશતઃ લાગત મુદ્દાની માંગવામાં આવેલ માહિતીની વિગતે જણાવવાનું કે મજકુર અધિકારીઓ સામે કરવામાં આવેલ શિક્ષાત્મક કાર્યવાહી/ફરજમૌકુફ કરવા અંગે કરવામાં આવેલ રીપોર્ટીંગ તથા રીપોર્ટમાં સહી કરનાર અધિકારીના નામ/મો.નં. અંગેની માહિતી ત્રાહિત પક્ષકારને પુરી પાડવાથી જે તે અધિકારીના અંગત જીવનમાં બિનઅધિકૃત દખલ ઉભી થવાની શકયતા રહેતી હોય આર.ટી.આઈ.એકટની કલમ ૮(૧)(ઠ) મુજબ પુરી પાડી શકાય તેમ નથી. આ સંદર્ભેના માહિતી અધિકાર અધિનિયમ સાથે સંકળાયેલા એક મહત્વપુર્ણ કેસ SCP SLP (CIVIL) 27734 of 2012 માં નામદાર સુપ્રિમ કોર્ટે તા.૦૩/૧૦/૨૦૧૨ ના રોજ આપેલ ચુકાદામાં જણાવેલ છે કે કોઈપણ સરકારી અધિકારી વિરુધ્ધની તપાસ/ફરિયાદ અંગેની માહિતી એ તેઓની "અંગત" માહિતી ગણાય, જે માહિતી આપી શકાય નહી. તેમજ તે માહિતી અધિકાર અધિનિયમ અન્વયે "As a matter of right" માંગી શકાય નહી. આ બાબતે રાજય માહિતી આયોગમાં દાખલ કરવામાં આવેલ બીજી અપીલ નંબર અ–૩૭૧૫–૨૦૧૬ અનુસંધાને ગુજરાત રાજય માહિતી આયોગના માન.રાજય માહિતી કમિશ્નરશ્રી ધ્વારા આપવામાં આવેલ ચુકાદો/ હુકમની નકલ અવલોકનાર્થે આ સાથે સામેલ છે." તેમ જણાવી પુર્તતા/માહિતી પુરી પાડવામાં આવેલ છે.

અરજદારશ્રી દ્વારા મુળ અરજી આઈ.ડી.નં.૭૮૩ તા.૨૪/૦૬/૧૯થી માંગવામાં આવેલ માહિતી પૈકી મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત મુદ્દા નં.૫ તથા ૬ ની માહિતી બાબતે સુરત મહાનગરપાલિકાના મધ્યસ્થ મહેકમ વિભાગ ધ્વારા આર.ટી.આઈ.એકટની કલમ ૮(૧)(ઠ) અંતગર્ત માહિતી પુરી પાડી શકાય તેમ નથી. તેવી પુર્તતા પાઠવેલ છે. આ સંદર્ભેના માહિતી અધિકાર અધિનિયમ સાથે સંકળાયેલા એક મહત્વપુર્ણ કેસ SCP SLP (CIVIL) 27734 Of 2012 માં નામ.સુપ્રિમ કોર્ટે તા.૩/૧૦/૧ ના રોજ આપેલ ચુકાદામાં જણાવેલ છે કે કોઈપણ સરકારી અધિકારી વિરુધ્ધની તપાસ/ફરિયાદ અંગેની માહિતી એ તેઓની "અંગત" માહિતી ગણાય, જે માહિતી આપી શકાય નહી તેમજ તે માહિતી અધિકાર અધિનિયમ અન્વયે "As a matter of right" માંગી શકાય નહી. આ બાબતે રાજય માહિતી આયોગમાં દાખલ કરવામાં આવેલ બીજી અપીલ નંબર અ–૩૭૧૫–૨૦૧૬ અનુસંધાને ગુજરાત રાજય માહિતી આયોગના માન.રાજય માહિતી કમિશ્નરશ્રી ધ્વારા આપવામાં આવેલ ચુકાદો/હુકમની નકલ અવલોકનાર્થે પાઠવવામાં આવેલ છે. જે યોગ્ય અને નિયમાનુસાર જણાય છે. જે ધ્યાને લેતા અરજદાર ધ્વારા અપીલ તબકકે કરેલ રજુઆત ગ્રાહય રાખવા જોગ જણાતી નથી. વધુમાં અરજદારે અપીલ તબકકે મુંબઈ ફુટ ઓવર બ્રીજ બાબતે બનેલ બનાવ બાબતે કિસ્સો ટાંકેલ છે પરંતુ સુરત મહાનગરપાલિકામાં સદર તક્ષશીલા કેસના પેપર્સ/ફાઈલ જાહેર કરવા બાબતેના સક્ષમ સત્તાના કોઈ હુકમ થયેલ નથી. આથી અરજદારની પ્રસ્તુત રજુઆત અસ્થાને જણાય છે. તેમછતાં ઉપરોકત વિગતે અરજદાર ધ્વારા કરેલ સદર અપીલ અરજી સંદર્ભે તેઓને તા.૨૭/૦૮/૨૦૧૯ ના રોજ સાંજે ૩.૩૦ કલાકે અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફીસરશ્રી (મહેકમ) સમક્ષ રૂબરૂ હાજર રહેવા અત્રેથી પત્ર નં.જીએડી/ઈએસટી/૩૯૨૫ તા.૨૦/૦૮/૨૦૧૯ થી જાણ કરવામાં આવેલ હતી. તે સંદર્ભે મજકુર અરજદારે ઉકત પત્ર સંદર્ભે પત્રમાં સુચવેલ તારીખ અને સમયે રૂબરૂ સુનાવણીમાં હાજર રહેલ નથી કે અત્રેની કચેરીનો કોઈ સંપર્ક કરેલ નથી. આથી પ્રસ્તુત અપીલ અરજી પરત્વે વધુ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી. આમ, ઉકત તમામ હકીકતો ધ્યાને લેતા અરજદાર શ્રી જયસુખભાઈ ગજેરાની ઉકત મુળ અરજી આઈ.ડી.થી મધ્યસ્થ મહેકમ વિભાગને અંશતઃ લાગત મુદ્દા નં.૫ તથા ૬ બાબતે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસરશ્રી(મહેકમ) ધ્વારા પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા યોગ્ય, ઉચિત અને નિયમાનુસારની હોય, અરજદારની સદર અરજી બાબતે વધુ કોઈ કાર્યવાહી કરવા જોગ જણાતી ન હોય જે અરજી દફતરે કરી નિકાલ કરવા જોગ જણાય છે.

**–: હુ ક મ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકતો ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી જયસુખભાઈ ગજેરા દ્વારા મુળ અરજી આઈ.ડી.નં.૭૮૩ તા.૨૪/૦૬/૧૯થી માંગવામાં આવેલ માહિતી પૈકી મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત મુદ્દા નં.૫ તથા ૬ ની માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર મધ્યસ્થ મહેકમ વિભાગ ધ્વારા આર.ટી.આઈ.એકટની કલમ ૮(૧)(ઠ) અંતગર્ત માહિતી પુરી પાડી શકાય તેમ નથી તેવી પુર્તતા પાઠવેલ છે. આ સંદર્ભેના નામ.સુપ્રિમ કોર્ટે તા.૩/૧૦/૧૨ ના રોજ આપેલ ચુકાદા તથા બીજી અપીલ નંબર અ–૩૭૧૫–૨૦૧૬ અનુસંધાને ગુજરાત રાજય માહિતી આયોગના માન.રાજય માહિતી કમિશ્નરશ્રી ધ્વારા આપવામાં આવેલ ચુકાદો/હુકમની નકલ અવલોકનાર્થે પાઠવવામાં આવેલ છે. વધુમાં અરજદારે અપીલ તબકકે મુંબઈ ફુટ ઓવર બ્રીજનો કિસ્સો ટાંકેલ છે પરંતુ સુરત મહાનગરપાલિકામાં સદર તક્ષશીલા કેસના પેપર્સ/ફાઈલ જાહેર કરવા બાબતેના સક્ષમ સત્તાના કોઈ હુકમ થયેલ નથી. આથી અરજદારની પ્રસ્તુત રજુઆત અસ્થાને જણાય છે. તેમછતાં ઉપરોકત વિગતે અરજદાર ધ્વારા કરેલ સદર અપીલ અરજી સંદર્ભે તેઓને તા.૨૭/૦૮/૨૦૧૯ ના રોજ સાંજે ૩.૩૦ કલાકે અપીલ અધિકારી અને પર્સોનેલ

| | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | **સુરત મહાનગરપાલિકા,**<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ, સુરત – ૩૯૫ ૦૦૩. |
|---|---|---|---|

ઓફીસરશ્રી (મહેકમ) સમક્ષ રૂબરૂ હાજર રહેવા અત્રેથી પત્ર નં.જીએડી/ઈએસટી/૩૯૨૫ તા.૨૦/૦૮/૨૦૧૯ થી જાણ કરવામાં આવેલ હતી. તે સંદર્ભે મજકુર અરજદારે ઉકત પત્ર સંદર્ભે પત્રમાં સુચવેલ તારીખ અને સમયે રૂબરૂ સુનાવણીમાં હાજર રહેલ નથી કે અત્રેની કચેરીનો કોઈ સંપર્ક કરેલ નથી. આથી પ્રસ્તુત અપીલ અરજી પરત્વે વધુ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.ઉપરોક્ત તમામ હકીકતો ધ્યાને લેતા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસરશ્રી (મહેકમ) ઘ્વારા પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા યોગ્ય, ઉચિત અને નિયમાનુસારની હોય, અરજદારની સદર અરજી બાબતે મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય કે વધુ કોઈ દસ્તાવેજો કે નકલો પુરી પાડવાની રહેતી ન હોય, જેથી સદર અપીલ અરજી દફતરે કરવા જોગ જણાતી હોય, જે દફતરે કરી અપીલ અરજીનો નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે. વધુમાં આ હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે અરજદાર બીજી અપીલ કરી શકે છે.

**(એસ.એચ.વ્યાસ)**
**અપીલ અધિકારી અને પર્સોનલ ઓફિસર(મહેકમ)**
**સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત**
**ફોન નં.(૦૨૬૧)૨૪૨૩૭૫૧ થી ૫૬ એક્ષટે.નં.૫૧૯**

નં.જીએડી/ઇએસટી/૪૧૭૮
તા.૩૧/૦૮/૨૦૧૯

**નકલ રવાના:** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મધ્યસ્થ મહેકમ વિભાગ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાના:** શ્રી જયસુખભાઈ ગજેરા પ્રતિ....જાણ માટે.

ફેક્સ : 91-0261-2422110
ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87

**સુરત મહાનગરપાલિકા,**
મહાનગર સેવા સદન,
મુગલસરાઈ, સુરત – ૩૯૫ ૦૦૩.

**<u>અપીલ અરજી નં.૧૨/૧૯–૨૦</u>**

**અરજદાર :** શ્રી નરેશભાઈ એન.બથવાર

**સામાવાળા :** સેકશન ઓફીસર (મધ્યસ્થ મહેકમ વિભાગ) અને જાહેર માહિતી અધિકારી.

**<u>ફરીયાદની હકીકત :–</u>**

**વિષય:–** શ્રી નરેશભાઈ એન.બથવારની મુળ અરજી આઈ.ડી.નં.૮૫૬ તા.૨૯/૦૬/૧૯ સંદર્ભે કરેલ અપીલ અરજી બાબત.

**સંદર્ભ:–** અરજદાર મજકુરની તા.૨૨/૦૭/૧૯ ની અપીલ અરજી No.SMC/GAD/FAP/12/19-20.

અરજદાર શ્રી નરેશભાઈ એન.બથવારએ મુળ અરજી આઈ.ડી.નં.૮૫૬ તા.૨૯/૦૬/૧૯ થી જાહેર માહિતી અધિકારી અને આસી.પી.ઓ.શ્રી મહેકમ વિભાગ, મધ્યસ્થ કચેરી, સુરત મહાનગરપાલિકા, સુરતને સંબોધીને સેન્ટ્રલ ઝોન સીટી સીવીક સેન્ટર ખાતે કરેલ. જે નં.સીસીસી/સેઝોન/૮૫૬ તા.૦૧/૦૭/૧૯ થી મધ્યસ્થ મહેકમ વિભાગ તથા સેન્ટ્રલ ઝોનને તબદીલ કરેલ. જે મધ્યસ્થ મહેકમ વિભાગને તા.૧/૭/૧૯ના રોજ પ્રાપ્ત થયેલ. સદર અરજી ધ્વારા મુદ્દા નં.૧ તથા ૨ની માહિતીની માંગણી કરેલ. જે અંતર્ગત જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર, મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઇએસટી /૨૮૦૩ તા.૧૨/૭/૧૯ થી મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત મુદ્દા નં.૨ ની માહિતી/પુર્તતા સમયમર્યાદામાં પાઠવવામાં આવેલ. જે પાઠવવામાં આવેલ માહિતી/ પુર્તતાથી નારાજ થઈ તા.૨૨/૭/૧૯ ના રોજ પ્રથમ અપીલ અરજી દાખલ કરી અપીલ તબકકે "મુદ્દા નં.૨ ની માહિતી અગાઉ પ્રતિબંધ હેઠળ ન હતી અને હાલમાં જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસરશ્રીએ પોતાના નમુના– ગ ના પત્રમાં આરટીઆઈ ૨૦૦૫ની કલમ ૮(૧)(ઠ) અને (ચ) લગાવી માહિતી પુરી પાડેલ નથી અને પ્રબિતંધ હેઠળના પરિપત્રનુ બિડાણ કરેલ નથી. જેથી આરટીઆઈ એકટ–૨૦૦૫ની કલમ ૧૯(૧) હેઠળ પ્રથમ અપીલ અરજીથી મુદ્દા નં.૨ અંગેની માહિતી માંગી છે. સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગના કાર્યપાલક ઈજનેર, ડે.ઈજનેર અને જુની.ઈજનેરએ એસએમસીમાં જાહેર કરેલી પોતાની મિલ્કતના એસેટમેન્ટની માહિતીની નકલો આપવા વિનંતી છે." તેમ જણાવેલ છે.

અરજદાર મજકુર દ્વારા મુળ અરજી આઈ.ડી.નં.૮૫૬ તા.૨૯/૦૬/૧૯ થી સેન્ટ્રલ ઝોન ખાતે શહેર વિકાસ વિભાગમાં ફરજ બજાવતા કર્મચારી / અધિકારીઓની બાબતમાં મુદ્દા નં.૧ તથા ૨ ની માહિતી માંગવામાં આવેલ. જે માંગેલ માહિતી પૈકી મધ્યસ્થ મહેકમ વિભાગના જાહેર માહિતી અધિકારી ધ્વારા ઉકત નિયત નમુના–ગ પત્રથી મધ્યસ્થ મહેકમ વિભાગને **<u>લાગત મુદ્દા નં.૨ થી</u>** "મજકુર ઉપરોકત ઈજનેરોએ એસ.એમ.સી.માં જાહેર કરેલી પોતાની મિલ્કતના એસેટમેન્ટની માહિતીની નકલો આપવા વિનંતી છે." ની માહિતીની માંગણી કરેલ, જે અનુસંધાને **<u>પુર્તતામાં</u>** "સુરત મહાનગરપાલિકાના કર્મચારી/અધિકારી ધ્વારા રજુ કરાયેલ સ્થાયી મિલ્કત સંબંધી માહિતીના પત્રકો (પ્રફોર્મા–૧) અત્રેના મધ્યસ્થ મહેકમ વિભાગ ધ્વારા નિભાવવામાં આવે છે. પરંતુ અધિકારી/કર્મચારી ધ્વારા સદર રજુ કરવામાં આવેલ સ્થાયી મિલ્કત સંબંધી માહિતીના પત્રકો એ જે તે અધિકારી/કર્મચારીની અંગત માહિતી હોય જે વિશ્વસનીય સંબધોને આધારે જે તે અધિકારી/કર્મચારી પાસેથી અત્રેની કચેરીને ઉપલબ્ધ થયેલ હોય તેમજ ઉકત માહિતી જાહેર ગતિવિધિ અથવા હિત સાથે કોઈપણ પ્રકારનો સંબધ ધરાવતી હોવાનું જણાતુ ન હોય તેમજ આવી માહિતી આપવાથી સંબધીતના વ્યકતિગત/અંગત જીવનમાં અનધિકૃત દખલ ઉભી થવાની શકયતા રહેલી હોય પ્રસ્તુત મુદ્દાથી માંગ્યા મુજબની માહિતી આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ચ) અને (ઠ) મુજબ પુરી પાડવા જોગ નથી." તેમ જણાવી માહિતી/પુર્તતા પાઠવવામાં આવેલ.

ઉપરોકત હકીકત ધ્યાને લેતા અરજદાર ધ્વારા માંગવામાં આવેલ માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) ધ્વારા પ્રસ્તુત મુદ્દા નં.૨ ની ઉકત પત્રથી પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા નિયમાનુંસારની યોગ્ય અને ઉચિત જણાય છે. કારણ કે કર્મચારી/અધિકારી ધ્વારા રજુ કરાયેલ સ્થાયી મિલ્કત સંબંધી માહિતી ત્રાહિતને લગતી અંગત માહિતી હોય વિશ્વસનીય સંબધોને આધારે જે તે અધિકારી/કર્મચારી પાસેથી ઉપલબ્ધ થયેલ હોય તેમજ ઉકત માહિતી જાહેર ગતિવિધિ અથવા હિત સાથે કોઈપણ પ્રકારનો સંબંધ ધરાવતી હોવાનું જણાતુ ન હોય તેમજ આવી માહિતી આપવાથી સંબધીતના વ્યકતિગત/અંગત જીવનમાં અનધિકૃત દખલ ઉભી થવાની શકયતા રહેલી હોય જેથી માંગ્યા મુજબની માહિતી આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ચ) અને (ઠ) મુજબ પુરી પાડવા જોગ નથી. કારણ કે મિલ્કત સંબધીત માંગવામાં આવેલ માહિતીના કિસ્સામાં નામ.સુપ્રિમ કોર્ટના સ્પે.લીવ પીટીશન (લીવ પીટીશન) સીવીલ નં.૨૭૭૩૪/૧૨– શ્રી ગીરીશ રામચંદ્ર દેશપાંડે વિરૃધ્ધ સેન્ટ્રલ ઈન્ફરમેશન કમિશ્નર અને અન્યોના કેસમાં પીટીશનર ધ્વારા ત્રાહિતને લગતી ઉકત વિગતે માંગવામાં આવેલ માહિતીના સંદર્ભમાં ઉપરોકત કલમ ૮(૧)(ઠ) હેઠળ કરવામાં આવેલ ઈન્કાર સામેની અરજી ડીસમીશ કરવામાં આવેલ. વધુમાં ઉપરોકત મુજબ મિલ્કત સંબધીત માંગવામાં આવતી માહિતી આપવા બાબતે અત્રેથી ઉકત કલમ તથા સુપ્રિમ કોર્ટના ચુકાદાને આધીન ઈન્કાર કરવામાં આવેલ, તેને પડકારવા માટે રાજય માહિતી આયોગમાં દાખલ કરવામાં આવેલ અપીલ નં.૫૯૪૧/૧૪–૧૫ માં ના.ગુજરાત રાજય માહિતી આયોગના રાજય માહિતી કમિશનરશ્રી ધ્વારા તા.૦૧/૦૬/૨૦૧૬ ના રોજ આપેલ ચુકાદામાં કલમ ૮ હેઠળ જાહેર માહિતી અધિકારી અને અપીલ અધિકારીશ્રીએ લીધેલ નિર્ણયમાં હસ્તક્ષેપ કરવાનું કોઈ યોગ્ય કારણ જણાતુ ન હોય, અપીલ અરજીને દફતરે કરવા હુકમ કરેલ છે. તદઉપરાંત રાજય માહિતી આયોગમાં દાખલ કરવામાં આવેલ એક અપીલ નં.અ–૨૫૯૯–૨૦૧૪ માં ગુજરાત રાજય માહિતી આયોગના મુખ્ય માહિતી કમિશનરશ્રી ધ્વારા કર્મચારીની "અંગત" પ્રકારની માહિતી વિવાદીને આપવાપાત્ર નથી તે મુજબનો હુકમ કરેલ છે. જે ખુબ જ સ્વયંસ્પષ્ટ હોય, તે ઉપરાંત "રાઈટ ટુ પ્રાયવસી" એકટને ધ્યાને લેતા પણ કોઈપણ અધિકારી/કર્મચારી ધ્વારા તેઓની નિમણુંક સંદર્ભે મહાનગરપાલિકાને સુપરત કરેલ કોઈપણ પ્રકારના દસ્તાવેજ/પુરાવાઓ ત્રાહિત વ્યકિતને આપી શકાય નહી કે આપવુ હિતાવહ નથી. આમ, આર.ટી.આઈ. એકટની ઉકત જોગવાઈ, સુપ્રિમ કોર્ટના ઉકત ચુકાદો તથા નામ.ગુજરાત રાજય માહિતી આયોગના રાજય માહિતી કમિશનરશ્રીના હુકમને ધ્યાને લેતા મજકુર અધિકારીની મિલ્કત સંબધીત માંગવામાં આવેલ માહિતી પુરી પાડવા જોગ જણાતી નથી. આમ, ઉકત સમગ્ર હકીકત ધ્યાને લેતા અરજદારની મુળ અરજી પરત્વે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) ધ્વારા આર.ટી. આઈ. એકટની કલમ–૮(૧)(ચ) અને (ઠ)ની જોગવાઈઓને આધીન નિયમાનુંસાર પુરી પાડેલ હોય, અરજદાર ધ્વારા કરવામાં આવેલ રજુઆત ગ્રાહય રાખવા યોગ્ય જણાતી ન હોય, સદર અપીલ અરજી અંગે મધ્યસ્થ મહેકમ કક્ષાએથી વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય કે વધુ કોઈ દસ્તાવેજો કે નકલો પુરી પાડવાની રહેતી ન હોય, જેથી સદર અપીલ અરજી દફતરે કરવા જોગ જણાય છે.

**<u>–: હુકમ :–</u>**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકતો ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી નરેશભાઈ એન.બથવારએ મુળ અરજી આઈ.ડી.નં.૮૫૬ તા.૨૯/૦૬/૧૯ થી સેન્ટ્રલ ઝોન ખાતે શહેર વિકાસ વિભાગમાં ફરજ બજાવતા કર્મચારી / અધિકારીઓની બાબતમાં મુદ્દા નં.૧ તથા ૨ ની માહિતી માંગવામાં આવેલ. જે માંગેલ માહિતી પૈકી મધ્યસ્થ મહેકમ વિભાગના જાહેર માહિતી અધિકારી ધ્વારા ઉકત નિયત નમુના–ગ પત્રથી મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત મુદ્દા નં.૨ની પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા નિયમાનુંસારની યોગ્ય અને ઉચિત જણાય છે. કારણ કે કર્મચારી/ અધિકારી ધ્વારા રજુ કરાયેલ સ્થાયી મિલ્કત સબંધી માંગવામાં આવેલ માહિતી ત્રાહિતને લગતી અંગત માહિતી હોય, જે આર.ટી.આઈ. એકટની ઉકત જોગવાઈ, સુપ્રિમ કોર્ટના ઉકત ચુકાદા તથા નામ.ગુજરાત રાજય માહિતી આયોગના રાજય માહિતી કમિશનરશ્રીના હુકમને ધ્યાને લેતા મજકુર અધિકારીની મિલ્કત સબંધીત માંગવામાં આવેલ માહિતી પુરી પાડવા જોગ જણાતી નથી. આમ, ઉકત સમગ્ર હકીકત ધ્યાને લેતા અરજદારની મુળ અરજી પરત્વે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) ધ્વારા આર.ટી. આઈ. એકટની કલમ–૮(૧)(ચ) અને (ઠ)ની

જોગવાઈઓને આધીન નિયમાનુંસાર પુરી પાડેલ હોય, અરજદાર ધ્વારા કરવામાં આવેલ રજુઆત ગ્રાહય રાખવા યોગ્ય જણાતી ન હોય, સદર અપીલ અરજી અંગે મધ્યસ્થ મહેકમ કક્ષાએથી વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય કે વધુ કોઈ દસ્તાવેજો કે નકલો પુરી પાડવાની રહેતી ન હોય, જેથી સદર અપીલ અરજી દફતરે કરવા જોગ જણાતી હોય, જે દફતરે કરી અપીલ અરજીનો નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે. વધુમાં આ હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે અરજદાર બીજી અપીલ કરી શકે છે.

**(એસ.એચ.વ્યાસ)**
**અપીલ અધિકારી અને પર્સોનલ ઓફિસર(મહેકમ)**
**સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત**
**ફોન નં.(૦૨૬૧)૨૪૨૩૭૫૧ થી ૫૬ એક્ષટે.નં.૫૧૯**

નં.જીએડી/ઇએસટી/૩૯૨૬
તા.૨૦/૦૮/૨૦૧૯

**નકલ રવાના:** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મધ્યસ્થ મહેકમ વિભાગ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાના:** શ્રી નરેશ એન. બથવાર પ્રતિ....જાણ માટે.

ફેક્સ : 91-0261-2422110
ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87

**સુરત મહાનગરપાલિકા,**
મહાનગર સેવા સદન,
મુગલસરાઈ, સુરત – ૩૯૫ ૦૦૩.

**અપીલ અરજી નં.૧૩/૧૯–૨૦**

**અરજદાર :** શ્રી નરેશભાઈ એન.બથવાર

**સામાવાળા :** સેકશન ઓફીસર (મધ્યસ્થ મહેકમ વિભાગ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષય:–** શ્રી નરેશભાઈ એન.બથવારની મુળ અરજી આઈ.ડી.નં.૮૮૦ તા.૦૨/૦૭/૧૯ સંદર્ભે કરેલ અપીલ અરજી બાબત.

**સંદર્ભ:–** અરજદાર મજકુરની તા.૨૨/૦૭/૧૯ ની અપીલ અરજી No.SMC/GAD/FAP/13/19-20.

અરજદાર શ્રી નરેશભાઈ એન.બથવારએ મુળ અરજી આઈ.ડી.નં.૮૮૦ તા.૦૨/૦૭/૧૯ થી જાહેર માહિતી અધિકારી અને આસી.પી.ઓ.શ્રી મધ્યસ્થ મહેકમ વિભાગ, મધ્યસ્થ કચેરી, સુરત મહાનગરપાલિકા, સુરતને સંબોધીને સેન્ટ્રલ ઝોન સીટી સીવીક સેન્ટર ખાતે કરેલ. જે નં.સીસીસી/સેઝોન/૮૮૦ તા.૦૩/૦૭/૧૯ થી મધ્યસ્થ મહેકમ વિભાગને તબદીલ કરેલ. જે મધ્યસ્થ મહેકમ વિભાગને તા.૩/૭/૧૯ના રોજ પ્રાપ્ત થયેલ. જે અંતર્ગત જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર, મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઇએસટી/૨૮૦૨ તા.૧૨/૭/૧૯ થી મુદ્દા નં.૧ ની માહિતી/પુર્તતા સમયમર્યાદામાં પાઠવવામાં આવેલ. જે પાઠવવામાં આવેલ માહિતી/પુર્તતાથી નારાજ થઈ તા.૨૨/૭/૧૯ ના રોજ પ્રથમ અપીલ અરજી દાખલ કરી અપીલ તબકકે "અમોએ માંગેલ માહિતી અગાઉ પ્રતિબંધ હેઠળ ન હતી અને હાલમાં જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસરશ્રીએ પોતાના નમુના– ગ ના પત્રમાં આરટીઆઈ ૨૦૦૫ની કલમ ૮(૧)(ઠ) અને (ચ) લગાવી માગેલ માહિતી પુરી પાડેલ નથી અને પ્રતિબંધ હેઠળના પરિપત્રનુ બિડાણ કરેલ નથી. જેથી આરટીઆઈ એકટ–૨૦૦૫ની કલમ ૧૯(૧) હેઠળ પ્રથમ અપીલ અરજીથી નમુના–ક માં માંગેલ માહિતી પુરી પાડવા અરજી કરેલ છે. અમોને ચીફ ટાઉન પ્લાનર ઓફિસરશ્રી, ડે.ટાઉન પ્લાનર ઓફિસરશ્રી, આસી. ટાઉન પ્લાનર ઈજનેરોની એસ.એમ.સી.માં જાહેર કરેલી પોતાની મિલ્કતની એસેટમેન્ટસની નકલો.(ટાઉન પ્લાનીગ વિભાગની) આપવા વિનંતી છે" તેમ જણાવેલ છે.

અરજદાર મજકુર દ્વારા મુળ અરજી આઈ.ડી.નં.૮૮૦ તા.૦૨/૦૭/૧૯થી માંગેલ માહિતી બાબતે મધ્યસ્થ મહેકમ વિભાગના જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા ઉકત નિયત નમુના–ગ પત્રથી **<u>મુદ્દા નં.૧ થી</u>** "ચીફ ટાઉન પ્લાનર ઓફિસરશ્રી, ડે.ટાઉન પ્લાનર ઓફિસરશ્રી, આસી. ટાઉન પ્લાનર ઈજનેરોની એસ.એમ.સી. માં જાહેર કરેલી પોતાની મિલ્કતની એસેટમેન્ટસની નકલો. (ટાઉન પ્લાનીગ વિભાગના)" ની માહિતીની માંગણી કરેલ, જે અનુસંધાને **<u>પુર્તતામાં</u>** "સુરત મહાનગરપાલિકાના કર્મચારી/અધિકારી ધ્વારા રજુ કરાયેલ સ્થાયી મિલ્કત સંબંધી માહિતીના પત્રકો (પ્રફોર્મા–૧) અત્રેના મધ્યસ્થ મહેકમ વિભાગ ધ્વારા નિભાવવામાં આવે છે. પરંતુ અધિકારી/કર્મચારી ધ્વારા સદર રજુ કરવામાં આવેલ સ્થાયી મિલ્કત સંબંધી માહિતીના પત્રકો (પ્રફોર્મા–૧) એ જે તે અધિકારી/કર્મચારીની અંગત માહિતી હોય જે વિશ્વસનીય સંબધોને આધારે જે તે અધિકારી/કર્મચારી પાસેથી અત્રેની કચેરીને ઉપલબ્ધ થયેલ હોય તેમજ ઉકત માહિતી જાહેર ગતિવિધિ અથવા હિત સાથે કોઈપણ પ્રકારનો સંબધ ધરાવતી હોવાનું જણાતુ ન હોય તેમજ આવી માહિતી આપવાથી સંબધીતના વ્યકતિગત/અંગત જીવનમાં અનધિકૃત દખલ ઉભી થવાની શકયતા રહેલી હોય પ્રસ્તુત મુદ્દાથી માંગ્યા મુજબની માહિતી આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ચ) અને (ઠ) મુજબ પુરી પાડવા જોગ નથી." તેમ જણાવી માહિતી/પુર્તતા પાઠવવામાં આવેલ.

ઉપરોકત હકીકત ધ્યાને લેતા અરજદાર ધ્વારા માંગવામાં આવેલ માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) ધ્વારા પ્રસ્તુત મુદ્દા નં.૧ ની ઉકત પત્રથી પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા નિયમાનુંસારની યોગ્ય અને ઉચિત જણાય છે. કારણ કે કર્મચારી/અધિકારી ધ્વારા રજુ કરાયેલ સ્થાયી મિલ્કત સંબંધી માહિતી ત્રાહિતને લગતી અંગત માહિતી હોય વિશ્વસનીય સંબધોને આધારે જે તે અધિકારી/કર્મચારી પાસેથી ઉપલબ્ધ થયેલ હોય તેમજ ઉકત માહિતી જાહેર ગતિવિધિ અથવા હિત સાથે કોઈપણ પ્રકારનો સંબંધ ધરાવતી હોવાનું જણાતુ ન હોય તેમજ આવી માહિતી આપવાથી સંબધીતના વ્યકતિગત/અંગત જીવનમાં અનધિકૃત દખલ ઉભી થવાની શકયતા રહેલી હોય જેથી માંગ્યા મુજબની માહિતી આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ચ) અને (ઠ) મુજબ પુરી પાડવા જોગ નથી. કારણ કે મિલ્કત સંબધીત માંગવામાં આવેલ માહિતીના કિસ્સામાં નામ.સુપ્રિમ કોર્ટના સ્પે.લીવ પીટીશન (લીવ પીટીશન) સીવીલ નં.૨૭૭૩૪/૧૨– શ્રી ગીરીશ રામચંદ્ર દેશપાંડે વિરૂધ્ધ સેન્ટ્રલ ઈન્ફરમેશન કમિશ્નર અને અન્યોના કેસમાં પીટીશનર ધ્વારા ત્રાહિતને લગતી ઉકત વિગતે માંગવામાં આવેલ માહિતીના સંદર્ભમાં ઉપરોકત કલમ ૮(૧)(ઠ) હેઠળ કરવામાં આવેલ ઈન્કાર સામેની અરજી ડીસમીશ કરવામાં આવેલ.વધુમાં ઉપરોકત મુજબ મિલ્કત સંબધીત માંગવામાં આવતી માહિતી આપવા બાબતે અત્રેથી ઉકત કલમ તથા સુપ્રિમ કોર્ટના ચુકાદાને આધીન ઈન્કાર કરવામાં આવેલ, તેને પડકારવા માટે રાજય માહિતી આયોગમાં દાખલ કરવામાં આવેલ અપીલ નં.૫૯૪૧/૧૪–૧૫ માં ના.ગુજરાત રાજય માહિતી આયોગના રાજય માહિતી કમિશનરશ્રી ધ્વારા તા.૦૧/૦૬/૨૦૧૬ ના રોજ આપેલ ચુકાદામાં કલમ ૮ હેઠળ જાહેર માહિતી અધિકારી અને અપીલ અધિકારીશ્રીએ લીધેલ નિર્ણયમાં હસ્તક્ષેપ કરવાનું કોઈ યોગ્ય કારણ જણાતુ ન હોય, અપીલ અરજીને દફતરે કરવા હુકમ કરેલ છે. તદઉપરાંત રાજય માહિતી આયોગમાં દાખલ કરવામાં આવેલ એક અપીલ નં.અ–૨૫૯૯–૨૦૧૪ માં ગુજરાત રાજય માહિતી આયોગના મુખ્ય માહિતી કમિશનરશ્રી ધ્વારા કર્મચારીની "અંગત" પ્રકારની માહિતી વિવાદીને આપવાપાત્ર નથી તે મુજબનો હુકમ કરેલ છે. જે ખુબ જ સ્વયંસ્પષ્ટ હોય, તે ઉપરાંત "રાઈટ ટુ પ્રાયવસી" એકટને ધ્યાને લેતા પણ કોઈપણ અધિકારી/કર્મચારી ધ્વારા તેઓની નિમણુંક સંદર્ભે મહાનગરપાલિકાને સુપરત કરેલ કોઈપણ પ્રકારના દસ્તાવેજ/પુરાવાઓ ત્રાહિત વ્યકિતને આપી શકાય નહી કે આપવુ હિતાવહ નથી. આમ, આર.ટી.આઈ. એકટની ઉકત જોગવાઈ, સુપ્રિમ કોર્ટના ઉકત ચુકાદો તથા નામ.ગુજરાત રાજય માહિતી આયોગના રાજય માહિતી કમિશનરશ્રીના હુકમને ધ્યાને લેતા મજકુર અધિકારીની મિલ્કત સંબધીત માંગવામાં આવેલ માહિતી પુરી પાડવા જોગ જણાતી નથી. આમ, ઉકત સમગ્ર હકીકત ધ્યાને લેતા અરજદારની મુળ અરજી પરત્વે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) ધ્વારા આર.ટી. આઈ. એકટની કલમ–૮(૧)(ચ) અને (ઠ)ની જોગવાઈઓને આધીન નિયમાનુંસાર પુરી પાડેલ હોય, અરજદાર ધ્વારા કરવામાં આવેલ રજુઆત ગ્રાહય રાખવા યોગ્ય જણાતી ન હોય, સદર અપીલ અરજી અંગે મધ્યસ્થ મહેકમ કક્ષાએથી વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય, વધુ કોઈ દસ્તાવેજો કે નકલો પુરી પાડવાની થતી ન હોય, જેથી સદર અપીલ અરજી દફતરે કરવા જોગ જણાય છે.

**<u>–: હુ ક મ :–</u>**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકતો ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી નરેશભાઈ એન.બથવારએ મુળ અરજી આઈ.ડી.નં.૮૮૦ તા.૦૨/૦૭/૧૯ થી મુદ્દા નં.૧ ની માહિતી માંગવામાં આવેલ. જે માંગેલ માહિતી પૈકી મધ્યસ્થ મહેકમ વિભાગના જાહેર માહિતી અધિકારી ધ્વારા ઉકત નિયત નમુના–ગ પત્રથી મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત મુદ્દા નં.૧ની પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા નિયમાનુંસારની યોગ્ય અને ઉચિત જણાય છે. કારણ કે કર્મચારી/ અધિકારી ધ્વારા રજુ કરાયેલ સ્થાયી મિલ્કત સબંધી માંગવામાં આવેલ માહિતી ત્રાહિતને લગતી અંગત માહિતી હોય, જે આર.ટી.આઈ. એકટની ઉકત જોગવાઈ, સુપ્રિમ કોર્ટના ઉકત ચુકાદા તથા નામ.ગુજરાત રાજય માહિતી આયોગના રાજય માહિતી કમિશનરશ્રીના હુકમને ધ્યાને લેતા મજકુર અધિકારીની મિલ્કત સબંધીત માંગવામાં આવેલ માહિતી પુરી પાડવા જોગ જણાતી નથી. વધુમાં મિલ્કત સંબધીત માંગવામાં આવેલ માહિતીના કિસ્સામાં નામ.સુપ્રિમ કોર્ટના

સ્પે.લીવ પીટીશન (લીવ પીટીશન) સીવીલ નં.૨૭૭૩૪/૧૨– શ્રી ગીરીશ રામચંદ્ર દેશપાંડે વિરૂધ્ધ સેન્ટ્રલ ઈન્ફરમેશન કમિશ્નર અને અન્યોના કેસમાં પીટીશનર ધ્વારા ત્રાહિતને લગતી ઉકત વિગતે માંગવામાં આવેલ માહિતીના સંદર્ભમાં ઉપરોકત કલમ ૮(૧)(ઠ) હેઠળ કરવામાં આવેલ ઈન્કાર સામેની અરજી ડીસમીશ કરવામાં આવેલ. આમ, ઉકત સમગ્ર હકીકત ધ્યાને લેતા અરજદારની મુળ અરજી પરત્વે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) ધ્વારા આર.ટી. આઈ. એકટની કલમ–૮(૧)(ચ) અને (ઠ)ની જોગવાઈઓને આધીન નિયમાનુંસાર પુરી પાડેલ હોય, અરજદાર ધ્વારા કરવામાં આવેલ રજુઆત ગ્રાહય રાખવા યોગ્ય જણાતી ન હોય, સદર અપીલ અરજી અંગે મધ્યસ્થ મહેકમ કક્ષાએથી વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય કે વધુ કોઈ દસ્તાવેજો કે નકલો પુરી પાડવાની રહેતી ન હોય, જેથી સદર અપીલ અરજી દફતરે કરવા જોગ જણાતી હોય, જે દફતરે કરી નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે. વધુમાં આ હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે અરજદાર બીજી અપીલ કરી શકે છે.

**(એસ.એચ.વ્યાસ)**
**અપીલ અધિકારી અને પર્સોનલ ઓફિસર (મહેકમ)**
**સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત**
**ફોન નં.(૦૨૬૧)૨૪૨૩૭૫૧ થી ૫૬ એક્ષટે.નં.૫૧૯**

નં.જીએડી/ઇએસટી/૩૯૩૩
તા.૨૦/૦૮/૨૦૧૯

**નકલ રવાના:** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મધ્યસ્થ મહેકમ વિભાગ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાના:** શ્રી નરેશ એન. બથવાર પ્રતિ....જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેકસ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | **સુરત મહાનગરપાલિકા,**<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ, સુરત – ૩૯૫ ૦૦૩. |


**અપીલ અરજી નં.૧૪/૧૯–૨૦**

**અરજદાર** : શ્રી નરેશભાઈ એન.બથવાર

**સામાવાળા** : સેકશન ઓફીસર (મધ્યસ્થ મહેકમ વિભાગ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષય:–** શ્રી નરેશભાઈ એન.બથવારની મુળ અરજી આઈ.ડી.નં.૭૪૧ તા.૨૧/૦૬/૧૯ સંદર્ભે કરેલ અપીલ અરજી બાબત.

**સંદર્ભ:–** અરજદાર મજકુરની તા.૨૨/૦૭/૧૯ ની અપીલ અરજી No.SMC/GAD/FAP/14/19-20.

અરજદારશ્રી નરેશભાઈ એન.બથવારે મુળ અરજી આઈ.ડી.નં.૭૪૧ તા.૨૧/૦૬/૧૯થી જાહેર માહિતી અધિકારી અને આસી.એસ.સી. પી.ઓ.શ્રી, આર.એસ.સી. વિભાગ, સુરત મહાનગરપાલિકા, સુરતને સંબોધીને સેન્ટ્રલ ઝોન સીટી સીવીક સેન્ટર ખાતે કરેલ. જે નં.સીસીસી/સેઝોન/૭૪૧ તા.૨૪/૬/૧૯ થી મધ્યસ્થ મહેકમ વિભાગને તબદીલ કરેલ. જે મધ્યસ્થ મહેકમ વિભાગને તા.૨૪/૬/૧૯ના રોજ પ્રાપ્ત થયેલ. સદર અરજી ધ્વારા મુદ્દા નં.૧ થી ૭ ની માહિતીની માંગણી કરેલ. જે અંતર્ગત જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર, મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઇએસટી/૨૮૦૧ તા.૧૨/૭/૧૯ થી માહિતી/પુર્તતા સમયમર્યાદામાં પાઠવવામાં આવેલ. જે પાઠવવામાં આવેલ માહિતી/પુર્તતાથી નારાજ થઈ તા.૨૨/૭/૧૯ ના રોજ પ્રથમ અપીલ અરજી દાખલ કરી અપીલ તબકકે "એસ.એમ.સી.ના સાત ઝોનમાં કોન્ટ્રાકટથી કલેરીકલ કર્મચારી પુરા પાડવાની માહિતી જાણી જોઈને છુપાવવામાં આવેલ છે અને કલેરીકલ કર્મચારી પુરા પાડતા કોન્ટ્રાકટરનો નિમણુંક સદંતર ગેરકાયદેસરની હોવાથી માંગેલ માહિતી છુપાવવામાં આવી છે. જેનાથી નારાજ થઈ માંગેલ માહિતીની સત્ય હકીકત જણાવવા વિનંતી. અસત્ય માહિતીથી કોન્ટ્રાકટરો ધ્વારા કલેરીકલ કર્મચારીઓનુ આર્થીક શોષણ થાય છે." તેમ જણાવેલ છે.

અરજદાર મજકુરની મુળ આઈ.ડી. અંગે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(મહેકમ) ધ્વારા નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઇએસટી/૨૮૦૧ તા.૧૨/૭/૧૯ થી મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી માંગેલ મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી/પુર્તતા નિયમોનુસાર સમયમર્યાદામાં નીચે મુજબ પાઠવવામાં આવેલ છે.

| | |
|---|---|
| મુદ્દા નં.૧ | એસ.એમ.સી. નાં સાત ઝોન અને મધ્યસ્થ કચેરીમાં કોન્ટ્રાકટથી કલેરીકલ કર્મચારીઓ પુરા પાડવા કોન્ટ્રાકટરોની ફર્મનું નામ અને સરનામાની માહિતી આપશો. |
| મુદ્દા નં.૩ | એસ.એમ.સી. માં કલેરીકલ કર્મચારીઓ પુરા પાડતા કોન્ટ્રાકટરોને સદર કોન્ટ્રાકટ ટેન્ડરથી મળેલ હોય તો તેની માહિતી અને અર્નેસ્ટ મની ભર્યાની રકમની માહિતી આપશો. |
| મુદ્દા નં.૪ | સદર એસ.એમ.સી. નાં કોન્ટ્રાકટમાં કોન્ટ્રાકટરોને એક કલેરીકલ કર્મચારીની મંજુર થયેલ રકમની માહિતી આપશો. |
| મુદ્દા નં.૫ | સદર એસ.એમ.સી. ના કોન્ટ્રાકટરોની ઈન્કમટેક્ષની રકમ ભર્યાની રસીદની માહિતી આપશો. |
| મુદ્દા નં.૬ | સદર એસ.એમ.સી. ના કોન્ટ્રાકટરો કલેરીકલ કર્મચારી દીઠ પ્રોવિડન્ડ ફંડ કચેરીમાં પ્રોવિડન્ડ ફંડની રકમ ભર્યાની માહિતી આપશો. |
| મુદ્દા નં.૭ | સદર એસ.એમ.સી. ના કોન્ટ્રાકટરોને કલેરીકલ કર્મચારી પુરા પાડતા કાયદેસરનાં છે કે બિનકાયદેસર છે જેની માહિતી આપશો. |
| પૂર્તતા :– ૧,૩ થી૭ | સુરત મહાનગરપાલિકામાં કલેરીકલ કર્મચારીઓ પુરા પાડવા અંગે કોઈ કોન્ટ્રાકટ ટેન્ડર પ્રક્રિયાથી આપવામાં આવેલ હોવાનું જણાતુ ન હોય, સદર મુદ્દા નં.૧ તથા ૩ થી ૭ મુજબની માંગ્યા મુજબની સમગ્ર માહિતી "નીલ" છે. |
| મુદ્દા નં.૨ | એસ.એમ.સી નાં સાત ઝોન અને મધ્યસ્થ કચેરીમાં હાલમાં કુલ કલેરીકલ કર્મચારીઓની સંખ્યાની માહિતી આપશો. |
| પૂર્તતા : | સુરત મહાનગરપાલિકામા તમામ ઝોન સહિત વિવિધ તમામ વિભાગોની કલેરીકલ કર્મચારીઓની કુલ સંખ્યા નીચે મુજબ છે.<br>(As on dt.10/07/2019) ત્રીજી શ્રેણી કલાર્ક મંજુર સંખ્યા–૧૪૫૮/ભરેલી જગ્યાની સંખ્યા–૧૩૦૮, બીજી શ્રેણી કલાર્ક મંજુર સંખ્યા– ૬૧૩/ભરેલી જગ્યાની સંખ્યા– ૫૫૩, પ્રથમ શ્રેણી કલાર્ક મંજુર સંખ્યા– ૧૭૧/ભરેલી જગ્યાની સંખ્યા– ૧૩૮. |

ઉપરોકત હકીકત ધ્યાને લેતા માંગવામાં આવેલ માહિતીની વિગત બાબતે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) ધ્વારા ઉકત પત્રથી ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી/પુર્તતા/જવાબ પાઠવવામાં આવેલ. સુરત મહાનગરપાલિકામાં કલેરીકલ કર્મચારીઓ પુરા પાડવા અંગે કોઈ કોન્ટ્રાકટ ટેન્ડર પ્રક્રિયાથી આપવામાં આવેલ નથી, જેથી સદર મુદ્દા નં.૧ તથા ૩ થી ૭ મુજબની માંગ્યા મુજબની સમગ્ર માહિતી "નીલ" છે. જે મુજબની પુરી પાડવામા આવેલ માહિતી યોગ્ય અને ઉચિત જણાય છે. આ બાબતમાં અરજદાર ધ્વારા સાત ઝોનમાં કોન્ટ્રાકટથી કલેરીકલ કર્મચારી પુરા પાડવાની માહિતી જાણી જોઈને છુપાવવામાં આવેલ હોવાની કરેલ રજુઆત પાયાવિહોણી અને ખોટી હોય જે કોઈપણ સંજોગોમાં ગ્રાહય રાખી શકાય તેમ નથી. કારણ કે સુરત મહાનગરપાલિકામાં કલેરીકલ કર્મચારીઓ કોન્ટ્રાકટ ટેન્ડર પ્રક્રિયાથી આપવામાં આવેલ ન હોય જેથી માહિતી 'નીલ' છે. તેમજ મુદ્દા નં.૨ ની માહિતીમાં સાત ઝોન અને મધ્યસ્થ કચેરીમાં હાલમાં કુલ કલેરીકલ કર્મચારીઓની માંગેલ સંખ્યાની માહિતી તા.૧૦/૦૭/૧૯ની સ્થિતિએ પુરી પાડવામાં આવેલ છે. આમ, ઉપરોકત તમામ હકીકત ધ્યાને લેતા મધ્યસ્થ મહેકમ વિભાગ ધ્વારા સદર અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય કે અન્ય કોઈ નકલો પુરી પાડવાની રહેતી ન હોય, સદર અપીલ અરજી દફતરે કરવા જોગ જણાય છે.

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકતો ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી નરેશભાઈ એન.બથવારએ મુળ અરજી આઈ.ડી.નં.૭૪૧ તા.૨૧/૦૬/૧૯ થી સાત ઝોન અને મધ્યસ્થ કચેરીમાં કોન્ટ્રાકટથી કલેરીકલ કર્મચારીઓ પુરા પાડવા બાબતે મુદ્દા નં.૧ થી ૭ની માહિતીની માંગણી કરેલ. જે માંગેલ માહિતી મધ્યસ્થ મહેકમ વિભાગના જાહેર માહિતી અધિકારી ધ્વારા ઉકત નિયત નમુના–ગ પત્રથી પુરી પાડવામાં આવેલ, જે માહિતી/પુર્તતા નિયમાનુંસારની યોગ્ય અને ઉચિત જણાય છે. અરજદાર ધ્વારા સાત ઝોનમાં કોન્ટ્રાકટથી કલેરીકલ કર્મચારી પુરા પાડવાની માહિતી જાણી જોઈને છુપાવવામાં આવેલ હોવાની કરેલ રજુઆત પાયાવિહોણી અને ખોટી હોય જે કોઈપણ સંજોગોમાં ગ્રાહય રાખી શકાય તેમ નથી._કારણ કે સુરત મહાનગરપાલિકામાં કલેરીકલ કર્મચારીઓ કોન્ટ્રાકટ ટેન્ડર પ્રક્રિયાથી આપવામાં આવેલ ન હોય જેથી માહિતી 'નીલ' છે. તેમજ મુદ્દા નં.૨ ની માહિતીમાં સાત ઝોન અને મધ્યસ્થ કચેરીમાં હાલમાં કુલ કલેરીકલ કર્મચારીઓની માંગેલ સંખ્યાની માહિતી તા.૧૦/૦૭/૧૯ની સ્થિતિએ પુરી પાડવામાં આવેલ છે. આમ, ઉપરોકત તમામ હકીકત ધ્યાને લેતા સદર અપીલ અરજી અંગે મધ્યસ્થ મહેકમ કક્ષાએથી વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય કે વધુ કોઈ દસ્તાવેજો કે નકલો પુરી પાડવાની રહેતી ન હોય, જેથી સદર અપીલ અરજી દફતરે કરવા જોગ જણાતી હોય, જે દફતરે કરી નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે. વધુમાં આ હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે અરજદાર બીજી અપીલ કરી શકે છે.

**(એસ.એચ.વ્યાસ)**
**અપીલ અધિકારી અને પર્સોનલ ઓફિસર (મહેકમ)**
**સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત**
**ફોન નં.(૦૨૬૧)૨૪૨૩૭૫૧ થી ૫૬ એક્ષટે.નં.૫૧૯**

નં.જીએડી/ઇએસટી/૩૯૨૭
તા.૨૦/૦૮/૨૦૧૯

**નકલ રવાના:** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મધ્યસ્થ મહેકમ વિભાગ) પ્રતિ.... જાણ માટે

**નકલ રવાના:** શ્રી નરેશ એન. બથવાર પ્રતિ....જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | **સુરત મહાનગરપાલિકા,**<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ, સુરત – ૩૯૫ ૦૦૩. |


**અપીલ અરજી નં.૧૫/૧૯–૨૦**

**અરજદાર :** શ્રી જયસુખભાઈ ગજેરા

**સામાવાળા :** સેકશન ઓફીસર (મધ્યસ્થ મહેકમ વિભાગ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** શ્રી જયસુખભાઈ ગજેરાની મુળ અરજી આઈ.ડી.નં.૭૮૨ તા.૨૪/૦૬/૧૯ સંદર્ભે કરેલ અપીલ અરજી બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૦૭/૦૮/૧૯ ની અપીલ અરજી No.SMC/GAD/FAP/15/19-20.

અરજદાર શ્રી જયસુખભાઈ ગજેરાએ મુળ અરજી આઈ.ડી.નં.૭૮૨ તા.૨૪/૬/૧૯ થી જાહેર માહિતી અધિકારીશ્રી ફાયર વિભાગ તથા મધ્યસ્થ મહેકમ વિભાગ સુરત મહાનગરપાલિકા, સુરતને સંબોધીને સેન્ટ્રલ ઝોન સીટી સીવીક સેન્ટર ખાતે કરેલ. જે નં.સીસીસી/સેઝોન/૭૮૨ તા.૨૫/૬/૧૯ થી મધ્યસ્થ મહેકમ વિભાગ તથા ફાયર વિભાગને તબદીલ કરેલ. જે મધ્યસ્થ મહેકમ વિભાગને તા.૨૬/૬/૧૯ ના રોજ પ્રાપ્ત થયેલ. સદર મુળ આઈ.ડી. ધ્વારા ફાયર એન્ડ ઈમરજન્સી વિભાગને લાગત મુદ્દા નં.૧ થી ૭ ની માહિતીની માંગણી કરેલ. જે અંતર્ગત જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર, મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઇએસટી/૩૦૮૨ તા.૨૦/૭/૧૯ થી મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત મુદ્દા નં.૬ ની માહિતી/પુર્તતા સમયમર્યાદામાં પાઠવી, માંગેલ માહિતીની નકલો મેળવવા માટે નિયત નમુના–ખ પત્ર નં.જીએડી/ઇએસટી/૩૦૮૩ તા.૨૦/૭/૧૯ થી ન.ફી.રૂા.૮/– ભરપાઈ કરી મેળવી લેવા જાણ કરવામા આવેલ. અરજદાર મજકુર ધ્વારા ઉક્ત પત્રોથી નારાજ થઈ તા.૭/૮/૧૯ ના રોજ પ્રથમ અપીલ અરજી દાખલ કરી અપીલ તબકકે "મુદ્દા નં.૬ની માહિતી મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી આપવાની થતી હતી તે ૩૦ દિવસથી વધુ સમય થવા સુધી મળેલ નથી. તે આપવા જા.મા. અધિકારીને આદેશ થવા તથા (૨) માંગેલ માહિતી વિના મુલ્ય આપવા સારૂ." તેમ જણાવેલ છે.

ઉપરોક્ત હકીકત ધ્યાને લેતા, અરજદાર મજકુરની મુળ આઈ.ડી. અંગે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(મહેકમ) ધ્વારા ઉક્ત નિયત નમુના–ગ પત્રથી મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત **મુદ્દા નં.૬ થી** "૨૦૧૪ થી આજદિન સુધી ચાર્જ સંભાળનાર ફાયર વિભાગના વડા ચીફ ફાયર ઓફિસર તથા ડે.ચીફ ફાયર ઓફિસર, ફાયર ઓફિસરની વિગત તથા સુ.મ.પાલિકાની હદમાં તેનાત તમામ કુલ ફાયર સ્ટેશનની સંખ્યા તથા લોકેશન સહિતની વિગત" મુજબની માહિતીની માંગણી કરેલ કરેલ. જે સંદર્ભે **પુર્તતામાં** "પ્રસ્તુત મુદ્દામાં અંડરલાઈન કરેલ સુરત મહાનગરપાલિકાના મધ્યસ્થ મહેકમ વિભાગને અંશતઃ લાગત મુદ્દાની વિગતે જણાવવાનું કે સને ૨૦૧૪ થી આજદિન સુધી ચાર્જ સંભાળનાર ફાયર વિભાગના વડા ચીફ ફાયર ઓફિસર તથા ડે.ચીફ ફાયર ઓફિસર, ફાયર ઓફિસરની માહિતી દર્શાવતા પત્રકની નકલ (પાના નંગ–૪) આ સાથે સામેલ છે. જેના પરથી અરજદારને માંગ્યા મુજબની માહિતીનો સંદર્ભ મળી શકે તેમ છે. જે નકલ મેળવવા અરજદાર આ સાથે સામેલ પત્ર મુજબની નકલ ફી રૂા.૮/– ભરપાઈ કર્યેથી તેવી માહિતીની નકલ તેઓને પુરી પાડીએ." તેમ જણાવી ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી/પુર્તતા નિયત સમયમર્યાદામાં પાઠવી લાગત નકલો, નકલ ફી ભરપાઈ કરી મેળવી લેવા ઉક્ત નિયત નમુના–ખ પત્રથી જાણ કરવામાં આવેલ. તેમ છતાં અરજદાર ધ્વારા આજદિન સુધી નકલ ફી ભરપાઈ કરેલ ન હોવાથી લાગત માહિતીની નકલો પુરી પાડી શકાયેલ નથી. વધુમાં અરજદાર ધ્વારા અપીલ તબકકે 'મુદ્દા નં.૬ની માહિતી મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી આપવાની થતી હતી તે ૩૦ દિવસથી વધુ સમય થવા સુધી મળેલ નથી. તે આપવા જા.મા.અધિકારીને આદેશ થવા તથા (૨) માંગેલ માહિતી વિના મુલ્ય આપવા સારૂ' તે મુજબની કરેલ રજુઆત ધ્યાને લેતા અત્રેથી ફરીથી પત્ર નં.જીએડી/ઈએસટી/૩૯૨૫ તા.૨૦/૦૮/૨૦૧૯ પાઠવી લાગત નકલો, નકલ ફી ભરપાઈ કરી મેળવી લેવા માટે નિયત નમુના–ખ ની નકલ ફરીથી સામેલ કરી તેમજ સદર અપીલ અરજી સંદર્ભે તેઓને રૂબરું સુનાવણીમાં હાજર રહી યોગ્ય રજુઆત કરવા માટે તા.૨૭/૦૮/૨૦૧૯ ના રોજ સાંજે ૩.૩૦ કલાકે અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફીસરશ્રી (મહેકમ) સમક્ષ હાજર રહેવા જાણ કરવામાં આવેલ. જે સંદર્ભે મજકુર અરજદારે ઉક્ત પત્ર સંદર્ભે પત્રમાં સુચવેલ તારીખ અને સમયે રૂબરૂ સુનાવણીમાં હાજર રહેલ નથી કે અત્રેની કચેરીનો કોઈ સંપર્ક કરેલ નથી તથા આજ દિન સુધી નકલ ફી ભરપાઈ કરી લાગત માહિતીની નકલો મેળવેલ નથી. જે ધ્યાને લેતા પ્રસ્તુત અપીલ અરજી પરત્વે હવે વધુ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી. આમ, ઉપરોક્ત તમામ હકીકત ધ્યાને લેતા મધ્યસ્થ મહેકમ વિભાગ ધ્વારા સદર અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય, સદર અપીલ અરજી દફતરે કરવા જોગ જણાતી હોય, જે દફતરે કરવા જોગ જણાય છે.

**–: હુ કમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકતો ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી જયસુખભાઈ ગજેરાએ મુળ અરજી આઈ.ડી.નં.૭૮૨ તા.૨૪/૬/૧૯ થી ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસને લાગતી મુદ્દા નં.૧ થી ૭ની માહિતીની માંગણી કરેલ. જે માંગેલ માહિતી સંદર્ભે મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત મુદ્દા નં.૬ ની માહિતી/પુર્તતા ઉક્ત નિયત નમુના–ગ પત્રથી પુરી પાડી, લાગત નકલો નંગ–૪ મેળવી લેવા નિયત નમુના–ખ થી નિયમોનુસારની નકલ ફી ભરપાઈ કરી મેળવી લેવા જણાવેલ. જે સંદર્ભે અરજદાર તરફથી કોઈ નકલ ફી ભરપાઈ કરેલ ન હોય લાગત નકલો પુરી પાડી શકાયેલ નથી. તેમછતાં આ મુળ આઈ.ડી. અંગે પત્ર નં.જીએડી/ઈએસટી/૩૯૨૫ તા.૨૦/૦૮/૨૦૧૯ ધ્વારા સદર અપીલ અરજી સંદર્ભે તેઓને તા.૨૭/૦૮/૨૦૧૯ ના રોજ સાંજે ૩.૩૦ કલાકે રૂબરૂ સુનાવણીમાં યોગ્ય રજુઆત કરવા માટે અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફીસરશ્રી (મહેકમ) સમક્ષ હાજર રહેવા જાણ કરેલ તથા લાગત નકલો નકલ ફી ભરપાઈ કરી મેળવી લેવા માટે નિયત નમુના–ખ ની નકલ ફરીથી સામેલ કરી જાણ કરવામાં આવેલ. જે સંદર્ભે મજકુર અરજદારે ઉક્ત પત્રમાં સુચવેલ તારીખ અને સમયે રૂબરૂ સુનાવણીમાં હાજર રહેલ નથી કે અત્રેની કચેરીનો કોઈ સંપર્ક કરેલ નથી તેમજ આજદિન સુધી નકલ ફી ભરપાઈ કરી લાગત નકલો મેળવેલ નથી. જે ધ્યાને લેતા પ્રસ્તુત અપીલ અરજી પરત્વે હવે વધુ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી. તેમ છતાં અરજદાર માહિતી મેળવવા ઈચ્છુક હોય તો નકલ ફી ભરપાઈ કરવા બાબતેના નિયત નમુના–ખ ની નકલ આ અપીલ હુકમ સાથે ફરીથી પાઠવી તે અંતર્ગત લાગત નકલો નંગ–૪ નકલ ફી રૂા.૮/– ભરપાઈ કરી, જેની પહોચ રજુ કર્યેથી આ અપીલ હુકમ મળ્યેથી દિન–૧૦ માં મેળવી લેવા સ્વતંત્ર છે. આમ, ઉપરોક્ત તમામ હકીકત ધ્યાને લેતા મધ્યસ્થ મહેકમ વિભાગ ધ્વારા સદર અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય, સદર અપીલ અરજી દફતરે કરવા જોગ જણાતી હોય, જે દફતરે કરી નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે. વધુમાં આ હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર– ૩૮૨૦૧૦ ખાતે અરજદાર બીજી અપીલ કરી શકે છે.

**(એસ.એચ.વ્યાસ)**
**અપીલ અધિકારી અને પર્સોનલ ઓફિસર(મહેકમ)**
**સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત**
**ફોન નં.(૦૨૬૧)૨૪૨૩૭૫૧ થી ૫૬ એક્ષટે.નં.૫૧૯**

નં.જીએડી/ઇએસટી/૪૧૭૯
તા.૩૧/૦૮/૨૦૧૯

**નકલ રવાનાઃ** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મધ્યસ્થ મહેકમ વિભાગ) પ્રતિ.... જાણ માટે

**નકલ રવાનાઃ** શ્રી જયસુખભાઈ ગજેરા પ્રતિ....જાણ માટે.

RIGHT TO INFORMATION

ફેક્સ : 91-0261-2422110
ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87

**સુરત મહાનગરપાલિકા,**
મહાનગર સેવા સદન,
મુગલસરાઈ, સુરત – ૩૯૫ ૦૦૩.

**અપીલ અરજી નં.૧૬/૧૯–૨૦**

**અરજદાર :** શ્રી વાણા હકીમ રજબભાઈ

**સામાવાળા :** સેકશન ઓફીસર (મધ્યસ્થ મહેકમ વિભાગ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** શ્રી વાણા હકીમ રજબભાઈની મુળ અરજી આઈ.ડી.નં.૨૨૬ તા.૦૨/૦૭/૧૯ સંદર્ભે કરેલ અપીલ અરજી બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૦૫/૦૮/૧૯ ની અપીલ અરજી No.SMC/GAD/FAP/16/19-20.

અરજદાર શ્રી વાણા હકીમ રજબભાઈએ મુળ આઈ.ડી.નં.૨૨૬ તા.૨/૭/૧૯ થી જાહેર માહિતી અધિકારીશ્રી, મ્યુની. કમિશ્નર કચેરી, સુરતને સંબોધીને સાઉથ વેસ્ટ ઝોન ખાતે કરેલ. જે સાઉથ વેસ્ટ ઝોન ધ્વારા નં.સા.વે.ઝોન/આરટીઆઈ/૫૪૦ તા.૧૦/૭/૧૯ થી ઈન્કવાયરી વિભાગ, મધ્યસ્થ મહેકમ વિભાગ, ડે.ઈજનેરશ્રી સા.વે ઝોન તથા હિસાબી વિભાગ સા.વે.ઝોનને તબદીલ કરેલ. સદર અરજીના મુદ્દા નં.૫ ની માહિતી માટે મધ્યસ્થ મહેકમ વિભાગને તબદીલ કરેલ. જે તા.૧૧/૭/૧૯ના રોજ પ્રાપ્ત થયેલ જે આ સાથે સામેલ છે. સદર મુળ આઈ.ડી. ધ્વારા સાઉથ વેસ્ટ ઝોનના કાર્યપાલક ઈજનેરશ્રી એચ.ડી.ચાવડા બાબતે મુદ્દા નં.૧ થી ૧૧ ની માહિતીની માંગણી કરેલ. જે અંતર્ગત જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર, મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઇએસટી/૩૨૧૧ તા.૨૩/૭/૧૯ થી લાગત મુદ્દા નં.૫ ની માહિતી/પુર્તતા સમયમર્યાદામાં પાઠવવામાં આવેલ. અરજદાર મજકુર ધ્વારા તા.૫/૮/૧૯ ના રોજ નારાજ થઈ પ્રથમ અપીલ અરજી દાખલ કરી અપીલ તબકકે "અઠવા ઝોન ધ્વારા આપવામાં આવેલ માહિતી છુપાવી કોઈપણ જાતની માહિતી ન આપી શંકાના ડાયરામાં આવેલ હોય અને ગેરમાર્ગે દોરવેલ હોય જેથી અમો પ્રથમ અપીલ કરીએ છીએ. જેથી યોગ્ય માહિતી આપી યોગ્ય હુકમ કરવા જણાવીએ છીએ." તેમ જણાવેલ છે.

ઉપરોકત હકીકત ધ્યાને લેતા, અરજદાર મજકુરની મુળ આઈ.ડી. અંગે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(મહેકમ) ધ્વારા ઉકત નિયત નમુના–ગ પત્રથી મધ્યસ્થ મહેકમ વિભાગને તબદીલ કરાયેલ મુદ્દા નં.૫ થી "સાઉથ વેસ્ટ (અઠવા) ઝોનમાં કાર્યપાલક ઈજનેર તરીકે ફરજ બજાવતા એમ.ડી.ચાવડા વિરૂધ્ધ સુરત મહાનગરપાલિકાને મળેલ તમામ પ્રકારની અરજીઓ, ફરીયાદો તથા ખાતાકીય ફરીયાદોની વિગતવાર માહિતી આપશો તથા તેના અનુસંધાને સુરત મહાનગરપાલિકા દ્વારા આજદિન સુધી જે કાંઈ પણ કાર્યવાહી કરવામાં આવેલ હોય, તેની વિગતવાર માહિતી આપશો તથા તેઓને સુરત મહાનગરપાલિકા, પોલીસ, કોર્ટ તથા ગુજરાત માહિતી આયોગ દ્વારા આજદિન સુધી કરવામાં આવેલ તમામ પ્રકારના દંડ, ચાર્જશીટ, નોટીસો તથા સજાની વિગતવાર માહિતી આપશો." મુજબની માહિતી માંગેલ. સદર માંગેલ માહિતી બાબતે મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ ઇએસટી /૩૨૧૧ તા.૨૩/૭/૧૯ થી કરાયેલ પુર્તતામાં "પ્રસ્તૃત મુદ્દા સંદર્ભે માંગ્યા મુજબની મધ્યસ્થ મહેકમ વિભાગની રેકર્ડ આધારીત માહિતી "નીલ" છે. તેમ જણાવી પુરી પાડવા જોગ માહિતી બાબતે યોગ્ય પુર્તતા/જવાબ પાઠવવામાં આવેલ. જે પુરી પાડવામાં આવેલ માહિતી યોગ્ય અને ઉચિત જણાય છે. કારણ કે સદર અધિકારી બાબતમાં અત્રેની કચેરીએ માંગ્યા મુજબનો કોઈ રેકોર્ડ ઉપલબ્ધ ન હોય જેથી માગ્યા મુજબની માહિતી 'નીલ' જણાવેલ છે. તેમજ મજકુર અરજદારની અપીલ અરજીની વિગતો ધ્યાને લેતા તેઓ ધ્વારા મધ્યસ્થ મહેકમ વિભાગ ધ્વારા પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા માટે અપીલ અરજી કરેલ હોવાનું જણાતુ નથી. પરંતુ સાઉથ વેસ્ટ ઝોન તરફથી આપવામાં આવેલ જવાબથી નારાજ હોવાનુ જણાવેલ છે. જે ધ્યાને લેતા મધ્યસ્થ મહેકમ વિભાગ કક્ષાએથી પ્રસ્તુત અપીલ અરજી પરત્વે કોઈ કાર્યવાહી કરવા જોગ જણાતુ ન હોય, જે દફતરે કરવા જોગ જણાય છે. આમ, ઉપરોકત તમામ હકીકત ધ્યાને લેતા મધ્યસ્થ મહેકમ વિભાગ ધ્વારા સદર અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય કે અન્ય કોઈ નકલો પુરી પાડવાની રહેતી ન હોય, સદર અપીલ અરજી દફતરે કરવા જોગ જણાય છે.

**–: હુ ક મ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકતો ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી વાણા હકીમ રજબભાઈએ મુળ આઈ.ડી.નં.૨૨૬ તા.૨/૭/૧૯ બાબતે મધ્યસ્થ મહેકમ વિભાગને તબદીલ કરાયેલ મુદ્દા નં.૫ થી સાઉથ વેસ્ટ ઝોનમાં કાર્યપાલક ઈજનેર તરીકે ફરજ બજાવતા શ્રી એમ.ડી.ચાવડા વિરૂધ્ધ તમામ પ્રકારની અરજીઓ ખાતાકીય ફરીયાદોની માહિતીની માંગણી કરવામાં આવેલ. જે મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી પુર્તતામાં પ્રસ્તૃત મુદ્દા સંદર્ભે માંગ્યા મુજબની મધ્યસ્થ મહેકમ વિભાગની રેકર્ડ આધારીત માહિતી "નીલ" છે. તેમ જણાવી ઉકત નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઇએસટી /૩૨૧૧ તા.૨૩/૭/૧૯ થી માહિતી/પુર્તતા પાઠવવામાં આવેલ. જે પુરી પાડવામાં આવેલ માહિતી યોગ્ય અને ઉચિત જણાય છે. કારણ કે સદર અધિકારી બાબતમાં અત્રેની કચેરીએ માંગ્યા મુજબનો કોઈ રેકોર્ડ ઉપલબ્ધ ન હોય જેથી માગ્યા મુજબની માહિતી 'નીલ' જણાવેલ છે. તેમજ મજકુર અરજદારની અપીલ અરજીની વિગતો ધ્યાને લેતા તેઓ ધ્વારા મધ્યસ્થ મહેકમ વિભાગ ધ્વારા પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા માટે અપીલ અરજી કરેલ હોવાનું જણાતુ નથી. પરંતુ સાઉથ વેસ્ટ ઝોન તરફથી આપવામાં આવેલ જવાબથી નારાજ હોવાનુ જણાવેલ છે. જે ધ્યાને લેતા મધ્યસ્થ મહેકમ વિભાગ કક્ષાએથી પ્રસ્તુત અપીલ અરજી પરત્વે કોઈ કાર્યવાહી કરવા જોગ જણાતુ ન હોય, દફતરે કરવા જોગ જણાય છે. આમ, ઉપરોકત તમામ હકીકત ધ્યાને લેતા મધ્યસ્થ મહેકમ વિભાગ ધ્વારા સદર અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય કે અન્ય કોઈ નકલો પુરી પાડવાની રહેતી ન હોય, સદર અપીલ અરજી દફતરે કરી નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે. વધુમાં આ હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે અરજદાર બીજી અપીલ કરી શકે છે.

નં.જીએડી/ઇએસટી/૪૦૮૩
તા.૨૮/૦૮/૨૦૧૯

**(એસ.એચ.વ્યાસ)**
**અપીલ અધિકારી અને પર્સોનલ ઓફિસર(મહેકમ)**
**સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત**
**ફોન નં.(૦૨૬૧)૨૪૨૩૭૫૧ થી ૫૬ એક્ષ્ટે.નં.૫૧૯**

**નકલ રવાનાઃ** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મધ્યસ્થ મહેકમ વિભાગ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાનાઃ** શ્રી વાણા હકીમ રજબભાઈ પ્રતિ....જાણ માટે.

| | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | **સુરત મહાનગરપાલિકા,**<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ, સુરત – ૩૯૫ ૦૦૩. |
|---|---|---|---|

**અપીલ અરજી નં.૧૭/૧૯–૨૦**

**અરજદાર :** શ્રી કિર્તી એચ.ગજેરા

**સામાવાળા :** સેકશન ઓફીસર (મધ્યસ્થ મહેકમ વિભાગ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષય:–** શ્રી કિર્તી એચ.ગજેરાની મુળ અરજી આઈ.ડી.નં.૯૧૫ તા.૦૪/૦૭/૧૯ સંદર્ભે કરેલ અપીલ અરજી બાબત.

**સંદર્ભ:–** અરજદાર મજકુરની તા.૧૬/૦૮/૧૯ ની અપીલ અરજી No.SMC/GAD/FAP/17/19-20.

અરજદારશ્રી કિર્તી એચ.ગજેરાએ મુળ અરજી આઈ.ડી.નં.૯૧૫ તા.૦૪/૦૭/૧૯થી ચીફ ફાયર ઓફીસરશ્રી, ફાયર ઓફિસ, સુરત મહાનગરપાલિકા, સુરતને સંબોધીને સેન્ટ્રલ ઝોન સીટી સીવીક સેન્ટર ખાતે કરેલ. જે નં.સીસીસી/સેઝોન/૯૧૫ તા.૦૫/૦૭/૧૯ થી ફાયર એન્ડ ઈમરજન્સી સવિસીસ વિભાગને તબદીલ કરેલ. જે ફાયર એન્ડ ઈમરજન્સી સવિસીસ વિભાગ ધ્વારા નં.૧૧૪૮ તા.૧૧/૭/૧૯ થી રીક્રુટમેન્ટ વિભાગને તબદીલ કરેલ. જે રીક્રુટમેન્ટ વિભાગ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૫૬૭ તા.૧૨/૭/૧૯ થી મધ્યસ્થ મહેકમ વિભાગને તબદીલ કરેલ. જે મધ્યસ્થ મહેકમ વિભાગને તા.૧૨/૭/૧૯ના રોજ પ્રાપ્ત થયેલ. સદર અરજીથી ચીફ ફાયર ઓફીસર શ્રી બસંત પરીક બાબતે મુદ્દા નં.૧ થી ૯ ની માહિતીની માંગણી કરેલ. જે અંતર્ગત જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર, મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઇએસટી/૩૨૦૯ તા.૨૩/૭/૧૯ થી માહિતી/પુર્તતા સમયમર્યાદામાં પાઠવી લાગત માહિતીની નકલો મેળવવા બાબતે નિયત નમુના–ખ પત્ર નં.જીએડી/ ઈએસટી/૩૨૧૦ તા.૨૩/૭/૧૯ થી જાણ કરેલ. જે પાઠવવામાં આવેલ માહિતી/પુર્તતા તથા નકલ ફી ભરપાઈ કરવા બાબતેના પત્રોથી નારાજ થઈ તા.૧૬/૮/૧૯ના રોજ પ્રથમ અપીલ અરજી દાખલ કરી અપીલ તબકકે "મુદ્દા નં.૧ થી ૪ તથા ૬ અન્વયે અમો ફરીયાદી છીએ અને ના.કોર્ટના કામે રજુ કરવા પુરાવા જરૂરી હોય અમોને ૮(૧) કલમનો બાધ નડતો નથી" તેમ જણાવેલ છે.

અરજદાર મજકુરની મુળ આઈ.ડી. અંગે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(મહેકમ) ધ્વારા ઉકત નિયત નમુના–ગ પત્રથી મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત મુદ્દા નં.૧ થી ૪ તથા ૬ ની માંગવામાં આવેલ માહિતીની વિગતે જણાવેલ છે કે "સુરત મહાનગપાલિકામાં કોઈપણ અધિકારી/કર્મચારીએ તેમની નિમણુંક સંદર્ભે રજુ કરેલ અરજી ફોર્મ, શૈક્ષણિક લાયકાતના / અનુભવના પ્રમાણપત્રો, માર્કશીટ કે અન્ય કોઈપણ દસ્તાવેજો એ તેઓનો અંગત પ્રકારનો ડોકયુમેન્ટ હોય જે વિશ્વસનીય સંબધોને આધારે અત્રેની કચેરીને તેઓની નિમણુંકના હેતુસર ઉપલબ્ધ થયેલ હોય જે ત્રાહિત વ્યકિતને આપી શકાય નહી કે આપવુ હિતાવહ જણાતુ નથી. તેમજ ઉકત માહિતીને જાહેર ગતિવિધિ અથવા હિત સાથે કોઈપણ પ્રકારનો સંબધ હોવાનું જણાતુ ન હોય પ્રસ્તુત મુદ્દા નં.૧, ૨, ૪ તથા ૬ થી મજકુર અધિકારીના શૈક્ષણિક લાયકાત/અનુભવના પ્રમાણપત્રો, માર્કશીટ, ડીગ્રી સર્ટીફીકેટ વિગેરે માંગ્યા મુજબની માહિતી આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ચ) અને (ઠ) મુજબ પુરી પાડવા જોગ નથી. વધુમાં શ્રી બસંત પારીકની સુરત મહાનગરપાલિકામાં ડે. ચીફ ફાયર ઓફિસર તરીકે તા.૨૭/૦૫/૨૦૧૫નાં રોજથી નિમણુંક થયેલ છે." તેમ જણાવેલ છે. તથા મુદ્દા નં.૩ની માંગવામાં આવેલ માહિતી બાબતે જણાવેલ છે કે "ચીફ ફાયર ઓફિસરની જગ્યાની લાયકાત તથા અનુભવની માંગવામાં આવેલ માહિતીની વિગતે વહીવટદારશ્રીના ઠરાવ નં.૬૭૪, તા.૦૩/૦૧/૧૯૯૫ ની નકલ નંગ–૨ મેળવવા માટે આ સાથે સામેલ પત્ર મુજબની નકલ ફી રૂા.૪/– ભરપાઈ કર્યેથી તેવી માહિતીની નકલ તમોને પુરી પાડવામાં આવશે" તેમ જણાવી માહિતી/પુર્તતા સમયમર્યાદામાં પાઠવી નિયત નમુના–ખ થી નકલ ફી ભરપાઈ કરી લાગત નકલો મેળવી લેવા જાણ કરવામાં આવેલ.

ઉપરોકત હકીકત ધ્યાને લેતા માંગવામાં આવેલ માહિતીની વિગત બાબતે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) ધ્વારા ઉકત પત્રથી મુદ્દા નં.૧,૨,૪ અને ૬ ની કરવામાં આવેલ સંયુકત પુર્તતા/માહિતી યોગ્ય અને ઉચિત જણાય છે. કારણ કે સુરત મહાનગપાલિકામાં કોઈપણ અધિકારી/કર્મચારીએ તેમની નિમણૂંક સંદર્ભે રજુ કરેલ દસ્તાવેજો એ તેઓનો અંગત પ્રકારના હોય જે તેઓની નિમણુંકના હેતુસર ઉપલબ્ધ થયેલ હોય જે ત્રાહિત વ્યકિતને આપી શકાય નહી તેમજ ઉકત માહિતીને જાહેર ગતિવિધિ અથવા હિત સાથે કોઈપણ પ્રકારનો સબંધ હોવાનું જણાતુ ન હોય મજકુર અધિકારીના શૈક્ષણિક લાયકાત /અનુભવના પ્રમાણપત્રો, માર્કશીટ, ડીગ્રી સર્ટીફીકેટ વિગેરે માંગ્યા મુજબની માહિતી આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ચ) અને (ઠ) મુજબ પુરી પાડવા જોગ જણાતી નથી. કારણકે શૈક્ષણિક લાયકાતના પુરાવા/પ્રમાણપત્રની માંગવામાં આવતી માહિતી બાબતે અત્રેથી ઉકત કલમને આધીન ઈન્કાર કરવામાં આવેલ એક આર.ટી.આઈ. અરજીને પડકારવા માટે રાજય માહિતી આયોગમાં દાખલ કરવામાં આવેલ બીજી અપીલ નં.અ–૫૬૧૩/૨૦૧૫ માં ના.ગુજરાત રાજય માહિતી આયોગના રાજય માહિતી કમિશનરશ્રી ધ્વારા તા.૦૮/૧૨/૨૦૧૬ ના રોજ આપેલ ચુકાદામાં શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્ર વિગેરે અંગત બાબત છે જે માહિતી અધિકાર અધિનિયમની કલમ ૮(૧)(ઠ) હેઠળ આપવાપાત્ર નથી, જે અપીલ અરજી દફતરે કરવા હુકમ કરેલ છે. તદઉપરાંત રાજય માહિતી આયોગમાં દાખલ કરવામાં આવેલ અન્ય એક અપીલ નં.અ–૧૫૦૩–૨૦૧૭ માં ગુજરાત રાજય માહિતી આયોગના મુખ્ય માહિતી કમિશનરશ્રી ધ્વારા ઉમેદવારના શૈક્ષણિક લાયકાતના પુરાવા/પ્રમાણપત્રની માંગવામાં આવેલ માહિતી, માહિતી અધિકાર અધિનિયમની કલમ ૮(૧)(ઠ) મુજબ અંગત પ્રકારની હોય આપવામાં આવેલ નથી, જે પ્રથમ અપીલ અધિકારીના નિર્ણય સાથે સંમત હોવાનુ જણાવી બીજી અપીલ દફતરે કરવા તા.૧૧/૦૧/૨૦૧૮ ના રોજ હુકમ કરેલ છે. જેની નકલ આ સાથે અવલોકનાર્થે સામેલ છે.જે મુજબનો નામ.રાજય માહિતી આયોગનો હુકમ પ્રસ્તુત અપીલ અરજી સંદર્ભે ધ્યાને લેવા જોગ છે. તેમજ મુદ્દા નં.૩ થી માંગેલ ચીફ ફાયર ઓફીસરની લાયકાત બાબતે વહીવટદારશ્રીના ઠરાવ નં.૬૭૪ તા.૩/૧/૯૫ ની નકલ પાના નંગ–૨ નકલ ફી રૂા.૪/– ભરપાઈ કરી મેળવી લેવા જણાવેલ. જે સંદર્ભે અરજદાર ધ્વારા ઈસ્ટ ઝોન ખાતે તા.૯/૮/૧૯ના રોજ રસીદ નં.૫૦૦/૨૦૭ થી નકલ ફી રૂા.૪/– ભરપાઈ કરેલ. જે ઈસ્ટઝોન ધ્વારા પત્ર નં.ઈઝોન/આરટીઆઈ /૭૮૭ તા.૧૩/૮/૧૯ થી મધ્યસ્થ મહેકમ વિભાગને મોકલેલ. જે મધ્યસ્થ મહેકમ વિભાગને તા.૨૨/૮/૧૯ ના રોજ પ્રાપ્ત થતા નિયત નમુના પત્ર–ગ પત્ર નં.જીએડી/ઈએસટી/૪૦૧૧ તા.૨૩/૮/૧૯ થી લાગત નકલો નંગ–૨ પુરી પાડવામાં આવેલ છે. આમ, ઉપરોકત તમામ હકીકત ધ્યાને લેતા મધ્યસ્થ મહેકમ વિભાગ ધ્વારા સદર અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય કે અન્ય કોઈ નકલો પુરી પાડવાની રહેતી ન હોય, સદર અપીલ અરજી દફતરે કરવા જોગ જણાય છે.

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકતો ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી કિર્તી એચ.ગજેરાએ મુળ અરજી આઈ.ડી.નં.૯૧૫ તા.૦૪/૦૭/૧૯ મધ્યસ્થ મહેકમ વિભાગને તબદીલ કરાયેલ મુદ્દા નં.૧ થી ૪ તથા ૬ થી ચીફ ફાયર ઓફીસર શ્રી બસંત પરીક બાબતે મુદ્દા નં.૧ થી ૯ ની માહિતીની માંગણી કરેલ. જે અંતર્ગત જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર, મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ ઇએસટી/૩૨૦૯ તા.૨૩/૭/૧૯ થી માહિતી/પુર્તતા સમયમર્યાદામાં પાઠવી લાગત માહિતીની નકલો મેળવવા બાબતે નિયત નમુના–ખ પત્ર નં.જીએડી/ઈએસટી/૩૨૧૦ તા.૨૩/૭/૧૯ થી જાણ કરેલ. જે યોગ્ય અને ઉચિત જણાય છે. કારણ કે કોઈપણ અધિકારી/કર્મચારીએ તેમની નિમણૂંક સંદર્ભે રજુ કરેલ દસ્તાવેજો એ તેઓનો અંગત પ્રકારના હોય જે તેઓની નિમણુંકના હેતુસર ઉપલબ્ધ થયેલ હોય જે ત્રાહિત વ્યકિતને આપી શકાય નહી તેમજ ઉકત માહિતીને જાહેર ગતિવિધિ અથવા હિત સાથે કોઈપણ પ્રકારનો સબંધ હોવાનું જણાતુ ન હોય જે માંગ્યા મુજબની માહિતી આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ચ) અને (ઠ) મુજબ પુરી પાડવા જોગ જણાતી નથી તેમજ નામ.ગુજરાત રાજય માહિતી આયોગના રાજય માહિતી કમિશનરશ્રી ધ્વારા તા.૦૮/૧૨/૨૦૧૬ ના રોજ આપેલ ચુકાદા તથા અન્ય એક અપીલ નં.અ–૧૫૦૩–૨૦૧૭ માં ગુજરાત રાજય માહિતી આયોગના ચુકાદાથી બીજી અપીલ દફતરે કરવા તા.૧૧/૦૧/૨૦૧૮ ના રોજ હુકમ કરેલ છે. જે નામ.રાજય માહિતી આયોગનો હુકમ પ્રસ્તુત અપીલ અરજી સંદર્ભે ધ્યાને લેવા જોગ છે. તેમજ મુદ્દા નં.૩ થી માંગેલ ચીફ ફાયર ઓફીસરની લાયકાત બાબતે વહીવટદારશ્રીના ઠરાવ નં.૬૭૪ તા.૩/૧/૯૫ ની નકલ પાના નંગ–૨ નકલ ફી રૂા.૪/– ભરપાઈ કરી મેળવી લેવા જણાવેલ. જે

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | **સુરત મહાનગરપાલિકા,**<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ, સુરત – ૩૯૫ ００૩. |

સંદર્ભે આપના ધ્વારા ઈસ્ટ ઝોન ખાતે તા.૯/૮/૧૯ના રોજ રસીદ નં.૫૦૦/૨૦૭ થી નકલ ફી રૂા.૪/– ભરપાઈ કરેલ. જે ઈસ્ટ ઝોન ધ્વારા પત્ર નં.ઈઝોન/આરટીઆઈ/૭૮૭ તા.૧૩/૮/૧૯ થી મધ્યસ્થ મહેકમ વિભાગને મોકલેલ. જે મધ્યસ્થ મહેકમ વિભાગને તા.૨૨/૮/૧૯ ના રોજ પ્રાપ્ત થતા નિયત નમુના પત્ર–ગ પત્ર નં.જીએડી/ઈએસટી/૪૦૧૧ તા.૨૩/૮/૧૯ થી લાગત નકલો નંગ–૨ પુરી પાડવામાં આવેલ છે. આમ, ઉપરોકત તમામ હકીકત ધ્યાને લેતા મધ્યસ્થ મહેકમ વિભાગ ધ્વારા સદર અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય કે અન્ય કોઈ નકલો પુરી પાડવાની રહેતી ન હોય, સદર અપીલ અરજી દફતરે કરી નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે. વધુમાં આ હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજ્ય કક્ષાની કચેરી, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર– ૩૮૨૦૧૦ ખાતે અરજદાર બીજી અપીલ કરી શકે છે.

**(એસ.એચ.વ્યાસ)**
**અપીલ અધિકારી અને પર્સોનલ ઓફિસર (મહેકમ)**
**સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત**
**ફોન નં.(૦૨૬૧)૨૪૨૩૭૫૧ થી ૫૬ એક્ષટે.નં.૫૧૯**

નં.જીએડી/ઇએસટી/૪૩૦૮
તા.૦૫/૦૯/૨૦૧૯

**નકલ રવાનાઃ** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મધ્યસ્થ મહેકમ વિભાગ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાનાઃ** શ્રી કિર્તી એચ. ગજેરા, પ્રતિ....જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | **સુરત મહાનગરપાલિકા,**<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ, સુરત – ૩૯૫ ૦૦૩. |

**અપીલ અરજી નં.૧૮/૧૯–૨૦**

**અરજદાર :** શ્રી સજીવ ઈઝાવા

**સામાવાળા :** સેકશન ઓફીસર (મધ્યસ્થ મહેકમ વિભાગ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષય:–** શ્રી સજીવ ઈઝાવાની મુળ અરજી આઈ.ડી.નં.૯૨૬ તા.૦૬/૦૭/૧૯ સંદર્ભે કરેલ અપીલ અરજી બાબત.

**સંદર્ભ:–** અરજદાર મજકુરની તા.૧૯/૦૮/૧૯ ની અપીલ અરજી No.SMC/GAD/FAP/18/19-20.

અરજદારશ્રી સજીવ ઈઝાવાએ મુળ અરજી આઈ.ડી.નં.૯૨૬ તા.૦૬/૦૭/૧૯થી મુખ્ય જાહેર માહિતી અધિકારીશ્રી, સુરત મહાનગરપાલિકા, સુરતને સંબોધીને સેન્ટ્રલ ઝોન સીટી સીવીક સેન્ટર ખાતે કરેલ. જે નં.સીસીસી/સેઝોન/૯૨૬ તા.૦૬/૦૭/૧૯ થી ફાયર ખાતુ, મધ્યસ્થ મહેકમ તથા રીક્રુટમેન્ટ વિભાગને તબદીલ કરેલ. જે અરજી ફાયર એન્ડ ઈમરજન્સી સવિસીસ વિભાગ ધ્વારા નં.૧૨૪૪ તા.૧૬/૭/૧૯ થી મધ્યસ્થ મહેકમ વિભાગ તથા રીક્રુટમેન્ટ વિભાગને તબદીલ કરેલ. જે મધ્યસ્થ મહેકમ વિભાગને તા.૧૬/૭/૧૯ના રોજ પ્રાપ્ત થયેલ. અરજદારે સદર અરજી ધ્વારા ફાયર વિભાગને લાગત મુદ્દા નં.૧ થી ૯ ની માહિતીની માંગણી કરેલ. જે અંતર્ગત જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર, મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઇએસટી/૩૪૫૮ તા.૩૧/૭/૧૯ થી લાગત મુદ્દા નં.૨,૩,૮ અને ૯ ની માહિતી/પુર્તતા સમયમર્યાદામાં પાઠવવામાં આવેલ. જે પાઠવવામાં આવેલ માહિતી/પુર્તતા પત્રથી નારાજ થઈ તા.૧૯/૮/૧૯ ના રોજ પ્રથમ અપીલ અરજી દાખલ કરી અપીલ તબકકે "સંતોષકારક માહિતી મળેલ નથી. સુરત મહાનગરપાલિકાના અધિકારીઓ સામે ભ્રષ્ટાચારના આરોપો છેલ્લા ઘણા વર્ષોથી લાગેલા છે. ફાયર ખાતામાં કર્મચારીઓની ભરતી, બઢતીમાં માપદંડનો યોગ્ય પાલન થતુ નથી અને ભરતી અને પ્રમોશનમાં ખુબ મોટા પાયે ભ્રષ્ટાચાર થયેલ હોય એવી શંકા છે. પટ્ટાવાળાથી લઈ ઉચ્ચમાં ઉચ્ચ અધિકારી સુધી બે ફામ ભ્રષ્ટાચાર કરી રહયા છે. જે અધિકારીઓના નામ અન્ય વિગતો જણવાનો હકક જાહેર જનતાને છે. જેથી આ એક જાહેર હિતાની અરજી ગણાય. સાંસદ અને રાજ્ય વિધાનસભાને નકારી ન શકાય જે આરટીઆઈ એક્ટ ૮(૧)(જ)માં સ્પષ્ટ કરેલ છે. માંગણી:આરટીઆઈ એકટ મુજબ મળવાપાત્ર માહિતી આપવા માટે જાહેર માહિતી અધિકારીને સુચના આપવા અને જે કોઈ માહિતી આપવાની થતી હોય તે આરટીઆઈ સેકશન એકટ ૭(૬) મુજબ વિના મુલ્યે આપવા માટેનો હુકમ કરવા વિનંતી." તેમ જણાવેલ છે.

અરજદાર મજકુરની મુળ આઈ.ડી. અંગે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(મહેકમ) ધ્વારા ઉકત નિયત નમુના–ગ પત્રથી મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત મુદ્દા નં.૨, ૩ તથા ૯ ની માંગવામાં આવેલ માહિતીની વિગતે સંયુકત માહિતી/પુર્તતામાં જણાવેલ છે કે "ફાયર અને ઈર્મજન્સી ખાતાના કર્મચારીઓના ખાતાકીય પ્રમોશન, કર્મચારી/અધિકારીની કરવામાં આવેલ નિમણુંક તથા બદલી અંગેની માંગવામાં આવેલ માહિતીની વિગતે જણાવવાનું કે, નામ. ગુજરાત રાજય માહિતી આયોગના માન.રાજય માહિતી કમિશનરશ્રી ધ્વારા એક આર.ટી.આઈ. અરજી સંદર્ભે નામ. સુપ્રિમ કોર્ટના સિવિલ અપીલ નં.૨૨ ઓફ ૨૦૦૯ કેનેરા બેંક વર્સીસ સી. એસ. શ્યામ એન્ડ અધર તા.૩૧/૦૮/૨૦૧૭ ના ચુકાદાનું અનુસંધાન લઈ તા.૦૨/૦૨/૨૦૧૯ ના રોજ કરેલ હુકમમાં ખુબ જ સ્પષ્ટપણે જણાવેલ છે કે કર્મચારીઓની અંગત બાબતો, નોકરીમાં જોડાયા તારીખ, બઢતીની વિગત, કચેરીમાં જોડાયાની તારીખ, ટ્રાન્સફરના હુકમો વિગેરે તેમની અંગત માહિતી છે. આ પ્રકારની માહિતી એ જે તે કર્મચારી અને તેમના નોકરીદાતા વચ્ચેની છે જે કામગીરી સેવા નિયમો હેઠળ નિયંત્રિત થાય છે. જેથી માહિતી અધિકાર અધિનિયમની કલમ ૮(૧) (ઠ) હેઠળ જાહેર કરી શકાય નહી. તેમજ આ મુજબની માંગવામાં આવેલ માહિતીમાં જાહેર હિત સમાયેલુ હોવુ જોઈએ. અરજદાર આવી માહિતી પોતાના અધિકાર તરીકે માંગી શકે નહી. તે બાબતો ઘ્યાને લેતા અરજદાર ધ્વારા પ્રસ્તુત મુદ્દા નં.૨, ૩ તથા ૯ મુજબની માંગવામાં આવેલ સમગ્ર માહિતીમાં કોઈપણ પ્રકારનું જાહેર હિત સમાયેલ હોવાનું પ્રસ્થાપિત થતુ નથી કે અરજદાર ધ્વારા પ્રસ્થાપિત કરવામાં આવેલ હોવાનુ જણાતુ ન હોય, તેમજ માંગવામાં આવેલ માહિતી જે તે કર્મચારી અને તેમના નોકરીદાતા વચ્ચેની છે જે કામગીરી સેવા નિયમો હેઠળ નિયંત્રિત હોય, તે બાબતો ઘ્યાને લેતા પ્રસ્તુત મુદ્દાઓથી માંગ્યા મુજબની માહિતી આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ઠ) મુજબ ત્રાહિત પક્ષકારને પુરી પાડવા જોગ નથી. આ બાબતે રાજય માહિતી અયોગના ઉકત હુકમની નકલ અવલોકનાર્થે આ સાથે સામેલ છે." તથા લાગત મુદ્દા નં.૮ની માંગેલ માહિતીમાં "સુરત મહાનગરપાલિકા સ્વાયત સંસ્થા હોય બદલી અંગે અલગથી કોઈ નિયમો ઘડવામાં આવેલ નથી કે તે બાબતેના અલગથી કોઈ પરિપત્ર કે ઠરાવ થયેલ હોવાનું જણાતુ નથી. તેમજ સુરત મહાનગરપાલિકામાં BPMC Act & GPMC Act ના કાયદા મુજબ બદલી કરવામાં આવતી નથી." તેમ જણાવવામાં આવેલ છે.

ઉપરોકત હકીકત ઘ્યાને લેતા માંગવામાં આવેલ માહિતીની વિગત બાબતે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) ધ્વારા ઉકત પત્રથી **<u>મુદ્દા નં.૨,૩ અને ૯</u>** બાબતે કરવામાં આવેલ સંયુકત પુર્તતા/માહિતી યોગ્ય અને ઉચિત જણાય છે. કારણ કે કર્મચારીઓના ખાતાકીય પ્રમોશન, કર્મચારી/અધિકારીની કરવામાં આવેલ નિમણુંક તથા બદલી અંગેની માંગવામાં આવેલ માહિતીની વિગતે નામ. સુપ્રિમ કોર્ટના ઉકત ઉલ્લેખીત ચુકાદા ઘ્યાને લેતા તથા માહિતી અધિકાર અધિનિયમની કલમ ૮(૧)(ઠ) હેઠળ જાહેર કરી શકાય નહી. ઉકત મુદ્દાઓથી માંગવામાં આવેલ સમગ્ર માહિતીમાં કોઈપણ પ્રકારનું જાહેર હિત સમાયેલ હોવાનું પ્રસ્થાપિત થતુ નથી તેમજ માંગવામાં આવેલ સમગ્ર માહિતી જે તે કર્મચારી અને તેમના નોકરીદાતા વચ્ચેની છે જે કામગીરી સેવા નિયમો હેઠળ નિયંત્રિત હોય, તે બાબતો ઘ્યાને લેતા પ્રસ્તુત મુદ્દાઓથી માંગ્યા મુજબની માહિતી આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ઠ) મુજબ ત્રાહિત પક્ષકારને પુરી પાડવા જોગ નથી. તથા **<u>મુદ્દા નં.૮</u>** બાબતે કરેલ પુર્તતા યોગ્ય અને ઉચિત જણાય છે. કારણે કે સુરત મહાનગરપાલિકાએ એક સ્વાયત સંસ્થા હોય બદલી અંગે અલગથી કોઈ નિયમો ઘડવામાં આવેલ નથી કે તે બાબતેના અલગથી કોઈ પરિપત્ર કે ઠરાવ થયેલ હોવાનું જણાતુ નથી. તેમજ સુરત મહાનગરપાલિકામાં BPMC Act & GPMC Act ના કાયદા મુજબ બદલી કરવામાં આવતી નથી. જે ઘ્યાને લેતા મધ્યસ્થ મહેકમ વિભાગ કક્ષાએથી પ્રસ્તુત અપીલ અરજી પરત્વે વધુ કોઈ કાર્યવાહી કરવા જોગ જણાતી ન હોય, જે અપીલ અરજી દફતરે કરવા જોગ જણાય છે. આમ, ઉપરોકત તમામ હકીકત ઘ્યાને લેતા મધ્યસ્થ મહેકમ વિભાગ ધ્વારા સદર અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય કે અન્ય કોઈ નકલો પુરી પાડવાની રહેતી ન હોય, સદર અપીલ અરજી દફતરે કરવા જોગ જણાય છે.

**<u>–: હુકમ :–</u>**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકતો ઘ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી સજીવ ઈઝાવાએ મુળ અરજી આઈ.ડી.નં.૯૨૬ તા.૦૬/૦૭/૧૯થી ફાયર એન્ડ ઈમરજન્સી સવિસીસ વિભાગ સંદર્ભે મુદ્દા નં.૧ થી ૯ ની માહિતીની માંગણી કરેલ. જે અંતર્ગત જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર, મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી લાગત **<u>મુદ્દા નં.૨,૩ અને ૯</u>** બાબતે નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઇએસટી/૩૪૫૪ તા.૩૧/૭/૧૯ થી માહિતી/પુર્તતા સમયમર્યાદામાં પાઠવવામાં આવેલ છે. સદર પાઠવેલ માહિતી/પુર્તતા યોગ્ય અને ઉચિત જણાય છે. કારણ કે કર્મચારીઓના ખાતાકીય પ્રમોશન, કર્મચારી/ અધિકારીની કરવામાં આવેલ નિમણુંક તથા બદલી અંગેની માહિતી નામ. સુપ્રિમ કોર્ટના ઉકત ઉલ્લેખીત ચુકાદા ઘ્યાને લેતા તથા માંગેલ માહિતીમાં કોઈપણ પ્રકારનું જાહેર હિત સમાયેલ હોવાનું પ્રસ્થાપિત થતુ નથી તેમજ સદર માહિતી કર્મચારી અને તેમના નોકરીદાતા વચ્ચેની છે જે કામગીરી સેવા નિયમો હેઠળ નિયંત્રિત હોય, તે બાબતો પણ ઘ્યાને લેતા સદર માહિતી આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ઠ) મુજબ ત્રાહિત પક્ષકારને પુરી પાડવા જોગ નથી. તથા **<u>મુદ્દા નં.૮</u>** બાબતે કરેલ પુર્તતા યોગ્ય અને ઉચિત જણાય છે. કારણે કે સુરત મહાનગરપાલિકાએ એક સ્વાયત સંસ્થા હોય બદલી અંગે અલગથી કોઈ નિયમો ઘડવામાં આવેલ નથી કે તે બાબતેના અલગથી કોઈ પરિપત્ર કે ઠરાવ થયેલ હોવાનું જણાતુ નથી. તેમજ સુરત મહાનગરપાલિકામાં BPMC Act & GPMC Act ના કાયદા મુજબ બદલી કરવામાં આવતી નથી. વધુમાં

| | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | **સુરત મહાનગરપાલિકા,**<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ, સુરત – ૩૯૫ ૦૦૩. |
|---|---|---|---|

અરજદારે અપીલ તબકકે ભ્રષ્ટાચાર સબંધી કરેલ આક્ષેપો આધાર/પુરાવા વિનાના હોય તેમજ તે મુજબના આક્ષેપોને આર.ટી.આઈ. હેઠળની સદર મુળ અરજીની પુરી પાડવા જોગ મહિતી સાથે કોઈ લેવાદેવા હોવાનુ જણાતુ ન હોય, જે ગ્રાહય રાખવા જોગ નથી. આમ, ઉપરોકત તમામ હકીકત ધ્યાને લેતા સદર અપીલ અરજી અંગે મધ્યસ્થ મહેકમ કક્ષાએથી વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય કે વધુ કોઈ દસ્તાવેજો કે નકલો પુરી પાડવાની રહેતી ન હોય, જેથી સદર અપીલ અરજી દફતરે કરવા જોગ જણાતી હોય, જે દફતરે કરી નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે. વધુમાં આ હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર– ૩૮૨૦૧૦ ખાતે અરજદાર બીજી અપીલ કરી શકે છે.

**(એસ.એચ.વ્યાસ)**
**અપીલ અધિકારી અને પર્સોનલ ઓફિસર(મહેકમ)**
**સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત**
**ફોન નં.(૦૨૬૧)૨૪૨૩૭૫૧ થી ૫૬ એક્ષટે.નં.૫૧૯**

નં.જીએડી/ઇએસટી/૪૪૨૨
તા.૦૯/૦૯/૨૦૧૯

**નકલ રવાના:** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મધ્યસ્થ મહેકમ વિભાગ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાના:** શ્રી સજીવ ઈઝાવા, પ્રતિ....જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | **સુરત મહાનગરપાલિકા,**<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ, સુરત – ૩૯૫ ૦૦૩. |

**અપીલ અરજી નં.૧૯/૧૯–૨૦**

**અરજદાર :** શ્રી સજીવ ઈઝાવા
**સામાવાળા :** સેકશન ઓફીસર (મધ્યસ્થ મહેકમ વિભાગ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષય:–** શ્રી સજીવ ઈઝાવાની મુળ અરજી આઈ.ડી.નં.૯૨૪ તા.૩૦/૦૭/૧૯ સંદર્ભે કરેલ અપીલ અરજી બાબત.
**સંદર્ભ:–** અરજદાર મજકુરની તા.૧૯/૦૮/૧૯ ની અપીલ અરજી No.SMC/GAD/FAP/19/19-20.

અરજદારશ્રી સજીવ ઈઝાવાએ મુળ અરજી આઈ.ડી.નં.૯૨૪ તા.૦૬/૦૭/૧૯થી મુખ્ય જાહેર માહિતી અધિકારીશ્રી, સુરત મહાનગરપાલિકા, સુરતને સંબોધીને સેન્ટ્રલ ઝોન સીટી સીવીક સેન્ટર ખાતે કરેલ. જે નં.સીસીસી/સેઝોન/૯૨૪ તા.૦૯/૦૭/૧૯ થી મધ્યસ્થ મહેકમ વિભાગને તબદીલ કરાતા જે તા.૯/૭/૧૯ના રોજ પ્રાપ્ત થયેલ. અરજદારે સદર અરજી ધ્વારા કર્મચારી અધિકારી બાબતમાં એસીબીના થયેલા કેસ બાબતે મુદ્દા નં.૧ થી ૪ ની માહિતીની માંગણી કરેલ. જે અંતર્ગત જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર, મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઇએસટી/૩૩૯૪ તા.૩૦/૭/૧૯ થી લાગત મુદ્દાઓની માહિતી/પુર્તતા સમયમર્યાદામાં પાઠવવામાં આવેલ. જે પાઠવવામાં આવેલ માહિતી/પુર્તતા પત્રથી નારાજ થઈ તા.૧૯/૮/૧૯ ના રોજ પ્રથમ અપીલ અરજી દાખલ કરી અપીલ તબકકે "સંતોષકારક માહિતી મળેલ નથી. સુરત મહાનગરપાલિકાના અધિકારીઓ સામે ભ્રષ્ટાચારના આરોપો છેલ્લા ઘણા વર્ષોથી લાગેલા છે. પટ્ટાવાળાથી લઈ ઉચ્ચમાં ઉચ્ચ અધિકારી સુધી બે ફામ ભ્રષ્ટાચાર કરી રહયા છે. જાહેર જનતા ભ્રષ્ટાચારની અંત લાવવા પ્રયત્ન કરતા હોય ત્યારે કોઈપણ બાના બનાવી કરેલ પાપનો ઘડો ફોડવા માટે માહિતી નહી આપવુ કાયદાની વિરૂધ્ધ છે. આ પ્રકારના જાહેર હિતવાળી માહિતી અટકાવવાની કોઈ સત્તા આર.ટી.આઈ. એકટમાં જોગવાઈ નથી. જે ભ્રષ્ટાચાર અધિકારીઓના નામ, અન્ય વિગતો જાણવાનો હકક જાહેર જનતાને છે. જેથી આ એક જાહેર હિતની અરજી ગણાય છે. સાંસદ અને રાજ્ય વિધાનસભાને નકારી ન શકાય. જે આરટીઆઈ એકટ ૮(૧)(જ)માં સ્પષ્ટ કરેલ છે. માંગણી: આરટીઆઈ એકટ મુજબ મળવાપાત્ર માહિતી આપવા માટે જાહેર માહિતી અધિકારીને સુચના આપવા અને જે કોઈ માહિતી આપવાની થતી હોય તે આરટીઆઈ સેકશન એકટ ૭(૬) મુજબ વિના મુલ્યે આપવા માટેનો હુકમ કરવા વિનંતી." તેમ જણાવેલ છે.

અરજદાર મજકુરની મુળ આઈ.ડી. અંગે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(મહેકમ) ધ્વારા ઉકત નિયત નમુના–ગ પત્રથી મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત મુદ્દા નં.૧ થી ૪ ની માંગવામાં આવેલ માહિતીની વિગતે જણાવેલ છે કે "પ્રસ્તુત મુદ્દા નં.૧ થી ૪ મુજબની માંગવામાં આવેલ માહિતીને જાહેર ગતિવિધિ અથવા જાહેર હિત સાથે કોઈપણ પ્રકારનો સંબધ હોવાનું જણાતુ ન હોય તેમજ ત્રાહિત પક્ષકારને તેવી માહિતી આપવાથી સંબધીતના વ્યકતિગત/અંગત જીવનમાં અનધિકૃત દખલ ઉભી થવાની શકયતા રહેતી હોય, પ્રસ્તુત માંગ્યા મુજબની માહિતી આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ચ)(ઠ) મુજબ ત્રાહિત પક્ષકારને પુરી પાડવા જોગ નથી. વધુમાં પ્રસ્તુત મુદ્દાથી માંગવામાં આવેલ માહિતી સંદર્ભેના માહિતી અધિકાર અધિનિયમ સાથે સંકળાયેલા એક મહત્વપુર્ણ કેસ SCP SLP (CIVIL) 27734 Of 2012 માં નામદાર સુપ્રિમ કોર્ટે તા.૩/૧૦/૧૨ ના રોજ આપેલ ચુકાદામાં જણાવેલ છે કે કોઈપણ સરકારી અધિકારી વિરુધ્ધની તપાસ/ફરિયાદ અંગેની માહિતી એ તેઓની "અંગત" માહિતી ગણાય, જે માહિતી આપી શકાય નહી. તેમજ તે માહિતી અધિકાર અધિનિયમ અન્વયે "As a matter of right" માંગી શકાય નહી. આ બાબતે રાજય માહિતી આયોગમાં દાખલ કરવામાં આવેલ બીજી અપીલ નંબર અ–૩૭૧૫–૨૦૧૬ અનુસંધાને ગુજરાત રાજય માહિતી આયોગના માન.રાજય માહિતી કમિશ્નરશ્રી ધ્વારા આપવામાં આવેલ ચુકાદો/ હુકમની નકલ અવલોકનાર્થે આ સાથે સામેલ છે." તેમ સંયુકત માહિતી/પુર્તતામાં જણાવેલ છે.

ઉપરોકત હકીકત ધ્યાને લેતા માંગવામાં આવેલ માહિતીની વિગત બાબતે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) ધ્વારા ઉકત પત્રથી મુદ્દા નં.૧ થી ૪ બાબતે કરવામાં આવેલ સંયુકત પુર્તતા/માહિતી યોગ્ય અને ઉચિત જણાય છે. કારણ કે આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ચ)(ઠ) મુજબ ત્રાહિત પક્ષકારને પુરી પાડવા જોગ નથી. વધુમાં પ્રસ્તુત મુદ્દાથી માંગવામાં આવેલ માહિતી સંદર્ભેના માહિતી અધિકાર અધિનિયમ સાથે સંકળાયેલા એક મહત્વપુર્ણ કેસ SCP SLP (CIVIL) 27734 Of 2012 માં નામ.સુપ્રિમ કોર્ટે તા.૦૩/૧૦/૨૦૧૨ ના રોજ આપેલ ચુકાદામાં જણાવેલ છે કે કોઈપણ સરકારી અધિકારી વિરુધ્ધની તપાસ/ફરિયાદ અંગેની માહિતી એ તેઓની "અંગત" માહિતી ગણાય, જે માહિતી આપી શકાય નહી. તેમજ તે માહિતી અધિકાર અધિનિયમ અન્વયે "As a matter of right" માંગી શકાય નહી. આ બાબતે રાજય માહિતી આયોગમાં દાખલ કરવામાં આવેલ બીજી અપીલ નંબર અ–૩૭૧૫–૨૦૧૬ અનુસંધાને ગુજરાત રાજય માહિતી આયોગના માન.રાજય માહિતી કમિશ્નરશ્રી ધ્વારા આપવામાં આવેલ ચુકાદો/ હુકમની નકલ અવલોકનાર્થે પુરા પાડવામાં આવેલ છે. અરજદારે અપીલ તબકકે ભ્રષ્ટાચાર સબંધી કરેલ આક્ષેપો અને સદર અરજી જાહેર હિત સાથે સંકળાયેલ હોવા બાબત કરેલ રજુઆત તથા જાહેર હિતવાળી માહિતી અટકાવવાની કોઈ સત્તા આર.ટી.આઈ. એકટમાં જોગવાઈ નથી તેમ જણાવેલ છે. પરંતુ અરજદારે તેઓની આ મુજબની કરેલ રજુઆતના સમર્થનમાં કોઈ આધારા/પુરાવા રજુ કરેલ ન હોય, ઉકત રજુઆત ગ્રાહય રાખવા જોગ જણાતી નથી. જે ધ્યાને લેતા મધ્યસ્થ મહેકમ વિભાગ કક્ષાએથી પ્રસ્તુત અપીલ અરજી પરત્વે કોઈ કાર્યવાહી કરવા જોગ જણાતુ ન હોય, જે અપીલ અરજી દફતરે કરવા જોગ જણાય છે. આમ, ઉપરોકત તમામ હકીકત ધ્યાને લેતા મધ્યસ્થ મહેકમ વિભાગ ધ્વારા સદર અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય કે અન્ય કોઈ નકલો પુરી પાડવાની રહેતી ન હોય, સદર અપીલ અરજી દફતરે કરવા જોગ જણાતી હોય, દફતરે કરવા જોગ જણાય છે.

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકતો ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી સજીવ ઈઝાવાએ મુળ અરજી આઈ.ડી.નં.૯૨૪ તા.૦૬/૦૭/૧૯થી કર્મચારી અધિકારી બાબતમાં એસીબીના થયેલા કેસ બાબતે મુદ્દા નં.૧ થી ૪ ની કરવામાં આવેલ સંયુકત પુર્તતા/માહિતી આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ચ)(ઠ) મુજબ ત્રાહિત પક્ષકારને પુરી પાડવા જોગ નથી. વધુમાં નામ.સુપ્રિમ કોર્ટે તા.૦૩/૧૦/૨૦૧૨ ના રોજ આપેલ ચુકાદામાં જણાવેલ છે કે કોઈપણ સરકારી અધિકારી વિરુધ્ધની તપાસ/ફરિયાદ અંગેની માહિતી એ તેઓની "અંગત" માહિતી ગણાય, જે માહિતી આપી શકાય નહી. તેમજ તે માહિતી અધિકાર અધિનિયમ અન્વયે "As a matter of right" માંગી શકાય નહી. આ બાબતે રાજય માહિતી આયોગે બીજી અપીલ નંબર અ–૩૭૧૫–૨૦૧૬ અનુસંધાને માન.રાજય માહિતી કમિશ્નરશ્રી ધ્વારા આપવામાં આવેલ ચુકાદો/ હુકમની નકલ અવલોકનાર્થે પુરા પાડવામાં આવેલ છે. અરજદારે અપીલ તબકકે ભ્રષ્ટાચાર સબંધી કરેલ આક્ષેપો અને સદર અરજી જાહેર હિત સાથે સંકળાયેલ હોવા બાબતની તથા જાહેર હિતવાળી માહિતી અટકાવવાની કોઈ સત્તા આર.ટી.આઈ. એકટમાં જોગવાઈ નથી તેમ જણાવેલ છે.પરંતુ અરજદારે તેઓની આ મુજબની કરેલ રજુઆતના સમર્થનમાં કોઈ આધારા/પુરાવા રજુ કરેલ ન હોય, ઉકત રજુઆત ગ્રાહય રાખવા જોગ જણાતી નથી. આમ, ઉપરોકત તમામ હકીકત ધ્યાને લેતા સદર અપીલ અરજી અંગે મધ્યસ્થ મહેકમ કક્ષાએથી વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન

હોય કે વધુ કોઈ દસ્તાવેજો કે નકલો પુરી પાડવાની રહેતી ન હોય, જેથી સદર અપીલ અરજી દફતરે કરવા જોગ જણાતી હોય, જે દફતરે કરી નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે. વધુમાં આ હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજ્ય કક્ષાની કચેરી, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર– ૩૮૨૦૧૦ ખાતે અરજદાર બીજી અપીલ કરી શકે છે.

**(એસ.એચ.વ્યાસ)**
**અપીલ અધિ કારી અને પર્સોનલ ઓફિસર(મહેકમ)**
**સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત**
**ફોન નં.(૦૨૬૧)૨૪૨૩૭૫૧ થી ૫૬ એક્ષટે.નં.૫૧૯**

નં.જીએડી/ઇએસટી/૪૪૨૩
તા. ૦૯/૦૯/૨૦૧૯

**નકલ રવાના:** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મધ્યસ્થ મહેકમ વિભાગ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાના:** શ્રી સજીવ ઈઝાવા, પ્રતિ....જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | **સુરત મહાનગરપાલિકા,**<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ, સુરત – ૩૯૫ ૦૦૩. |

**અપીલ અરજી નં.૨૦/૧૯–૨૦**

**અરજદાર :** શ્રી ફીરોઝખાન એસ.બાબી

**સામાવાળા :** સેકશન ઓફીસર (મધ્યસ્થ મહેકમ વિભાગ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષય:–** શ્રી ફીરોઝખાન એસ.બાબીની મુળ અરજી આઈ.ડી.નં.૯૮૫ તા.૧૨/૦૭/૧૯ સંદર્ભે કરેલ અપીલ અરજી બાબત.

**સંદર્ભ:–** અરજદાર મજકુરની તા.૨૯/૦૮/૧૯ ની અપીલ અરજી No.SMC/GAD/FAP/20/19-20.

અરજદાર શ્રી ફીરોઝખાન એસ.બાબીએ મુળ આઈ.ડી.નં.૯૮૫ તા.૧૨/૭/૧૯ થી એકઝી.આસી.શ્રી પી.આર.પ્રસાદ બાબતે માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી અને પી.ઓ.શ્રી સેન્ટ્રલ ઝોનને સંબોધીને સેન્ટ્રલ ઝોન સીટી સીવીક સેન્ટર ખાતે કરેલ. જે સીટી સીવીક સેન્ટર ધ્વારા નં.સીસીસી/સીઝેડ/૯૮૫ તા.૧૫/૭/૧૯ થી સેન્ટ્રલ ઝોન તથા મધ્યસ્થ મહેકમ વિભાગને તબદીલ કરેલ. જે મહેકમ વિભાગને તા.૧૫/૦૭/૧૯ના રોજ પ્રાપ્ત થયેલ જે આ સાથે સામેલ છે. આ સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર, મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઇએસટી/૩૬૦૧ તા.૦૬/૦૮/૧૯ થી માહિતી/ પુર્તતા સમયમર્યાદામાં પાઠવવામાં આવેલ. જે પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતાથી નારાજ થઈ તા.૨૯/૮/૧૯ના રોજ પ્રથમ અપીલ અરજી દાખલ કરી, અપીલ તબકકે "માહિતી અધુરી આપેલ છે. એકઝીકયુટીવ આસીસ્ટન્ટ શ્રી પી.આર.પ્રસાદ નાગરિક સુવિધા કેન્દ્રનાની શૈક્ષણિક લાયકાતના અને અનુભવના સર્ટીફીકેટોની અમો અરજદારને આર.ટી.આઈ.એકટ ૨૦૦૫ની કલમ ૮,૯,૧૧ના અન્વયે અમો અરજદારોની સ્વતંત્ર હકક અધિકાર માહિતીની નકલોની સંપૂર્ણ વિગતવાર માહિતી આપવા વિનંતી" તે મુજબની રજુઆત કરેલ છે.

ઉપરોકત હકીકત ધ્યાને લેતા, અરજદાર મજકુરની મુળ આઈ.ડી.થી મુદ્દા નં.૧ થી "એકઝીકયુટીવ આસીસ્ટન્ટ શ્રી પી. આર.પ્રસાદ નાગરિક સુવિધા કેન્દ્રનાની શૈક્ષણિક લાયકાતના અને અનુભવના સર્ટીફીકેટોની અમો અરજદારને આર.ટી.આઈ.એકટ ૨૦૦૫ની કલમ ૮, ૯, ૧૧ ના અન્વયે અમો અરજદારોની સ્વતંત્ર હકક અધિકાર માહિતીની નકલોની સંપૂર્ણ વિગતવાર માહિતી આપવા વિનંતી છે."ની માહિતી માંગેલ. જે સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) ધ્વારા ઉકત નિયત નમુના–ગ થી પુર્તતામાં "પ્રસ્તુત મુદ્દાથી માંગવામાં આવેલ માહિતીમાં અંડરલાઈન કરેલ મધ્યસ્થ મહેકમ વિભાગને અંશતઃ લાગત લાયકાત અને અનુભવના સર્ટીફીકેટોની નકલની માંગવામાં આવેલ માહિતીની વિગતે જણાવવાનું કે સુરત મહાનગપાલિકામાં કોઈપણ અધિકારી/કર્મચારીએ તેમની નિમણૂંક સંદર્ભે રજુ કરેલ શૈક્ષણિક લાયકાતના પુરાવાઓ કે અન્ય કોઈપણ દસ્તાવેજો એ તેઓનો અંગત પ્રકારનો ડોકયુમેન્ટ હોય જે વિશ્વસનીય સંબધોને આધારે અત્રેની કચેરીને તેઓની નિમણુંકના હેતુસર ઉપલબ્ધ થયેલ હોય તેમજ તેઓની સર્વિસબુક એ જે તે અધિકારી/કર્મચારી અને તેમના નોકરીદાતા વચ્ચેની છે જે કામગીરી સેવા નિયમો હેઠળ નિયંત્રિત થાય છે. જેને જાહેર ગતિવિધિ અથવા હિત સાથે કોઈપણ પ્રકારનો સંબંધ ધરાવતી હોવાનું જણાતુ ન હોય, જે આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ચ) અને (ઠ) મુજબ ત્રાહિત વ્યકિતને આપી શકાય નહી કે આપવુ હિતાવહ જણાતુ નથી" તેમ જણાવી માહિતી/પુર્તતા પાઠવવામાં આવેલ.

ઉકત પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા યોગ્ય અને ઉચિત જણાય છે. કારણકે, સુરત મહાનગપાલિકામાં કોઈપણ અધિકારી/કર્મચારીએ તેમની નિમણૂંક સંદર્ભે રજુ કરેલ દસ્તાવેજો એ અંગત પ્રકારના હોય જે તેઓની નિમણુંકના હેતુસર ઉપલબ્ધ થયેલ હોય જે ત્રાહિત વ્યકિતને આપી શકાય નહી તેમજ ઉકત માહિતીને જાહેર ગતિવિધિ અથવા હિત સાથે કોઈપણ પ્રકારનો સબંધ હોવાનું જણાતુ ન હોય મજકુર અધિકારીના શૈક્ષણિક લાયકાત/અનુભવના પ્રમાણપત્રો, માર્કશીટ, ડીગ્રી સર્ટીફીકેટ વિગેરે માંગ્યા મુજબની માહિતી આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ચ) અને (ઠ) મુજબ પુરી પાડવા જોગ જણાતી નથી. કારણકે શૈક્ષણિક લાયકાતના પુરાવા / પ્રમાણપત્રની માંગવામાં આવતી માહિતી બાબતે અત્રેથી ઉકત કલમને આધીન ઈન્કાર કરવામાં આવેલ એક આર.ટી.આઈ. અરજીને પડકારવા માટે રાજય માહિતી આયોગમાં દાખલ કરવામાં આવેલ બીજી અપીલ નં.અ–૫૬૧૩/૨૦૧૫ માં નામ.ગુજરાત રાજય માહિતી આયોગના રાજય માહિતી કમિશનરશ્રી ધ્વારા તા.૦૮/૧૨/૨૦૧૬ ના રોજ આપેલ ચુકાદામાં શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રો વિગેરે અંગત બાબત છે જે માહિતી અધિકાર અધિનિયમની કલમ ૮(૧)(ઠ) હેઠળ આપવાપાત્ર નથી, જે અપીલ અરજી દફતરે કરવા હુકમ કરેલ છે. તદઉપરાંત રાજય માહિતી આયોગમાં દાખલ કરવામાં આવેલ અન્ય એક અપીલ નં.અ–૧૫૦૩–૨૦૧૭ માં ગુજરાત રાજય માહિતી આયોગના મુખ્ય માહિતી કમિશનરશ્રી ધ્વારા ઉમેદવારના શૈક્ષણિક લાયકાતના પુરાવા/પ્રમાણપત્રની માંગવામાં આવેલ માહિતી, માહિતી અધિકાર અધિનિયમની કલમ ૮(૧)(ઠ) મુજબ અંગત પ્રકારની હોય આપવામાં આવી નથી, જે પ્રથમ અપીલ અધિકારીના નિર્ણય સાથે સંમત હોવાનુ જણાવી બીજી અપીલ દફતરે કરવા તા.૧૧/૦૧/૨૦૧૮ ના રોજ હુકમ કરેલ છે. જેની નકલ આ સાથે અવલોકનાર્થે પુરી પાડેલ છે. જે મુજબનો નામ.રાજય માહિતી આયોગનો હુકમ પ્રસ્તુત અપીલ અરજી સંદર્ભે ધ્યાને લેવા જોગ છે. આમ, ઉકત સમગ્ર હકીકત ધ્યાને લેતા અરજદારની મુળ અરજી પરત્વે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) ધ્વારા આર.ટી. આઈ. એકટની કલમ–૮(૧)(ચ) અને (ઠ)ની જોગવાઈઓને આધીન માહિતી/પુર્તતા નિયમાનુંસાર પુરી પાડેલ હોય, અરજદાર ધ્વારા કરવામાં આવેલ રજુઆત ગ્રાહય રાખવા જોગ જણાતી નથી. સદર અપીલ અરજી અંગે મધ્યસ્થ મહેકમ કક્ષાએથી વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય કે વધુ કોઈ દસ્તાવેજો કે નકલો પુરી પાડવાની રહેતી ન હોય, જેથી સદર અપીલ અરજી દફતરે કરી નિકાલ કરવા જોગ જણાય છે.

...૨.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | **સુરત મહાનગરપાલિકા,**<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ, સુરત – ૩૯૫ ૦૦૩. |




**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકતો ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી ફીરોઝખાન એસ.બાબીએ મુળ અરજી આઈ.ડી.નં.૯૮૫ તા.૧૨/૭/૧૯ થી એકઝી.આસી.શ્રી પી.આર.પ્રસાદ બાબતે માહિતી માંગેલ. જે સંદર્ભમાં જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) ધ્વારા નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઇએસટી/૩૬૦૧ તા.૦૬/૦૮/૧૯ થી મજકુર અધિકારીના શૈક્ષણિક લાયકાત /અનુભવના પ્રમાણપત્રો, માર્કશીટ, ડીગ્રી સર્ટીફીકેટ વિગેરે માંગ્યા મુજબની માહિતી આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ચ) અને (ઠ) મુજબ પુરી પાડવા જોગ જણાતી નથી. આ બાબતે રાજય માહિતી આયોગમાં દાખલ કરવામાં આવેલ બીજી અપીલ સંદર્ભે રાજય માહિતી કમિશનરશ્રી ધ્વારા તા.૦૮/૧૨/૨૦૧૬ ના રોજ આપેલ ચુકાદામાં બીજી અપીલ અરજી દફતરે કરવા હુકમ કરેલ છે. તેમજ અન્ય એક અપીલ નં.અ–૧૫૦૩–૨૦૧૭ માં શૈક્ષણિક લાયકાતના પુરાવા/ પ્રમાણપત્રો માહિતી અધિકાર અધિનિયમની કલમ ૮(૧)(ઠ) મુજબ અંગત પ્રકારની હોય આપવામાં આવી નથી, જે પ્રથમ અપીલ અધિકારીના નિર્ણય સાથે સંમત હોવાનુ જણાવી બીજી અપીલ દફતરે કરવા તા.૧૧/૦૧/૨૦૧૮ ના રોજ હુકમ કરેલ છે. જેની નકલ આ સાથે સામેલ છે. ઉકત સમગ્ર હકીકત ધ્યાને લેતા અરજદારની મુળ અરજી પરત્વે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) ધ્વારા આર.ટી. આઈ. એકટની કલમ–૮(૧)(ચ) અને (ઠ)ની જોગવાઈઓને આધીન તથા રાજય માહિતી આયોગના ઉકત ચુકાદાઓ ધ્યાને લેતા પાઠવવામાં આવેલ માહિતી/પુર્તતા યોગ્ય અને ઉચિત જણાય છે. જે ધ્યાને લેતા અરજદારે અપીલ તબકકે માહિતી અધુરી આપેલ હોવાની રજુઆત ગ્રાહય રાખવા જોગ જણાતી નથી. આમ, ઉપરોકત તમામ હકીકત ધ્યાને લેતા સદર અપીલ અરજી અંગે મધ્યસ્થ મહેકમ કક્ષાએથી વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય કે વધુ કોઈ દસ્તાવેજો કે નકલો પુરી પાડવાની રહેતી ન હોય, જેથી સદર અપીલ અરજી દફતરે કરવા જોગ જણાતી હોય, જે દફતરે કરી નિકાલ કરવામાં આવે છે. વધુમાં આ હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર– ૩૮૨૦૧૦ ખાતે અરજદાર બીજી અપીલ કરી શકે છે.

**(એસ.એચ.વ્યાસ)**
**અપીલ અધિ કારી અને પર્સોનલ ઓફિસર(મહેકમ)**
**સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત**
**ફોન નં.(૦૨૬૧)૨૪૨૩૭૫૧ થી ૫૬ એક્ષટે.નં.૫૧૯**

નં.જીએડી/ઇએસટી/૪૬૨૭
તા.૨૧/૦૯/૨૦૧૯

**નકલ રવાનાઃ** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મધ્યસ્થ મહેકમ વિભાગ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાનાઃ** શ્રી ફીરોઝખાન એસ.બાબી, પ્રતિ....જાણ માટે.

ફેક્સ : 91-0261-2422110
ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87

**સુરત મહાનગરપાલિકા,**
મહાનગર સેવા સદન,
મુગલસરાઈ, સુરત – ૩૯૫ ૦૦૩.

**અપીલ અરજી નં.૨૧/૧૯–૨૦**

**અરજદાર :** શ્રી આદેશ અર્જુનભાઈ સાબળે

**સામાવાળા :** સેકશન ઓફીસર (મધ્યસ્થ મહેકમ વિભાગ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષય:–** શ્રી આદેશ અર્જુનભાઈ સાબળેની મુળ અરજી આઈ.ડી.નં.૨૪૪ તા.૯/૮/૧૯ સંદર્ભે કરેલ અપીલ અરજી બાબત.

**સંદર્ભ:–** અરજદાર મજકુરની તા.૫/૯/૧૯ ની અપીલ અરજી No.SMC/GAD/FAP/21/19-20.

અરજદારશ્રી આદેશ અર્જુનભાઈ સાબળેએ મુળ અરજી આઈ.ડી.નં.૨૪૪ તા.૦૯/૦૮/૧૯ થી જાહેર માહિતી અધિકારીશ્રી,માન.મ્યુનિ.કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા, સુરતને સંબોધીને મધ્યસ્થ કચેરી ખાતે કરેલ. જે નં.સી/આરટીઆઈસેલ/૨૪૪ તા.૧૩/૦૮/૧૯ થી મધ્યસ્થ મહેકમ વિભાગને તબદીલ કરેલ. જે મધ્યસ્થ મહેકમ વિભાગને તા.૧૬/૮/૧૯ના રોજ પ્રાપ્ત થયેલ. અરજદારે સદર અરજી ધ્વારા મુદ્દા નં.૧ થી ૬ ની માહિતીની માંગણી કરેલ. જે અંતર્ગત જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર, મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઇએસટી/૪૦૦૯ તા.૨૩/૮/૧૯ થી માહિતી/પુર્તતા સમયમર્યાદામાં પાઠવવામાં આવેલ. જે પાઠવવામાં આવેલ માહિતી/પુર્તતા પત્રથી નારાજ થઈ તા.૫/૯/૧૯ ના રોજ પ્રથમ અપીલ અરજી દાખલ કરી અપીલ તબકકે "આપના વિભાગ/કચેરીના જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા અમોને અપુર્ણ અને તદન ખોટી માહિતી આપેલ છે. જેમાં અમારા ધ્વારા માંગ્યા મુજબની કોઈ સ્પષ્ટતા કરેલ નથી, અમો આથી પ્રથમ અપીલ અરજી દાખલ કરીએ છીએ." તેમ જણાવી પુરી પાડેલ માહિતી/પુર્તતા બાબતે અલગ અલગ વાંધાઓ ઉપસ્થિત કરેલ છે.

પ્રસ્તુત વિગતે મજકુર અરજદારની તા.૯/૮/૧૯ ની મુળ અરજી આઈ.ડી. નં.૨૪૪ અન્વયે મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત જણાતા મુદ્દા નં.૧ થી ૬ ની માંગેલ માહિતી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(મહેકમ) ધ્વારા ઉકત નિયત નમુના–ગ થી નીચે મુજબની પુર્તતા કરવામાં આવેલ. જે સંદર્ભે અરજદાર ધ્વારા અપીલ તબકકે કરેલ રજુઆતની ટુંકી વિગત તથા તે અંતર્ગત ખાતાકીય પુર્તતા તેની સામે દર્શાવવામાં આવેલ છે.

<table>
<tr><th>મુદ્દા નં.</th><th>માંગવામાં આવેલ માહિતીની વિગત તથા ખાતા ધ્વારા પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા</th><th>અરજદાર ધ્વારા અપીલ તબકકે કરેલ રજુઆતની ટુંકી વિગત</th><th>ખાતાકીય પુર્તતા</th></tr>
<tr><td>મુદ્દા નં.૧</td><td>વર્ષ ૨૦૧૬ થી આજ દિન સુધી સુરત મહાનગરપાલિકા ધ્વારા એચ.આર. મેનેજમેન્ટને કોન્ટ્રાકટ આપેલ હોય તેના કોન્ટ્રાકટ એમ.ઓ.યુ.ની પ્રમાણિત નકલ આપવી.</td><td rowspan="4">મુદ્દા નં.૧માં એમ.ઓ.યુ. ની પ્રમાણિત નકલ માંગેલ. જે કોન્ટ્રાકટ લેતી વખતે કરાર કરવો પડે છે. તે જાણવાનો સાવત્રિક અધિકાર હોય છે. જેમાં જીએસ/૨૧/૨૦૧૦/વીએચએસ/ ૧૦૦૫/૨૬૬૪ આરટીઆઈ સેલના ગુજરાત સરકાર ધ્વારા આપવામાં આવેલ નિયમ મુજબ ત્રાહિત પક્ષ સબંધિત કોઈ નિયમોનુ ઉલ્લંધન થતુ નહી. જાહેર માહિતી અધિકાર અધિનિયમ ૮(૧)(ચ) અને (ઠ)નુ કોઈ વિષય આવતો નથી.<br>મુદ્દા નં.૨ માં ફકત નામ, શૈક્ષણિક લાયકાત, મળતુ વેતન, ઓફીસ પર આવા જવાનો સમય તથા ફાળવેલ કામગીરીની માહિતી માંગેલ. જે સંપુર્ણ જાહેર પ્રકારની છે ખાનગી સ્વરૂપની નથી. તેમાં ગુપ્તતા રાખવા જેવી કોઈ બાબત નથી. જાહેર માહિતી અધિકાર અધિનિયમ ૮(૧)(ચ) અને (ઠ)નુ કોઈ વિષય આવતો નથી.<br>મુદ્દા નં.૩માં ફકત પી.એફ. અને ઈએસ આઈસી કાપવામાં આવતો છે કે નહિ તેની ફકત હા કે ના માં માહિતી માંગવામા આવેલ છે. અંગત કે ખાનગી માહિતી માંગેલ નથી. જાહેર માહિતી અધિકાર અધિનિયમ ૮(૧)(ચ) અને (ઠ)નુ કોઈ વિષય આવતો નથી.<br>કોન્ટ્રાકટ ધ્વારા કોઈ સુચના કે પત્ર આપેલ હોય તો અમોને સુચના કે પત્રની નકલ આપવી જોઈતી હતી. આરસીપીએસ એકટ અને જાહેર કરવાનો માહિતી અધિકાર નિયમ–૨૦૧૦ મુજબ જરૂરી છે. જાહેર માહિતી અધિકારીએ મોટી ભુલ અને બેદરકારી દર્શાવેલ છે.</td><td rowspan="4">જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી (મહેકમ) ધ્વારા મુદ્દા નં.૧ થી ૩ ની કરવામાં આવેલ સંયુકત પાઠવવામાં આવેલ પુર્તતા/ માહિતી યોગ્ય અને ઉચિત જણાય છે. કારણ કે, કોન્ટ્રાકટના એમ.ઓ.યુ. ની પ્રમાણિત નકલ, કોન્ટ્રાકટમાં કામ કરતાં કર્મચારીઓના નામ, તેમનો હોદ્દો, તેઓની શૈક્ષણિક લાયકાત, તેઓને મળતું વેતન અથવા ભથ્થું, તેઓને કામના સ્થળે આવવા જવાનો સમય, તેઓને ફાળવેલ કામગીરી તથા કોન્ટ્રાકટમાં કામ કરતાં કર્મચારીઓના પી.એફ. અને ઈ.એસ. આઈ.સી. કોન્ટ્રાકટ ધ્વારા જ કાપવામાં આવતો હોય છે. તેવી માહિતી કોન્ટ્રાકટરની એટલે કે ત્રાહિતને લગતી અંગત માહિતી હોય જે વિશ્વસનીય સંબધોને આધારે અત્રેની કચેરીને ઉપલબ્ધ થયેલ હોય, તેમજ આ પ્રકારની માહિતીને જાહેર ગતિવિધિ અથવા હિત સાથે કોઈપણ પ્રકારનો સંબધ હોવાનું જણાતુ ન હોય કોન્ટ્રાકટના એમ.ઓ.યુ. સંબધી માંગ્યા મુજબની માહિતી ત્રાહિત વ્યકિતને આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ચ) અને (ઠ) મુજબ પુરી પાડવા જોગ નથી. તથા તેઓ ધ્વારા આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ડી) તથા કલમ ૧૧(૧) મુજબ તેઓના ધંધાને લગતી માહિતી ફકત લાગત વિભાગ પુરતો જ ઉપયોગ કરવાનો હોય તથા આર.ટી.આઈ. એકટ ૨૦૦૫ હેઠળની અરજીના કોઈપણ અરજદારને નહી આપવા અત્રેની કચેરીને લેખિત પત્રથી આગોતરી સુચના આપેલ હોય, તે અંતર્ગત પણ સદર માંગ્યા મુજબની માહિતી આર.ટી.આઈ. હેઠળ ત્રાહિત વ્યકિત/અરજદારને પુરી પાડવા જોગ નથી. તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો અત્રેની કચેરીએ ઉપસ્થિત રહી સદર પત્રનું નિરીક્ષક કરી શકે છે. વધુમાં કોન્ટ્રાકટ ધ્વારા રોકવામાં આવેલ કર્મચારીઓના પગાર ચુકવણા, પી.એફ. તથા ઈ.એસ.આઈ. ની કપાત પણ કોન્ટ્રાકટર ધ્વારા જ કરવામાં આવતી હોય છે. વધુમાં સદર રોકવામાં આવેલ કર્મચારીઓની લાયકાત શરત નં.૧૭ મુજબ ગ્રેજયુએટની રાખવામાં આવેલ છે.</td></tr>
<tr><td>મુદ્દા નં.૨</td><td>વર્ષ ૨૦૧૬ થી આજ દિન સુધી સુરત મહાનગરપાલિકા ધ્વારા એચ.આર. મેનેજમેન્ટને કોન્ટ્રાકટ આપેલ હોય તેમાં કામ કરતાં કર્મચારીઓના નામ, તેમનો હોદ્દો, તેઓની શૈક્ષણિક લાયકાત, તેઓને મળતું વેતન અથવા ભથ્થું, તેઓને કામના સ્થળે આવા જવાનો સમય, તેઓને ફાળવેલી જે જે કામગીરી વિગેરે દરેક ઝોન મુજબની માહિતી સાથે પ્રમાણિત નકલ આપવી.</td></tr>
<tr><td>મુદ્દા નં.૩</td><td>સુરત મહાનગરપાલિકા ધ્વારા એચ.આર.મેનેજમેન્ટને કોન્ટ્રાકટ આપેલ હોય તેમાં કામ કરતાં કર્મચારીઓના પી.એફ. અને ઈ.એસ.આઈ.સી. કાપવામાં આવતો હોય તો તેની માહિતી આપવી.</td></tr>
<tr><td>પૂર્તતા :</td><td>પ્રસ્તુત મુદ્દાનં. ૧ અને ૩ થી માંગવામાં આવેલ માહિતીની વિગતે સુરત મહાનગરપાલિકા ધ્વારા એચ.આર.મેનેજમેન્ટને આપેલ કોન્ટ્રાકટના એમ.ઓ. યુ. ની પ્રમાણિત નકલ, કોન્ટ્રાકટમાં કામ કરતાં કર્મચારીઓના નામ, તેમનો હોદ્દો, તેઓની શૈક્ષણિક લાયકાત, તેઓને મળતું વેતન અથવા ભથ્થું, તેઓને કામના સ્થળે આવવા જવાનો સમય, તેઓને ફાળવેલી જે જે કામગીરી વિગેરે, કોન્ટ્રાકટમાં કામ કરતાં કર્મચારીઓના પી.એફ. અને ઈ.એસ.આઈ. સી. કાપવામાં આવતો હોય તો તેની માહિતીએ કોન્ટ્રાકટરની એટલે કે ત્રાહિતને લગતી અંગત માહિતી હોય જે વિશ્વસનીય સંબધોને આધારે અત્રેની કચેરીને ઉપલબ્ધ થયેલ હોય, તેમજ આ પ્રકારની માહિતીને જાહેર ગતિવિધિ અથવા હિત સાથે કોઈપણ પ્રકારનો સંબધ હોવાનું જણાતુ ન હોય ત્રાહિત કોન્ટ્રાકટના એમ.ઓ. યુ.ની સંબધીત માંગ્યા મુજબની માહિતી ત્રાહિત વ્યકિતને આર.ટી. આઈ. એકટની કલમ ૮(૧)(ચ) અને (ઠ) મુજબ પુરી પાડવા જોગ નથી.<br>વધુમાં સદરહુ કોન્ટ્રાકટરો ધ્વારા આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ડી) તથા કલમ ૧૧(૧) મુજબ તેઓના ધંધાને લગતી અત્રેના ડીપાર્ટમેન્ટને પુરી પાડવામા આવેલ કોઈપણ માહિતીનો ફકત અત્રેના ડીપાર્ટમેન્ટ પુરતો જ ઉપયોગ કરવા તથા આર.ટી.આઈ. એકટ ૨૦૦૫ હેઠળની અરજીના કોઈપણ અરજદારને નહી આપવા અત્રેની કચેરીને લેખિત પત્રથી આગોતરી સુચના આપેલ હોય, તે અંતર્ગત પણ સદર માંગ્યા મુજબની માહિતી આર.ટી.આઈ. હેઠળ ત્રાહિત વ્યકિત/ અરજદારને પુરી પાડવા જોગ નથી.</td></tr>
</table>

| | | |
|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | **સુરત મહાનગરપાલિકા,**<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ, સુરત – ૩૯૫ ૦૦૩. |


| | | | |
|---|---|---|---|
આયોગના તથા નામ. સુપ્રિમ કોર્ટના સિવિલ ચુકાદાઓ ધ્યાને લેતા કર્મચારીઓની નોકરીમાં જોડાયા તારીખ, બઢતી, ટ્રાન્સફર વિગરે અંગત માહિતી હોય જે કર્મચારી અને તેમના નોકરીદાતા વચ્ચેની છે જે કામગીરી સેવા નિયમો હેઠળ નિયંત્રિત હોય જેથી માહિતી અધિકાર અધિનિયમની કલમ ૮(૧) (ઠ) હેઠળ જાહેર કરી શકાય નહી. તેમજ આ મુજબની માંગવામાં આવેલ કોઈપણ પ્રકારનું જાહેર હિત સમાયેલ હોવાનું પ્રસ્થાપિત થતુ નથી, જે ત્રાહિત પક્ષકારને પુરી પાડવા જોગ નથી. મુદ્દા નં.૩,૫ તથા ૬ ની માહિતી ખુબ જ અસ્પષ્ટ હોય જેથી કયા ઉચ્ચ અધિકારીની સદર માહિતી માંગવામાં આવેલ છે તે સ્પષ્ટ થતું નથી. મુદ્દા નં.૭ પુર્તતામાંઃ માંગવામાં આવેલ માહિતી આર.ટી.આઈ. એક્ટની કલમ ૮(૧)(ઠ) મુજબ પુરી પાડી શકાય તેમ નથી. આ સંદર્ભેના નામ.સુપ્રિમ કોર્ટે તા.૦૩/૧૦/૨૦૧૨ ના રોજ આપેલ ચુકાદામાં મુજબ સરકારી અધિકારી વિરુધ્ધની તપાસ/ફરિયાદ અંગેની માહિતી એ તેઓની "અંગત" માહિતી હોય જે આપી શકાય નહી. આ બાબતે બીજી અપીલ નંબર અ–૩૭૧૫–૨૦૧૬ અનુસંધાને ગુજરાત રાજય માહિતી આયોગ ધ્વારા આપવામાં આવેલ ચુકાદાની નકલ અવલોકનાર્થે પુરી પાડેલ છે. મુદ્દાનં.૮ની પુર્તતામાં : વર્તમાન સમયમાં ફરજ બજાવતા ઉચ્ચ અધિકારીઓની નિયુકિત કરવામાં માટે સરકારશ્રી તરફથી મંજુરી મળવાની બાકી છે તેવા અધિકારીશ્રીના નામ (૧) શ્રી ડો.આશિષ કે. નાયક (૨) શ્રી ભરત આઈ. દલાલ (૩) શ્રી દિલીપકુમાર પ્રાણલાલ જરીવાલા (૪) શ્રી હર્ષદકુમાર વિઠ્ઠલદાસ કિનખાબવાલા (૫) શ્રી જયેશકુમાર ચંપકલાલ ગાંધી (૬) શ્રી કેતનકુમાર સુમનલાલ પટેલ (૭) શ્રી બંકિમચંદ્ર ઈશ્વરલાલ દેસાઈ (૮) શ્રી રાજેશ જયંતિલાલ પંડયા (૯) શ્રી ડો.પ્રદિપ હરિભાઈ ઉમરીગર છે. તથા મુદ્દા નં.૯ ની પુર્તતામાંઃ વર્ષ ૨૦૦૦ થી આજદીન સુધીમાં સુરત મહાનગરપાલિકા દ્રારા ઉચ્ચ હોદ્દાઓ પર નિયુકિત આપવામાં આવી પરંતુ ફુજરાત સરકારશ્રી દ્રારા નિયુકિતની મંજુરી મળવાની બાકી છે તેમ છતાં અધિકારીઓ ફરજ બજાવીને નિવૃત થઈ ગયેલ તેવા અધિકારીશ્રીના નામ (૧) શ્રી રમેશકુમાર પી. પટેલ (૨) શ્રી દેવેશકુમાર ભગવતીશંકર ભટ્ટ છે. તેમ જણાવી લાગત તમામ મુદ્દાઓની માહિતી/પુર્તતા નિયમોનુસાર સમયમર્યાદામાં પાઠવવામાં આવેલ છે. જે પાઠવેલ માહિતી યોગ્ય અને ઉચિત જણાય છે. વધુમાં આ અંગે અરજદારે કરેલ સદર અપીલ અરજી સંદર્ભે રૂબરૂ ચર્ચા/વિચારણા કરવા બાબતે તા.૧૩/૧૧/૧૯ના રોજ સાંજે ૩.૩૦ કલાકે અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફીસરશ્રી (મહેકમ) સમક્ષ હાજર રહેવા અત્રેથી પત્ર નં.જીએડી/ઈએસટી/૫૭૦૪ તા.૦૮/૧૧/૨૦૧૯ થી જાણ કરવામાં આવેલ હતી. તે સંદર્ભે મજકુર અરજદાર ઉક્ત પત્ર સંદર્ભે પત્રમાં સુચવેલ તારીખ અને સમયે રૂબરૂ સુનાવણીમાં હાજર રહેલ નથી કે અત્રેની કચેરીનો કોઈ સંપર્ક પણ કરેલ નથી. આથી પ્રસ્તુત અપીલ અરજી પરત્વે વધુ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી. આમ, ઉપરોક્ત તમામ હકીકત ધ્યાને લેતા મધ્યસ્થ મહેકમ વિભાગ ધ્વારા સદર અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય કે અન્ય કોઈ નકલો પુરી પાડવાની રહેતી ન હોય, સદર અપીલ અરજી દફતરે કરવા જોગ જણાય છે.

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકતો ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી કમલ કડેલએ મુળ અરજી આઈ.ડી.નં.૧૩૭૯ તા.૨૮/૦૮/૧૯ થી માંગેલ માહિતી બાબતે મધ્યસ્થ મહેકમ વિભાગના જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઈએસટી/૪૬૬૫ તા.૨૧/૯/૧૯ થી અરજદાર ધ્વારા માંગેલ માહિતીના મુદ્દા નં.૧ થી ૯ ની કરવામાં આવેલ પુર્તતા/માહિતી નિયમોનુસાર યોગ્ય અને ઉચિત જણાય છે. કારણ કે સુરત મહાનગરપાલિકામાં ફરજ બજવતા કયા ઉચ્ચ હોદ્દા ઉપર કયા અધિકારી બાબતે સને–૨૦૦૦ ની સાલથી માહિતી માંગેલ છે તે સ્પષ્ટ થઈ શકતું ન હોય માહિતી પુરી પાડી તેમ નથી. વધુમાં અધિકારીઓના નિયુક્તિ પત્રોની માંગવામાં આવેલ માહિતી નામ.ગુજરાત રાજય માહિતી આયોગના તથા નામ. સુપ્રિમ કોર્ટના સિવિલ ચુકાદાઓ ધ્યાને લેતા માહિતી અધિકાર અધિનિયમની કલમ ૮(૧) (ઠ) હેઠળ જાહેર કરી શકાય નહી. તેમજ આ મુજબની માંગવામાં આવેલ કોઈપણ પ્રકારનું જાહેર હિત સમાયેલ હોવાનું પ્રસ્થાપિત થતુ નથી, જે ત્રાહિત પક્ષકારને પુરી પાડવા જોગ નથી. મુદ્દા નં.૩,૫ તથા ૬ ની માહિતી ખુબ જ અસ્પષ્ટ હોય જેથી કયા ઉચ્ચ અધિકારીની માંગવામાં આવેલ છે તે સ્પષ્ટ થતું ન હોય જેથી માહિતી પુરી પાડી શકાય તેમ નથી. મુદ્દા નં.૭ પુર્તતામાંઃ માંગવામાં આવેલ માહિતી આર.ટી.આઈ. એક્ટની કલમ ૮(૧)(ઠ) મુજબ પુરી પાડી શકાય તેમ નથી. આ સંદર્ભેના નામ.સુપ્રિમ કોર્ટેના ચુકાદા મુજબ સરકારી અધિકારી વિરુધ્ધની તપાસ/ફરિયાદ અંગેની માહિતી એ તેઓની "અંગત" માહિતી હોય જે આપી શકાય નહી. તેમજ મુદ્દાનં.૮ તથા ૯ ની માહિતી સવિસ્તાર પુરી પાડવામાં આવેલ છે. વધુમાં આ અંગે અપીલ અરજી સંદર્ભે તા.૧૩/૧૧/૧૯ના રોજ સાંજે ૩.૩૦ કલાકે અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફીસરશ્રી (મહેકમ) સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહેવા અત્રેથી પત્ર નં.જીએડી/ઈએસટી /૫૭૦૪ તા.૦૮/૧૧/૨૦૧૯ થી જાણ કરવામાં આવેલ. તે સંદર્ભે અરજદાર સુનાવણીમાં હાજર રહેલ નથી કે અત્રેની કચેરીનો કોઈ સંપર્ક પણ કરેલ નથી. આથી પ્રસ્તુત અપીલ અરજી પરત્વે વધુ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી. આમ, ઉપરોક્ત તમામ હકીકત ધ્યાને લેતા મધ્યસ્થ મહેકમ વિભાગ ધ્વારા સદર અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય કે અન્ય કોઈ નકલો પુરી પાડવાની રહેતી ન હોય, સદર અપીલ અરજી દફતરે કરવા જોગ જણાતી હોય, જે દફતરે કરી નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે. વધુમાં આ હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર– ૩૮૨૦૧૦ ખાતે અરજદાર બીજી અપીલ કરી શકે છે.

**(એસ.એચ.વ્યાસ)**
**અપીલ અધિકારી અને પર્સોનલ ઓફિસર(મહેકમ)**
**સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત**
**ફોન નં.(૦૨૬૧)૨૪૨૩૭૫૧ થી ૫૬ એક્ષટે.નં.૫૧૯**

નં.જીએડી/ઇએસટી/૫૮૫૬
તા.૧૫/૧૧/૨૦૧૯

**નકલ રવાનાઃ** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મધ્યસ્થ મહેકમ વિભાગ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાનાઃ** શ્રી કમલ કડેલ, પ્રતિ....જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | **સુરત મહાનગરપાલિકા,**<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ, સુરત – ૩૯૫ ૦૦૩. |


**<u>અપીલ અરજી નં.૨૭/૧૯–૨૦</u>**

**અરજદાર :** શ્રી ધનજીભાઈ એચ.વિરાસ

**સામાવાળા :** સેકશન ઓફીસર (મધ્યસ્થ મહેકમ વિભાગ) અને જાહેર માહિતી અધિકારી.

**<u>ફરીયાદની હકીકત :–</u>**

**વિષયઃ–** શ્રી ધનજીભાઈ એચ.વિરાસની મુળ અરજી આઈ.ડી.નં.૧૬૧૧ તા.૧૬/૦૯/૧૯ સંદર્ભે કરેલ અપીલ અરજી બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૨૫/૧૦/૧૯ની અપીલ અરજી No.SMC/GAD/FAP/27/19-20.

અરજદારશ્રી ધનજીભાઈ એચ.વિરાસએ મુળ અરજી આઈ.ડી.નં.૧૬૧૧ તા.૧૬/૯/૧૯ની જાહેર માહિતી અધિકારીશ્રી, મધ્યસ્થ મહેકમ, સુરત મહાનગરપાલિકાને સંબોધીને સેન્ટ્રલ ઝોન સીટી સીવીક સેન્ટર ખાતે કરેલ. જે અરજી સેન્ટ્રલ ઝોન ના.સુ.કેન્દ્ર દ્વારા નં.સીસીસી.સીઝેડ/આરટીઆઈ/આઉટ/૧૬૧૧, તા.૧૭/૯/૧૯થી મધ્યસ્થ મહેકમ વિભાગને તબદીલ કરવામાં આવેલ. જે તા.૧૮/૯/૧૯ ના રોજ પ્રાપ્ત થયેલ. અરજદાર ધ્વારા સદર આઈ.ડી. અરજીથી કામદારોની ભરતી બાબતમાં મુદ્દા નં.૧ થી ૧૪ ની માહિતીની માંગણી કરેલ. જે અંતર્ગત મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઇએસટી/૪૮૩૯ તા.૨૭/૯/૧૯ થી માહિતી/પુર્તતા નિયત સમયમર્યાદામાં પાઠવવામાં આવેલ. જે પાઠવવામાં આવેલ માહિતી/પુર્તતા પત્રથી નારાજ થઈ ઈ–મેઈલ ધ્વારા તા.૨૫/૧૦/૧૯ ના રોજ પ્રથમ અપીલ અરજી દાખલ કરી અપીલ તબકકે "સુરત મહાનગરપાલિકાના જવાબમાં માહિતી આપી શકાય તેમ નથી જણાવેલ. પરંતુ ભરતી પક્રિયામાં ગેરરીતી થયાની અમોને શંકા છે અને લોકશાહીની અતિઆવશ્યક કામગીરી માટે નાગરીકોને માહિતગાર રાખવા અને માહિતીની પારદર્શિતા જળવાય તે જરૂરી છે. ભ્રષ્ટ્રાચાર નિયંત્રણમાં રહે તેના માધ્યમો પ્રજાને જવાબદાર રહે તે જરૂરી છે. સુરત મહાનગરપાલિકાની ભરતી પક્રિયા અંગત બાબત નથી અને અધિકારીઓના નામ સિવાયની અન્ય માંગેલ માહિતી પુરી પાડવી જોઈએ જે પુરી પાડેલ નથી. જેથી અસંતુષ્ટ થઈ અમો માંગેલ માહિતી મેળવવા અપીલ કરીએ છીએ" તેમ જણાવેલ છે.

અરજદાર મજકુર દ્વારા ઉકત મુળ અરજીથી માંગેલ માહિતી બાબતે મધ્યસ્થ મહેકમ વિભાગના જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા અરજદાર ધ્વારા માંગેલ માહિતી પૈકી "લાગત **<u>મુદ્દા નં.૨ ની</u>** માહિતી ઉકત નિયત નમુના–ગ પત્રથી આંશિક **<u>પુર્તતામાં</u>**: સુરત મહાનગરપાલિકા ધ્વારા ચોથા વર્ગના કેડરના કર્મચારીઓની ભરતી પ્રક્રિયા અંગેની જાહેરાતની નકલના પાના નંગ–૩ આ સાથે સામેલ છે. **<u>મુદ્દા નં.૬ થી ૮ ની સંયુકત પુર્તતામાં:</u>** સુરત મહાનગપાલિકામાં કોઈપણ અધિકારી/કર્મચારીએ તેમની નિમણૂંક સંદર્ભે રજુ કરેલ શૈક્ષણિક લાયકાતના પુરાવાઓ કે અન્ય કોઈપણ દસ્તાવેજો એ તેઓનો અંગત પ્રકારનો ડોકયુમેન્ટ હોય જે વિશ્વસનીય સંબધોને આધારે અત્રેની કચેરીને તેઓની નિમણુંકના હેતુસર ઉપલબ્ધ થયેલ હોય જે ત્રાહિત વ્યકિતને આપી શકાય નહી કે આપવુ હિતાવહ જણાતુ નથી. તેમજ ઉકત માહિતીને જાહેર ગતિવિધિ અથવા હિત સાથે કોઈપણ પ્રકારનો સંબધ ધરાવતી હોવાનું જણાતુ ન હોય પ્રસ્તુત શૈક્ષણિક લાયકાતની માંગ્યા મુજબની માહિતી આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ચ) અને (ઠ) મુજબ પુરી પાડવા જોગ નથી. વધુમાં ઉપરોકત મુજબ શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રની માંગવામાં આવતી માહિતી બાબતે અત્રેથી ઉકત કલમ તથા સુપ્રિમ કોર્ટના ઉકત ચુકાદાને આધીન ઈન્કાર કરવામાં આવેલ એક આર.ટી.આઈ. અરજીને પડકારવા માટે રાજય માહિતી આયોગમાં દાખલ કરવામાં આવેલ બીજી અપીલ નં.અ–૫૬૧૩/૨૦૧૫ માં ના.ગુજરાત રાજય માહિતી આયોગના રાજય માહિતી કમિશનરશ્રી ધ્વારા તા.૦૮/૧૨/૨૦૧૬ ના રોજ આપેલ ચુકાદામાં શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્ર વિગેરે અંગત બાબત છે જે માહિતી અધિકાર અધિનિયમની કલમ ૮(૧)(ઠ) હેઠળ આપવાપાત્ર નથી, અપીલ અરજી દફતરે કરવા હુકમ કરેલ છે. તદઉપરાંત રાજય માહિતી આયોગમાં દાખલ કરવામાં આવેલ અન્ય એક અપીલ નં.અ–૧૫૦૩–૨૦૧૭ માં ગુજરાત રાજય માહિતી આયોગના મુખ્ય માહિતી કમિશનરશ્રી ધ્વારા ઉમેદવારના શૈક્ષણિક લાયકાતના પુરાવા/પ્રમાણપત્રની માંગવામાં આવેલ માહિતી, માહિતી અધિકાર અધિનિયમની કલમ ૮(૧)(ઠ) મુજબ અંગત પ્રકારની હોય આપવામાં આવી નથી, જે પ્રથમ અપીલ અધિકારીના નિર્ણય સાથે સંમત હોવાનુ જણાવી બીજી અપીલ દફતરે કરવા હાલમાં જ તા.૧૧/૦૧/૨૦૧૮ ના રોજ હુકમ કરેલ છે. જેની નકલ અવલોકનાર્થે સામેલ છે. આમ, આર.ટી.આઈ. એકટની ઉકત જોગવાઈ, સુપ્રિમ કોર્ટનો ચુકાદો તથા તે સંદર્ભે ના.રાજય માહિતી આયોગના મે.કમિશનરશ્રીનો હુકમોની હકીકતો ધ્યાને લેતા કોઈપણ અધિકારી/કર્મચારીના શૈક્ષણિક લાયકાત અંગેના પ્રમાણપત્રની અંગત માહિતીની નકલ પુરી પાડવા જોગ નથી. **<u>મુદ્દાનં.૧૩ ની પુર્તતામાં</u>** સદર ભરતીમાં પસંદગી પામેલ ઉમેદવારોની નિમણુક સફાઈ કામદાર તથા ચોથા વર્ગના કર્મચારી તરીકે થઈ હોય તેમાંથી કેટલા ઉમેદવારોને તેની પોસ્ટ પ્રમાણે ફરજ પર ન રાખી ઓફીસમાં લોન તથા અન્ય કામ માટે ફરજ પર રાખેલ હોય તેવા ઉમેદવારોની માંગવામાં આવેલ યાદી અંગે અત્રેના ખાતે કોઈ રેકર્ડ નિભાવવામાં આવતો ન હોય, રેકર્ડ આધારિત માહિતી "નીલ" છે. તથા **<u>મુદ્દાનં.૧૪ ની પુર્તતામાં</u>** અત્રેના ખાતાને લાગત અન્ડરલાઈન કરેલ માહિતીની વિગતે જણાવવાનું કે ભરતી પ્રક્રિયામાં પસંદગી પામેલ અને ગેરલાયક થયેલ ઉમેદવારો પર જે કાર્યવાહી કરવામાં આવી તેની યાદીની નકલ આ સાથે સામેલ છે. જેના પરથી તમોએ માંગેલ માહિતીનો સંદર્ભ મળી શકે તેમ છે." તેમ જણાવી ઉકત મુજબની પુર્તતા/માહિતી નિયમોનુસાર નિયત સમયમર્યાદામાં પાઠવવામાં આવેલ છે.

ઉપરોકત હકીકત ધ્યાને લેતા માંગવામાં આવેલ માહિતી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) ધ્વારા નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઇએસટી/૪૮૩૯ તા.૨૭/૯/૧૯ થી પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા યોગ્ય અને ઉચિત જણાય છે. કારણ કે લાગત મુદ્દા નં.૨ થી માંગેલ માહિતી સંદર્ભે ચોથા વર્ગના ભરતી પ્રક્રિયા અંગેની જાહેરાતની નકલો પાના નંગ–૩ વિના મુલ્યે પુરી પાડેલ છે. લાગત મુદ્દા નં.૬ થી ૮ ની પુર્તતામાં શૈક્ષણિક લાયકાતના પુરાવાઓ કે અન્ય કોઈપણ દસ્તાવેજો એ તેઓનો અંગત પ્રકારનો ડોકયુમેન્ટ હોય જે વિશ્વસનીય સંબધોને આધારે અત્રેની કચેરીને તેઓની નિમણુંકના હેતુસર પ્રાપ્ત થયેલ હોય જે ત્રાહિત વ્યકિતને આપી શકાય નહી કે આપવુ હિતાવહ જણાતુ નથી. તેમજ ઉકત માહિતીને જાહેર ગતિવિધિ અથવા હિત સાથે કોઈપણ પ્રકારનો સંબધ ધરાવતી હોવાનું જણાતુ ન હોય પ્રસ્તુત શૈક્ષણિક લાયકાતની માંગ્યા મુજબની માહિતી આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ચ) અને (ઠ) મુજબ પુરી પાડવા જોગ નથી. તેમજ આર.ટી.આઈ. એકટની ઉકત જોગવાઈ, નામ. સુપ્રિમ કોર્ટનો ચુકાદો તથા તે સંદર્ભે નામ.રાજય માહિતી આયોગના હુકમોની હકીકતો ધ્યાને લેતા કોઈપણ અધિકારી /

...૨..

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | **સુરત મહાનગરપાલિકા,**<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ, સુરત – ૩૯૫ ૦૦૩. |



કર્મચારીના શૈક્ષણિક લાયકાત અંગેના પ્રમાણપત્રની અંગત માહિતીની નકલ પુરી પાડવા જોગ નથી. આ સબંધે આયોગના ચુકાદાઓ તથા નામ. કોર્ટના ચુકાદાઓની નકલો અવલોકનાર્થે પુરી પાડવામાં આવેલ છે. લાગત મુદ્દા નં.૧૩ની માંગેલ માહિતીમાં પસંદગી પામેલ કેટલા ઉમેદવારોને ઓફીસમાં લોન તથા અન્ય કામ માટે રાખેલ હોય તેવી માંગવામાં આવેલ માહિતી કોઈ રેકર્ડ નિભાવવામાં આવતો ન હોય, રેકર્ડ આધારિત માહિતી "નીલ" છે. તથા લાગત મુદ્દા નં.૧૪થી માંગેલ માહિતી સંદર્ભે અન્ડરલાઈન કરેલ સુરત મહાનગરપાલિકાના મધ્યસ્થ મહેકમ વિભાગને અંશતઃ લાગત જણાતા મુદ્દાની માહિતી બાબતે ભરતી પ્રક્રિયામાં પસંદગી પામેલ અને ગેરલાયક થયેલ ઉમેદવારો પર જે કાર્યવાહી કરવામાં આવી તેની યાદીની નકલ પુરી પાડેલ, જે નકલ ઉપરથી માંગેલ માહિતીનો સંદર્ભ મળી શકે છે. તેમ જણાવી ઉક્ત લાગત મુદ્દાઓની વિગતવાર માહિતી/પુર્તતા પુરી પાડેલ છે. આમ, ઉક્ત તમામ હકીકતો ધ્યાને લેતા અરજદાર મજકુરે સદર અરજીથી માંગેલ માહિતી પૈકી સુ.મ.ન.પાલિકાના મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત મુદ્દાઓની માહિતી/પુર્તતા સમયમર્યાદામાં યોગ્ય અને નિયમાનુંસાર પુરી પાડેલ હોય, અરજદાર ધ્વારા અપીલ તબકકે કરવામાં આવેલ આક્ષેપો/માંગણીઓ યોગ્ય જણાતી ન હોય જે ગ્રાહય રાખવાજોગ જણાતી નથી. જે ધ્યાને લેતા મધ્યસ્થ મહેકમ વિભાગ કક્ષાએથી વધુ કંઈ કરવાનુ રહેતુ ન હોય કે વધુ કોઈ દસ્તાવેજો કે નકલો પુરી પાડવાની રહેતી ન હોય, જેથી સદર અપીલ અરજી દફતરે કરવા જોગ જણાય છે.

**<u>–: હુકમ :–</u>**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકતો ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી ધનજીભાઈ એચ.વિરાસએ મુળ અરજીથી માંગેલ માહિતી બાબતે મધ્યસ્થ મહેકમ વિભાગના જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા નિયત નમુના–ગ પત્ર થી અરજદાર ધ્વારા માંગેલ માહિતીના લાગત મુદ્દાઓની કરવામાં આવેલ પુર્તતા/માહિતી નિયમોનુસાર યોગ્ય અને ઉચિત જણાય છે. કારણ કે ચોથા વર્ગના ભરતી પ્રક્રિયા અંગેની જાહેરાતની નકલો પાના નંગ–૩ વિના મુલ્યે પુરી પાડેલ છે. શૈક્ષણિક લાયકાતના પુરાવાઓ તેઓનો અંગત પ્રકારનો ડોકયુમેન્ટ હોય જે વિશ્વસનીય સંબધોને આધારે નિમણુંકના હેતુસર પ્રાપ્ત થયેલ હોય જે ત્રાહિત વ્યકિતને આપી શકાય નહી. તેમજ પ્રસ્તુત શૈક્ષણિક લાયકાતની માંગ્યા મુજબની માહિતી આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ચ) અને (ઠ) મુજબ પુરી પાડવા જોગ નથી. આ બાબતે નામ. સુપ્રિમ કોર્ટનો ચુકાદો તથા નામ.રાજય માહિતી આયોગના હુકમોની હકીકતો ધ્યાને લેતા શૈક્ષણિક લાયકાત અંગેના પ્રમાણપત્રની અંગત માહિતીની નકલ પુરી પાડવા જોગ નથી. પસંદગી પામેલ કેટલા ઉમેદવારોને ઓફીસમાં લોન તથા અન્ય કામ માટે રાખેલ હોય તેવી માંગવામાં આવેલ માહિતી કોઈ રેકર્ડ નિભાવવામાં આવતો ન હોય, જેથી રેકર્ડ આધારિત માહિતી "નીલ" છે. તથા ભરતી પ્રક્રિયામાં પસંદગી પામેલ અને ગેરલાયક થયેલ ઉમેદવારો પર જે કાર્યવાહી કરવામાં આવી તેની યાદીની નકલ પુરી પાડેલ, આમ, ઉક્ત તમામ હકીકતો ધ્યાને લેતા અરજદાર મજકુરે સદર અરજીથી માંગેલ માહિતી પૈકી સુ.મ.ન.પાલિકાના મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત મુદ્દાઓની માહિતી/પુર્તતા યોગ્ય અને નિયમાનુંસાર પુરી પાડેલ છે. અરજદાર ધ્વારા અપીલ તબકકે કરવામાં આવેલ આક્ષેપો/માંગણીઓ યોગ્ય જણાતી ન હોય જે ગ્રાહય રાખવાજોગ જણાતી નથી. જે ધ્યાને લેતા મધ્યસ્થ મહેકમ વિભાગ કક્ષાએથી વધુ કંઈ કરવાનુ રહેતુ ન હોય કે વધુ કોઈ દસ્તાવેજો કે નકલો પુરી પાડવાની રહેતી ન હોય, જેથી સદર અપીલ અરજી દફતરે કરવા જોગ જણાતી હોય, જે દફતરે કરી નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

વધુમાં આ હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર– ૩૮૨૦૧૦ ખાતે અરજદાર બીજી અપીલ કરી શકે છે.

**(એસ.એચ.વ્યાસ)**
**અપીલ અધિકારી અને પર્સોનલ ઓફિસર(મહેકમ)**
**સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત**
**ફોન નં.(૦૨૬૧)૨૪૨૩૭૫૧ થી ૫૬ એક્ષટે.નં.૫૧૯**

નં.જીએડી/ઇએસટી/૫૯૭૫
તા.૨૧/૧૧/૨૦૧૯

**નકલ રવાનાઃ** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મધ્યસ્થ મહેકમ વિભાગ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાનાઃ** શ્રી ધનજીભાઈ એચ. વિરાસ, પ્રતિ.... જાણ માટે.

| | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ, સુરત – ૩૯૫ ૦૦૩. |
|---|---|---|---|

**અપીલ અરજી નં.૨૮/૧૯–૨૦**

**અરજદાર :** શ્રી પ્રશાંત રજનીકાંત ટેલર

**સામાવાળા :** સેકશન ઓફીસર (મધ્યસ્થ મહેકમ વિભાગ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** શ્રી પ્રશાંત રજનીકાંત ટેલરની મુળ અરજી આઈ.ડી.નં.૧૮૫૫ તા.૦૯/૧૦/૧૯ સંદર્ભે કરેલ અપીલ અરજી બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૧૧/૧૦/૧૯ની અપીલ અરજી No.SMC/GAD/FAP/28/19-20.

અરજદારશ્રી પ્રશાંત રજનીકાંત ટેલર ધ્વારા મુળ અરજી આઈ.ડી.નં.૧૮૫૫ (સે.ઝોન ના.સુ.કે.) તા.૯/૧૦/૧૯ની જાહેર માહિતી અધિકારીશ્રી, સેન્ટ્રલ ઝોન, સુરત મહાનગરપાલિકાને સંબોધીને સેન્ટ્રલ ઝોન સીટી સીવીક સેન્ટર ખાતે કરેલ. જે અરજી એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારીશ્રી (સેન્ટ્રલ ઝોન ના.સુ.કે.) દ્વારા નં.સીસીસી.સીઝેડ/આરટીઆઈ/આઉટ/૧૮૫૫, તા.૧૦/૧૦/૧૯ થી જાહેર માહિતી અધિકારી, રીક્રુટમેન્ટ વિભાગ તથા મધ્યસ્થ મહેકમ વિભાગને તબદીલ કરવામાં આવેલ. જે અત્રેના વિભાગને તા.૧૦/૧૦/૧૯ના રોજ પ્રાપ્ત થયેલ. અરજદાર ધ્વારા સદર આઈ.ડી. અરજીથી ચીફ એકાઉન્ટની ભરતી બાબતમાં મુદ્દા નં.૧ તથા ૨ ની માહિતીની માંગણી કરેલ. જે અંતર્ગત જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર, મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઇએસટી/૫૩૩૩ તા.૧૮/૧૦/૧૯ થી માહિતી/પુર્તતા નિયત સમયમર્યાદામાં પાઠવવામાં આવેલ. જે પાઠવવામાં આવેલ માહિતી/ પુર્તતા પત્રથી નારાજ થઈ તા.૧૧/૧૧/૧૯ ના રોજ પ્રથમ અપીલ અરજી દાખલ કરી અપીલ તબકકે "1. Qualification and experience of Shri Tejaskumar Prakashchandra Ariwala at the time of making application for the post of Cheif Accountant. 2. As per the advertisement chartered accountant with more than 10 year Shri Tejaskumar Prakashchandra Ariwala is charted accountant and if not reason for giving preference and overriding the rules and regulation recruitment and advertisement content.'' તેમ રજુઆત કરેલ છે.

અરજદાર દ્વારા માંગવામાં આવેલ માહિતી પૈકી મધ્યસ્થ મહેકમ વિભાગ ધ્વારા લાગત મુદ્દા નં.૧ ની માંગેલ માહિતીના "ચીફ એકાઉન્ટન્ટની પોસ્ટ માટે આરીવાલા સાહેબની શૈક્ષણિક લાયકાત અને અનુભવ અરજી કરવાની તારીખે શું હતી તેના પુરાવા રજુ કરવા" બાબતેની માહિતીની માંગણી કરેલ. જે માહિતી ઉકત નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઇએસટી/૫૩૩૩ તા.૧૮/૧૦/૧૯ થી પુર્તતામાં "નામ. ગુજરાત રાજ્ય માહિતી આયોગના માન.રાજ્ય માહિતી કમિશનરશ્રી ધ્વારા એક આર.ટી.આઈ. અરજી સંદર્ભે નામ.સુપ્રિમ કોર્ટના સિવિલ અપીલ નં.૨૨ ઓફ ૨૦૦૯ કેનેરા બેંક વર્સીસ સી.એસ. શ્યામ એન્ડ અધર તા.૩૧/૦૮/૧૭ ના ચુકાદાનું અનુસંધાન લઈ તા.૦૨/૦૨/૧૯ ના રોજ કરેલ હુકમમાં ખુબ જ સ્પષ્ટપણે જણાવેલ છે કે કલેરીકલ સ્ટાફ અને કર્મચારીઓની અંગત બાબતો, નોકરીમાં જોડાયા તારીખ, બઢતીની વિગત, કચેરીમાં જોડાયાની તારીખ, ટ્રાન્સફરના હુકમો વિગરે તેમની અંગત માહિતી છે. આ પ્રકારની માહિતી એ જે તે કર્મચારી અને તેમના નોકરીદાતા વચ્ચેની છે જે કામગીરી સેવા નિયમો હેઠળ નિયંત્રિત થાય છે. જેથી માહિતી અધિકાર અધિનિયમની કલમ ૮(૧)(ઠ) હેઠળ જાહેર કરી શકાય નહી. તેમજ આ મુજબની માંગવામાં આવેલ માહિતીમાં જાહેર હિત સમાયેલુ હોવુ જોઈએ. અરજદાર આવી માહિતી પોતાના અધિકાર તરીકે માંગી શકે નહી. તે બાબતો ધ્યાને લેતા અરજદાર ધ્વારા પ્રસ્તુત મુદ્દાની માંગવામાં આવેલ માહિતીમાં કોઈપણ પ્રકારનું જાહેર હિત સમાયેલ હોવાનું પ્રસ્થાપિત થતુ નથી કે આપના ધ્વારા પ્રસ્થાપિત કરવામાં આવેલ નથી. તેમજ માંગવામાં આવેલ સમગ્ર માહિતી જે તે કર્મચારી અને તેમના નોકરીદાતા વચ્ચેની છે જે કામગીરી સેવા નિયમો હેઠળ નિયંત્રિત હોય, તે બાબતો ધ્યાને લેતા પ્રસ્તુત સમગ્ર મુદ્દાથી માંગ્યા મુજબની માહિતી આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ઠ) મુજબ ત્રાહિત પક્ષકારને પુરી પાડવા જોગ નથી. આ બાબતે રાજય માહિતી આયોગના હુકમની નકલ અવલોકનાર્થે આ સાથે સામેલ છે." જે મુજબ પુર્તતા / માહિતી પાઠવવામાં આવેલ.

ઉપરોકત હકીકત ધ્યાને લેતા માંગવામાં આવેલ માહિતી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) ધ્વારા ઉકત નિયત નમુના–ગ પત્રથી પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા યોગ્ય અને ઉચિત જણાય છે. કારણ કે લાગત મુદ્દા નં.૧ થી માંગેલ માહિતી સંદર્ભે ચીફ એકાઉન્ટન્ટની પોસ્ટ માટે શૈક્ષણિક લાયકાત અને અનુભવના પુરાવાની માંગવામાં આવેલ માહિતી એ તેઓનો અંગત પ્રકારનો ડોકયુમેન્ટ હોય જે વિશ્વસનીય સંબંધોને આધારે નિમણુંકના હેતુસર પ્રાપ્ત થયેલ હોય જે ત્રાહિત વ્યકિતને આપવુ હિતાવહ જણાતુ નથી. તેમજ ઉકત માહિતીને જાહેર હિત સાથે કોઈપણ પ્રકારનો સંબધ ધરાવતી ન હોય સદર માંગ્યા મુજબની માહિતી આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ચ) અને (ઠ) મુજબ પુરી પાડવા જોગ નથી. તેમજ રાજ્ય માહિતી આયોગમાં દાખલ કરવામાં આવેલ બીજી અપીલ નં.અ–૫૬૧૩/૨૦૧૫ માં રાજ્ય માહિતી કમિશનરશ્રી ધ્વારા તા.૦૮/૧૨/૨૦૧૬ ના રોજ આપેલ ચુકાદામાં શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્ર વિગેરે અંગત બાબત છે જે માહિતી અધિકાર અધિનિયમની કલમ ૮(૧)(ઠ) હેઠળ આપવાપાત્ર નથી તેમ જણાવી અપીલ અરજી દફતરે કરવા હુકમ કરેલ છે. આ બાબતે અન્ય અપીલ નં.અ–૧૫૦૩–૨૦૧૭ માં પણ ગુજરાત રાજ્ય માહિતી આયોગના મુખ્ય માહિતી કમિશનરશ્રી ધ્વારા ઉમેદવારના શૈક્ષણિક લાયકાતના પુરાવા/પ્રમાણપત્રની માંગવામાં આવેલ માહિતી, માહિતી અધિકાર અધિનિયમની કલમ ૮(૧)(ઠ) મુજબ અંગત પ્રકારની હોય જે આપવામાં આવી નથી, જે અંગે પ્રથમ અપીલ અધિકારીના નિર્ણય સાથે સંમત હોવાનુ જણાવી બીજી અપીલ તા.૧૧/૦૧/૨૦૧૮ ના રોજથી દફતરે કરવા હુકમ કરેલ છે. જેની નકલ અવલોકનાર્થે આ સાથે સામેલ છે. જે મુજબનો નામ.રાજ્ય માહિતી આયોગનો હુકમ પ્રસ્તુત અપીલ અરજી સંદર્ભે ધ્યાને લેવા જોગ છે. આમ, ઉકત તમામ હકીકતો ધ્યાને લેતા મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત મુદ્દાઓની માહિતી/પુર્તતા યોગ્ય અને નિયમાનુંસાર પુરી પાડેલ હોય, અરજદાર ધ્વારા અપીલ તબકકે કરેલ રજુઆત યોગ્ય જણાતી ન હોય જે ગ્રાહય રાખવા જોગ જણાતી નથી. જે ધ્યાને લેતા સદર અપીલ અરજી સંદર્ભે મધ્યસ્થ મહેકમ વિભાગ કક્ષાએથી વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય કે વધુ કોઈ દસ્તાવેજો કે નકલો પુરી પાડવાની રહેતી ન હોય, જેથી સદર અપીલ અરજી દફતરે કરી નિકાલ કરવા જોગ જણાય છે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | **સુરત મહાનગરપાલિકા,**<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ, સુરત – ૩૯૫ ૦૦૩. |

**–: હુ ક મ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકતો ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર શ્રી પ્રશાંત રજનીકાંત ટેલરએ મુળ અરજીથી માંગેલ માહિતી બાબતે મધ્યસ્થ મહેકમ વિભાગના જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા નિયત ઉકત નમુના–ગ પત્રથી અરજદાર ધ્વારા માંગેલ માહિતીની કરવામાં આવેલ પુર્તતા/માહિતી નિયમોનુસાર યોગ્ય અને ઉચિત જણાય છે. શૈક્ષણિક લાયકાત અને અનુભવના પુરાવાની માંગવામાં આવેલ માહિતી બાબતે નામ.ગુજરાત રાજય માહિતી આયોગના વિવિધ ચુકાદાઓ તથા આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ઠ) અંતર્ગત ત્રાહિત પક્ષકારને પુરી પાડવા જોગ ન હોય મધ્યસ્થ મહેકમ વિભાગ ધ્વારા ઉકત નિયત નમુના–ગ પત્રથી લાગત મુદ્દા–૧ની પાઠવવામાં આવેલ માહિતી/પુર્તતા યોગ્ય અને નિયમાનુંસારની જણાતી હોય અરજદાર ધ્વારા અપીલ તબકકે કરેલ રજુઆત ગ્રાહય રાખવા જોગ જણાતી નથી. આમ મધ્યસ્થ મહેકમ વિભાગ કક્ષાએથી વધુ કંઈ કરવાનુ રહેતુ ન હોય કે વધુ કોઈ દસ્તાવેજો કે નકલો પુરી પાડવાની રહેતી ન હોય, જેથી સદર અપીલ અરજી દફતરે કરવા જોગ જણાતી હોય, જે દફતરે કરી નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે. વધુમાં આ હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર– ૩૮૨૦૧૦ ખાતે અરજદાર બીજી અપીલ કરી શકે છે.

**(એસ.એચ.વ્યાસ)**
**અપીલ અધિકારી અને પર્સોનલ ઓફિસર(મહેકમ)**
**સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત**
**ફોન નં.(૦૨૬૧)૨૪૨૩૭૫૧ થી ૫૬ એક્ષટે.નં.૫૧૯**

નં.જીએડી/ઇએસટી/૬૩૩૦
તા.૦૬/૧૨/૨૦૧૯

**નકલ રવાનાઃ** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મધ્યસ્થ મહેકમ વિભાગ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાનાઃ** શ્રી પ્રશાંત રજનીકાંત ટેલર, પ્રતિ.... જાણ માટે.

**અપીલ અરજી નં.૨૯/૧૯–૨૦**

**અરજદાર :** શ્રી સજીવ ઈઝાવા

**સામાવાળા :** સેક્શન ઓફીસર (મધ્યસ્થ મહેકમ વિભાગ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષય:–** શ્રી સજીવ ઈઝાવાની મુળ અરજી આઈ.ડી.નં.૧૭૯૪ તા.૦૧/૧૦/૧૯ સંદર્ભે કરેલ અપીલ અરજી બાબત.

**સંદર્ભ:–** અરજદાર મજકુરની તા.૧૬/૧૧/૧૯ ની અપીલ અરજી No.SMC/GAD/FAP/29/19-20.

અરજદારશ્રી સજીવ બી.ઈઝાવા ધ્વારા મુળ અરજી આઈ.ડી.નં.૧૭૯૪ (સે.ઝોન ના.સુ.કે.) તા.૧/૧૦/૧૯ની જાહેર માહિતી અધિકારીશ્રી, રીક્રુટમેન્ટ વિભાગ, સુરત મહાનગરપાલિકાને સંબોધીને સેન્ટ્રલ ઝોન સીટી સીવીક સેન્ટર ખાતે કરેલ. જે અરજી એક્ઝીક્યુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારીશ્રી (સેન્ટ્રલ ઝોન ના.સુ.કે.) દ્વારા નં.સીસીસી.સીઝેડ/આરટીઆઈ/આઉટ/૧૭૯૪, તા.૩/૧૦/૧૯ થી જાહેર માહિતી અધિકારી, રીક્રુટમેન્ટ વિભાગ તથા મધ્યસ્થ મહેકમ વિભાગને તબદીલ કરવામાં આવેલ. અરજદાર ધ્વારા સદર આઈ.ડી. અરજીથી ફાયર એન્ડ ઈમરજન્સી વિભાગને લાગત મુદ્દા નં.૧ થી ૩ ની માહિતીની માંગણી કરેલ. જે અંતર્ગત જાહેર માહિતી અધિકારી અને સેક્શન ઓફીસર, મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઇએસટી/૫૩૩૪ તા.૧૮/૧૦/૧૯ થી માહિતી/પુર્તતા નિયત સમયમર્યાદામાં પાઠવવામાં આવેલ. જે પાઠવવામાં આવેલ માહિતી/ પુર્તતા પત્રથી નારાજ થઈ તા.૧૬/૧૧/૧૯ ના રોજ પ્રથમ અપીલ અરજી દાખલ કરી અપીલ તબક્કે "સંતોષકારક માહિતી મળેલ નથી. સુરત મહાનગરપાલિકાના અધિકારીઓ સામે ભ્રષ્ટાચારના આરોપો છેલ્લા ઘણા વર્ષોથી લાગેલા છે. પટ્ટાવાળાથી લઈ ઉચ્ચમાં ઉચ્ચ અધિકારી સુધી બે ફામ ભ્રષ્ટાચાર કરી રહયા છે. ધણા બધા અધિકારીઓના બેનામી સંપત્તિના તપાસ માટે મંજુરી માંગેલ છે. ફાયર એન્ડ સેફટી વિભાગમાં પણ ગેરનીતીની અખબારો ધ્વારા નોંધ લેવાયેલ છે. સરકારી ભરતીમાં પક્ષપાત કરીને સીલેકશન કરવુ એ ગુનો છે. આ પ્રકારના કાર્યો ફાયર એન્ડ ઈમરજન્સી ખાતામાં વારંવાર થતુ આવે છે. જેથી આ એક જાહેર હિતાની અરજી ગણાય. સાંસદ અને રાજય વિધાનસભાને નકારી ન શકાય. જે આરટીઆઈ એક્ટ ૮(૧)(જ)માં સ્પષ્ટ કરેલ છે. માંગણી : આરટીઆઈ એક્ટ મુજબ મળવાપાત્ર માહિતી આપવા માટે જાહેર માહિતી અધિકારીને સુચના આપવા અને જે કોઈ માહિતી આપવાની થતી હોય તે આરટીઆઈ સેકશન એક્ટ ૭(૬) મુજબ વિના મુલ્યે આપવા માટેનો હુકમ કરવા વિનંતી" તેમ જણાવેલ છે.

અરજદાર દ્વારા માંગવામાં આવેલ માહિતી પૈકી મધ્યસ્થ મહેકમ વિભાગ ધ્વારા ઉક્ત નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઇએસટી/૫૩૩૪ તા.૧૮/૧૦/૧૯ થી મુદ્દા નં.૧ ની પુર્તતામાં "સુરત મહાનગરપાલિકાના ફાયર ઈમરજન્સી સવિર્સીસ વિભાગ અને ફાયર ઈરમજન્સી રીસ્પોન્સ સેન્ટરના તમામ કેડરના લીસ્ટની યાદી પાના નંગ –૨ વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ છે. તથા મુદ્દા નં.૨ અને ૩ ની સંયુક્ત પુર્તતામાં "આ પ્રકારની વિશાળ પ્રમાણમાં Indiscriminate and impractical માંગવામાં આવતી માહિતી બાબતે ગુજરાત રાજય માહિતી કમિશ્નરશ્રી તરફથી એક અપીલ નં.૨૫૯૭–૨૦૧૪ માં તા.૮/૯/૧૫ થી કરવામાં આવેલ હુકમમાં માહિતી અધિકાર અધિનિયમ સાથે સંકળાયેલ એક મહત્વના કેસ સીવીલ અપીલ નં.૬૪૫૪–૨૦૧૧ માં નામ.સુપ્રિમ કોર્ટ ધ્વારા તા.૯/૮/૧૧ થી આપેલ ચુકાદો ટાંકી માંગવામાં આવેલ માહિતી સંદર્ભે ધ્યાને લેવા જોગ છે.

37. Indiscriminate and impractical demands or directions under RTI Act for disclosure of all and sundry information (unrelated to transparency and accountability in the functioning of public authorities and eradication of corruption) would be counter-productive as it will adversely affect the efficiency of the administration and result in the executive getting bogged down with the non-productive work of collecting and furnishing information. The Act should not be allowed to be misused or abused, to become a tool to obstruct the national development and integration, or to destroy the peace, tranquility and harmony among its citizens. Nor should it be converted into a tool of oppression or intimidation of honest officials striving to do their duty. The nation does not want a scenario where 75% of the staff of public authorities spends 75% of their time in collecting and furnishing information to applicatns instead of discharging their regular duties. The threat of penalties under the RTI Act and the pressure of the authorities under the RTI Act should not lead to employees of a public authorities prioritizing 'information furnishing', at the cost of their normal and regular duties."

આમ, ઉપરોક્ત સુપ્રિમ કોર્ટના ચુકાદાની વિગતો તથા માહિતી અધિકાર અધિનિયમની કલમ ૭(૯) ની જોગવાઈઓ ધ્યાને લેતા આપના ધ્વારા માંગવામાં આવેલ માહિતી પુરી પાડી શકાય એમ નથી. આ બાબતે રાજય માહિતી અયોગના ઉક્ત હુકમની નકલ અવલોકનાર્થે આ સાથે સામેલ છે." તેમ જણાવી પુર્તતા / માહિતી પાઠવવામાં આવેલ.

ઉપરોક્ત હકીકત ધ્યાને લેતા માંગવામાં આવેલ માહિતીની વિગત બાબતે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) ધ્વારા ઉક્ત પત્રથી લાગત મુદ્દા નં.૧ ની કરવામાં આવેલ પુર્તતા/માહિતી નિયમોનુસાર યોગ્ય અને ઉચિત જણાય છે. કારણ કે ફાયર ઈમરજન્સી સવિર્સીસ વિભાગ અને ફાયર ઈરમજન્સી રીસ્પોન્સ સેન્ટરના તમામ કેડરના લીસ્ટની યાદી પાના નંગ–૨ વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ છે. તથા મુદ્દા નં.૨ અને ૩ ની સંયુક્ત પુર્તતામાં માંગેલ આશરે ૧૫ વર્ષની વિશાળ પ્રમાણની કહી શકાય તેવી માહિતીની માંગણી કરેલ છે. આ પ્રકારની વિશાળ પ્રમાણમાં Indiscriminate and impractical માંગવામાં આવતી માહિતી બાબતે રાજય માહિતી કમિશ્નરશ્રી તરફથી એક અપીલ નં.૨૫૯૭–૨૦૧૪ માં તા.૮/૯/૧૫ થી કરવામાં આવેલ હુકમમાં માહિતી અધિકાર અધિનિયમ સાથે સંકળાયેલ એક મહત્વના કેસ સીવીલ અપીલ નં.૬૪૫૪–૨૦૧૧ માં નામ.સુપ્રિમ કોર્ટ ધ્વારા તા.૯/૮/૧૧ થી કરવામાં ચુકાદાની વિગતો ધ્યાને લેતા તથા માહિતી અધિકાર અધિનિયમની કલમ ૭(૯) ની જોગવાઈઓ વંચાણે લેતા માંગવામાં આવેલ માહિતી પુરી પાડી શકાય એમ નથી. તેમ જણાવી રાજય માહિતી અયોગના ઉક્ત હુકમની નકલ પણ અવલોકનાર્થે પાઠવવામાં આવેલ. આ પાઠવવામાં આવેલ પુર્તતા સબબ વધુ સ્પષ્ટતા/પુરાવા થઈ આવવા માટે પત્ર નં.જીએડી/ઈએસટી/૬૩૭૦ તા.૯/૧૨/૧૯ થી જાણ કરવામાં આવેલ. આ અંગે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) ધ્વારા પત્ર નં.જીએડી/ ઈએસટી/૬૫૬૪ તા.૧૭/૧૨/૧૯ થી જણાવેલ છે કે "અરજદાર તરફથી માંગવામાં આવેલ માહિતી અત્રેના વિભાગ ધ્વારા અલગથી નિભાવવામાં આવતી ન હોય તેમજ માંગેલ માહિતી સને ૨૦૦૫ થી માંગેલ હોય માહિતી વિપુલ પ્રમાણમાં હોવાનુ અને એકત્ર કરવામાં સમયમાંગી લે એમ હોવાનું જણાવેલ છે." જે સ્પષ્ટતા ધ્યાને લેતા પાઠવવામાં આવેલ પુર્તતા યોગ્ય અને ઉચિત જણાય છે. અરજદારે અપીલ તબક્કે ભ્રષ્ટાચાર સબંધી કરેલ આક્ષેપો આધાર/પુરાવા વિનાના હોય તેમજ તે મુજબના આક્ષેપોને આર.ટી.આઈ. હેઠળની સદર મુળ અરજી પરત્વે પુરી પાડવા જોગ મહિતી સંદર્ભે કોઈ લેવાદેવા હોવાનુ જણાતુ ન હોય, જે ગ્રાહય રાખવા જોગ નથી. આમ, ઉપરોક્ત તમામ હકીકત ધ્યાને લેતા મધ્યસ્થ મહેકમ વિભાગ ધ્વારા સદર અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય કે અન્ય કોઈ નકલો પુરી પાડવાની રહેતી ન હોય, સદર અપીલ અરજી દફતરે કરવા જોગ જણાય છે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેકસ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | **સુરત મહાનગરપાલિકા,**<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ, સુરત – ૩૯૫ ૦૦૩. |




**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકતો ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર શ્રી સજીવ બી.ઈઝાવા ધ્વારા મુળ અરજી આઈ.ડી.નં.૧૭૯૪ તા.૧/૧૦/૧૯ થી માંગેલ માહિતી બાબતે મધ્યસ્થ મહેકમ વિભાગના જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા નિયત ઉકત નમુના–ગ પત્રથી માંગેલ માહિતીની કરવામાં આવેલ પુર્તતા/માહિતી નિયમોનુસાર યોગ્ય અને ઉચિત જણાય છે. મુદ્દા નં.૧ની માંગેલ માહિતીની નકલો નંગ–૨ વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં.૨ અને ૩ ની સંયુકત પુર્તતામાં માંગેલ વિશાળ પ્રમાણની કહી શકાય તેવી હોય આ પ્રકારની વિશાળ પ્રમાણમાં Indiscriminate and impractical માંગવામાં આવતી માહિતી બાબતે રાજય માહિતી કમિશ્નરશ્રી કરેલ હુકમમાં નામ.સુપ્રિમ કોર્ટ ધ્વારા તા.૯/૮/૧૧ થી કરવામાં ચુકાદાની વિગતો ધ્યાને લેતા તથા માહિતી અધિકાર અધિનિયમની કલમ ૭(૯) ની જોગવાઈઓ વંચાણે લેતા માંગવામાં આવેલ માહિતી પુરી પાડી શકાય એમ નથી. આમ છતા આ પાઠવવામાં આવેલ પુર્તતા સબબ વધુ સ્પષ્ટતા થવા માટે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસરશ્રી (મહેકમ)ને પત્ર નં.જીએડી/ઈએસટી/૬૩૭૦ તા.૯/૧૨/૧૯ થી જાણ કરવામાં આવેલ. આ અંગે પત્ર તેઓ ધ્વારા પત્ર નં.જીએડી/ઈએસટી/૬૫૬૪ તા.૧૭/૧૨/૧૯ થી જણાવેલ છે કે "અરજદાર તરફથી માંગવામાં આવેલ માહિતી અત્રેના વિભાગ ધ્વારા અલગથી નિભાવવામાં આવતી ન હોય તેમજ માંગેલ માહિતી સને ૨૦૦૫ થી માંગેલ હોય માહિતી વિપુલ પ્રમાણમાં હોવાનુ અને એકત્ર કરવામાં સમયમાંગી લે એમ હોવાનું જણાવેલ છે." જે સ્પષ્ટતા ધ્યાને લેતા પાઠવવામાં આવેલ પુર્તતા યોગ્ય અને ઉચિત જણાય છે. અરજદારે અપીલ તબકકે ભ્રષ્ટ્રાચાર સબંધી કરેલ આક્ષેપો આધાર/પુરાવા વિનાના હોય તેમજ તે મુજબના આક્ષેપોને આર.ટી.આઈ. હેઠળની સદર મુળ અરજી પરત્વે પુરી પાડવા જોગ મહિતી સંદર્ભે કોઈ લેવાદેવા હોવાનુ જણાતુ ન હોય, જે ગ્રાહય રાખવા જોગ નથી. આમ, ઉપરોકત તમામ હકીકત ધ્યાને લેતા મધ્યસ્થ મહેકમ વિભાગ કક્ષાએથી વધુ કંઈ કરવાનુ રહેતુ ન હોય કે વધુ કોઈ દસ્તાવેજો કે નકલો પુરી પાડવાની રહેતી ન હોય, જેથી સદર અપીલ અરજી દફતરે કરવા જોગ જણાતી હોય, જે દફતરે કરી નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે. વધુમાં આ હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર– ૩૮૨૦૧૦ ખાતે અરજદાર બીજી અપીલ કરી શકે છે.

**(એસ.એચ.વ્યાસ)**
**અપીલ અધિકારી અને પર્સોનલ ઓફિસર(મહેકમ)**
**સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત**
**ફોન નં.(૦૨૬૧)૨૪૨૩૭૫૧ થી ૫૬ એક્ષ્ટે.નં.૫૧૯**

નં.જીએડી/ઇએસટી/૬૫૬૮
તા.૧૭/૧૨/૨૦૧૯

**નકલ રવાનાઃ** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મધ્યસ્થ મહેકમ વિભાગ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાનાઃ** શ્રી સજીવ ઈઝાવા, પ્રતિ.... જાણ માટે.

| | | |
|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | **સુરત મહાનગરપાલિકા,**<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ, સુરત – ૩૯૫ ૦૦૩. |

**અપીલ અરજી નં.૩૧/૧૯–૨૦**

**અરજદાર** : શ્રી ડી.કે.નંદનવાર

**સામાવાળા :** સેકશન ઓફીસર (મધ્યસ્થ મહેકમ વિભાગ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષય:–** શ્રી ડી.કે.નંદનવારની મુળ અરજી આઈ.ડી.નં.૧૭૪૨ તા.૨૫/૦૯/૧૯ સંદર્ભે કરેલ અપીલ અરજી બાબત.

**સંદર્ભ:–** અરજદાર મજકુરની તા.૧૯/૧૧/૧૯ ની અપીલ અરજી No.SMC/GAD/FAP/31/19-20.

અરજદારશ્રી ડી.કે.નંદનવાર ધ્વારા મુળ અરજી આઈ.ડી.નં.૧૭૪૨ (સે.ઝોન ના.સુ.કે.) તા.૨૫/૧૦/૧૯ની જાહેર માહિતી અધિકારીશ્રી, મહેકમ વિભાગ, સેન્ટ્રલ ઝોન, સુરત મહાનગરપાલિકાને સંબોધીને સેન્ટ્રલ ઝોન સીટી સીવીક સેન્ટર ખાતે કરેલ. જે અરજી એકઝીક્યુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારીશ્રી (સેન્ટ્રલ ઝોન ના.સુ.કે.) દ્વારા નં.સીસીસી.સીઝેડ/આરટીઆઈ/આઉટ/૧૭૪૨, તા.૨૬/૯/૧૯ થી જાહેર માહિતી અધિકારી, મધ્યસ્થ મહેકમ વિભાગને તબદીલ કરવામાં આવેલ. જે અત્રેના વિભાગને તા.૨૬/૯/૧૯ના રોજ પ્રાપ્ત થયેલ. અરજદાર ધ્વારા સદર આઈ.ડી. અરજીથી આસી.મ્યુનિ.કમિશનર બાબતે મુદ્દા નં.૧ થી ૪ ની માહિતીની માંગણી કરેલ. જે અંતર્ગત જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર, મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઇએસટી/૫૧૪૧ તા.૧૧/૧૦/૧૯ થી માહિતી/પુર્તતા નિયત સમયમર્યાદામાં પાઠવવામાં આવેલ. જે પાઠવવામાં આવેલ માહિતી/ પુર્તતા પત્રથી નારાજ થઈ તા.૧૯/૧૧/૧૯ ના રોજ પ્રથમ અપીલ અરજી દાખલ કરી અપીલ તબકકે "અરજીમાં દર્શાવ્યા મુજબની માંગેલ માહિતી યોગ્ય અને સંતોષકારક રીતે આપેલ ન હોય જેથી નારાજ થઈ અપીલ અરજી કરેલ છે. માંગેલ માહિતીના મુદ્દા નં.૩ અને ૪ માં એવી કોઈ વ્યકિતની અંગત માહિતી માંગેલ નથી. જે માહિતી આપવાથી જેને જાહેર હિતમાં પ્રગત કરી શકાય, હમોએ ફકત અને ફકત વહીવટી ખાતા ધ્વારા કરવામાં આવેલ હુકમની નકલ, મંજુરી રીપોર્ટની નકલ તથા તેને લગતા તમામ પેપર્સની નકલ જ માંગેલ છે. જે આપેલ ન હોવાથી માગ્યા મુજબની માહિતી મેળવવા સદર અપીલ કરેલ. જે ધ્યાને રાખી અરજીમાં દર્શાવેલ માગ્યા મુજબની માહિતી આપવા અંગેનો હુકમ આપ સાહેબશ્રી ફરમાવશોજી" તેમ જણાવેલ છે.

અરજદાર દ્વારા માંગવામાં આવેલ માહિતી પૈકી મધ્યસ્થ મહેકમ વિભાગ ધ્વારા નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઇએસટી/૫૧૪૧ તા.૧૧/૧૦/૧૯ થી મુદ્દા નં.૧ થી 'હાલમાં ફરજ બજાવતા તમામ આસિસ્ટન્ટ કમિશ્નરશ્રીઓની સિન્યોરીટીની લીસ્ટ આપશોજી.' ની માહિતી માગેલ. જે બાબતે પુર્તતામાં 'હાલમાં ફરજ બજાવતા તમામ આસિસ્ટન્ટ કમિશ્નરશ્રીઓની સિન્યોરીટીની લીસ્ટ માંગવામાં આવેલ માહિતીની નકલ' પુરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં.ર થી 'સને–૨૦૧૪ નાં અરસામાં નિમણુંક થયેલ આસિસ્ટન્ટ કમિશ્નરશ્રીઓની સિલેકશન યાદીની નકલ આપશોજી.' ની માગેલ માહિતીમાં 'સને–૨૦૧૪ નાં અરસામાં નિમણુંક થયેલ આસિસ્ટન્ટ કમિશ્નરશ્રીઓની સિલેકશન યાદીની નકલ' પુરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં.૩ થી 'હાલમાં ઈન્ચાર્જ ડેપ્યુટી કમિશ્નરશ્રીઓ અંગે થયેલ કચેરી હુકમની નકલ આપશોજી.' તથા મુદ્દા નં.૪ થી 'ઈન્ચાર્જ ડેપ્યુટી કમિશ્નરશ્રીઓ અંગે મંજુરી લીધી હોય તે મંજુરી રીપોર્ટની નકલ તથા તેને લગતા તમામ પેપર્સની નકલ આપશોજી.' ની માહિતીની માંગણી કરેલ. મુદ્દા નં.૩ તથા ૪ ની સંયુકત પુર્તતામાં 'મુદ્દા નં.૩ અને ૪થી માંગવામાં આવેલ માહિતી બાબતે જણાવવાનું કે નામ.ગુજરાત રાજય માહિતી આયોગના માન.રાજય માહિતી કમિશનરશ્રી ધ્વારા એક આર.ટી.આઈ. અરજી સંદર્ભે નામ.સુપ્રિમ કોર્ટના સિવિલ અપીલ નં.૨૨ ઓફ ૨૦૦૯ કેનેરા બેંક વર્સીસ સી.એસ.શ્યામ એન્ડ અધર તા.૩૧/૦૮/૨૦૧૭ ના ચુકાદાનું અનુસંધાન લઈ તા.૦૨/૦૨/૨૦૧૯ ના રોજ કરેલ હુકમમાં ખુબ જ સ્પષ્ટપણે જણાવેલ છે કે કલેરીકલ સ્ટાફ અને કર્મચારીઓની અંગત બાબતો, નોકરીમાં જોડાયા તારીખ, બઢતીની વિગત, કચેરીમાં જોડાયાની તારીખ, ટ્રાન્સફરના હુકમો વિગરે તેમની અંગત માહિતી છે. આ પ્રકારની માહિતી એ જે તે કર્મચારી અને તેમના નોકરીદાતા વચ્ચેની છે જે કામગીરી સેવા નિયમો હેઠળ નિયંત્રિત થાય છે. જેથી માહિતી અધિકાર અધિનિયમની કલમ ૮(૧) (ઠ) હેઠળ જાહેર કરી શકાય નહી. તેમજ આ મુજબની માંગવામાં આવેલ માહિતીમાં જાહેર હિત સમાયેલુ હોવુ જોઈએ. અરજદાર આવી માહિતી પોતાના અધિકાર તરીકે માંગી શકે નહી. તે બાબતો ધ્યાને લેતા અરજદાર ધ્વારા પ્રસ્તુત મુદ્દાની માંગવામાં આવેલ માહિતીમાં કોઈપણ પ્રકારનું જાહેર હિત સમાયેલ હોવાનું પ્રસ્થાપિત થતુ નથી કે અરજદાર ધ્વારા પ્રસ્થાપિત કરવામાં આવેલ નથી. તેમજ માંગવામાં આવેલ સમગ્ર માહિતી જે તે કર્મચારી અને તેમના નોકરીદાતા વચ્ચેની છે જે કામગીરી સેવા નિયમો હેઠળ નિયંત્રિત હોય, તે બાબતો ધ્યાને લેતા પ્રસ્તુત સમગ્ર મુદ્દાથી માંગ્યા મુજબની માહિતી આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ઠ) મુજબ ત્રાહિત પક્ષકારને પુરી પાડવા જોગ નથી. આ બાબતે રાજય માહિતી અયોગના ઉકત હુકમની નકલ અવલોકનાર્થે આ સાથે સામેલ છે.' તેમ જણાવી પુર્તતા પાઠવવામાં આવેલ.

ઉપરોકત હકીકત ધ્યાને લેતા માંગવામાં આવેલ માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) ધ્વારા ઉકત પત્રથી પાઠવવામાં આવેલ માહિતી/પુર્તતા યોગ્ય અને ઉચિત જણાય છે કારણ કે, લાગત મુદ્દા નં.૧ થી આસિસ્ટન્ટ કમિશ્નરોની સિન્યોરીટીની લીસ્ટ માંગવામાં આવેલ માહિતીની નકલ નંગ–૧ વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં.ર માં સને–૨૦૧૪ નાં અરસામાં નિમણુંક થયેલ આસિસ્ટન્ટ કમિશ્નરશ્રીઓની સિલેકશન યાદીની નકલ પણ વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ છે. પરંતુ મુદ્દા નં.૩ અને નં.૪ની માંગવામાં આવેલ માહિતી બાબતે મધ્યસ્થ મહેકમ કક્ષાએથી કરવામાં આવેલ પુર્તતામાં આર.ટી.આઈ.એકટ ૮(૧)(ઠ) ની જોગવાઈઓ વંચાણે લેતા માંગવામાં આવેલ માહિતી પુરી પાડી શકાય એમ નથી. તેમ જણાવી રાજય માહિતી અયોગના ઉકત હુકમની નકલ પણ અવલોકનાર્થે પાઠવવામાં આવેલ. મધ્યસ્થ મહેકમ ધ્વારા ઉકત કરવામાં આવેલ પુર્તતામાં નામ.સુપ્રિમ કોર્ટના ચુકાદાનો આધાર લઈ તથા આર.ટી.આઈ.એકટ ૮(૧)(ઠ) ની જોગવાઈઓનો કયા કારણોસર ઉલ્લેખ કરેલ છે? જે બાબતે વધુ સ્પષ્ટતા થઈ આવવા માટે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) જાણ કરવામાં આવેલ. જે સંદર્ભે તેઓ ધ્વારા જણાવેલ છે કે "માંગવામાં આવેલ માહિતી જે તે કર્મચારી અને તેમના નોકરીદાતા વચ્ચેની છે. જે કામગીરી સેવા નિયમો હેઠળ નિયંત્રિત થાય છે તેમજ માગવામાં આવેલ માહિતીમાં કોઈપણ પ્રકારનું જાહેર હિત સમાયેલ હોવાનુ પ્રસ્થાપિત થતુ નથી કે અરજદાર ધ્વારા પ્રસ્થાપિત કરવામાં આવેલ ન હોવા છતાં મુદ્દા નં.૩ થી માંગેલ માહિતી બાબતે નામ.ગુજરાત રાજય માહિતી આયોગ ધ્વારા એક આર.ટી.આઈ. અરજી સંદર્ભે નામ.સુપ્રિમ કોર્ટના સીવીલ અપીલ નં.૨૨ ઓફ ૨૦૦૯ કેનેરા બેંક વર્સીસ સી.એસ.શ્યામ એન્ડ અધર તા.૩૧/૦૮/૨૦૧૭ ના ચુકાદાનું અનુસંધાન લઈ તા.૦૨/૦૨/૨૦૧૯ ના રોજ કરેલ હુકમ મુજબનો જે જવાબ કરવામાં આવેલ છે તે ઉચિત જણાય છે. તેમજ મુદ્દા નં.૪ થી માંગેલ માહિતીની કોઈ નકલ ઉપલબ્ધ ન હોય પુરી પાડી શકાય તેમ નથી." તેમ જણાવી વધુ પુર્તતા/સ્પષ્ટતા કરવામાં આવેલ છે. જે મધ્યસ્થ મહેકમ કક્ષાએથી કરવામાં આવેલ પુર્તતા/સ્પષ્ટતા ધ્યાને લેતા કરવામાં આવેલ કાર્યવાહી યોગ્ય અને ઉચિત જણાય છે.

અરજદાર ધ્વારા અપીલ તબકકે કરેલ રજુઆતમાં જણાવેલ છે કે એવી કોઈ વ્યકિતની અંગત માહિતી માંગેલ નથી. હમોએ ફકત અને ફકત વહીવટી ખાતા ધ્વારા કરવામાં આવેલ હુકમની નકલ, મંજુરી રીપોર્ટની નકલ તથા તેને લગતા તમામ પેપર્સની નકલ જ માંગેલ હોવાનુ જણાવેલ છે. જે અરજદારની ઉકત રજુઆત ધ્યાને લેતા નામ.સુપ્રિમ કોર્ટના ઉકત ચુકાદો અવલોકનમાં લેતા અરજદાર ધ્વારા માગેલ મુદ્દા નં.૩ અને ૪ ની માહિતી બાબતે મધ્યસ્થ મહેકમ વિભાગ ધ્વારા લાગત મુદ્દાઓની પાઠવવામાં આવેલ માહિતી/પુર્તતા યોગ્ય અને નિયમાનુંસારની છે. આમ અરજદાર ધ્વારા અપીલ તબકકે કરેલ માંગણીઓ બાબતે વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય કે વધુ કોઈ પુર્તતા કે સ્પષ્ટતા કરવાની રહેતી ન હોય, સદર અપીલ અરજી દફતરે કરવા જોગ જણાય છે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | **સુરત મહાનગરપાલિકા,**<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ, સુરત – ૩૯૫ ૦૦૩. |



**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકતો ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી ડી.કે.નંદનવાર ધ્વારા મુળ અરજી આઈ.ડી.નં.૧૭૪૨ તા.૨૫/૧૦/૧૯ થી મુદ્દા નં.૧ થી ૪ ની માહિતીની માંગણી કરેલ. જે અંતર્ગત જાહેર માહિતી અધિકારી અને સેક્શન ઓફીસર, મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી ઉક્ત નિયત નમુના–ગ પત્રથી માંગેલ માહિતી સબંધે કરવામાં આવેલ પુર્તતા નિયમોનુસાર યોગ્ય અને ઉચિત જણાય છે. લાગત મુદ્દા નં.૧ થી આસિસ્ટન્ટ કમિશ્નરોની સિન્યોરીટીની લીસ્ટની નકલ નંગ–૧ વિના મુલ્યે પુરી પાડેલ છે. મુદ્દા નં.૨ માં સને–૨૦૧૪ માં નિમણુંક થયેલ આસિસ્ટન્ટ કમિશ્નરશ્રીઓની સિલેકશન યાદીની નકલ પણ વિના મુલ્યે પુરી પાડેલ છે. તથા મુદ્દા નં.૩ અને નં.૪ની માંગવામાં આવેલ માહિતી જે તે કર્મચારી અને તેમના નોકરીદાતા વચ્ચેની હોય, જે કામગીરી સેવા નિયમો હેઠળ નિયંત્રિત થાય છે તેમજ માગવામાં આવેલ માહિતીમાં કોઈપણ પ્રકારનું જાહેર હિત સમાયેલ હોવાનુ પ્રસ્થાપિત થતુ નથી કે પ્રસ્થાપિત કરવામાં આવેલ ન હોવા છતાં મુદ્દા નં.૩ થી માંગેલ માહિતી બાબતે નામ.ગુજરાત રાજ્ય માહિતી આયોગ ધ્વારા એક આર.ટી.આઈ. અરજી સંદર્ભે નામ.સુપ્રિમ કોર્ટના સીવીલ અપીલ નં.૨૨ ઓફ ૨૦૦૯ કેનેરા બેંક વર્સીસ સી.એસ.શ્યામ એન્ડ અધર તા.૩૧/૦૮/૨૦૧૭ ના ચુકાદાનું અનુસંધાન લઈ તા.૦૨/૦૨/૨૦૧૯ ના રોજ કરેલ હુકમનો તલસ્પર્શી અભ્યાસ કરી જે જવાબ પાઠવવામાં આવેલ છે તે યોગ્ય અને ઉચિત જણાય છે. તેમજ મુદ્દા નં.૪ થી માંગેલ માહિતીની કોઈ નકલ ઉપલબ્ધ ન હોય પુરી પાડી શકાય તેમ નથી. આમ ઉક્ત તમામ હકીકત ધ્યાને લેતા સુરત મહાનગરપાલિકાના મધ્યસ્થ મહેકમ વિભાગ ધ્વારા ઉક્ત મુદ્દાઓની પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા યોગ્ય અને ઉચિત જણાતી હોય સદર અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય કે વધુ કોઈ દસ્તાવેજો કે નકલો પુરી પાડવાની રહેતી ન હોય, જેથી સદર અપીલ અરજી દફતરે કરવા જોગ જણાતી હોય, જે દફતરે કરી નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે. વધુમાં આ હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન રાજ્ય કક્ષાની કચેરી, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેક્ટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે અરજદાર બીજી અપીલ કરી શકે છે.

**(એસ.એચ.વ્યાસ)**
**અપીલ અધિકારી અને પર્સોનલ ઓફિસર (મહેકમ)**
**સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત**
**ફોન નં.(૦૨૬૧)૨૪૨૩૭૫૧ થી ૫૬ એક્ષટે.નં.૫૧૯**

નં.જીએડી/ઇએસટી/૬૬૨૦
તા.૧૯/૧૨/૨૦૧૯

**નકલ રવાના:** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મધ્યસ્થ મહેકમ વિભાગ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાના:** શ્રી ડી. કે. નંદનવાર, પ્રતિ.... જાણ માટે.

| RIGHT TO INFORMATION | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | **સુરત મહાનગરપાલિકા,**<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ, સુરત – ૩૯૫ ૦૦૩. |
|---|---|---|---|

**અપીલ અરજી નં.૩૨/૧૯–૨૦**

**અરજદાર :** ડો.કેશવ જી.વૈષ્ણવ

**સામાવાળા :** સેકશન ઓફીસર (મધ્યસ્થ મહેકમ વિભાગ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** ડો.કેશવ જી.વૈષ્ણવની મુળ અરજી આઈ.ડી.નં.૯૮૯ તા.૧૧/૦૯/૧૯ સંદર્ભે કરેલ અપીલ અરજી બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૧૯/૧૧/૧૯ ની અપીલ અરજી No.SMC/GAD/FAP/32/19-20.

અરજદાર ડો.કેશવ જી.વૈષ્ણવ ધ્વારા મુળ અરજી આઈ.ડી.નં.૯૮૯ (સાઉથ ઝોન) તા.૧૧/૦૯/૧૯ થી જાહેર માહિતી અધિકારીશ્રી, રીક્રુટમેન્ટ વિભાગ તથા મહેકમ વિભાગ સુરત મહાનગરપાલિકાને સંબોધીને સાઉથ ઝોન સીટી સીવીક સેન્ટર ખાતે કરેલ. જે અરજી જા.મા.અધિ. અને ડે.ઈજનેર(સાઉથ ઝોન) ધ્વારા મધ્યસ્થ મહેકમ રીક્રુટમેન્ટ વિભાગને નં.સા.ઝોન/ટેક/૧૪૬૮ તા.૧૬/૯/૧૦ થી તબદીલ કરવામાં આવેલ. જે મધ્યસ્થ મહેકમ રીક્રુટમેન્ટ વિભાગ ધ્વારા નં.જીએડી/ ઈએસટી/આર/૯૫૮ તા.૧૭/૯/૧૯ થી મધ્યસ્થ મહેકમ વિભાગને તબદીલ કરાતા જે તા.૧૭/૯/૧૯ ના રોજ પ્રાપ્ત થયેલ. અરજદાર ધ્વારા સદર આઈ.ડી. અરજીથી ડે.મ્યુનિ.કમિશનરની કેડરના રોસ્ટર બાબતે મુદ્દા નં.૧ થી ૩ ની માહિતીની માંગણી કરેલ. જે અંતર્ગત જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર, મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઇએસટી/૪૭૫૬ તા.૨૫/૯/૧૯ થી માહિતી/પુર્તતા નિયત સમયમર્યાદામાં પાઠવવામાં આવેલ. જે પાઠવવામાં આવેલ માહિતી/પુર્તતા પત્રથી નારાજ થઈ તા.૧૯/૧૧/૧૯ ના રોજ પ્રથમ અપીલ અરજી દાખલ કરી અપીલ તબકકે "માગવામાં આવેલ માહિતી મુદ્દા નં.૧,૨ અને ૩ની અધુરી છે અને સાચી માહિતી આપેલ નથી. માંગવામાં આવેલ માહિતી પુરેપુરી અને સાચી માહિતી આપવા વિનંતી." તેમ જણાવેલ છે.

અરજદાર દ્વારા ઉકત મુળ આઈ.ડી.થી મુદ્દા નં.૧ થી ૩ માં માંગવામાં આવેલ માહિતીમાં 'ડેપ્યુટી મ્યુનિ.કમિશ્નર કેડરના રોસ્ટર પ્રમાણે નિભાવવામાં આવતા રોસ્ટરની નકલ, જયારથી નિભાવવામાં આવે છે તે સમયની તમામ નકલો તથા રોસ્ટર અમલીકરણ બાબતે રાજય સરકારની કોઈ મંજુરી લીધેલ હોય તેની નકલ આપવા વિનંતી કરેલ' ઉકત સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસરશ્રી મધ્યસ્થ મહેકમ વિભાગ ધ્વારા ઉકત નિયત નમુના–ગ પત્ર થી મુદ્દા નં.૧ થી ૩ ની સંયુકત પુર્તતામાં "સુરત મહાનગરપાલિકામાં ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશ્નરની જગ્યા ગુજરાત રાજય સરકારશ્રીના ઠરાવ ક્રમાંક : પવસ–૧૬૯૬–૮૭૮–ગ.૪, તા.૫/૯/૨૦૦૦ થી ઠરાવ્યા મુજબ અત્રે નિભાવવામાં આવેલ રજીસ્ટર/ઠરાવની નકલ આ સાથે સામેલ છે. જેના પરથી માંગેલ માહિતીનો સંદર્ભ મળી શકે તેમ છે." તેમ જણાવી નિર્દિષ્ટ સમયમર્યાદામાં માહિતી/પુર્તતા સહિત ઠરાવની નકલ વિના મુલ્યે પાઠવવામાં આવેલ.

ઉપરોકત હકીકત ધ્યાને લેતા ઉકત મુળ આઈ.ડી. સંદર્ભે મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી ઉકત નિયત નમુના–ગ પત્રથી મુદ્દા નં.૧ થી ૩ ની સંયુકત કરવામાં આવેલ પુર્તતા/માહિતી યોગ્ય અને ઉચિત જણાય છે. કારણ કે ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશ્નરની જગ્યા બાબતે ગુજરાત રાજય સરકારશ્રીના ઠરાવ ક્રમાંક : પવસ–૧૬૯૬–૮૭૮–ગ.૪, તા.૫/૯/૨૦૦૦ ની ઠરાવની નકલ વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ છે. અરજદારે અપીલ તબકકે અધુરી છે અને સાચી માહિતી આપેલ નથી. જે માંગવામાં આવેલ માહિતી પુરેપુરી અને સાચી માહિતી આપવા બાબતની કરેલ રજુઆતમાં કોઈ તથ્ય જણાતુ ન હોય જે ગ્રાહય રાખવા જોગ જણાતી નથી. જે હકીકતો ધ્યાને લેતા સુરત મહાનગરપાલિકાના મધ્યસ્થ મહેકમ વિભાગ ધ્વારા ઉકત મુદ્દાઓની પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા ઉપરથી જ માંગેલ માહિતીનો સંદર્ભ મેળવવાનો રહે. આમ, ઉપરોકત તમામ હકીકત ધ્યાને લેતા મધ્યસ્થ મહેકમ વિભાગ ધ્વારા સદર અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય કે અન્ય કોઈ નકલો પુરી પાડવાની રહેતી ન હોય, સદર અપીલ અરજી દફતરે કરવા જોગ જણાય છે.

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકતો ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર ડો.કેશવ જી.વૈષ્ણવ ધ્વારા મુળ અરજી આઈ.ડી.નં.૯૮૯ તા.૧૧/૦૯/૧૯ થી ડે.મ્યુનિ.કમિશનરની કેડરના રોસ્ટર બાબતે મુદ્દા નં.૧ થી ૩ ની માહિતીની માંગણી કરેલ. જે અંતર્ગત જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર, મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી ઉકત નિયત નમુના–ગ પત્રથી માંગેલ માહિતીની કરવામાં આવેલ પુર્તતા/માહિતી નિયમોનુસાર યોગ્ય અને ઉચિત જણાય છે. ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશ્નરની જગ્યા બાબતે ગુજરાત રાજય સરકારશ્રીના ઠરાવ ક્રમાંક : પવસ–૧૬૯૬–૮૭૮–ગ.૪, તા.૫/૯/૨૦૦૦ની ઠરાવની નકલ વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ છે.જે હકીકત ધ્યાને લેતા સુરત મહાનગરપાલિકાના મધ્યસ્થ મહેકમ વિભાગ ધ્વારા ઉકત મુદ્દાઓની પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા ઉપરથી જ માંગેલ માહિતીનો સંદર્ભ મેળવવાનો રહે. આમ, ઉપરોકત તમામ હકીકત ધ્યાને લેતા સદર અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય કે વધુ કોઈ દસ્તાવેજો કે નકલો પુરી પાડવાની રહેતી ન હોય, જેથી સદર અપીલ અરજી દફતરે કરવા જોગ જણાતી હોય, જે દફતરે કરી નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે. વધુમાં આ હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન રાજય કક્ષાની કચેરી, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે અરજદાર બીજી અપીલ કરી શકે છે.

**(એસ.એચ.વ્યાસ)**
**અપીલ અધિકારી અને પર્સોનલ ઓફિસર(મહેકમ)**
**સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત**
**ફોન નં.(૦૨૬૧)૨૪૨૩૭૫૧ થી ૫૬ એક્ષટે.નં.૫૧૯**

નં.જીએડી/ઇએસટી/૬૫૯૨
તા.૧૮/૧૨/૨૦૧૯

**નકલ રવાનાઃ** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મધ્યસ્થ મહેકમ વિભાગ) પ્રતિ.... જાણ માટે

**નકલ રવાનાઃ** ડો. કેશવ જી. પ્રતિ.... જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | **સુરત મહાનગરપાલિકા,**<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ, સુરત – ૩૯૫ ૦૦૩. |

**અપીલ અરજી નં.૩૩/૧૯–૨૦**

**અરજદાર :** શ્રી નરેશભાઈ એન.બથવાર

**સામાવાળા :** સેકશન ઓફીસર (મધ્યસ્થ મહેકમ વિભાગ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** શ્રી નરેશભાઈ એન.બથવારની મુળ અરજી આઈ.ડી.નં.૨૦૭૬ તા.૦૮/૧૧/૧૯ સંદર્ભે કરેલ અપીલ અરજી બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૦૪/૧૨/૧૯ ની અપીલ અરજી No.SMC/GAD/FAP/33/19-20.

અરજદારશ્રી નરેશભાઈ એન.બથવારે મુળ અરજી આઈ.ડી.નં.૨૦૭૬ તા.૮/૧૧/૧૯ થી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસરશ્રી, મધ્યસ્થ મહેકમ વિભાગ, સુરત મહાનગરપાલિકા, સુરતને સંબોધીને સેન્ટ્રલ ઝોન સીટી સીવીક સેન્ટર ખાતે કરેલ. જે નં.સીસીસી/સેઝોન/૨૦૭૬ તા.૯/૧૧/૧૯ થી મધ્યસ્થ મહેકમ વિભાગને તબદીલ કરાતા જે તા.૯/૧૧/૧૯ના રોજ પ્રાપ્ત થયેલ. અરજદારે સદર અરજી ધ્વારા કોમ્પ્યુટર ઓપરેટર બાબતે મુદ્દા નં.૧ થી ૪ ની માહિતીની માંગણી કરેલ. જે અંતર્ગત જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર, મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઇએસટી/૬૦૩૯ તા.૨૬/૧૧/૧૯ થી માહિતી/પુર્તતા સમયમર્યાદામાં પાઠવવામાં આવેલ. જે પાઠવવામાં આવેલ માહિતી/ પુર્તતાથી નારાજ થઈ તા.૪/૧૨/૧૯ ના રોજ પ્રથમ અપીલ અરજી દાખલ કરી અપીલ તબકકે "આકાર એચ.આર.પ્રાઈવેટ લી.ને કોન્ટ્રાકટ એસ.એમ.સી.ના અમુક રાજકીય નેતાઓ અને એસ.એમ.સી.ના વગદાર અધિકારીઓ ધ્વારા આપવામાં આવેલ છે અને જેની ગુપ્તતા મહેકમ વિભાગના જાહેર માહિતી અધિકારીશ્રી અને અપીલ અધિકારીશ્રી અને પર્સોનેલ ઓફીસરશ્રી નિભાવે છે. સદરહુ કોન્ટ્રાકટ આકાર એચ.આર.પ્રા.લી.ને ગેરકાયદેસર આપવામાં આવેલ છે. કોમ્પ્યુટર ઓપરેટરોનો ગેરલાભ ઉઠાવી એસ.એમ.સી.પાસેથી કોમ્પ્યુટર ઓપરેટરોના વધુ વેતન મેળવી કોમ્પ્યુટર ઓપરેટરો સાથે ગેરરીતી કરી ઓછુ વેતન આપી સરકારી લઘુતમ વેતન ધારાનો ગેરકાયદેસર ભંગ કરે છે. ઉપરોક્ત બાબતથી અસંતુષ્ટ થઈ આર.ટી.આઈ. એકટ ૨૦૦૫ની કલમ ૧૯(૧) અન્વયે પ્રથમ અપીલ અરજીથી અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફીસરશ્રી પાસે તેમના વિભાગના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર પાસેથી અમો અરજદારે માંગેલ માહિતીના મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી અપાવવા અંગે દાદ માગીએ છીએ." તેમ જણાવેલ છે.

અરજદાર મજકુર ધ્વારા માંગવામાં આવેલ માહિતી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(મહેકમ) ધ્વારા નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઇએસટી /૬૦૩૯ તા.૨૬/૧૧/૧૯ થી મુદ્દા નં.૧ થી ૩ ની સંયુકત માહિતી/પુર્તતામાં "સદરહુ કોન્ટ્રાકટર ધ્વારા આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ડી) તથા કલમ ૧૧(૧) મુજબ તેઓના ધંધાને લગતી અત્રેના ડીપાર્ટમેન્ટને પુરી પાડવામા આવેલ કોઈપણ માહિતીનો ફકત અત્રેના ડીપાર્ટમેન્ટ પુરતો જ ઉપયોગ કરવા તથા આર.ટી.આઈ. એકટ ૨૦૦૫ હેઠળની અરજીના કોઈપણ અરજદારને નહી આપવા અત્રેની કચેરીને લેખિત પત્રથી આગોતરી સુચના આપેલ હોય, તે અંતર્ગત પણ સદર ઓન કોન્ટ્રાકટ કમ્પ્યુટર ઓપરેટરોનો કોન્ટ્રાકટ આકાર એચ.આર.મેનેજમેન્ટ પ્રાઈવેટ લિમીટેડને જે ટેન્ડરથી આપેલ તે ટેન્ડર/કોન્ટ્રાકટરોએ રજુ કરેલ તમામ ડોકયુમેન્ટસ પેપરોની, અર્નેસ્ટ રકમ ભર્યાની રસીદ અને ટેન્ડરની જાહેરાતની/સામાન્ય સભાના અધિકારીઓના નામ અને પોસ્ટ સહિતની માહિતી આર.ટી.આઈ. હેઠળ ત્રાહિત વ્યકિત/અરજદારને પુરી પાડવા જોગ નથી." તથા મુદ્દા નં. ૪ માં "એસ.એમ.સી.ના જે ઝોનમાં અને મધ્યસ્થ કચેરીના વહીવટી વિભાગમાં સદરહું કોન્ટ્રાકટ ધ્વારા કુલ કોમ્પ્યુટર ઓપરેટરો પુરા પાડવામાં આવેલ હોય તેની સંખ્યા કુલ–૨૬૧ છે." તેમ જણાવેલ છે.

ઉપરોક્ત હકીકત ધ્યાને લેતા માંગવામાં આવેલ માહિતીની વિગત બાબતે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(મહેકમ) ધ્વારા ઉકત પત્રથી ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી/પુર્તતા/જવાબ સમયમર્યાદામાં પાઠવવામાં આવેલ. સદર મુદ્દા નં.૧ થી ૩ ની માંગ્યા મુજબની માહિતી પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) ધ્વારા આર.ટી.આઈ.એકટની કલમ ૮(૧)(ડી) તથા કલમ ૧૧(૧) હેઠળ કરવામાં આવેલ ઈન્કાર યોગ્ય અને ઉચિત જણાય છે. સદર કલમ ૮(૧)(ડી) માં ખુબજ સ્પષ્ટ જણાવવામાં આવેલ છે કે "વાણિજય ગોપનીયતા ધંધાકીય રહસ્યો અથવા બૌધિકક સંપદાનો સમાવેશ કરતી માહિતી, જે જાહેર થવાથી ત્રાહિત પક્ષકારની સ્પધાત્મક સ્થિતિને નુકશાન થઈ શકે તેમ હોય તેવી કોઈ માહિતી આપવાની જવાબદારી રહેશે નહિ." તેમજ ૧૧(૧) હેઠળ સદરહુ કંપની ધ્વારા તેઓના ધંધાને લગતી ડીપાર્ટમેન્ટને પુરી પાડવામાં આવેલ માહિતીનો ફકત ડીપાર્ટમેન્ટ પુરતો જ ઉપયોગ કરવા તથા આર.ટી.આઈ.–૨૦૦૫ હેઠળની અરજીના કોઈપણ અરજદારને નહી આપવા લેખિત પત્રથી સુચના આપવામાં આવેલ હોય, તે સંજોગોમાં આકાર એચ.આર.પ્રાઈવેટ લી. ધ્વારા સુરત મહાનગરપાલિકાને કોન્ટ્રાકટ સબંધી રજુ કરેલ ધંધાકીય ટેન્ડર, ડોકયુમેન્ટસ વિગેરેની મુદ્દા નં.૧ તથા ૨ થી માંગવામાં આવેલ માહિતી અરજદારને પુરી પાડવા જોગ નથી. પરંતુ મુદ્દા નં.૨ માં સુરત મહનગરપાલિકા ધ્વારા આપવામાં આવેલ ટેન્ડર સંદર્ભે બહાર પાડવામાં આવેલ જાહેરાતની નકલ તથા કોન્ટ્રાકટ આપવા સંદર્ભે સામાન્ય સભામાં થયેલ ઠરાવની નકલની આંશિક માહિતી અરજદારને પુરી પાડવા જોગ જણાય છે. તેમજ મુદ્દા નં.૩ માં સામાન્ય સભાના અધિકારીઓના નામ અને પોસ્ટ સહિતની માંગેલ માહિતી બાબતે જણાવવાનુ કે, સામાન્ય સભામાં કોઈ અધિકારીની નિમણુંક કરવામાં આવતી નથી પરંતુ શહેરી જનો ધ્વારા ચુંટાયેલા મ્યુનિ. સભ્યોશ્રીઓ હોય છે. આ સભ્યોશ્રીઓ ધ્વારા જ નિર્ણયો લેવામાં આવતા હોય છે જે જાણ માટે. તેમજ અરજદાર ધ્વારા અપીલ તબકકે રાજકીય નેતાઓ અને એસ.એમ.સી.ના વગદાર અધિકારીઓ ધ્વારા આપવામાં આવેલ અને જેની ગુપ્તતા મહેકમ વિભાગના જાહેર માહિતી અધિકારી અને અપીલ અધિકારીશ્રી નિભાવતા હોવાની કરેલ આક્ષેપો પાયા વિહોણી, ખોટી અને મનઘડત ઉપજાવી કાઢેલ હોય જે કોઈપણ સંજોગોમાં ગ્રાહય રાખી શકાય તેમ નથી. આમ, ઉપરોકત તમામ હકીકત ધ્યાને લેતા અરજદાર ધ્વારા માંગવામાં આવેલ માહિતીના મુદ્દા નં.૧ થી ૩ પરત્વે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) ધ્વારા આર.ટી.આઈ.એકટની કલમ ૮(૧)(ડી) તથા કલમ ૧૧(૧) ધ્યાને લઈ માહિતી પુરી પાડવામાં કરેલ ઈન્કાર ઉપરોકત કરવામાં આવેલ વિશ્લેષણોને ધ્યાને લેતા યોગ્ય અને ઉચિત જણાય છે. પરંતુ અરજદાર ધ્વારા મુદ્દા નં.૨ તથા ૩ અંતગર્ત સુરત મહનગરપાલિકા ધ્વારા આપવામાં આવેલ ટેન્ડર સંદર્ભે બહાર પાડવામાં આવેલ જાહેરાતની નકલ તથા કોન્ટ્રાકટ આપવા સંદર્ભે સામાન્ય સભામાં થયેલ ઠરાવની નકલની આંશિક માહિતી અરજદારને વિના મુલ્યે પુરી પાડવા હુકમ કરવામાં આવે છે. આમ, અપીલ અરજી અંગે વધુ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય જેથી આ અપીલ અરજી દફતરે કરી નિકાલ કરવા જોગ જણાય છે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | **સુરત મહાનગરપાલિકા,**<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ, સુરત – ૩૯૫ ૦૦૩. |

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકતો ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી નરેશભાઈ એન.બથવારે મુળ અરજી આઈ.ડી.નં.૨૦૭૬ તા.૮/૧૧/૧૯ થી માંગવામાં આવેલ માહિતીના મુદ્દા નં.૧ થી ૩ પરત્વે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) ધ્વારા આર.ટી.આઈ.એકટની કલમ ૮(૧)(ડી) તથા કલમ ૧૧(૧) ધ્યાને લઈ માહિતી પુરી પાડવામાં કરેલ ઈન્કાર બાબતે ઉપરોકત કરવામાં આવેલ વિશ્લેષણોને ધ્યાને લેતા યોગ્ય અને ઉચિત જણાય છે. તેમજ મુદ્દા નં.૪ની પુર્તતામાં 'એસ.એમ.સી.ના જે ઝોનમાં અને મધ્યસ્થ કચેરીના વહીવટી વિભાગમાં કુલ–૨૬૧ કોમ્પ્યુટર ઓપરેટરો પુરા પાડવામાં આવેલ છે.' તેમ જણાવેલ છે. અરજદાર ધ્વારા મુદ્દા નં.૨ તથા ૩ અંતગર્ત સુરત મહનગરપાલિકા ધ્વારા ટેન્ડર સંદર્ભે બહાર પાડવામાં આવેલ જાહેરાતની નકલ તથા કોન્ટ્રાકટ આપવા સંદર્ભે સામાન્ય સભામાં થયેલ ઠરાવની નકલની આંશિક માહિતી અરજદારને વિના મુલ્યે પુરી પાડવા આથી હુકમ કરવામાં આવે છે. આમ, ઉપરોકત તમામ હકીકત ધ્યાને લેતા સદર અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય, જેથી સદર અપીલ અરજી દફતરે કરવા જોગ જણાતી હોય, જે દફતરે કરી નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે. વધુમાં આ હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન રાજય કક્ષાની કચેરી, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર– ૩૮૨૦૧૦ ખાતે અરજદાર બીજી અપીલ કરી શકે છે.

**(એસ.એચ.વ્યાસ)**
**અપીલ અધિકારી અને પર્સોનલ ઓફિસર(મહેકમ)**
**સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત**
**ફોન નં.(૦૨૬૧)૨૪૨૩૭૫૧ થી ૫૬ એક્ષટે.નં.૫૧૯**

નં.જીએડી/ઇએસટી/૬૮૦૫
તા.૦૨/૦૧/૨૦૨૦

**નકલ રવાના:** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મધ્યસ્થ મહેકમ વિભાગ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાના:** શ્રી નરેશ એન. બથવાર પ્રતિ....જાણ માટે.

ફેક્સ : 91-0261-2422110
ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87

**સુરત મહાનગરપાલિકા,**
મહાનગર સેવા સદન,
મુગલસરાઈ, સુરત – ૩૯૫ ૦૦૩.


**અપીલ અરજી નં.૩૪/૧૯–૨૦**

**અરજદાર :** શ્રી સુરેન્દ્રબાબુ દયારામ પટેલ

**સામાવાળા :** સેકશન ઓફીસર (મધ્યસ્થ મહેકમ વિભાગ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** શ્રી સુરેન્દ્રબાબુ દયારામ પટેલની મુળ અરજી આઈ.ડી.નં.૧૦૪૫ તા.૨૧/૦૯/૧૯ સંદર્ભે કરેલ અપીલ અરજી બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૨૭/૧૧/૧૯ તથા ૩૧/૧૨/૧૯ ની અપીલ અરજી No.SMC/GAD/FAP/34/19-20.

અરજદારશ્રી સુરેન્દ્રબાબુ દયારામ પટેલએ જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફીસરશ્રી, સુરત મહાનગરપાલિકાને સંબોધીને મુળ અરજી આઈ.ડી. નં.૧૦૪૫ તા.૨૧/૦૯/૧૯ સાઉથ ઝોન ખાતે કરેલ. જે સાઉથ ઝોન ધ્વારા પત્ર નં.સા.ઝોન/૯૦ તા.૫/૧૦/૧૯ થી સેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારીશ્રી મધ્યસ્થ મહેકમ વિભાગને તબદીલ કરેલ. જે મધ્યસ્થ મહેકમ વિભાગને તા.૫/૧૦/૧૯ના રોજ પ્રાપ્ત થયેલ. સદર મુળ આઈ.ડી.ની વિગતો ધ્યાને લેતા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઇએસટી/૫૩૦૯ તા.૧૭/૧૦/૧૯ થી નિયત સમયમર્યાદામાં યોગ્ય પુર્તતા/જવાબ પાઠવી માંગેલ મુદ્દાઓની લાગત માહિતી નકલો નંગ–૩૧ મેળવવા નિયત નમુના–ખ પત્ર નં.જીએડી/ઈએસટી/૫૩૧૦ તા.૧૭/૧૦/૧૯ થી નકલ ફી રૂા.૬૨/– ભરપાઈ કરવા જાણ કરવામાં આવેલ. જે પાઠવેલ પત્રો સબંધે તા.૨૭/૧૧/૧૯ ના રોજ પ્રથમ અપીલ અરજી દાખલ કરી અપીલ તબકકે "મારી નમુના–ક તા.૨૧/૯/૧૯ની અરજીમાં જણાવેલ મુદ્દા નં.૨,૩ ની માહિતી મળેલ નથી જે આપવા આદેશ થવા વિનંતી તથા માંગેલ માહિતી વિના મુલ્યે આપવા આદેશ થવા વિનંતી." તે મુજબની રજુઆત કરેલ છે. અપીલમાં કરેલ ઉકત રજુઆત ધ્યાને લેતા તા.૧૮/૧૨/૧૯ના રોજ ટેલીફોનીક (મોબાઈલ) સંપર્ક કરતા તેઓએ જણાવેલ છે કે મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી મોકલેલ કોઈ પત્ર મળેલ ન હોવાનુ જણાવેલ. જે સંદર્ભે રૂબરૂમાં કચેરી સંપર્ક સાધવા જણાવતા તા.૧૯/૧૨/૧૯ ના રોજ રૂબરૂ હાજર રહેતા ઉકત બંને પત્રો હાથોહાથ ફરીથી પુરા પાડવામાં આવેલ. જે સંદર્ભે અરજદાર ધ્વારા નિયત નમુના–ખ માં સુચવ્યા મુજબની નકલ ફી રૂા.૬૨/– સેન્ટ્રલ ઝોન સીટી સીવીક સેન્ટર ખાતે રસીદ નં.૩૦૦/૧૩૩ તા.૧૯/૧૨/૧૯ થી ભરપાઈ કરેલ અને જે નકલ ફી ભરપાઈ કર્યા બાબતની રસીદ મધ્યસ્થ મહેકમ ખાતે રજુ કરતા માંગેલ મુદ્દા નં.૨ અને ૩ ની લાગત માહિતીની નકલો નંગ–૩૧ હાથોહાથ નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઈએસટી/૬૬૦૨ તા.૧૯/૧૨/૧૯ થી રજીસ્ટરમાં સહી મેળવી પુરી પાડવામાં આવેલ.

ઉકત પુરી પાડવામાં આવેલ નકલોથી નારાજ થઈ તા.૩૧/૧૨/૧૯ના ફરીથી અપીલ દાખલ કરી અપીલ તબકકે "મુદ્દા નં.૨ ની માહિતી ખરી છે. જયારે મુદ્દા નં.૩ ની મળેલ માહિતી ખરી નથી. કારણ કે અમોને વયનિવૃત્તિના લાભો જેવા કે ગ્રેજ્યુટી, એડી.ગ્રેજ્યુટી તથા વય નિવૃત્તિ સમયે લેણી રજાના પગાર રકમ વિગેરે ચુકવણી અંગેના નિર્ણયો તેમની સામે એ.સી.બી. કોર્ટ કેસ/અપીલના અંતિમ નિર્ણયને આધીન કરવાના રહેશે. જે હુકમનો આધાર લેવામાં આવેલ હોય તે ગુ.રા.ઠરાવો પરિપત્ર કે અન્ય રેકર્ડ આધારીત માહિતી માંગી હતી. અમોને આપેલ માહિતી ખાતાકીય તપાસને આધીન છે પરંતુ એ.સી.બી.કોર્ટ કેસ/અપીલના અંતિમ નિર્ણયને આધીન લગતી નથી. જે માહિતી ખરી નથી. દાદ :– (૧) ખરી માહિતી આપવી તથા (૨) અમોને ખોટી માહિતી આપવા પેટે ભરાવેલ રૂા.૪૪/–નુ રીફંડ આપવા હુકમ થવા વિનંતી." તેમ જણાવેલ છે.

આપની તા.૨૭/૧૧/૧૯ની પ્રથમ અપીલ સંદર્ભે લાગત નકલો તા.૧૯/૧૨/૧૯ ના રોજ હાથોહાથ પુરી પાડયા બાદ ફરીથી તા.૩૧/૧૨/૧૯ની પ્રથમ અપીલમાં કરેલ રજુઆત ધ્યાને લેતા ઉકત મુળ આઈ.ડી.સંદર્ભે મધ્યસ્થ મહેકમ કક્ષાએથી પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા તથા નકલો સબંધમાં રૂબરૂ રજુઆત કરવા માટે તા.૧૬/૦૧/૨૦ ના રોજ અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફીસરશ્રી (મહેકમ)ની કચેરીએ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) તથા અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફીસરશ્રી (મહેકમ) સમક્ષ બપોરે ૩–૩૦ કલાકે રૂબરૂ હાજર રહેવા નં.જીએડી/ઈએસટી/૭૦૦૮ તા.૮/૧/૨૦ થી જાણ કરવામાં આવેલ. પરંતુ ઉકત સમયે રૂબરૂ હાજર રહેલ નથી કે લેખિતમાં પણ કોઈ રજુઆત કરેલ નથી કે અત્રેની કચેરીનો પણ કોઈ સંપર્ક કરેલ નથી. જે ધ્યાને લેતા ઉકત મુળ આઈ.ડી.નં.૧૦૪૫ તા.૨૧/૦૯/૧૯ થી મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી માંગતી કરેલ. સદર અરજીના મુદ્દા નં.૨ અને ૩ ની માહિતી માટે મધ્યસ્થ મહેકમ વિભાગને સાઉથ ઝોન ધ્વારા તબદીલ કરતા મધ્યસ્થ મહેકમ વિભાગ ધ્વારા નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ ઈએસટી/૫૩૦૯ તા.૧૭/૧૦/૧૯ થી મુદ્દા નં.૨ ની પુર્તતામાં અલગ અલગ તમામ ડોકયુમેન્ટની નકલ પાના નંગ–૯ તથા મુદ્દા નં.૩ થી પુર્તતામાં કર્મચારી મજકુરને જે હુકમ કરવામાં કરવામાં આવેલ તેમાં જે હુકમનો આધાર લેવામાં આવેલ હોય તે ગુજરાત સરકારશ્રીના ઠરાવની નકલો પાના નંગ–૨૨ મળી ઉકત બંને મુદ્દાઓની મહિતીની નકલો નંગ–૩૧ મેળવવા માંગતા હોય તો નિયત નમુના–ખ પત્ર નં.જીએડી/ઈએસટી/૫૩૧૦ તા.૧૭/૧૦/૧૯ થી નકલ ફી રૂા.૬૨/– ભરપાઈ કરી મેળવી લેવા નિયત નમુના પત્ર–ગ તથા પત્ર–ખ પાઠવવામાં આવેલ. આપની તા.૨૭/૧૧/૧૯ ના રોજ પ્રથમ અપીલમાં "મારી નમુના–ક તા.૨૧/૯/૧૯ની અરજીમાં જણાવેલ મુદ્દા નં.૨,૩ ની માહિતી મળેલ નથી" તેમ જણાવેલ હોય જે ધ્યાને લેતા તા.૧૮/૧૨/૧૯ના રોજ ટેલીફોનીક સંપર્ક કરી લાગત નકલો નકલ ફી ભરપાઈ કરી મેળવી લેવા જાણ કરવામાં આવેલ. જે બાબતે આપે જણાવેલ કે મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી કરેલ કાર્યવાહીના ઉકત પત્રો મળેલ ન હોય જેથી લાગત માહિતીની નકલો મેળવી શકાયેલ નથી. જે સંદર્ભે તા.૧૯/૧૨/૧૯ના રોજ આપે મધ્યસ્થ મહેકમ કચેરીનો સંપર્ક કરતા ઉકત બંને પત્રો હાથોહાથ મેળવી આ પત્રો સંદર્ભે નિયત નમુના–ખ પત્રમાં સુચવેલ નકલ ફી સેન્ટ્રલ ઝોન સીટી સીવીક સેન્ટર ખાતે રસીદ નં.૩૦૦/૧૩૩ તા.૧૯/૧૨/૧૯ થી રૂા.૬૨/– ભરપાઈ કરી જે ભરપાઈ કર્યા અંગેની રસીદ રજુ કરેલ. જે સંદર્ભે મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી ત્વરિત નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઈએસટી/૬૬૦૨ તા.૧૯/૧૨/૧૯ ધ્વારા લાગત નકલો નંગ–૩૧ હાથોહાથ પુરી પાડવામાં આવેલ. જે પુરી પાડવામાં આવેલ નકલોનો સંપુર્ણ અભ્યાસ કર્યેથી માંગેલ માહિતીનો સંદર્ભ મળી શકે તેમ છે. આ સિવાય એ.સી.બી. કોર્ટ કેસ બાબતે ગ્રેજ્યુઈટીની ચુકવણી બાબતે અલગથી રાજય સરકારશ્રીનો કે મહાનગરપાલિકાનો કોઈ ઠરાવ અમલમાં હોવાનુ જણાતુ નથી. અપીલમાં (૧) ખરી માહિતી આપવી તથા (૨) અમોને ખોટી માહિતી આપવા પેટે ભરાવેલ રૂા.૪૪/–નુ રીફંડ આપવાની કરેલ રજુઆત ગ્રાહય રાખવા યોગ્ય જણાતી નથી. આમ, ઉપરોકત તમામ હકીકત ધ્યાને લેતા મધ્યસ્થ મહેકમ વિભાગ ધ્વારા પુરી પાડવામા આવેલ માહિતીની નકલો યોગ્ય અને ઉચિત જણાય છે. જે ધ્યાને લેતા સદર અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય કે અન્ય કોઈ નકલો પુરી પાડવાની રહેતી ન હોય, સદર અપીલ અરજી દફતરે કરવા જોગ જણાય છે.

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકતો ઘ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર શ્રી સુરેન્દ્રબાબુ દયારામ પટેલએ મુળ અરજી આઈ.ડી. નં.૧૦૪૫ તા.૨૧/૦૯/૧૯ થી મુદ્દા નં.૧ થી ૫ ની માહિતીની માંગણી કરેલ. જે સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસરશ્રી મઘ્યસ્થ મહેકમ વિભાગ ઘ્વારા નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઈએસટી/૫૩૦૯ તા.૧૭/૧૦/૧૯ થી માહિતી/પુર્તતા પાઠવી લાગત માહિતીની નકલો મેળવવા નિયત નમુના–ખ પત્ર નં.જીએડી/ઈએસટી/૫૩૧૦ તા.૧૭/૧૦/૧૯ થી નકલ ફી રૂા.૬૨/– ભરપાઈ કરી મેળવી લેવા જાણ કરેલ. આપના ઘ્વારા અપીલ અરજીમાં મુદ્દા નં.૨,૩ ની માહિતી મળેલ નથી તેમ જણાવેલ હોય જે બાબતે મઘ્યસ્થ મહેકમ વિભાગ કક્ષાએથી તા.૧૮/૧૨/૧૯ના રોજ ટેલીફોનીક સંપર્ક કરી લાગત નકલો, નકલ ફી ભરપાઈ કરી મેળવી લેવા જાણ કરેલ. જે સંદર્ભે આપના ઘ્વારા તા.૧૯/૧૨/૧૯ના રોજ મઘ્યસ્થ મહેકમ વિભાગનો સંપર્ક કરી ઉકત બંને પત્રો મળેલ ન હોવાનુ જણાવતા ઉકત બંને પત્રો હાથોહાથ પાઠવવામાં આવેલ. જે અંગે નમુના–ખ પત્રમાં સુચવેલ નકલ ફી સેન્ટ્રલ ઝોન સીટી સીવીક સેન્ટર ખાતે રસીદ નં.૩૦૦/૧૩૩ તા.૧૯/૧૨/૧૯ થી રૂા.૬૨/– ભરપાઈ કરી જે અંગેની રસીદ રજુ કરતા નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઈએસટી/૬૬૦૨ તા.૧૯/૧૨/૧૯ થી નકલો નંગ–૩૧ હાથોહાથ પુરી પાડવામાં આવેલ. જે નકલો મેળવી ફરીથી તા.૩૧/૧૨/૧૯ની પ્રથમ અપીલમાં કરેલ. જે અપીલમાં કરાયેલ રજુઆત ઘ્યાને લેતા તા.૧૬/૦૧/૨૦ ના રોજ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(મહેકમ) તથા અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફીસરશ્રી (મહેકમ) સમક્ષ બપોરે ૩–૩૦ કલાકે રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા પત્ર નં.જીએડી/ઈએસટી/૭૦૦૮ તા.૮/૧/૨૦ થી જાણ કરવામાં આવેલ. પરંતુ ઉકત સમયે રૂબરૂ હાજર રહેલ નથી કે લેખિતમાં પણ કોઈ રજુઆત કરેલ નથી કે અત્રેની કચેરીનો પણ કોઈ સંપર્ક કરેલ નથી. વધુમાં આપની ઉકત અપીલ અરજીમાં માહિતી પેટે ભરપાઈ કરેલ રૂા.૬૨/– પૈકી રૂા.૪૪/– રીફંડ મેળવવા અંગેની માંગણી સંદર્ભે જણાવવાનુ કે આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ માં રીફંડ આપવાની કોઈ જોગવાઈ કરવામાં આવેલ નથી. આમ, ઉપરોકત તમામ હકીકત ઘ્યાને લેતા સદર અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય કે વધુ કોઈ દસ્તાવેજો કે નકલો પુરી પાડવાની રહેતી ન હોય, જેથી સદર અપીલ અરજી દફતરે કરવા જોગ જણાતી હોય, જે દફતરે કરી નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

વધુમાં આ હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન રાજય કક્ષાની કચેરી, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે અરજદાર બીજી અપીલ કરી શકે છે.

**(એસ.એચ.વ્યાસ)**
**અપીલ અધિકારી અને પર્સોનલ ઓફિસર(મહેકમ)**
**સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત**
**ફોન નં.(૦૨૬૧)૨૪૨૩૭૫૧ થી ૫૬ એક્ષટે.નં.૫૧૯**

નં.જીએડી/ઇએસટી/૭૧૯૯
તા. ૨૦/૦૧/૨૦૨૦

**નકલ રવાનાઃ** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મઘ્યસ્થ મહેકમ વિભાગ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાનાઃ** શ્રી સુરેન્દ્રબાબુ દયારામ પટેલ, પ્રતિ....જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | **સુરત મહાનગરપાલિકા,**<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ, સુરત – ૩૯૫ ૦૦૩. |

**અપીલ અરજી નં.૩૫/૧૯–૨૦**

**અરજદાર :** શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળા

**સામાવાળા :** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસરશ્રી, મધ્યસ્થ મહેકમ વિભાગ.

**ફરીયાદની હકીકત :–**

**વિષય:–** શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળાની મુળ અરજી આઈ.ડી.નં.૭૭૯ તા.૦૧/૧૧/૧૯ સંદર્ભે કરેલ અપીલ અરજી બાબત.

**સંદર્ભ:–** અરજદાર મજકુરની તા.૨૦/૧૨/૧૯ ની અપીલ અરજી No.SMC/GAD/FAP/35/19-20.

અરજદારશ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળાએ જાહેર માહિતી અધિકારીશ્રી, સુરત મહાનગરપાલિકાને સંબોધીને મુળ અરજી આઈ.ડી.નં.૭૭૯ (રાંદેર ઝોન) તા.૦૧/૧૧/૨૦૧૯ ની અરજી વેસ્ટ ઝોન ખાતે કરેલ. જે અરજી આસી. લો ઓફિસર અને સંકલન અધિકારી (રાંદેર ઝોન) દ્વારા જાહેર માહિતી અધિકારી, મધ્યસ્થ મહેકમ વિભાગને નં.વેસ્ટ ઝોન/આરટીઆઈ સેલ/૧૯૭૮, તા.૦૧/૧૧/૨૦૧૯ થી તબદીલ કરવામાં આવેલ. જે અત્રેના વિભાગને તા.૦૧/૧૧/૨૦૧૯ ના રોજ પ્રાપ્ત થયેલ છે. જે આ સાથે સામેલ છે. અરજદાર ધ્વારા સદર આઈ.ડી. અરજીથી આસી.મ્યુનિ.કમિશનર બાબતે મુદ્દા નં.૧ થી ૫ ની માહિતીની માંગણી કરેલ. જે અંતર્ગત જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર, મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઇએસટી/૫૯૮૭ તા.૨૨/૧૧/૧૯ થી માહિતી/પુર્તતા નિયત સમયમર્યાદામાં પાઠવી લાગત મુદ્દાની માહિતી નકલો મેળવવા બાબતે નિયત નમુના–ખ પત્ર નં.જીએડી/ઇએસટી/૫૯૮૭ તા.૨૨/૧૧/૧૯ પાઠવવામાં આવેલ. જે પાઠવવામાં આવેલ પત્રોથી નારાજ થઈ તા.૨૦/૧૨/૧૯ના રોજ પ્રથમ અપીલ અરજી દાખલ કરી અપીલ તબકકે મુખ્યત્વે "૧. પુર્તતા કરવામાં આવેલ છે. ૨. નાંણા ભરવા જણાવેલ છે. ૩. મુદ્દા નં.૩,૪,૫ આપવામાં આવેલ નથી. ૪. કેસ નં.૧. CIC/BS/A/2012/ 000874/2633 તથા કેસ નં.૨ CIC/POSTS/A/2017/179393 નો ઉલ્લેખ કરી એપોટમેન્ટ લેટર, સેલેરી અને પોસ્ટીંગ વિગેરેની માહિતી આપી શકાય છે. તમામ માહિતી આર.ટી.આઈ.એકટની કલમ ૭(૬) મુજબ વિના મુલ્યે આપવી. અમો અરજદર ધ્વારા માગવામાં આવેલ ફાઈલ ચકાસણીવાળી ફાઈલ વિના મુલ્યે આખી ફાઈલ પુઠા સહિત આપવી. રાજય માહિતી આયોગ ધ્વારા ફરીયાદ નં.૧૯૨/૨૦૧૨, ૧૯૩/૨૦૧૨, ૫૮૮/૨૦૧૨ થી ૧૩૨૩/૨૦૧૨માં કરવામાં આવેલ હુકમ મુજબ પણ માહિતી આપવા પાત્ર છે. જે મહિતીની પુર્તતા કરવામાં આવેલ નથી કે માહિતી આપવામાં આવેલ નથી જે તમામ માહિતી ઉપલબ્ધ રેકોર્ડ પર હોય અને કોમ્પ્યુટર પર પણ હોય જે સરકારને નાણાકીય બાબતે નુકશાન થતુ હોય જે અટકાવવા તથા પારદશીકા લાવતી હોય જેથી તમામ માહિતી ઉપલબ્ધ રેકોર્ડ પરની આર.ટી.આઈ. એકટ મુજબ વિના મુલ્યે આપવી અને પ્રમાણિત નકલ આપવી" તેમ જણાવેલ છે.

અરજદાર દ્વારા માંગવામાં આવેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસરશ્રી,મધ્યસ્થ મહેકમ વિભાગ ધ્વારા મુદ્દા નં.૧ થી ૫ની માહિતી નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઇએસટી/૫૯૮૭ તા.૨૨/૧૧/૧૯ થી મુદ્દા નં.૧ થી માગ્યા મુજબના નાયબ મ્યુનિસિપલ કમિશ્નર અથવા મદદનીશ મ્યુનિસિપલ કમિશ્નર તરીકે નીમેલ વ્યકિત/અધિકારીના નામો જણાવવામાં આવેલ છે. મુદ્દા નં.૨ માં આપવામાં આવેલ જાહેરાતની નકલ કુલ પાના નંગ–૮ મેળવવા માટે નિયત નમુના–ખ પાઠવી નકલ ફી રૂા.૧૬/– ભરપાઈ કર્યેથી તેવી માહિતીની નકલો પુરી પાડવામાં આવશે તેમ જણાવવામાં આવેલ. આ અંગે આપના તરફથી આજદિન સુધી કોઈ નકલ ફી ભરપાઈ કરેલ ન હોય, જેથી લાગત માહિતીની નકલો પુરી પાડી શકાયેલ નથી. અરજદારને ઉકત નિયત નમુના–ગ તથા નિયત નમુન–ખ પત્રો મળેલ હોવાની કબુલાત અપીલ તબકકે કરેલ છે. મુદ્દા નં.૩ થી નાયબ મ્યુનિસિપલ કમિશ્નર અથવા મદદનીશ મ્યુનિસિપલ કમિશ્નર તરીકે નિમણુક કરેલ અધિકારીના નિમણુક પત્ર/અપોઈમેન્ટ લેટરની નકલની માંગણી કરેલ. જે બાબતે જણાવેલ છે કે, નામ. ગુજરાત રાજય માહિતી આયોગ ધ્વારા આર.ટી.આઈ. અરજી સંદર્ભે નામ. સુપ્રિમ કોર્ટના સિવિલ અપીલ નં.૨૨ ઓફ ૨૦૦૯ કેનેરા બેંક વર્સીસ સી. એસ. શ્યામ એન્ડ અધર તા.૩૧/૦૮/૨૦૧૭ ના ચુકાદાનું અનુસંધાન લઈ તા.૦૨/૦૨/૨૦૧૯ ના રોજ કરેલ હુકમમાં ખુબ જ સ્પષ્ટપણે જણાવેલ છે કે કર્મચારીઓની અંગત બાબતો, નોકરીમાં જોડાયા તારીખ, બઢતીની વિગત, કચેરીમાં જોડાયાની તારીખ, ટ્રાન્સફરના હુકમો વિગરે તેમની અંગત માહિતી છે. આ પ્રકારની માહિતી એ જે તે કર્મચારી અને તેમના નોકરીદાતા વચ્ચેની છે જે કામગીરી સેવા નિયમો હેઠળ નિયંત્રિત થાય છે. જેથી માહિતી અધિકાર અધિનિયમની કલમ ૮(૧) (ઠ) હેઠળ જાહેર કરી શકાય નહી. તેમજ આ મુજબની માંગવામાં આવેલ માહિતીમાં જાહેર હિત સમાયેલુ હોવુ જોઈએ. આ માંગવામાં આવેલ માહિતીમાં કોઈપણ પ્રકારનું જાહેર હિત સમાયેલ હોવાનું પ્રસ્થાપિત થતુ નથી કે પ્રસ્થાપિત કરવામાં આવેલ હોવાનુ જણાતુ ન હોય, તેમજ માંગવામાં આવેલ સમગ્ર માહિતી જે તે કર્મચારી અને તેમના નોકરીદાતા વચ્ચેની છે જે કામગીરી સેવા નિયમો હેઠળ નિયંત્રિત હોય, તે બાબતો ધ્યાને લેતા પ્રસ્તુત સમગ્ર મુદ્દાથી માંગ્યા મુજબની માહિતી આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ઠ) મુજબ ત્રાહિત પક્ષકારને પુરી પાડવા જોગ નથી. આ બાબતે રાજય માહિતી અયોગના ઉકત હુકમની નકલ પણ અવલોકનાર્થે પુરી પાડવામાં આવેલ છે. તેમજ મુદ્દા નં.૪ અને ૫ થી માંગેલ માહિતી જે તે ઝોન/ખાતા/વિભાગોમાં મળી શકે તેમ હોય, તેવા ઝોન/ખાતા/વિભાગ તરફથી આરટીઆઈ એકટ અંતર્ગત મુકવામાં આવતી પ્રોએકટીવ ડિસ્કલોઝરની માહિતી ઉપરથી સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ www.suratmunicipal.gov.in થી માંગેલ માહિતીનો સંદર્ભ મળી શકે તેમ છે. તેમ જણાવી પુતર્તા/માહિતી પાઠવી જણાવવામાં આવેલ. જે પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા યોગ્ય અને ઉચિત જણાય છે.

વધુમાં અરજદારની તા.૨૦/૧૨/૧૯ની પ્રથમ અપીલમાં કરેલ રજુઆત ધ્યાને લેતા ઉકત મુળ આઈ.ડી. સંદર્ભે મધ્યસ્થ મહેકમ કક્ષાએથી પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા સબંધમાં જરૂરી રજુઆત કરવાની તથા રૂબરૂ સાંભળવા માટે તેઓને તા.૧૭/૦૧/૨૦ ના રોજ અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફીસરશ્રી (મહેકમ)ની કચેરીએ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) તથા અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફીસરશ્રી (મહેકમ) સમક્ષ બપોરે ૩–૩૦ કલાકે રૂબરૂ સુનાવણી દરમ્યાન હાજર રહેવાની જાણ કરવામાં આવેલ હતી. જે સંદર્ભે અરજદાર અત્રેની કચેરીએ જણાવેલ સ્થળે અને સમયે હાજર રહેલા નથી કે લેખિતમાં કોઈ રજુઆત કરેલ નથી કે કચેરીનો સંપર્ક પણ કરેલ નથી. તેમછતાં આપ જો ઈચ્છુક હોય તો આ અપીલ હુકમ મળ્યેથી મુળ અરજીના મુદ્દા નં.૨ થી માંગેલ માહિતીની નકલો ઉકત નિયત પત્ર–ખ માં સુચવેલ નકલ ફી ભરપાઈ કર્યેથી દિન–૧૦ માં મેળવી લેવા સ્વતંત્ર છો. તેમજ આપના ધ્વારા કેસ નં.૧.CIC/BS/A/2012/000874/2633 તથા કેસ નં.૨. CIC/POSTS/A/ 2017/179393 નો ઉલ્લેખ કરી એપોઈમેન્ટ લેટર, સેલેરી અને પોસ્ટીંગ વિગેરેની માહિતી આપી શકાય છે. તેમજ તમામ માહિતી આર.ટી.આઈ.એકટની કલમ ૭(૬) મુજબ વિના મુલ્યે આપવી. અમો અરજદર ધ્વારા માગવામાં આવેલ ફાઈલ ચકાસણીવાળી ફાઈલ વિના મુલ્યે આખી ફાઈલ પુઠા સહિત આપવી. રાજય માહિતી આયોગ ધ્વારા ફરીયાદ નં.૧૯૨/૨૦૧૨, ૧૯૩/૨૦૧૨, ૫૮૮/૨૦૧૨ થી ૧૩૨૩/૨૦૧૨માં કરવામાં આવેલ હુકમ મુજબ પણ માહિતી આપવા પાત્ર છે તેમ જણાવેલ. જે બાબતે જણાવવાનુ કે, અરજદાર ધ્વારા ઉલ્લેખિત કેસો કે રાજય માહિતી આયોગમાં કરવામાં આવેલ ફરીયાદો અત્રેની કચેરીને મળેલ ન હોય કે આ અંગે અરજદાર ધ્વારા કોઈ પુરાવા કે નકલો પુરી પાડેલ ન હોય, ઉકત કરેલ રજુઆત ગ્રાહય રાખી શકાય તેમ નથી. આમ, અરજદાર ધ્વારા અપીલ તબકકે કરેલ માંગણીઓ બાબતે વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય કે વધુ કોઈ પુર્તતા કે સ્પષ્ટતા કરવાની રહેતી ન હોય, સદર અપીલ અરજી દફતરે કરવા જોગ જણાય છે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | **સુરત મહાનગરપાલિકા,**<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ, સુરત – ૩૯૫ ૦૦૩. |



**-: હુકમ :-**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળાએ મુળ અરજી આઈ.ડી.નં.૭૭૯ તા.૦૧/૧૧/૧૯ ધ્વારા નં.૧ થી ૫ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ. જે અંતર્ગત જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર, મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી ઉક્ત નિયત નમુના–ગ પત્રથી માંગેલ માહિતી સબંધે કરવામાં આવેલ પુર્તતા નિયમોનુસાર યોગ્ય અને ઉચિત જણાય છે. લાગત મુદ્દા નં.૧ થી નાયબ મ્યુનિસિપલ કમિશ્નર અથવા મદદનીશ મ્યુનિસિપલ કમિશ્નર તરીકે નીમેલ વ્યક્તિ/અધિકારીના નામો જણાવેલ છે. મુદ્દા નં.૨ માં જાહેરાતની નકલ મેળવવા માટે નિયત નમુના–ખ પાઠવી નકલ ફી ભરપાઈ કર્યેથી તેવી માહિતીની નકલો પુરી પાડવામાં આવશે. આ અંગે નકલ ફી ભરપાઈ કરેલ ન હોવાથી નકલો પુરી પાડી શકાયેલ નથી. મુદ્દા નં.૩ થી નાયબ મ્યુનિસિપલ કમિશ્નર અથવા મદદનીશ મ્યુનિસિપલ કમિશ્નર તરીકે નિમણુક કરેલ અધિકારીના નિમણુક પત્ર/અપોઈમેન્ટ લેટરની નકલની માંગણી બાબતે નામ.ગુજરાત રાજય માહિતી આયોગ ધ્વારા નામ.સુપ્રિમ કોર્ટના સીવીલ અપીલ નં.૨૨ ઓફ ૨૦૦૯ કેનેરા બેંક વર્સીસ સી.એસ.શ્યામ એન્ડ અધર તા.૩૧/૦૮/૨૦૧૭ ના ચુકાદાનું અનુસંધાન લઈ તા.૦૨/૦૨/૨૦૧૯ ના રોજ કરેલ હુકમનો તલસ્પર્શી અભ્યાસ કરી જે જવાબ પાઠવવામાં આવેલ છે તે યોગ્ય અને ઉચિત જણાય છે. કર્મચારીઓની નોકરીમાં જોડાયા, બઢતીની વિગત, ટ્રાન્સફરના હુકમો વિગરે તેમની અંગત માહિતી છે. આ માહિતીમાં કોઈપણ પ્રકારનું જાહેર હિત સમાયેલ હોવાનું પ્રસ્થાપિત થતુ નથી કે પ્રસ્થાપિત કરવામાં આવેલ હોવાનુ જણાતુ ન હોય જે આર.ટી.આઈ. એક્ટની કલમ ૮(૧)(ઠ) મુજબ ત્રાહિત પક્ષકારને પુરી પાડવા જોગ નથી. તેમજ મુદ્દા નં.૪ અને ૫ થી માંગેલ માહિતી પ્રો–એકટીવ ડીસ્કલોઝર હેઠળ પ્રસિધ્ધ કરવામાં આવતી હોય સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ www.suratmunicipal.gov.in થી માંગેલ માહિતીનો સંદર્ભ મળી શકે તેમ છે. આમ ઉક્ત તમામ હકીકત ધ્યાને લેતા સુરત મહાનગરપાલિકાના મધ્યસ્થ મહેકમ વિભાગ ધ્વારા ઉક્ત મુદ્દાઓની પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા યોગ્ય અને ઉચિત જણાય છે. તેમછતાં આપ જો ઈચ્છુક હોય તો આ અપીલ હુકમ મળ્યેથી મુળ અરજીના મુદ્દા નં.૨ થી માંગેલ માહિતીની નકલો ઉક્ત નિયત પત્ર–ખ માં સુચવેલ નકલ ફી ભરપાઈ કર્યેથી દિન–૧૦ માં મેળવી લેવા સ્વતંત્ર છો. આમ, ઉક્ત સમગ્ર બાબતો ધ્યાને લેતા અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય સદર અપીલ અરજી દફતરે કરી નિકાલ કરવામાં આવે છે. વધુમાં આ હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજ્ય કક્ષાની કચેરી, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે અરજદાર બીજી અપીલ કરી શકે છે.

**(એસ.એચ.વ્યાસ)**
**અપીલ અધિકારી અને પર્સોનલ ઓફિસર (મહેકમ)**
**સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત**
**ફોન નં.(૦૨૬૧)૨૪૨૩૭૫૧ થી ૫૬ એક્ષટે.નં.૫૧૯**

નં.જીએડી/ઇએસટી/૭૨૨૨
તા.૨૧/૦૧/૨૦૨૦

**નકલ રવાના :** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મધ્યસ્થ મહેકમ વિભાગ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાના :** શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળા, પ્રતિ....જાણ માટે.

RIGHT TO INFORMATION

ફેક્સ : 91-0261-2422110
ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87

**સુરત મહાનગરપાલિકા,**
મહાનગર સેવા સદન,
મુગલસરાઈ, સુરત – ૩૯૫ ૦૦૩.


**અપીલ અરજી નં.૩૬/૧૯–૨૦**

**અરજદાર :** શ્રી હરિશભાઈ એમ.પટેલ

**સામાવાળા :** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસરશ્રી, મધ્યસ્થ મહેકમ વિભાગ.

**ફરીયાદની હકીકત :–**

**વિષય:–** શ્રી હરિશભાઈ એમ.પટેલની મુળ અરજી આઈ.ડી.નં.૮૪૩ તા.૨૭/૧૧/૧૯ સંદર્ભે કરેલ અપીલ અરજી બાબત.

**સંદર્ભ:–** અરજદાર મજકુરની તા.૩૧/૧૨/૧૯ ની અપીલ અરજી No.SMC/GAD/FAP/36/19-20.

અરજદારશ્રી હરિશભાઈ એમ.પટેલએ જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફીસરશ્રીને સંબોધીને મુળ અરજી આઈ.ડી. નં.૮૪૩ **તા.૨૭/૧૧/૧૯** વેસ્ટ ઝોન ખાતે કરેલ. જે વેસ્ટ ઝોન ધ્વારા પત્ર નં.વેસ્ટ ઝોન/૨૩૩૮ **તા.૧૯/૧૨/૧૯** થી સેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારીશ્રી મધ્યસ્થ મહેકમ વિભાગને તબદીલ કરેલ. જે મધ્યસ્થ મહેકમ વિભાગને તા.૧૯/૧૨/૧૯ના રોજ પ્રાપ્ત થયેલ. સદર મુળ આઈ.ડી.ની વિગતો ધ્યાને લેતા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસરશ્રી, મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી લાગત મુદ્દા નં.૩ બાબતે નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઇએસટી/૬૬૪૧ તા.૨૦/૧૨/૧૯ થી નિયત સમયમર્યાદામાં યોગ્ય પુર્તતા/જવાબ પાઠવી માંગેલ મુદ્દાઓની લાગત માહિતી નકલો નંગ–૨૨ મેળવવા નિયત નમુના–ખ પત્ર નં.જીએડી/ઈએસટી/૬૬૪૨ તા.૧૯/૧૨/૧૯ થી નકલ ફી રૂા.૪૪/– ભરપાઈ કરવા જાણ કરવામાં આવેલ. જે સંદર્ભે અરજદાર ધ્વારા સેન્ટ્રલ ઝોન સીટી સીવીક સેન્ટર ખાતે રસીદ નં.૩૦૦/૪૪ તા.૨૭/૧૨/૧૯ થી નકલ ફી રૂા.૪૪/– ભરપાઈ કરેલ, જે નકલ ફી ભરપાઈ કર્યાની અંગે રસીદ મધ્યસ્થ મહેકમ વિભાગને પ્રાપ્ત થતા ત્વરિત પત્ર નં.જીએડી/ઇએસટી/૬૭૨૫ તા.૨૭/૧૨/૧૯ થી લાગત નકલો નંગ–૨૨ પુરી પાડવામાં આવેલ. ઉક્ત પુરી પાડવામાં આવેલ નકલોથી નારાજ થઈ તા.૩૧/૧૨/૧૯ના રોજ પ્રથમ અપીલ દાખલ કરી અપીલ તબકકે "મુદ્દા નં.૩ ની મળેલ માહિતી ખરી નથી. કારણ કે કામચલાવ પેન્શન ૧૦૦% આપવાની ગુ.રાજય સેવા (પેન્શન)ના નિયમોમાં જોગવાઈ છે. જયારે મારૂ ૭૫% મુજબની કામચલાવ પેન્શન મંજુર કરવામાં આવેલ છે. તો જે નિયમોને આધીન ૭૫% પેન્શનના નિયમની માહિતી માંગેલ હતી જે આપવામાં આવેલ માહિતીમાં નથી. જેથી તે માહિતી આપવા તથા રૂા.૪૪/– ભરેલ છે તે રીફંડ આપવા હુકમ થવા વિનંતી." તેમ જણાવેલ છે.

અરજદારની તા.૩૧/૧૨/૧૯ની પ્રથમ અપીલમાં કરેલ રજુઆત ધ્યાને લેતા ઉક્ત મુળ આઈ.ડી.સંદર્ભે મધ્યસ્થ મહેકમ કક્ષાએથી પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા તથા નકલો સબંધમાં જરૂરી રજુઆત કરવા તથા રૂબરૂ સાંભળવા માટે તેઓને તા.૧૮/૦૧/૨૦ ના રોજ અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફીસરશ્રી (મહેકમ)ની કચેરીએ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) તથા અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફીસરશ્રી (મહેકમ) સમક્ષ બપોરે ૩–૩૦ કલાકે રૂબરૂ સુનાવણી દરમ્યાન હાજર રહેવાની જાણ કરવામાં આવેલ હતી. જે સંદર્ભે અરજદાર રૂબરૂ અત્રેની કચેરીએ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસરશ્રી (મહેકમ) તથા અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફીસરશ્રી (મહેકમ) સમક્ષ રૂબરૂ હાજર રહેલા. સુનાવણી દરમ્યાન જણાવેલ છે કે "જાહેર માહિતી અધિકારી ધ્વારા આપેલ જવાબ નિયત સમયમર્યાદામાં મળેલ છે. પરંતુ માંગેલ માહિતીના મુદ્દા નં.૩ પ્રોવીઝનલ પેન્શન ૭૫% મંજુર કરવામાં આવેલ છે. તે બાબતની માહિતી મળેલ નથી. આપેલ માહિતી બિનજરૂરી હોય જેના રૂા.૪૪/– ભરેલ તે રીફંડ આપવા તથા ખરી માહિતી આપવા રજુઆત છે." તેમ જણાવેલ છે.

ઉક્ત રજુઆત બાબતે જણાવવાનુ કે મધ્યસ્થ મહેકમ કક્ષાએથી માંગેલ મુદ્દા નં.૩ ની માહિતી નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઈએસટી/૬૭૨૫ તા.૨૭/૧૨/૧૯ થી નકલો નંગ–૨૨ પુરી પાડવામાં આવેલ. તેમછતાં સુનાવણી દરમ્યાન મુદ્દા નં.૩ માં પ્રોવીઝનલ પેન્શન ૭૫% મંજુર કરવામાં આવેલ છે. તે બાબતની માહિતી મળેલ નથી તેમ જણાવેલ. જે ધ્યાને લેતા અરજદાર મજકુરના પ્રોવીઝનલ પેન્શન મંજુર કરવા બાબતે મધ્યસ્થ મહેકમ વિભાગ ધ્વારા મે.કમિશ્નરશ્રી સમક્ષ કરેલ રીપોર્ટીગના પાના નંગ–૩ વિના મુલ્યે અરજદારને પુરા પાડવા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસરશ્રી, મધ્યસ્થ મહેકમ વિભાગને જણાવવામાં આવે છે. તેમજ અરજદાર ધ્વારા આપેલ મહિતી બિનજરૂરી હોય જેના રૂા.૪૪/– ભરેલ તે રીફંડ આપવા તથા ખરી માહિતી આપવા રજુઆત ગ્રાહય રાખવા યોગ્ય જણાતી નથી. કારણ કે અરજદારે મુળ આઈ.ડી. અરજીથી મુદ્દા નં.૩ માં તા.૧૫/૬/૧૯ ના રોજના કચેરી હુકમથી હરેશ એમ.પટેલનુ પ્રોવિઝનલ પેન્શન ૭૫% મંજુર કરવામાં આવેલ છે તે કયા ગુજરાત રાજય નિયમ, પેન્શન નિયમ, ઠરાવ, પરિપત્રના આધારે મંજુર કરેલ હોય તેની નકલની માંગણી કરેલ. જેના સંદર્ભમાં જાહેર માહિતી અધિકારી ધ્વારા મે.મ્યુનિ.કમિશ્નરશ્રીના નં.જીએડી/ઈએસટી/૨૦૧૩ તા.૧૫/૬/૧૯ ના પ્રોવીઝનલ પેન્શન મંજુર કરવા સબંધે કરેલ કચેરી હુકમના વાંચનમાં લીધાઃ–(૪) માં જણાવ્યા મુજબના "પેન્શન/કુંટુબ પેન્શન/ગ્રેજયુઈટી અને મૃત્યુ સહ નિવૃત્તિ ગ્રેજયુઈટીની કમચલાઉ ચુકવણી" બાબતના ગુજરાત સરકારશ્રીના નાંણા વિભાગના ઠરાવોની માગ્યા મુજબની નકલો નંગ–૨૨ પુરી પાડવામાં આવેલ છે. જે પુરી પાડવામાં આવેલ માહિતી યોગ્ય અને ઉચિત જણાય છે. સુનાવણી તબકકે પુરતી વિગત આપવા જાહેર માહિતી અધિકારીને જણાવેલ છે. જે ધ્યાને લેતા રીફંડ આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. આમ, ઉપરોક્ત તમામ હકીકત ધ્યાને લેતા મધ્યસ્થ મહેકમ વિભાગ ધ્વારા પુરી પાડવામા આવેલ માહિતીની નકલો યોગ્ય અને ઉચિત જણાય છે. જે ધ્યાને લેતા સદર અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય કે અન્ય કોઈ નકલો પુરી પાડવાની રહેતી ન હોય, સદર અપીલ અરજી દફતરે કરવા જોગ જણાય છે.

....૨.

| | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | **સુરત મહાનગરપાલિકા,**<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ, સુરત – ૩૯૫ ૦૦૩. |
|---|---|---|---|



**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર શ્રી હરિશભાઈ એમ.પટેલની મુળ અરજી આઈ.ડી. નં.૮૪૩ તા.૨૭/૧૧/૧૯ સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર, મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી લાગત મુદ્દા નં.૩ બાબતે ઉકત નમુના–ગ પત્રથી પુર્તતા/જવાબ પાઠવી માંગેલ મુદ્દાઓની માહિતીની નકલો નંગ–૨૨ મેળવવા નમુના–ખ પત્રથી નકલ ફી કરવા જાણ કરેલ. જે સંદર્ભે સેન્ટ્રલ ઝોન સીટી સીવીક સેન્ટર ખાતે રસીદ નં.૩૦૦/૪૪ તા.૨૭/૧૨/૧૯ થી નકલ ફી રૂા.૪૪/– ભરપાઈ કરેલ, જે રસીદ મધ્યસ્થ મહેકમ વિભાગને પ્રાપ્ત થતા ત્વરિત પત્ર નં.જીએડી/ઇએસટી/૬૭૨૫ તા.૨૭/૧૨/૧૯ થી નકલો પુરી પાડવામાં આવેલ. અરજદારને તા.૧૮/૦૧/૨૦ ના રોજ બપોરે ૩–૩૦ કલાકે રૂબરૂ સુનાવણી દરમ્યાન અત્રેની કચેરીએ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસરશ્રી (મહેકમ) તથા અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફીસરશ્રી (મહેકમ) સમક્ષ રૂબરૂ હાજર રહેલા. તે દરમ્યાન સુનાવણીમાં મુદ્દા નં.૩ પ્રોવીઝનલ પેન્શન ૭૫% મંજુર કરવામાં આવેલ છે. તે બાબતની માહિતી મળેલ નથી. તેમ જણાવેલ હોય જે ધ્યાને લેતા પ્રોવીઝનલ પેન્શન મંજુર કરવા બાબતે મધ્યસ્થ મહેકમ વિભાગ ધ્વારા મે.કમિશ્નરશ્રી સમક્ષ કરેલ રીપોર્ટના પાના નંગ–૩ વિના મુલ્યે અરજદારને પુરા પાડવા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસરશ્રી, મધ્યસ્થ મહેકમ વિભાગને જણાવવામાં આવે છે. તેમજ આપેલ માહિતી બિનજરૂરી હોય જેના રૂા.૪૪/– ભરેલ તે રીફંડ આપવા તથા ખરી માહિતી આપવાની કરેલ રજુઆત ગ્રાહય રાખવા યોગ્ય જણાતી નથી. કારણ કે મે.મ્યુનિ.કમિશ્નરશ્રીના નં.જીએડી/ઈએસટી/૨૦૧૩ તા.૧૫/૬/૧૯ ના પ્રોવીઝનલ પેન્શન મંજુર કરવા સબંધે કરેલ કચેરી હુકમના વાંચનમાં લીધાઃ (૪) માં જણાવ્યા મુજબના "પેન્શન/કુંટુબ પેન્શન/ગ્રેજયુઈટી અને મૃત્યુ સહ નિવૃત્તિ ગ્રેજયુઈટીની કમચલાઉ ચુકવણી" બાબતના ગુજરાત સરકારશ્રીના નાંણા વિભાગના ઠરાવોની માગ્યા મુજબની નકલો નંગ–૨૨ પુરી પાડવામાં આવેલ છે. જે પુરી પાડવામાં આવેલ માહિતી યોગ્ય અને ઉચિત જણાય છે. તેમજ મુળ આઈ.ડી. સંદર્ભે માંગેલ માહિતીની લાગત નકલો મેળવવા માટે ભરપાઈ કરેલ રકમ રીફંડ આવવા અંગેની માંગણી સંદર્ભે આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ માં રીફંડ આપવાની કોઈ જોગવાઈ કરવામાં આવેલ હોવાનુ જણાતુ નથી. આમ, ઉકત સમગ્ર હકીકત ધ્યાને લેતા અરજદાર ધ્વારા કરવામાં આવેલ રજુઆત ગ્રાહય રાખવા જોગ જણાતી નથી. જેથી સદર અપીલ અરજી અંગે મધ્યસ્થ મહેકમ કક્ષાએથી વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય કે વધુ કોઈ દસ્તાવેજો કે નકલો પુરી પાડવાની રહેતી ન હોય, જેથી સદર અપીલ અરજી દફતરે કરવા જોગ જણાતી હોય, જે દફતરે કરી અપીલ અરજીનો નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

વધુમાં આ હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે અરજદાર બીજી અપીલ કરી શકે છે.

**(એસ.એચ.વ્યાસ)**
**અપીલ અધિકારી અને પર્સોનલ ઓફિસર (મહેકમ)**
**સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત**
**ફોન નં.(૦૨૬૧)૨૪૨૩૭૫૧ થી ૫૬ એક્ષટે.નં.૫૧૯**

નં.જીએડી/ઇએસટી/૭૨૭૯
તા.૨૩/૦૧/૨૦૨૦

**નકલ રવાનાઃ** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મધ્યસ્થ મહેકમ વિભાગ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાનાઃ** શ્રી હરિશભાઈ એમ. પટેલ પ્રતિ....જાણ માટે.

| | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ, સુરત – ૩૯૫ ૦૦૩. |
|---|---|---|---|

**અપીલ અરજી નં.૩૭/૧૯–૨૦**

**અરજદાર :** શ્રી અમિતભાઈ પરમાર

**સામાવાળા :** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસરશ્રી, મધ્યસ્થ મહેકમ વિભાગ.

**ફરીયાદની હકીકત :–**

**વિષય:–** શ્રી અમિતભાઈ પરમારની મુળ અરજી આઈ.ડી.નં.૨૩૪૪ તા.૦૬/૧૨/૧૯ સંદર્ભે કરેલ અપીલ અરજી બાબત.

**સંદર્ભ:–** અરજદાર મજકુરની તા.૦૯/૦૧/૨૦૨૦ ની અપીલ અરજી No.SMC/GAD/FAP/37/19-20.

અરજદારશ્રી અમિતભાઈ પરમારે મ્યુનિ.કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાને સંબોધીને મુળ અરજી આઈ.ડી.નં.૨૩૪૪ તા.૬/૧૨/૧૯ થી સેન્ટ્રલ ઝોન સીટી સીવીક ખાતે કરેલ. જે નં.સીસીસી/સે.ઝોન/૨૩૪૪ તા.૭/૧૨/૧૯ થી મધ્યસ્થ કચેરીને તબદીલ કરેલ. જે મધ્યસ્થ કચેરી ધ્વારા નં.સી/આરટીઆઈ/૪૬૨ તા.૭/૧૨/૧૯ થી મધ્યસ્થ મહેકમ વિભાગને તબદીલ કરાતા તા.૧૦/૧૨/૧૯ ના રોજ પ્રાપ્ત થયેલ છે. જે આ સાથે સામેલ છે. અરજદાર ધ્વારા સદર આઈ.ડી. અરજીથી મુદ્દા નં.૧ થી ૫ ની માહિતીની માંગણી કરેલ. જે અંતર્ગત જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર, મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઇએસટી/૭૦૩૫ તા.૦૮/૦૧/૨૦ થી માહિતી/પુર્તતા પાઠવવામાં આવેલ. જે પાઠવવામાં આવેલ પત્રથી નારાજ થઈ તા.૦૯/૦૧/૨૦ ના રોજ પ્રથમ અપીલ અરજી દાખલ કરી અપીલ તબકકે મુખ્યત્વે અપીલ માટેના કારણોમાં "રેકર્ડ પર ઉપલબ્ધ હોવા છતાં માહિતી ૩૦ દિવસની અંદર માહિતી ન મળવાથી નારાજ, રેકર્ડ હોવા છતાં માહિતી બદઈરાદે મનસ્વીપણે છુપાવી છે. નકલોની માંગણી કરવા છતાં નકલો આપી નથી. જે માહિતી કલમ ૭(૬) હેઠળ વિના મુલ્યે પુરી પાડવી તથા કસુરવાર જાહેર માહિતી અધિકારી વિરૂધ્ધ શિસ્ટભંગના પગલા લેવા તથા દંડકીય કાર્યવાહી કરવા." તેમ જણાવેલ છે.

અરજદારશ્રી દ્વારા મુળ અરજી આઈ.ડી.નં.૨૩૪૪ તા.૬/૧૨/૧૯ થી માંગવામાં આવેલ માહિતી પૈકી મધ્યસ્થ મહેકમ વિભાગ ધ્વારા ઉકત નિયત નમુના–ગ પત્રથી **મુદ્દા નં.૧ અને ૨ ની સંયુકત પુર્તતામાં** મધ્યસ્થ મહેકમ વિભાગની રેકર્ડ આધારીત માહિતી "નીલ" હોવાનુ જણાવેલ છે. જે યોગ્ય જણાય છે. **મુદ્દા નં.૩ ની પુર્તતામાં** માંગવામાં આવેલ માહિતી રેકર્ડ આધારીત નહી પરંતુ પ્રશ્ન પુછવા સમાન તેમજ ભવિષ્યની પ્રતિક્રિયાને લગતી માહિતી માંગવામાં આવેલ હોવાનું જણાય છે. તેવી માહિતી પુરી પાડી શકાય નહી. જેના અનુસંધાનમાં ભારત સરકાર કર્મચારી વર્ગ જાહેર ફરીયાદો અને પેન્શન મંત્રાલય કર્મચારી વર્ગ અને તાલીમ વિભાગના ક્રમાંક : ૧/૭/૦૯/આઈ.આર. તા.૧/૬/૦૯ તથા નં.૧/૧૮/૧૧– આઈ.આર. તા.૧૬/૯/૧૧ની નકલ અવલોકન પુરી પાડેલ છે. વધુમાં નામ.ગુજરાત રાજય માહિતી આયોગના આર.ટી.આઈ. અરજી સંદર્ભે નામ.સુપ્રિમ કોર્ટના સિવિલ અપીલ નં.૨૨ ઓફ ૨૦૦૯ તા.૩૧/૦૮/૨૦૧૭ ના ચુકાદાનું અનુસંધાન લઈ તા.૦૨/૦૨/૨૦૧૯ ના રોજ કરેલ હુકમમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે કલેરીકલ સ્ટાફ અને કર્મચારીઓની અંગત બાબતો, બઢતીની વિગત, કચેરીમાં જોડાયાની તારીખ, ટ્રાન્સફરના હુકમો વિગરે તેમની અંગત માહિતી છે. તેમજ આ મુજબની માંગવામાં આવેલ માહિતીમાં જાહેર હિત સમાયેલુ હોવુ જોઈએ. તે બાબતો ધ્યાને લેતા આપના ધ્વારા પ્રસ્તુત મુદ્દાની માંગવામાં આવેલ માહિતીમાં કોઈપણ પ્રકારનું જાહેર હિત સમાયેલ હોવાનું પ્રસ્થાપિત થતુ નથી કે આપના ધ્વારા પ્રસ્થાપિત કરવામાં આવેલ નથી. તેમજ માંગવામાં આવેલ સમગ્ર માહિતી જે તે કર્મચારી અને તેમના નોકરીદાતા વચ્ચેની છે જે કામગીરી સેવા નિયમો હેઠળ નિયંત્રિત હોય, જેથી માહિતી અધિકાર અધિનિયમની કલમ ૮(૧) (ઠ) મુજબ ત્રાહિત પક્ષકારને પુરી પાડવા જોગ નથી. આ બાબતે રાજય માહિતી અયોગના ઉકત હુકમની નકલ પણ અવલોકનાર્થે પુરી પાડેલ છે. જે યોગ્ય અને ઉચિત જણાય છે. **મુદ્દા નં.૪ની પુર્તતામાં** કોઈ પોલીસ ફરીયાદ કે કાયદાકીય કાર્યવાહી કે કચેરી દ્રારા શું કાર્યવાહી કરવામાં આવેલ છે અને તે પોલીસ ફરીયાદ કે કાર્યવાહીના ચુકાદા અંગેની માંગવામાં આવેલ માહિતીને જાહેર ગતિવિધિ અથવા જાહેર હિત સાથે કોઈપણ પ્રકારનો સંબધ હોવાનું જણાતુ ન હોય તેમજ તેવી માહિતી આપવાથી સંબંધીતના /અંગત જીવનમાં અનધિકૃત દખલ ઉભી થવાની શકયતા રહેતી હોય, જે માહિતી આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ચ)(ઠ) મુજબ પુરી પાડવા જોગ નથી. વધુમાં માંગવામાં આવેલ માહિતી સંદર્ભેના માહિતી અધિકાર અધિનિયમ સાથે સંકળાયેલા કેસ SCP SLP (CIVIL) 27734 Of 2012 માં નામ.સુપ્રિમ કોર્ટે તા.૦૩/૧૦/૨૦૧૨ ના રોજ આપેલ ચુકાદામાં જણાવેલ છે કે કોઈપણ સરકારી અધિકારી વિરૂધ્ધની તપાસ/ફરિયાદ અંગેની માહિતી એ તેઓની "અંગત" માહિતી ગણાય તેમજ તે માહિતી અધિકાર અધિનિયમ અન્વયે "As a matter of right" માંગી શકાય નહી. આ બાબતે રાજય માહિતી આયોગમાં દાખલ કરેલ બીજી અપીલ નંબર અ–૩૭૧૫–૨૦૧૬ અનુસંધાને ગુજરાત રાજય માહિતી આયોગ ધ્વારા આપવામાં આવેલ ચુકાદો/ હુકમની નકલ અવલોકનાર્થે પુરી પાડેલ છે. જે પણ યોગ્ય અને ઉચિત જણાય છે. જયારે **મુદ્દા નં.૫ની પુર્તતામાં** ધી સુરત મ્યુનિસીપલ પ્રિવેન્શન ઓફ પ્લુરલ મેરેજ રુલ્સના લાગત પાના નં.૧૬૭ ની નકલ–૧ વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ છે.

અરજદાર ધ્વારા માંગવામાં આવેલ ઉકત તમામ મુદ્દા નં.૧ થી ૫ ની પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતામાં નામ.ગુજરાત માહિતી આયોગ ધ્વારા બીજી અપીલ અનુસંધાને કરવામાં ચુકાદાઓ, નામ.સુપ્રિમ કોર્ટ ધ્વારા આપવામાં ચુકાદાઓ તેમજ આર.ટી.આઈ. એકટની ઉકત કલમોની વિસ્તૃત અવલોકન કરી પાઠવવામાં આવેલ હોય જે માહિતી/પુર્તતા યોગ્ય અને ઉચિત જણાય છે. તેમછતાં અરજદાર ધ્વારા અપીલ અરજીમાં "રેકર્ડ હોવા છતાં માહિતી બદ ઈરાદે મનસ્વીપણે છુપાવી છે. નકલોની માંગણી કરવા છતાં નકલો આપી નથી. જે માહિતી કલમ ૭(૬) હેઠળ વિના મુલ્યે પુરી પાડવી" બાબતની કરેલ રજુઆત સંદર્ભે અરજદારને તા.૨૩/૦૧/૨૦૨૦ ના રોજ સાંજે ૩.૩૦ કલાકે અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફીસરશ્રી (મહેકમ) સમક્ષ રૂબરૂ સુનાવણીમાં હાજર રહી યોગ્ય રજુઆત કરવા પત્ર નં.જીએડી/ઈએસટી/૭૧૫૧ તા.૧૭/૦૧/૨૦ થી જાણ કરી યોગ્ય તક પણ આપવામાં આવેલ હતી. તે સંદર્ભે મજકુર અરજદાર ઉકત પત્રમાં સુચવેલ તારીખ અને

...૨.

| | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | **સુરત મહાનગરપાલિકા,**<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ, સુરત – ૩૯૫ ૦૦૩. |
|---|---|---|---|



સમયે રૂબરૂ સુનાવણીમાં હાજર નહી રહેતા અરજદાર મજકુરના ટેલીફોનીક સંપર્ક કરી ફરીથી તા.૦૭/૦૨/૨૦ના રોજ સુનાવણીમાં હાજર રહેવા જણાવવામાં આવતા, અરજદાર તા.૦૭/૦૨/૨૦ના રોજ સાંજે ૫.૦૦ કલાકે રૂબરૂ ઉપસ્થિત રહેલા અને રૂબરૂ મુલાકાત દરમ્યાન જણાવેલ છે કે "મુદ્દા નં.૫ બાબતે આપેલ નકલ કે જવાબ મળેલ નથી જે અપાવવા યોગ્ય કરવા વિનંતી." તેમ જણાવેલ. જે રજુઆત ધ્યાને લેતા જણાવવાનુ કે મુદ્દા નં.૫ બાબતે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) ધ્વારા નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઈએસટી/૭૦૩૫ તા.૦૮/૦૧/૨૦ થી માગ્યા મુજબની માહિતીની નકલ પુરી પાડવામાં આવેલ છે. તેમ છતાં અરજદાર ધ્વારા તે મુદ્દાની માહિતીની નકલ મળેલ નથી એવી કરેલ રજુઆતને ધ્યાને લેતા મુદ્દા નં.૫ ની માહિતી અરજદારને ફરીથી વિના મુલ્યે RPAD ધ્વારા પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ)ને હુકમ કરવામાં આવે છે. આમ, સદર અપીલ અરજી અંગે મધ્યસ્થ મહેકમ કક્ષાએથી વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય કે વધુ કોઈ દસ્તાવેજો કે નકલો પુરી પાડવાની રહેતી ન હોય, જેથી સદર અપીલ અરજી દફતરે કરવા જોગ જણાતી હોય, જે દફતરે કરી અપીલ અરજીનો નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર શ્રી અમિતભાઈ પરમારએ મુળ અરજી આઈ.ડી.નં.૨૩૪૪ તા.૬/૧૨/૧૯ થી માંગવામાં આવેલ ઉક્ત તમામ મુદ્દા નં.૧ થી ૫ ની પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતામાં નામ.ગુજરાત માહિતી આયોગ ધ્વારા બીજી અપીલ અનુસંધાને કરવામાં ચુકાદાઓ, નામ.સુપ્રિમ કોર્ટ ધ્વારા આપવામાં ચુકાદાઓ તેમજ આર.ટી.આઈ. એકટની ઉક્ત કલમોનો વિસ્તૃત અવલોકન કરી પાઠવવામાં આવેલ હોય જે માહિતી/પુર્તતા યોગ્ય અને ઉચિત જણાય છે. તેમછતાં અરજદાર ધ્વારા અપીલ અરજીમાં કરેલ રજુઆત સંદર્ભે અરજદારને તા.૨૩/૦૧/૨૦૨૦ ના રોજ સાંજે ૩.૩૦ કલાકે અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફીસરશ્રી (મહેકમ) સમક્ષ રૂબરૂ સુનાવણીમાં હાજર રહી યોગ્ય રજુઆત કરવા ઉક્ત પત્ર ધ્વારા જાણ કરવામાં આવેલ હતી. તે સંદર્ભે મજકુર અરજદાર ઉક્ત પત્રમાં સુચવેલ તારીખ અને સમયે રૂબરૂ સુનાવણીમાં હાજર નહી રહેલ હોવાથી ટેલીફોનીક સંપર્ક કરી ફરીથી હાજર રહેવા જણાવવામાં આવતા, તા.૦૭/૦૨/૨૦ના રોજ સાંજે ૫.૦૦ કલાકે હાજર રહી "મુદ્દા નં.૫ બાબતે આપેલ નકલ કે જવાબ મળેલ નથી જે અપાવવા યોગ્ય કરવા વિનંતી." તેમ જણાવેલ. જે રજુઆત ધ્યાને લેતા જણાવવાનુ કે મુદ્દા નં.૫ બાબતે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) ધ્વારા ઉક્ત નિયત નમુના–ગ પત્ર થી માગ્યા મુજબની માહિતીની નકલ પુરી પાડવામાં આવેલ છે. તેમ છતાં અરજદાર ધ્વારા તે મુદ્દાની માહિતીની નકલ મળેલ નથી એવી કરેલ રજુઆતને ધ્યાને લેતા ફરીથી વિના મુલ્યે RPAD થી નકલ પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ)ને હુકમ કરવામાં આવે છે. આમ, સદર અપીલ અરજી અંગે મધ્યસ્થ મહેકમ કક્ષાએથી વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય કે વધુ કોઈ દસ્તાવેજો કે નકલો પુરી પાડવાની રહેતી ન હોય, જેથી સદર અપીલ અરજી દફતરે કરવા જોગ જણાતી હોય, જે દફતરે કરી અપીલ અરજીનો નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે. વધુમાં આ હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે અરજદાર બીજી અપીલ કરી શકે છે.

**(એસ.એચ.વ્યાસ)**
**અપીલ અધિકારી અને પર્સોનલ ઓફિસર (મહેકમ)**
**સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત**
**ફોન નં.(૦૨૬૧)૨૪૨૩૭૫૧ થી ૫૬ એક્ષ્ટે.નં.૫૧૯**

નં.જીએડી/ઇએસટી/૭૭૨૯
તા.૧૦/૦૨/૨૦૨૦

**નકલ રવાના:** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મધ્યસ્થ મહેકમ વિભાગ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાના:** શ્રી અમિતભાઈ પરમાર પ્રતિ....જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | **સુરત મહાનગરપાલિકા,**<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ, સુરત – ૩૯૫ ૦૦૩. |


**અપીલ અરજી નં.૩૯/૧૯–૨૦**

**અરજદાર :** શ્રી રાજેશભાઈ લક્ષ્મણભાઈ હડીયલ

**સામાવાળા :** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસરશ્રી, મધ્યસ્થ મહેકમ વિભાગ.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** શ્રી રાજેશભાઈ લક્ષ્મણભાઈ હડીયલની મુળ અરજી આઈ.ડી.નં.૨૩૨૬ તા.૦૫/૧૨/૧૯ સંદર્ભે કરેલ અપીલ અરજી બાબત.

**સંદર્ભઃ–** ૧. અરજદાર મજકુરની તા.૨૧/૦૧/૨૦૨૦ ની અપીલ અરજી No.SMC/GAD/FAP/39/19-20.

૨. તા.૦૭/૦૨/૨૦ ના રોજ સાંજે ૩.૩૦ કલાકે અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફીસરશ્રી (મહેકમ) સમક્ષ રૂબરૂ સુનાવણી.

૩. ફરીથી તા.૧૪/૦૨/૨૦ના રોજ સુનાવણીમાં હાજર રહેવા બાબતેના પત્રો.

અરજદારશ્રી રાજેશભાઈ લક્ષ્મણભાઈ હડીયલે જાહેર માહિતી અધિકારીશ્રી, મધ્યસ્થ મહેકમ વિભાગ, સુરત મહાનગરપાલિકાને સંબોધીને મુળ અરજી આઈ.ડી. નં.૨૩૨૬ તા.૦૫/૧૨/૧૯ થી સેન્ટ્રલ ઝોન સીટી સીવીક ખાતે કરેલ. જે પત્ર નં.સીસીસી/સે.ઝોન/૨૩૨૬ તા.૦૬/૧૨/૧૯ થી ગાર્ડન વિભાગ, સરથાણા નેચરપાર્ક એન્ડ ઝુ પક્ષીઘર તથા મધ્યસ્થ મહેકમ વિભાગને તબદીલ કરેલ. જે મધ્યસ્થ મહેકમ વિભાગને તા.૦૬/૧૨/૧૯ ના રોજ પ્રાપ્ત થયેલ છે. જે આ સાથે સામેલ છે. અરજદાર ધ્વારા સદર આઈ.ડી. અરજીથી મુદ્દા નં.૧ થી ૫ ની માહિતીની માંગણી કરેલ. જે અંતર્ગત જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર, મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઇએસટી/૬૬૯૨ તા.૨૬/૦૧/૨૦થી લાગત મુદ્દા નં.૧,૨,૪ તથા ૫ની માહિતી/પુર્તતા નિયત સમયાવધિમાં પાઠવવામાં આવેલ. જે પાઠવવામાં આવેલ પત્રથી નારાજ થઈ તા.૨૧/૦૧/૨૦ ના રોજ સંદર્ભ–૧ થી પ્રથમ અપીલ અરજી દાખલ કરી અપીલ તબકકે મુખ્યત્વે અપીલ માટેના કારણોમાં "જાહેર માહિતી અધિકારીશ્રી (રીક્રુટમેન્ટ)ના તા.૦૨/૦૧/૨૦ ના નિર્ણયની નારાજ હોવ પ્રથમ અપીલ દાખલ કરૂ છુ. અરજીના મુદ્દા નં.૧,૨ અને ૩ ની માહિતી અધુરી, અપુરતી અને ગેરમાર્ગે દોરવાપાત્ર લખેલ હોય જે નિર્ણયથી નારાજ હોવ અપિલ દાખલ કરૂ છું. જેથી આર.ટી.આઈ.ની કલમ ૭(૬) હેઠળની માહિતી ફ્રી માં આપવા માટે દાદ" તેમ જણાવેલ છે.

અરજદાર દ્વારા માંગવામાં આવેલ માહિતી પૈકી મધ્યસ્થ મહેકમ વિભાગ ધ્વારા લાગત મુદ્દાઓની માહિતી નિયત નમુના–ગ નં.જીએડી/ઈએસટી/૬૬૯૨ તા.૨૬/૧૨/૧૯ થી **મુદ્દા નં.૧ અને ૫ થી** ઝુ–વિભાગ ગાર્ડન અને માછલીઘરમાં નોકરી કરતા અધિકારીઓ/કર્મચારીઓના એપોઈન્ટમેન્ટ નામ, નંબર, હોદ્દો તથા કર્મચારી નંબર સહિતની વિગતવાર માહિતીની માંગેલ હતી. જેની **સંયુકત પુર્તતામાં** જણાવેલ છે કે, નામ.ગુજરાત રાજય માહિતી આયોગ ધ્વારા એક આર.ટી.આઈ. અરજી સંદર્ભે નામ.સુપ્રિમ કોર્ટના તા.૩૧/૦૮/૧૭ ના ચુકાદાનું અનુસંધાન લઈ તા.૦૨/૦૨/૨૦૧૯ ના રોજ કરેલ હુકમ ધ્યાને લેતા કર્મચારીઓની અંગત બાબતો, બઢતીની વિગત, કચેરીમાં જોડાયાની તારીખ, ટ્રાન્સફરના હુકમો વિગરે તેમની અંગત માહિતી હોય, માહિતી અધિકાર અધિનિયમની કલમ ૮(૧) (ઠ) હેઠળ જાહેર કરી શકાય નહી તથા માગેલ માહિતીમાં કોઈપણ પ્રકારનું જાહેર હિત સમાયેલ હોવાનું પ્રસ્થાપિત થતુ નથી કે અરજદાર ધ્વારા પ્રસ્થાપિત કરવામાં આવેલ નથી. તેમજ માંગવામાં આવેલ સમગ્ર માહિતી જે તે કર્મચારી અને તેમના નોકરીદાતા વચ્ચેની છે જે કામગીરી સેવા નિયમો હેઠળ નિયંત્રિત હોય, તે બાબતો ધ્યાને લેતા આવી માંગેલ માહિતી ત્રાહિત પક્ષકારને પુરી પાડવા જોગ નથી. આ બાબતે રાજય માહિતી અયોગના ઉકત હુકમની નકલ અવલોકનાર્થે પાઠવેલ છે. **મુદ્દા નં.૨ થી** ઝુ–વિભાગ, ગાર્ડન અને માછલીઘરમાં ભરતી કરતી વખતે જે ન્યુઝ પેપરોમાં જાહેરાત આપેલી હોય તે પેપરો જાહેરખબરની પ્રમાણિત નકલો તારીખ, વાર સાથે આપશો. જેની **પુર્તતામાં** ઝુ–વિભાગ, ગાર્ડન અને માછલીઘરમાં નોકરી કરતા કઈ કેડરની જાહેરાત માંગેલ હોય તે સ્પષ્ટ થતું ન હોય તથા ભરતી કરતી વખતે ન્યુઝ પેપરોમાં જાહેરાત આપેલ હોય તે પેપરો જાહેરખબરની પ્રમાણિત નકલો તારીખ, વાર સાથેનો અલગથી કોઈ રેકર્ડ નિભાવવામાં આવતો ન હોય જેથી માહિતી પુરી પાડી શકાય તેમ નથી. **તથા મુદ્દા નં.૪ થી** ઝુ–વિભાગ, ગાર્ડન અને માછલીઘરમાં નોકરી કરતા અધિકારીઓ અને કર્મચારીઓની ભણતર અને લાયકાત તમામ અધિકારીઓની જણાવશો. જેની **પુર્તતામાં** અધિકારી/કર્મચારીઓએ રજુ કરેલ શૈક્ષણિક લાયકાતના દસ્તાવેજો એ તેઓનો અંગત પ્રકારનો ડોકયુમેન્ટ હોય જે વિશ્વસનીય સંબધોને આધારે તેઓની નિમણુંકના હેતુસર ઉપલબ્ધ થયેલ હોય જે ત્રાહિત વ્યકિતને આપી શકાય નહી. તેમજ ઉકત માહિતીને જાહેર ગતિવિધિ અથવા હિત સાથે કોઈપણ પ્રકારનો સંબંધ ધરાવતી હોવાનું જણાતુ ન હોય પ્રસ્તુત શૈક્ષણિક લાયકાતની માંગ્યા મુજબની માહિતી આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ચ) અને (ઠ) મુજબ પુરી પાડવા જોગ નથી. તેમજ આ પ્રકારેની માંગેલ માહિતી બાબતે ઉકત કલમ તથા નામ.સુપ્રિમ કોર્ટના ઉકત ચુકાદાને આધીન કરેલ ઈન્કાર સંદર્ભે રાજય માહિતી આયોગમાં દાખલ કરવામાં આવેલ બીજી અપીલ નં.અ–૫૬૧૩/૨૦૧૫ માં ના.ગુજરાત રાજય માહિતી આયોગ ધ્વારા આપેલ ચુકાદામાં શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રો એ અંગત બાબત છે જે માહિતી અધિકાર અધિનિયમની કલમ ૮(૧)(ઠ) હેઠળ આપવાપાત્ર ન હોય, અપીલ અરજી દફતરે કરવા હુકમ કરેલ છે. તેમજ અન્ય એક અપીલ નં.અ–૧૫૦૩–૨૦૧૭ માં ગુજરાત રાજય માહિતી આયોગના ધ્વારા ઉમેદવારના શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રની માંગવામાં આવેલ માહિતી, માહિતી અધિકાર અધિનિયમની કલમ ૮(૧)(ઠ) મુજબ અંગત પ્રકારની હોય આપવામાં આવી નથી, જે પ્રથમ અપીલ અધિકારીના નિર્ણય સાથે સંમત હોવાનુ જણાવી બીજી અપીલ દફતરે કરવા હુકમ કરેલ છે. આમ, આર.ટી.આઈ. એકટની ઉકત જોગવાઈ, સુપ્રિમ કોર્ટનો ચુકાદો તથા તે સંદર્ભે ના.રાજય માહિતી આયોગના હુકમોની હકીકતો ધ્યાને લેતા કોઈપણ અધિકારી/કર્મચારીના શૈક્ષણિક લાયકાત અંગેના પ્રમાણપત્રની અંગત માહિતીની નકલ પુરી પાડવા જોગ નથી. તેમ જણાવી માહિતી /પુર્તતા પાઠવવામાં આવેલ છે.

અરજદારે અપીલ તબકકે કરેલ મુદ્દા નં.૧,૨ અને ૩ ની માહિતી અધુરી, અપુરતી અને ગેરમાર્ગે દોરવા પાત્ર લખેલ હોય જે નિર્ણયથી નારાજ હોવા બાબતની કરેલ રજુઆત ધ્યાને લેતા સંદર્ભ–૨ થી તા.૦૭/૦૨/૨૦ ના રોજ સાંજે ૩.૩૦ કલાકે અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફીસરશ્રી (મહેકમ) સમક્ષ રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા પત્ર નં.જીએડી/ઈએસટી/૭૫૫૬ તા.૦૩/૦૨/૨૦ થી જાણ કરી યોગ્ય રજુઆત કરવા તક પણ આપવામાં આવેલ હતી. તે સંદર્ભે ઉકત પત્રમાં સુચવેલ તારીખ અને સમયે રૂબરૂ સુનાવણીમાં હાજર નહી રહેલા અને તા.૧૦/૦૨/૨૦ના રોજ લેખિત અરજી પાઠવી જણાવેલ છે કે તા.૦૭/૦૨/૨૦ ના રોજ

...૨.

હોસ્પિટલના કામ હોવાથી સુનાવણીમાં હાજર રહી શકેલ નથી. જેથી બીજી તારીખ આપવા માંગણી કરેલ. જે અરજીની વિગતો વંચાણે લેતા સંદર્ભ–૩ થી ફરીથી તા.૧૪/૦૨/૨૦ના રોજ હાજર રહેવા પત્ર નં.જીએડી/ઈએસટી/૭૭૭૯ તા.૧૦/૦૨/૨૦ થી જાણ કરવામાં આવેલ. જે પત્રની વિગતો ધ્યાને લેતા ઉક્ત દિને સુનાવણીમાં હાજર રહી જણાવેલ છે કે જાહેર માહિતી અધિકારી અને સેક્શન ઓફીસરશ્રી, મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી નિયત નમુના પત્ર નં.જીએડી/ ઈએસટી /૬૬૯૨ તા.૨૬/૧૨/૧૯ થી મુદ્દા નં.૧,૨,૪ તથા ૫ ની માંગેલ માહિતીની પુરી પાડવામાં આવેલ માહિતી / પુર્તતા પત્ર અમોને મળેલ નથી. જેથી ઉક્ત પુર્તતા પત્રની નકલ, ખરી નકલના સહી સિક્કા વાળી હાથોહાથ પુરી પાડવામાં આવેલ. વધુમાં જણાવેલ કે મુદ્દા નં.૨ માં એક્વેરીયમ એટેન્ડેન્ટની જાહેરાતની નકલ જોઈતી હતી પરંતુ શરત ચુકથી તમામ કેડરની નકલો માંગેલ હતી. જેથી એક્વેરીયમ એટેન્ડેન્ટની જાહેરાતની નકલની માંગણી કરેલ. જે પણ માંગ્યા મુજબ વધારાની ઉક્ત જાહેરાતની નકલ–૧ વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ. જે રૂબરૂ સુનાવણી દરમ્યાન કરેલ કાર્યવાહીથી આપ ધ્વારા સંતોષ વ્યક્ત કરવામાં આવેલ. આમ, ઉક્ત તમામ હકીકતો ધ્યાને લેતા જાહેર માહિતી અધિકારી અને સેક્શન ઓફીસરશ્રી (મહેકમ) ધ્વારા પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા યોગ્ય, ઉચિત અને નિયમાનુસારની હોય, પ્રસ્તુત અપીલ અરજી બાબતે મહેકમ વિભાગ ધ્વારા વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય કે અન્ય કોઈ નકલો પુરી પાડવાની રહેતી ન હોય, જેથી સદર અપીલ અરજી દફતરે કરવા જોગ જણાય છે.

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી રાજેશભાઈ લક્ષ્મણભાઈ હડીયલે મુળ અરજી આઈ.ડી. નં.૨૩૨૬ તા.૦૫/૧૨/૧૯ થી માંગેલ માહિતીના મુદ્દા નં.૧,૪ અને ૫ થી તમામ ઝુ–વિભાગ ગાર્ડન અને માછલીઘરમાં નોકરી કરતા અધિકારીઓ/કર્મચારીઓના એપોઈન્ટમેન્ટ નામ, નંબર, હોદ્દો તથા કર્મચારી નંબર તથા લાયકાતની માંગેલ માહિતી બાબતે નામ.ગુજરાત રાજ્ય માહિતી આયોગ ધ્વારા નામ.સુપ્રિમ કોર્ટના ચુકાદાનું અનુસંધાન તથા આ પ્રકારની માંગેલ માહિતી અંગત બાબત હોય માહિતી અધિકાર અધિનિયમની કલમ ૮(૧) (ઠ) હેઠળ માંગેલ માહિતી ત્રાહિત પક્ષકારને પુરી પાડવા જોગ નથી. શૈક્ષણિક લાયકાતના દસ્તાવેજોની માહિતી આર.ટી.આઈ. એક્ટની કલમ ૮(૧)(ચ) અને (ઠ) મુજબ પુરી પાડવા જોગ નથી. તથા મુદ્દા નં.૨ થી જે ન્યુઝ પેપરોમાં જાહેરાત આપેલ હોય તે પેપરો જાહેરખબરની પ્રમાણિત નકલો તારીખ, વાર સાથેનો અલગથી કોઈ રેકર્ડ નિભાવવામાં આવતો ન હોય જેથી માહિતી પુરી પાડી શકાય તેમ નથી. ઉક્ત કરેલ પુર્તતામાં નામ.ગુજરાત માહિતી આયોગના ચુકાદાઓ, નામ.સુપ્રિમ કોર્ટ ધ્વારા આપવામાં ચુકાદાઓ તેમજ આર.ટી.આઈ. એક્ટની ઉક્ત કલમોનો વિસ્તૃત અવલોકન કરી પાઠવવામાં આવેલ હોય જે માહિતી/પુર્તતા યોગ્ય અને ઉચિત જણાય છે. તેમછતાં અપીલ અરજીમાં કરેલ રજુઆત ધ્યાને લેતા તા.૦૭/૦૨/૨૦ ના રોજ સાંજે ૩.૩૦ કલાકે અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફીસરશ્રી (મહેકમ) સમક્ષ રૂબરૂ સુનાવણીમાં હાજર રહી યોગ્ય રજુઆત કરવા તક આપવામાં આવેલ હતી. તે સંદર્ભે અરજદાર હોસ્પિટલના કામ હોવાથી સુનાવણીમાં હાજર રહી શકેલ નથી. જેથી ફરીથી તા.૧૪/૦૨/૨૦ના રોજ હાજર રહેવા જાણ કરતા ઉક્ત દિને સુનાવણીમાં હાજર રહી જણાવેલ છે કે મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી નિયત નમુના પત્ર નં.જીએડી/ઈએસટી/૬૬૯૨ તા.૨૬/૧૨/૧૯ થી પુરી પડાયેલ માહિતી / પુર્તતા પત્ર મળેલ નથી. જેથી ઉક્ત પુર્તતા પત્રની નકલ, ખરી નકલના સહી સિક્કા વાળી હાથોહાથ પુરી પાડવામાં આવેલ. વધુમાં એક્વેરીયમ એટેન્ડેન્ટની જાહેરાતની નકલની માંગણી કરેલ. જે પણ માંગ્યા મુજબ વધારાની ઉક્ત જાહેરાતની નકલ–૧ વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ. આમ, ઉક્ત તમામ હકીકતો ધ્યાને લેતા જાહેર માહિતી અધિકારી અને સેક્શન ઓફીસરશ્રી (મહેકમ) ધ્વારા પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા યોગ્ય, ઉચિત અને નિયમાનુસારની હોય, જે ધ્યાને લેતા પ્રસ્તુત અપીલ અરજી બાબતે મહેકમ વિભાગ ધ્વારા વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય કે અન્ય કોઈ નકલો પુરી પાડવાની રહેતી ન હોય, જેથી સદર અપીલ અરજી દફતરે કરવા જોગ જણાતી હોય, જે દફતરે કરી અપીલ અરજીનો નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે. વધુમાં આ હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજ્ય કક્ષાની કચેરી, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેક્ટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે અરજદાર બીજી અપીલ કરી શકે છે.

**(એસ.એચ.વ્યાસ)**
**અપીલ અધિકારી અને પર્સોનલ ઓફિસર(મહેકમ)**
**સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત**
**ફોન નં.(૦૨૬૧)૨૪૨૩૭૫૧ થી ૫૬ એક્ષ્ટે.નં.૫૧૯**

નં.જીએડી/ઇએસટી/૭૯૭૨
તા.૧૭/૦૨/૨૦૨૦

**નકલ રવાનાઃ** જાહેર માહિતી અધિકારી અને સેક્શન ઓફીસર (મધ્યસ્થ મહેકમ વિભાગ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાનાઃ** શ્રી રાજેશભાઈ લક્ષ્મણભાઈ હડીયલ પ્રતિ....જાણ માટે.

| | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | **સુરત મહાનગરપાલિકા,**<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ, સુરત – ૩૯૫ ૦૦૩. |
|---|---|---|---|

**અપીલ અરજી નં.૪૦/૧૯–૨૦**

**અરજદાર :** શ્રી મનોહર રઘુનાથ પાટીલ

**સામાવાળા :** જાહેર માહિતી અધિકારી અને સેક્શન ઓફીસરશ્રી, મધ્યસ્થ મહેકમ વિભાગ.

**ફરીયાદની હકીકત :–**

**વિષય:–** શ્રી મનોહર રઘુનાથ પાટીલની મુળ અરજી આઈ.ડી.નં.૫૩૩ તા.૧૧/૧૨/૧૯ સંદર્ભે કરેલ અપીલ અરજી બાબત.

**સંદર્ભ:–** ૧. અરજદાર મજકુરની તા.૦૩/૦૨/૨૦૨૦ ની અપીલ અરજી No.SMC/GAD/FAP/40/19-20.

૨. તા.૧૩/૦૨/૨૦ ના રોજ સાંજે ૩.૩૦ કલાકે અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફીસરશ્રી (મહેકમ) સમક્ષ રૂબરૂ સુનાવણી.

આપના દ્વારા માંગવામાં આવેલ માહિતી પૈકી મધ્યસ્થ મહેકમ વિભાગ ધ્વારા લાગત મુદ્દાઓની માહિતી નિયત નમુના–ગ નં.જીએડી/ઇએસટી/૬૯૫૪ તા.૦૬/૦૧/૨૦થી લાગત **મુદ્દા A થી માંગેલ માહિતીની પુર્તતામાં** "મરાઠી માધ્યમની ચિત્રકામ વિષય શિક્ષકની જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત રાખવામાં આવી હતી પરંતુ કોઈપણ મહિલા ઉમેદવાર ન મળવાના કારણે તે જગ્યા આજદિન સુધી ખાલી રાખવામાં આવેલ છે. જાહેરાતમાં આપેલ નોંધ વિભાગમાં ૧૦ નંબરના વિભાગમાં લખવામાં આવેલ છે કે જો તે જગ્યા ઉપર મહિલા ઉમેદવાર ન મળે તો તે કક્ષાના પુરૂષ ઉમેદવારને તે જગ્યા ફાળવવામાં આવશે. જે જગ્યા પુરૂષ ઉમેદવાર માટે કન્વર્ટ કરવામાં આવી હોય તો તેની બે ઉમેદવારોના મેરિટ સાથેની રેકર્ડ આધારિત માહિતી "નીલ" છે." તેમ જણાવેલ છે. **લાગત મુદ્દા D થી માંગેલ માહિતીની પુર્તતામાં** "માંગવામાં આવેલ જાહેરાતની મંજુર રોસ્ટરની નકલ કુલ પાના નંગ–૨ આઈ.ડી.નં.૫૩૪ તા.૧૧/૧૨/૧૯ ના જવાબ સાથે આપશ્રીને આપવામાં આવેલ છે." લાગત **મુદ્દા G,H તથા I ની માંગેલ માહિતી અંગે સંયુકત પુર્તતામાં** "સુરત મહાનગરપાલિકાના મધ્યસ્થ મહેકમ વિભાગની રેકર્ડ આધારિત માહિતી "નીલ" છે. તેમ જણાવી માહિતી પુર્તતા પાઠવવામાં આવેલ.

ઉપરોક્ત હકીકત ધ્યાને લેતા માંગવામાં આવેલ માહિતી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસરશ્રી મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત મુદ્દાઓની ઉક્ત નિયત નમુના–ગ પત્રથી પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા યોગ્ય અને ઉચિત જણાય છે. કારણ કે મુદ્દા A થી માંગેલ માહિતી, મરાઠી માધ્યમની ચિત્રકામ વિષય શિક્ષકની જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત રાખવામાં આવેલ પરંતુ મહિલા ઉમેદવાર ન મળવાથી આ જગ્યા આજદિન સુધી ખાલી રાખવામાં આવેલ છે. આ જગ્યા પુરૂષ ઉમેદવાર માટે કન્વર્ટ કરવામાં આવેલ ન હોય માગેલ માહિતી 'નીલ' જણાવેલ. જે યોગ્ય જણાય છે. મુદ્દા D માં માંગવામાં આવેલ જાહેરાતની નકલ કુલ પાના નંગ–૨ આઈ.ડી.નં.૫૩૪ તા.૧૧/૧૨/૧૯ ના જવાબ સાથે પુરી પાડેલ છે. તેમજ મુદ્દા G,H તથા I થી માગેલ માહિતી રેકર્ડ ઉપર ઉપલબ્ધ ન હોય જેથી "નીલ" જણાવેલ છે. તેમછતાં અપીલ અરજીમાં જણાવેલ અધુરી માહિતી આપવામાં આવેલ હોવા બાબતની રજુઆત ધ્યાને લેતા આ અંગે રૂબરૂ સુનાવણી કરવા બાબતે તા.૧૩/૦૨/૨૦ના રોજ સાંજે ૩.૩૦ કલાકે અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફીસરશ્રી (મહેકમ) સમક્ષ હાજર રહેવા અત્રેથી પત્ર નં.જીએડી/ઈએસટી/૭૬૬૫ તા.૦૬/૦૨/૨૦ થી જાણ કરવામાં આવેલ હતી. તે સંદર્ભે પત્રમાં સુચવેલ તારીખ અને સમયે સુનાવણીમાં હાજર રહેલ નથી. પરંતુ તા.૧૮/૦૨/૨૦ના રોજ ઉક્ત પત્ર સહિત હાજર રહી જણાવેલ છે કે ઉક્ત પત્ર તા.૧૭/૦૨/૨૦ ના રોજ મળેલ હોવાથી સુનાવણીમાં હાજર રહી શકેલ નથી. જે હકીકત ધ્યાને લેતા તા.૧૮/૦૨/૨૦ના રોજ ફરીથી સુનાવણી રાખવામાં આવેલ. જે દરમ્યાન મુદ્દા નં.D માં રોસ્ટરની માહિતી માંગેલ હતી જે મળેલ નથી તેવી રજુઆત કરેલ છે. આ બાબતે મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી પ્રવર્તમાન રોસ્ટર પત્રકોની નકલ–૨ પુરી પાડવામાં આવેલ હતી. જે પુરી પડાયેલ નકલોમાં જણાવેલ રોસ્ટરની વિગતો સંદર્ભમાં વિસ્તૃત ચર્ચા કરી વિગતવાર સમજ આપવામાં આવેલ. તેમજ સુનાવણી દરમ્યાન ૫૪ અરજદારોની રોસ્ટરની વિગતો માંગેલ. જે અરજદારની મુળ આઈ.ડી.માં માંગેલ ન હોય જેથી ૫૪ અરજદારોની રોસ્ટરની વિગતો પુરી પાડી શકાય તેમ નથી. તેમ જણાવી સંપુર્ણ વિગતવાર સમજ આપવામાં આવેલ. આથી પ્રસ્તુત અપીલ અરજી પરત્વે વધુ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી. આમ, ઉક્ત તમામ હકીકતો ધ્યાને લેતા મધ્યસ્થ મહેકમ વિભાગ ધ્વારા પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા યોગ્ય, ઉચિત અને નિયમાનુસારની હોય, સદર પ્રથમ અરજી બાબતે મહેકમ વિભાગ ધ્વારા વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય કે અન્ય કોઈ નકલો પુરી પાડવાની રહેતી ન હોય, સદર અપીલ અરજી દફતરે કરવા જોગ જણાય છે.

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી મનોહર રઘુનાથ પાટીલએ આઈ.ડી. નં.૫૩૩ તા.૧૧/૧૨/૧૯ થી મુદ્દા નં. A થી I ની માહિતીની માંગણી કરેલ. જે અંતર્ગત જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર, મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઇએસટી/૬૯૫૪ તા.૦૬/૦૧/૨૦૨૦ થી લાગત મુદ્દા નં.A,D,G,H તથા I ની માહિતી/પુર્તતા નિયત સમયાવધિમાં પાઠવવામાં આવેલ. આ પાઠવવામાં આવેલ હોય જે માહિતી/પુર્તતા યોગ્ય અને ઉચિત જણાય છે. તેમછતાં અપીલ અરજીમાં જણાવેલ અધુરી માહિતી આપવામાં આવેલ હોવાની રજુઆત ધ્યાને લેતા સંદર્ભ–૨ થી પત્ર પાઠવી રૂબરૂ સુનાવણી કરવા બાબતે તા.૧૩/૦૨/૨૦ના રોજ સાંજે ૩.૩૦ કલાકે અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફીસરશ્રી (મહેકમ) સમક્ષ હાજર રહેવા જાણાવેલ. તે સંદર્ભે સુનાવણીમાં હાજર રહેલ નથી. પરંતુ તા.૧૮/૦૨/૨૦ના રોજ ઉક્ત પત્ર સહિત હાજર રહી જણાવેલ છે કે આ પત્ર મને તા.૧૭/૦૨/૨૦ ના રોજ મળેલ હોવાથી સુનાવણીમાં હાજર રહી શકેલ નથી. જે ધ્યાને લેતા તા.૧૮/૦૨/૨૦ના રોજ ફરીથી સુનાવણી રાખવામાં આવેલ. જે દરમ્યાન જણાવેલ છે કે મુદ્દા નં.D માં રોસ્ટરની માહિતી માંગેલ હતી જે મળેલ નથી તેવી રજુઆત કરેલ છે. આ બાબતે મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી પ્રવર્તમાન રોસ્ટર પત્રકોની નકલ–૨ પુરી પાડવામાં આવેલ હતી. જે પુરી પડાયેલ નકલોમાં જણાવેલ રોસ્ટરની વિગતો સંદર્ભમાં વિસ્તૃત ચર્ચા કરી વિગતવાર સમજ આપવામાં આવેલ. તેમજ સુનાવણી દરમ્યાન ૫૪ અરજદારોની રોસ્ટરની વધારાની વિગતો માંગેલ. જે અરજદારની ઉક્ત મુળ આઈ.ડી.માં માંગેલ ન હોય જેથી ૫૪ અરજદારોની રોસ્ટરની વિગતો પુરી પાડી શકાય તેમ નથી. તેમ જણાવી સંપુર્ણ વિગતવાર સમજ આપવામાં આવેલ. આમ, પ્રસ્તુત અપીલ અરજી બાબતે મહેકમ વિભાગ ધ્વારા વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય કે અન્ય કોઈ નકલો પુરી પાડવાની

રહેતી ન હોય, જેથી સદર અપીલ અરજી દફતરે કરવા જોગ જણાતી હોય, જે દફતરે કરી અપીલ અરજીનો નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે. વધુમાં આ હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે અરજદાર બીજી અપીલ કરી શકે છે.

**(એસ.એચ.વ્યાસ)**
**અપીલ અધિકારી અને પર્સોનલ ઓફિસર(મહેકમ)**
**સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત**
**ફોન નં.(૦૨૬૧)૨૪૨૩૭૫૧ થી ૫૬ એક્ષટે.નં.૫૧૯**

નં.જીએડી/ઇએસટી/૯૦૨૩
તા.૧૯/૦૨/૨૦૨૦

**નકલ રવાનાઃ** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મધ્યસ્થ મહેકમ વિભાગ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાનાઃ** શ્રી મનોહરરઘુનાથ પાટિલ, પ્રતિ....જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | **સુરત મહાનગરપાલિકા,**<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ, સુરત – ૩૯૫ ૦૦૩. |


**અપીલ અરજી નં.૪૧/૧૯–૨૦**

**અરજદાર :** શ્રી નરેશભાઈ એન.બથવાર

**સામાવાળા :** સેકશન ઓફીસર (મધ્યસ્થ મહેકમ વિભાગ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષય:–** શ્રી નરેશભાઈ એન.બથવારની મુળ અરજી આઈ.ડી.નં.૨૮૧૩ તા.૧૩/૦૧/૨૦ સંદર્ભે કરેલ અપીલ અરજી બાબત.

**સંદર્ભ:–** અરજદાર મજકુરની તા.૨૫/૦૨/૨૦ ની અપીલ અરજી No.SMC/GAD/FAP/41/19-20.

અરજદારશ્રી નરેશભાઈ એન.બથવારએ જાહેર માહિતી અધિકારીશ્રી, મધ્યસ્થ મહેમક વિભાગ, હિસાબી વિભાગ તથા ઓડીટ વિભાગ, સુરત મહાનગરપાલિકાને સંબોધીને મુળ અરજી આઈ.ડી. નં.૨૮૧૩ તા.૧૩/૦૧/૨૦ સેન્ટ્રલ ઝોન સીટી સીવીક સેન્ટર ખાતે કરેલ. જે પત્ર નં.સીસીસી/સે.ઝોન/ ૨૮૧૩ તા.૧૫/૦૧/૨૦ થી મધ્યસ્થ મહેકમ વિભાગ તથા ઓડીટ ખાતાને તબદીલ કરેલ. જે મધ્યસ્થ મહેકમ વિભાગને તા.૧૬/૦૧/૨૦ના રોજ પ્રાપ્ત થયેલ. સદર મુળ આઈ.ડી.ની વિગતો ધ્યાને લેતા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઇએસટી/૭૭૨૬ તા.૦૭/૦૨/૨૦ થી નિયત સમયમર્યાદામાં યોગ્ય પુર્તતા/જવાબ પાઠવી માંગેલ મુદ્દાઓની લાગત માહિતી નકલો મેળવવા નિયત નમુના–ખ પત્ર નં.જીએડી/ઈએસટી/૭૭૨૮ તા.૦૭/૦૨/૨૦ થી નકલ ફી ભરપાઈ કરવા જાણ કરવામાં આવેલ. જે પાઠવેલ પત્રો સબંધે અરજદારે સેન્ટ્રલ ઝોન સીટી સીવીક ખાતે રસીદ નં.૩૦૦/૧૦૩ તા.૧૭/૦૨/૨૦ થી જણાવેલ નકલ ફી ભરપાઈ કરેલ અને જે અંગે મધ્યસ્થ મહેકમ વિભાગ ધ્વારા પત્ર નં.જીએડી/ઈએસટી/૭૯૮૭ તા.૧૮/૦૨/૨૦ થી ઉકત લાગત નકલો પાઠવવામાં આવેલ. જે પાઠવવામાં આવેલ પત્રો/નકલોથી નારાજ થઈ તા.૨૫/૦૨/૨૦ ના રોજ પ્રથમ અપીલ અરજી દાખલ કરી અપીલ તબકકે મુદ્દા નં.૧ થી ૧૪ ની પુરી પડાયેલ પુર્તતા /માહિતી બાબતે અલગ અલગ વાંધાઓ ઉપસ્થિત કરી મુખ્યત્વે "મુદ્દા નં.૧ અને ૨ ની અધુરી માહિતી આપેલ. ૩,૪, અને ૫ ની માહિતી મળેલ નથી. ૭, ૮ માં અધુરી માહિતી મળેલ છે. ૯ અને ૧૦ હિસાબી વિભાગને લાગુ પડતી હોય. મુદ્દા નં.૧૧, ૧૨ માં કલમ ૮(૧)(ડી) અને ૧૧(૧)નો ખોટો દુરઉપયોગ કરેલ તથા મુદ્દા નં.૧૩ અને ૧૪ ની માહિતી જાણી જોઈને છુપાવેલ હોય જેથી અસંતુષ્ટ થઈ પ્રથમ અપીલ અરજીથી સંપુર્ણ માહિતીની દાદ માગીએ છીએ." તેમ જણાવેલ છે.

અરજદારશ્રી નરેશભાઈ એન.બથવાર દ્વારા માંગવામાં આવેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસરશ્રી(મહેકમ) ધ્વારા ઉકત નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઈએસટી/૭૭૨૬ તા.૦૭/૦૨/૨૦ થી ઉપલબ્ધ રેકર્ડ આધારીત પાઠવવામાં આવેલ માહિતી/પુર્તતા/જવાબ તથા પુરી પડાયેલ નકલો યોગ્ય અને ઉચિત જણાય છે. કારણ કે સદર **<u>મુદ્દા નં.૧, ૭ અને ૯ ની માંગેલ માહિતી બાબતે સંયુકત પુર્તતામાં</u>** "માન્ય ઈજારદારોના નામો જણાવવામાં આવેલ છે તથા સરનામાની વિગતો કલમ ૮(૧)(ડી) તથા કલમ ૧૧(૧) હેઠળ તેઓના ધંધાને લાગત અત્રે પુરી પાડવામા આવેલ કોઈપણ માહિતી અત્રેની કચેરી પુરતો જ ઉપયોગ કરવા તથા આર.ટી.આઈ. એકટ ૨૦૦૫ હેઠળની અરજીના કોઈપણ અરજદારને નહી આપવા લેખિત પત્રથી સુચના આપેલ હોય, તે અંતર્ગત પણ સદર કોન્ટ્રાકટરમાં કામ કરતાં કર્મચારીઓની વિગતો, વેતનની વિગતો આર.ટી.આઈ. હેઠળ ત્રાહિત વ્યકિતને પુરી પાડવા જોગ નથી. કોન્ટ્રાટરો તરફથી આપવામાં આવેલ સદર લેખિત સુચના અંગેના પત્રની નકલો નંગ–૪ નકલ ફી ભરપાઈ કર્યેથી જે નકલો પુરી પાડવામાં આવશે." **<u>મુદ્દાનં. ૨ અને ૩ થી માંગેલ માહિતીની સંયુકત પુર્તતામાં</u>** "એસ.એમ.સી.ના માન્ય ઈજારદારો સિવાયના અન્ય અનુભવી ઈજારદારોએ સદરહું ટેન્ડરમાં ભાગ લઈ ટેકનીકલ બીડ, ટેન્ડર ફી, ઈ.એમ.ડી. અને અન્ય ડોકયુમેન્ટની હાર્ડ કોપી રજુ કરેલ હોય તેઓના નામ (૧) કોમલ એન્ટરપ્રાઈઝ, એફ–૧૧૯, ધરતી મનન પ્લાઝા માર્કેટ, ડો.જી.કે.પટેલ, જેલ રોડ, મહેસાણા – ૩૮૪૦૦૨. (૨) ગુજરાત ઈન્ફોટેક લિમિટેડ, જામસાબ, એ–૨, બીજો માળ, જય ટાવર, બસ સ્ટેન્ડ નજીક, નારાયણપુરા, અમદાવાદ–૩૮૦૦૧૩. વધુમાં સદરહુ કોન્ટ્રાકટ મેળવવા આપેલ ટેકનીકલ બીડ, ટેન્ડર ફી, ઈ.એમ.ડી. અને અન્ય ડોકયુમેન્ટની નકલ તેમજ ટેન્ડરમાં ભરેલ ભાવની માંગવામાં આવેલ માહિતી સદરહુ કોન્ટ્રાકટ ટેન્ડર પધ્ધતીથી આપવામાં આવેલ છે. તે અંતર્ગત કોન્ટ્રાટર ધ્વારા ભરવામાં આવેલ ફોર્મ તથા રજુ કરેલ એફીડેવીટ વિગેરેની માહિતી આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ચ) અને (ઠ) મુજબ પુરી પાડવા જોગ જણાતી નથી." **<u>મુદ્દાનં.૪ અને ૫ થી માંગેલ માહિતીની સંયુકત પુર્તતામાં</u>** "મધ્યસ્થ મહેકમ વિભાગની માહિતી "નીલ" છે." **<u>મુદ્દાનં.૬ ની પુર્તતામાં</u>** "સુકાની મેનેજમેન્ટ એન્ડ સોફ્ટવેર સોલ્યુશન (P) લિ.ના ઈજારદારનાં કુલ કોમ્પ્યુટર ઓપરેટરોની સંખ્યાની ૨૫૬ છે." **<u>મુદ્દાનં.૮ ની પુર્તતામાં</u>** "બંને ઈજારદારો એસ.એમ.સી.ના માન્ય ઈજારદારો હોવાથી સ્થાયી સમિતિનાં ઠરાવનં.૧૯૦૧/૨૦૧૫ તા.૨૩/૦૭/૧૫ થી બંને ઈજારદારોને અગાઉનો ઈજારો જે ટેન્ડરથી આપેલ તે ટેન્ડરોની જાહેરાત અને સ્થાયી સમિતિનાં ઠરાવની નકલ નંગ–૩ નકલ ફી રૂા.૬/– ભરપાઈ કર્યેથી તેવી નકલો પુરી પાડવામાં આવશે. જે નકલો ઉપરથી માંગેલ માહિતીનો સંદર્ભ મળી શકે. **<u>મુદ્દા નં.૧૦, ૧૧ અને ૧૨ થી માંગેલ માહિતીની સંયુકત પુર્તતામાં</u>** "સદરહું બંને કોન્ટ્રાકટરો ધ્વારા આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ડી) તથા કલમ ૧૧(૧) મુજબ તેઓના ધંધાને લગતી માહિતી ફકત અત્રેની કચેરી પુરતો જ ઉપયોગ કરવા તથા આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળની અરજીના કોઈપણ અરજદારને નહી આપવા સુચના આપેલ હોય, તે અંતર્ગત સદર કોન્ટ્રાકટરમાં કામ કરતાં કર્મચારીઓની વિગતો તેમજ કરાર સંબધી માંગ્યા મુજબની માહિતી આર.ટી.આઈ. એકટ હેઠળ ત્રાહિત વ્યકિત/ અરજદારને પુરી પાડવા જોગ નથી." **<u>મુદ્દાનં.૧૩ અને ૧૪ થી માંગેલ માહિતીની સંયુકત પુર્તતામાં</u>** "સુરત મહાનગરપાલિકાના મધ્યસ્થ મહેકમ વિભાગ ધ્વારા આવી કોઈ પણ માહિતી અલગથી નિભાવવાની રહેતી ન હોય રેકર્ડ આધારિત માહિતી "નીલ" છે." તેમ જણાવી ઉકત તમામ મુદ્દાઓની માહિતી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસરશ્રી(મહેકમ) ધ્વારા આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ડી) તથા કલમ ૧૧(૧) ધ્યાને લઈ માહિતી પુરી પાડવામાં કરેલ ઈન્કાર અંગે ઉપરોકત કરવામાં આવેલ પુર્તતાઓને ધ્યાને લેતા યોગ્ય અને ઉચિત જણાય છે.

ઉકત નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઈએસટી/૭૭૨૬ તા.૦૭/૦૨/૨૦ થી પાઠવવામાં આવેલ પુર્તતા/જવાબ તથા પુરી પડાયેલ નકલોથી નારાજ થઈ તા.૨૫/૦૨/૨૦ ના રોજ પર્સોનેલ ઓફીસરશ્રી, મધ્યસ્થ મહેકમ વિભાગને સંબોધીને પ્રથમ અપીલ અરજી દાખલ કરી અપીલ તબકકે મુખ્યત્વે અધુરી માહિતી મળેલ હોવાની કરેલ રજુઆત ધ્યાને લેતા અરજદાર મજકુરને રૂબરૂ સુનાવણી માટે તા.૧૨/૦૩/૨૦ ના રોજ બપોરે ૩.૩૦ કલાકે રૂમ નં.૧૦૨, મધ્યસ્થ મહેકમ વિભાગ, સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરી ખાતે હાજર રહેવા પત્ર પાઠવી જણાવવામાં આવેલ. જે પત્ર સબંધે અરજદાર તરફથી કોઈ પ્રતિક્રિયા મળેલ ન હોય કે સુનાવણીમાં હાજર રહેલા નથી. પરંતુ તા.૧૩/૦૩/૨૦ ના રોજ રૂબરૂમાં કચેરીનો સંપર્ક કરેલ. જે દરમ્યાન જણાવેલ કે તા.૧૨/૦૩/૨૦ ના રોજ મારે અલગ અલગ ઝોનમાં સુનાવણી માટે જવાનુ થયેલ હોવાથી તથા મને તા.૧૩/૦૩/૨૦ના રોજ જ સુનાવણી રાખેલ હોવાનુ ધ્યાનમાં હોવાથી આજે સુનાવણીમાં હાજર રહેલ છુ. અરજદારની ઉકત રજુઆત ધ્યાને

લેતા સદર અપીલ અંગે વિસ્તૃત ચર્ચા/વિચારણા કરવામાં આવેલ અને યોગ્ય સમજ આપી સદર મુળ આઈ.ડી. પરત્વે કરેલ કાર્યવાહી યોગ્ય અને ઉચિત જણાતી હોવાનુ જણાવેલ. તેમછતાં સુનાવણી અંગેના રોજકામમાં જણાવેલ છે કે "મુદ્દા નં.૧ અને ૨ ની અધુરી માહિતી આપેલ છે. મુદ્દા નં.૩,૪ અને ૫ ની માહિતી મળેલ નથી. મુદ્દા નં.૭ અને ૮ માં અધુરી માહિતી મળેલ છે. મુદ્દા નં.૯ અને ૧૦ ની માહિતી હિસાબી વિભાગને લાગુ પડતી હોય તેઓએ આપવાની રહે. મુદ્દા નં.૧૧ અને ૧૨ માં કલમ ૮(૧)(ડી) અને ૧૧(૧) નો ખોટો દુરપયોગ કરેલ છે અને મુદ્દા નં.૧૩ અને ૧૪ ની માહિતી જાણી જોઈને છુપાવેલ છે." તેમ જણાવી નારાજગી વ્યક્ત કરેલ.

અરજદાર ધ્વારા ઉક્ત રોજકામમાં ઉપસ્થિત કરેલ વાંધાઓ ધ્યાને લેતા **મુદ્દા નં.૧ અને ૨ની** માહિતી આર.ટી.આઈ. એક્ટની કલમ ૮(૧)(ડી), ૧૧(૧) તથા ૮(૧)(ચ) અને (ઠ) ધ્યાને લેતા પુરી પાડી શકાય તેમ નથી. આ બાબતે સબંધીત ઈજારદાર ધ્વારા તેઓની માહિતી ન આપવા અંગે લેખિત પત્ર ધ્વારા જાણ કરેલ છે અને તે પત્રની નકલો અરજદારને આપવામાં આવેલ છે. **મુદ્દા નં.૩ ની** માહિતી ત્રાહિતને લગતી અંગત માહિતી હોય જે કલમ ૮(૧)(ચ) અને (ઠ) ધ્યાને લેતા ઈન્કાર કરવામાં આવેલ જે યોગ્ય જણાય છે. **મુદ્દા નં.૪ અને ૫ ની** માહિતીમાં અરજદારે રેકર્ડ આધારીત માહિતી માંગેલ નથી પરંતુ કારણોની વિગત માંગેલ છે. જે આરટીઆઈ એક્ટની જોગવાઈ મુજબ આપવાની રહેતી નથી. **મુદ્દા નં.૭ માં** ઈજારદાર સંસ્થાના એટલે કે ત્રાહિત પક્ષકારના સરનામાની માંગવામાં આવેલ માહિતી કલમ ૮(૧)(ડી), ૧૧(૧) મુજબ ધંધાને લગતી અંગત માહિતી હોય જે પુરી પાડી શકાય નહી. **મુદ્દા નં.૮ ની** માહિતીની નકલો નિયત નકલ ફી લઈને આપવામાં આવેલ છે. **મુદ્દા નં.૯ તથા ૧૦ ની** માહિતી બાબતે અપીલ તબકકે અરજદારે હિસાબનીશ વિભાગને લાગત હોવાની રજુઆત કરેલ છે. પરંતુ ઈજારદારને પેમેન્ટ ચુકવવા/બીલ બનાવવાની કાર્યવાહી મધ્યસ્થ મહેકમ વિભાગ ધ્વારા જ કરવામાં આવતી હોય જેનો રેકોર્ડ મધ્યસ્થ મહેકમ વિભાગ પાસે ઉપલબ્ધ હોય જે રેકોર્ડ ઈજારદાર ધ્વારા તેઓની માહિતી ન આપવાની લેખિતમાં જાણ કરેલ હોય જે ધ્યાને લેતા સદર માહિતી કલમ ૮(૧)(ડી) તથા કલમ ૧૧(૧) મુજબ તેઓના ધંધાને લગતી હોય જે પુરી પાડવાની રહેતી ન હોય જે સંજોગોમાં સદર માહિતી પુરી પાડવા અંગે કરેલ ઈન્કાર યોગ્ય જણાય છે. જેથી તે કારણોસર આ મુદ્દાઓની માહિતી બાબતે હિસાબી વિભાગમાં મુળ આઈ.ડી. અરજી તબદીલ કરવા જોગ જણાતી નથી. **મુદ્દા નં.૧૧ની** માહિતી ઈજારદારના કર્મચારીઓના ભવિષ્યનિધી સંગઠન કચેરીમાં નોંધણી કરવા અંગેના પત્રકોની માંગવામાં આવેલ માહિતી તથા **મુદ્દા નં.૧૨ થી** ઈજારદાર ધ્વારા ઈન્કમટેક્ષ ઓફીસ–આયકર ભવન કચેરીના E.S.T.No. મેળવ્યા અંગેના પત્રકોની માહિતી તેઓની ખાનગી માહિતી હોય તેવી કોઈપણ માહિતી ધ્વારા આર.ટી.આઈ. એક્ટની કલમ ૮(૧)(ડી) તથા કલમ ૧૧(૧) મુજબ તેઓના ધંધાને લગતી હોય જે પુરી પાડવાની રહેતી ન હોય તે અંતગર્ત માહિતી પુરી પાડવા અંગે કરેલ ઈન્કાર યોગ્ય જણાય છે. તેમજ **મુદ્દા નં.૧૩ અને ૧૪ની** માહિતી પણ અત્રેના વિભાગના ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતા આ બાબતનો કોઈ રેકર્ડ ઉપલબ્ધ ન હોય માહિતી આપવાની રહેતી નથી. આમ, ઉક્ત તમામ મુદ્દાઓ સબંધી કરાયેલ પુર્તતા યોગ્ય અને ઉચિત જણાય છે. જેમાં અધુરી માહિતી પુરી પાડવાની કે આર.ટી. આઈ. એક્ટની ઉલ્લેખીત કલમોનો દુરપયોગ કરેલ હોવાની રજુઆત મનઘડીટ અને ઉપજાવી કાઢેલ જણાતી હોય જે યોગ્ય અને ઉચિત જણાતી ન હોય ગ્રાહય રાખવા જોગ નથી. આમ, ઉપરોક્ત તમામ હકીકત ધ્યાને લેતા સદર મુળ આઈ.ડી. સબંધે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) ધ્વારા કરાયેલ કાર્યવાહી / પુર્તતા તથા અપીલ સંદર્ભે રૂબરૂ સુનાવણી દરમ્યાન કરાયેલ વિસ્તૃત ચર્ચા /વિચારણા બાદ આપવામાં આવેલ સમજ યોગ્ય અને ઉચિત જણાય છે. જે ધ્યાને લેતા સદર અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય કે અન્ય કોઈ નકલો પુરી પાડવાની રહેતી ન હોય, સદર અપીલ અરજી દફતરે કરવા જોગ જણાય છે.

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકતો ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી નરેશભાઈ એન.બથવારએ મુળ અરજી આઈ.ડી.નં.૨૮૧૩ તા.૧૩/૦૧/૨૦ થી એસ.એમ.સી.માં માન્ય ઈજારદારો ધ્વારા જુદા જુદા ઝોન/ ખાતાઓમાં કોમ્પ્યુટર ઓપરેટરો પુરા પાડવા બાબતે મુદ્દા નં.૧ થી ૧૪ ની માહિતી માંગવામાં આવેલ. જે માંગેલ માહિતી મધ્યસ્થ મહેકમ વિભાગના જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા ઉક્ત નિયત નમુના–ગ પત્રથી લાગત મુદ્દા નં.૧ થી ૧૪ ની માહિતી/પુર્તતા તથા લાગત નકલો સમયમર્યાદામાં નિયમોનુસાર પુરી પાડવામાં આવેલ. જે યોગ્ય અને ઉચિત જણાય છે. તેમ છતાં અપીલ અરજીમાં અધુરી માહિતી આપેલ હોવાની કરેલ રજુઆત સંદર્ભમાં તા.૧૩/૦૩/૨૦ના રોજ રૂબરૂ સુનાવણી દરમ્યાન કરવામાં આવેલ વિસ્તુત ચર્ચા / વિચારણા દરમ્યાન આર.ટી.આઈ. એક્ટની કલમો ૮(૧)(ડી), ૧૧(૧) તથા ૮(૧)(ચ) અને (ઠ) જેવી કલમોનો ઉલ્લેખ કરી યોગ્ય સમજ આપવામાં આવેલ. અરજદાર ધ્વારા સદર ઈજારદારના ધંધાને લગતી માહિતીઓ માંગેલ હોય જે ઉક્ત ઉલ્લેખીત કલમોની વિગતો વંચાણે લેતા પુરી પાડી શકાય તેમ નથી. આમ, ઉક્ત સમગ્ર હકીકત ધ્યાને લેતા અરજદારની મુળ અરજી પરત્વે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) ધ્વારા આર.ટી. આઈ. એક્ટની કલમો ૮(૧)(ડી), ૧૧(૧) તથા ૮(૧)(ચ) અને (ઠ) ની જોગવાઈઓને આધીન માહિતી/પુર્તતા તથા લાગત નકલો નિયમાનુંસાર પુરી પાડેલ હોય, અરજદાર ધ્વારા અધુરી માહિતી પુરી પાડવાની કે આર.ટી. આઈ. એક્ટની ઉલ્લેખીત કલમોનો દુરપયોગ કરેલ હોવાની રજુઆત યોગ્ય જણાતી ન હોય જે ગ્રાહય રાખવા યોગ્ય જણાતી નથી. આમ, સદર અપીલ અરજી અંગે મધ્યસ્થ મહેકમ કક્ષાએથી વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય કે વધુ કોઈ દસ્તાવેજો કે નકલો પુરી પાડવાની રહેતી ન હોય, જેથી સદર અપીલ અરજી દફતરે કરવા જોગ જણાતી હોય, જે દફતરે કરી અપીલ અરજીનો નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે. વધુમાં આ હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે અરજદાર બીજી અપીલ કરી શકે છે.

**(એસ.એચ.વ્યાસ)**
**અપીલ અધિકારી અને પર્સોનલ ઓફિસર(મહેકમ)**
**સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત**
**ફોન નં.(૦૨૬૧)૨૪૨૩૭૫૧ થી ૫૬ એક્ષટે.નં.૫૧૯**

નં.જીએડી/ઇએસટી/૮૭૨૭
તા.૨૦/૦૩/૨૦૨૦

**નકલ રવાના:** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મધ્યસ્થ મહેકમ વિભાગ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાના:** શ્રી નરેશ એન. બથવાર પ્રતિ....જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | **સુરત મહાનગરપાલિકા,**<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ, સુરત – ૩૯૫ ૦૦૩. |

**<u>અપીલ અરજી નં.૪૨/૧૯–૨૦</u>**

**અરજદાર** : શ્રી ઈશ્વરભાઈ સુખાભાઈ પટેલ

**સામાવાળા** : સેકશન ઓફીસર (મઘ્યસ્થ મહેકમ વિભાગ) અને જાહેર માહિતી અધિકારી.

**<u>ફરીયાદની હકીકત :–</u>**

**વિષય:–** શ્રી ઈશ્વરભાઈ સુખાભાઈ પટેલની મુળ અરજી આઈ.ડી.નં.૨૮૮૨ તા.૧૭/૦૧/૨૦ સંદર્ભે કરેલ અપીલ અરજી બાબત.

**સંદર્ભ:–** અરજદાર મજકુરની તા.૦૫/૦૩/૨૦ ની અપીલ અરજી No.SMC/GAD/FAP/42/19-20.

અરજદારશ્રી ઈશ્વરભાઈ સુખાભાઈ પટેલએ જાહેર માહિતી અધિકારીશ્રી, મઘ્યસ્થ મહેકમ વિભાગ તથા સ્વીમીંગપુલ વિભાગ, સુરત મહાનગરપાલિકાને સંબોધીને મુળ અરજી સેન્ટ્રલ ઝોન સીટી સીવીક સેન્ટર ખાતે કરેલ. જે સેન્ટ્રલ ઝોન સી.સી.સે.ઘ્વારા આઈ.ડી. નં.૨૮૮૨ તા.૧૭/૦૧/૨૦ થી નોંધણી કરી, સદર અરજી પત્ર નં.સીસીસી/સે.ઝોન/૨૮૮૨ તા.૧૮/૦૧/૨૦ થી મઘ્યસ્થ મહેકમ વિભાગ તથા સ્વીમીંગપુલ વિભાગને તબદીલ કરેલ. જે મઘ્યસ્થ મહેકમ વિભાગને તા.૧૮/૦૧/૨૦ના રોજ પ્રાપ્ત થયેલ. સદર મુળ આઈ.ડી.ની વિગતો ઘ્યાને લેતા મુદૃા નં.૧ થી પ્રથમ તેઓની સ્વૈ.નિવૃત્તિની ફાઈલનું નિરીક્ષણ કરી તથા મુદૃા નં.૨ માં નં.જીએડી/ઈએસટી/૬૯૪૬ તા.૬/૧/૨૦ પત્રનું નિરીક્ષણ કરી જે જરૂરીયાત મુજબની નકલોની માગણી કરીશ તે નકલો આપશો તેમ જણાવેલ. જે બાબતે તા.૧૦/૦૨/૨૦ના રોજ તરણકુંડ વિભાગમાં ઉપસ્થિત રહી ઉકત ફાઈલ તથા નં.જીએડી/ ઈએસટી/૬૯૪૬ તા.૬/૧/૨૦ પત્રનું નિરીક્ષણ કરી નં.૧ થી ૭ મુદૃાઓની માહિતીની માંગણી કરેલ. જે સબંધે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર મઘ્યસ્થ મહેકમ વિભાગ તરફથી મુદૃા નં.૨ ના પેટાપેરા નં.(૫), (૬) તથા (૭) ની માહિતી નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઇએસટી/૭૯૨૬ તા.૧૫/૦૨/૨૦ થી નિયત સમયમર્યાદામાં યોગ્ય પુર્તતા/જવાબ પાઠવી માંગેલ મુદૃાઓની લાગત માહિતી નકલો નંગ–૨ મેળવવા નિયત નમુના–ખ પત્ર નં.જીએડી/ઈએસટી/૭૯૨૭ તા.૧૫/૦૨/૨૦ થી નકલ ફી રૂા.૪/– ભરપાઈ કરવા જાણ કરવામાં આવેલ. જે પાઠવેલ પત્રો સબંધે અરજદારે સેન્ટ્રલ ઝોન સીટી સીવીક ખાતે રસીદ નં.૩૦૦/૧૦૫ તા.૦૨/૦૩/૨૦થી જણાવેલ નકલ ફી ભરપાઈ કરતા આ અંગે મઘ્યસ્થ મહેકમ વિભાગ ઘ્વારા પત્ર નં.જીએડી/ઈએસટી/૮૨૭૩ તા.૦૨/૦૩/૨૦થી ઉકત લાગત નકલો નંગ–૨ પાઠવવામાં આવેલ. જે પાઠવવામાં આવેલ પુર્તતા/જવાબો તથા નકલોથી નારાજ થઈ તા.૦૫/૦૩/૨૦ ના રોજ પ્રથમ અપીલ અરજી દાખલ કરી અપીલ તબકકે "મુદૃા નં.૨ ની માહિતી અધુરી આપેલ છે તેમજ ૩૦ દિવસ પછી નકલો વિના મુલ્યે આપવાની હોય છે. તે માટે પૈસા ભરાવેલ છે." તેમ જણાવેલ છે.

અરજદાર દ્વારા મુળ અરજી આઈ.ડી.નં.૨૮૮૨ તા.૧૭/૦૧/૨૦ થી માંગવામાં આવેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર, મઘ્યસ્થ મહેકમ વિભાગ ઘ્વારા ઉકત નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઇએસટી/૭૯૨૬ તા.૧૫/૦૨/૨૦ થી ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી/પુર્તતા નિયત સમય મર્યાદામાં પાઠવી, પત્ર નં.જીએડી/ઈએસટી/૮૨૭૩ તા.૦૨/૦૩/૨૦થી લાગત નકલો નંગ–૨ પુરી પાડવામાં આવેલ. તેઓની મુળ આઈ.ડી.થી માગ્યા મુજબ લાગત મુદૃા નં.૨ થી "**<u>પેટાપેરા નં.૫ ની માહિતીમાં</u>** સુરત મહાનગરપાલિકાના પત્ર ક્રમાંક – નં.જીએડી/ઈએસટી/૬૦૩૬ તા.૨૬/૧૧/૧૯ થી પો.ઈ.શ્રી, એ.સી.બી.ને પાઠવવામાં આવેલ પત્રની નકલ–૧ તથા **<u>પેટાપેરા નં.૬ ની માહિતીમાં</u>** એ.સી.બી. સુરત તરફથી પત્ર ક્રમાંક– ૧૪૬૮/૨૦૧૯ તા.૧૯/૧૨/૨૦૧૯ ની નકલ–૧ મળી કુલ–૨ નકલો માંગ્યા મુજબની જ પુરી પાડવામાં આવેલ છે તથા **<u>પેટાપેરા નં.૭ થી</u>** શ્રી કેતનભાઈ નગીનભાઈ શાહ દ્વારા તા.૨૧/૧૧/૨૦૧૯ થી ઈશ્વરભાઈ સુખાભાઈ પટેલનું રાજીનામુ નામંજુર કરવા અરજી કરાયેલ તેની નકલ માંગવામાં આવેલ. **<u>જે માંગવામાં</u>** આવેલ માહિતીને જાહેર ગતિવિધિ અથવા જાહેર હિત સાથે કોઈપણ પ્રકારનો સંબધ હોવાનું જણાતુ ન હોય તેમજ ત્રાહિત પક્ષકારને તેવી માહિતી આપવાથી સંબંધીતના વ્યકતિગત/અંગત જીવનમાં અનધિકૃત દખલ ઉભી થવાની શકયતા રહેતી હોય, પ્રસ્તુત માંગ્યા મુજબની માહિતી આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ઠ) મુજબ ત્રાહિત પક્ષકારને પુરી પાડવા જોગ નથી. જે પાઠવેલ પુર્તતા તથા પુરી પડાયેલ નકલો યોગ્ય અને ઉચિત જણાય છે.

વધુમાં અરજદાર ઘ્વારા તા.૦૨/૦૩/૨૦ના રોજ કચેરી સંપર્ક કરી જણાવેલ કે ઉકત ટપાલો મને મળેલ નથી. જે ઘ્યાને લેતા ઉકત નિયત નમુના–ગ તથા નમુના–ખ ની નકલો હાથોહાથ પુરી પાડેલ. તેમજ ઉકત લાગત નકલો વિનામુલ્યે પુરી પાડવામાં આવશે તેમ જણાવેલ તેમ છતાં નમુના–ખ માં સુચવેલ નકલ ફી રૂા.૪/– સેન્ટ્રલ ઝોન સીટી સીવીક સેન્ટર ખાતે રસીદ નં.૩૦૦/૧૦૫ તા.૦૨/૦૩/૨૦ થી ભરપાઈ કરી જેની રસીદ રજુ કરતા પત્ર નં.જીએડી/ઈએસટી/૮૨૭૩ તા.૦૨/૦૩/૨૦ થી ઉકત નકલો હાથોહાથ પુરી પાડેલ. તેમછતાં તા.૦૫/૦૩/૨૦ ના રોજ અપીલ અરજી દાખલ કરી જણાવેલ છે કે "માહિતી અધુરી આપેલ છે તેમજ ૩૦ દિવસ પછી નકલો વિના મુલ્યે આપવાની હોય છે. તે માટે પૈસા ભરાવેલ છે." તેમ જણાવેલ છે. જે ઘ્યાને લેતા સદર અપીલ અરજી સંદર્ભમાં વિસ્તુત ચર્ચા કરવા માટે પત્ર નં.જીએડી/ઈએસટી/૮૪૨૧ તા.૦૯/૦૩/૨૦ થી અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફીસરશ્રી (મહેકમ) સમક્ષ તા.૧૯/૦૩/૨૦ ના રોજ સાંજે ૩.૩૦ કલાકે રૂબરૂ હાજર રહેવા જાણ કરવામાં આવેલ. જે પત્ર અનુસંધાને અરજદાર મજકુર સુચવેલ તારીખ અને સમયે રૂબરૂ સુનાવણીમાં હાજર રહેલ નથી કે અત્રેની કચેરીનો કોઈ સંપર્ક કરેલ નથી. તે સંજોગોમાં અરજદાર ઘ્વારા અધુરી માહિતી પુરી પાડવાની કે ૩૦ દિવસ પછી નકલો વિના મુલ્યે આપવાની કરેલ રજુઆતમાં કોઈ તથ્ય જણાતુ ન હોય જે ગ્રાહય રાખવા જોગ જણાતી નથી તેમજ આર.ટી.આઈ. એકટમાં નકલ ફી પરત કરવાની કોઈ જોગવાઈ નથી. જે ઘ્યાને લેતા મુળ અરજી આઈ.ડી.નં.૨૮૮૨ તા.૧૭/૦૧/૨૦ થી મઘ્યસ્થ મહેકમ વિભાગ ઘ્વારા અંશતઃ લાગત ઉકત મુદૃા–૨ બાબતે નિયત સમયમર્યાદામાં પુરી પાડવામાં આવેલ, જે પુરી પડાયેલ માહિતી/પુર્તતા/નકલો યોગ્ય, ઉચિત અને નિયમાનુસારની હોય, જે ઘ્યાને લેતા સદર અરજી બાબતે વધુ કોઈ કાર્યવાહી કરવા જોગ જણાતી ન હોય કે વધુ કોઈ નકલો/દસ્તાવેજો પુરા પાડવાના રહેતા ન હોય જેથી સદર અરજી દફતરે કરી નિકાલ કરવા જોગ જણાય છે.

**<u>–: હુકમ :–</u>**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકતો ઘ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી ઈશ્વરભાઈ સુખાભાઈ પટેલએ મુળ આઈ.ડી. નં.૨૮૮૨ તા.૧૭/૦૧/૨૦થી તેઓની સ્વૈ.નિવૃત્તિની ફાઈલનું તા.૧૦/૦૨/૨૦ના રોજ નિરીક્ષણ કરી નં.૧ થી ૭ મુદૃાઓની માહિતીની માંગણી કરેલ. જે સબંધે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર મઘ્યસ્થ મહેકમ વિભાગ તરફથી મુદૃા નં.૨ ના પેટાપેરા નં.૫ અને ૬ ની લાગત માહિતીની નકલો પુરી પાડેલ તથા પેટાપેરા ૭ ની માહિતી આરટીઆઈ એકટની કલમ ૮(૧)(ઠ) મુજબ ત્રાહિત પક્ષકારને પુરી પાડી શકાય નહિ તેમ જણાવી પત્ર નં.જીએડી/ઇએસટી/૭૯૨૬ તા.૧૫/૦૨/૨૦ થી નિયત સમયમર્યાદામાં પુર્તતા/જવાબ પાઠવી માંગેલ મુદૃાઓની લાગત માહિતીની નકલો નંગ–૨ મેળવવા નિયત નમુના–ખ થી નકલ ફી રૂા.૪/– ભરપાઈ કરવા જણાવેલ. જે અંગે સેન્ટ્રલ ઝોન સીટી સીવીક ખાતે રસીદ નં.૩૦૦.૧૦૫ તા.૦૨/૦૩/૨૦ થી નકલ ફી ભરપાઈ કરતા આ અંગે પત્ર નં.જીએડી/ઈએસટી/૮૨૭૩ તા.૦૨/૦૩/૨૦થી ઉકત લાગત નકલો નંગ–૨ હાથોહાથ પાઠવેલ. તેમછતાં સદર અપીલ અરજી અંગે વિસ્તુત ચર્ચા કરવા માટે પત્ર નં.જીએડી/ઈએસટી/૮૪૨૧ તા.૦૯/૦૩/૨૦ થી તા.૧૯/૦૩/૨૦ ના રોજ રૂબરૂ હાજર રહેવા જાણ કરવામાં આવેલ. જે પત્રની નિયત કરેલ તારીખ અને સમયે સુનાવણીમાં હાજર રહેલ નથી કે અત્રેની કચેરીનો કોઈ સંપર્ક કરેલ નથી. તે સંજોગોમાં અરજદારે કરેલ અધુરી માહિતી પુરી પાડવાની કે ૩૦ દિવસ પછી નકલો વિના મુલ્યે આપવાની કરેલ રજુઆતમાં કોઈ તથ્ય જણાતુ ન હોય જે ગ્રાહય રાખવા જોગ જણાતી નથી તેમજ આર.ટી.આઈ. એકટમાં નકલ ફી પરત કરવાની કોઈ જોગવાઈ નથી. આમ, મઘ્યસ્થ મહેકમ વિભાગ ઘ્વારા અંશતઃ લાગત ઉકત મુદૃા–૨ બાબતે નિયત સમયમર્યાદામાં માહિતી પુરી પાડવામાં આવેલ, જે પુરી પડાયેલ માહિતી/પુર્તતા/નકલો યોગ્ય, ઉચિત અને નિયમાનુસારની હોય, જે ઘ્યાને લેતા સદર અરજી બાબતે વધુ કોઈ કાર્યવાહી કરવા જોગ જણાતી ન હોય કે વધુ

કોઈ નકલો/દસ્તાવેજો પુરા પાડવાના રહેતા ન હોય જેથી સદર અરજી દફતરે કરી નિકાલ કરવા જોગ જણાતી હોય, જે દફતરે કરી અપીલ અરજીનો નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

વધુમાં આ હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે અરજદાર બીજી અપીલ કરી શકે છે.

**(એસ.એચ.વ્યાસ)**
**અપીલ અધિકારી અને પર્સોનલ ઓફિસર(મહેકમ)**
**સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત**
**ફોન નં.(૦૨૬૧)૨૪૨૩૭૫૧ થી ૫૬ એક્ષટે.નં.૫૧૯**

નં.જીએડી/ઇએસટી/૮૮૪૩
તા.૩૧/૦૩/૨૦૨૦

**<u>નોંધ–</u>** હાલની COVID-19 જેવી વૈશ્વિક મહામારી તથા LOCDOWN ની પરિસ્થિતિના કારણોસર પોષ્ટ ખાતા ધ્વારા ટપાલ સ્વીકારવામાં આવતી ન હોય જે ધ્યાને લેશો.

**નકલ રવાના:** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મધ્યસ્થ મહેકમ વિભાગ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાના:** શ્રી ઈશ્વરભાઈ સુખાભાઈ પટેલ પ્રતિ....જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | **સુરત મહાનગરપાલિકા,**<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ, સુરત – ૩૯૫ ૦૦૩. |


**અપીલ અરજી નં.૪૪/૧૯–૨૦**

**અરજદાર :** શ્રી ભાવિનભાઈ નટવરભાઈ પટેલ

**સામાવાળા :** સેકશન ઓફીસર (મધ્યસ્થ મહેકમ વિભાગ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** શ્રી ભાવિનભાઈ નટવરભાઈ પટેલની મુળ અરજી આઈ.ડી.નં.૩૨૩૯ તા.૧૭/૦૨/૨૦૨૦ સંદર્ભે કરેલ અપીલ અરજી બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૦૯/૦૩/૨૦૨૦ ની અપીલ અરજી No.SMC/GAD/FAP/44/19-20.

અરજદાર શ્રી ભાવિનભાઈ નટવરભાઈ પટેલએ મુળ આઈ.ડી.નં.૩૨૩૯ તા.૧૭/૨/૨૦૨૦ થી તાલીમાર્થી કલાર્ક શ્રી સુરેખા ભાવેશ પટેલ, કર્મચારી નં.૪૭૫૮૫ બાબતે માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી અને પી.ઓ.શ્રી સેન્ટ્રલ ઝોનને સંબોધીને સેન્ટ્રલ ઝોન સીટી સીવીક સેન્ટર ખાતે કરેલ. જે સીટી સીવીક સેન્ટર ધ્વારા નં.સીસીસી/સીઝેડ/૩૨૩૯ તા.૧૮/૨/૨૦૨૦ થી સેન્ટ્રલ ઝોન તથા મધ્યસ્થ મહેકમ વિભાગને તબદીલ કરેલ. જે મહેકમ વિભાગને તા.૧૯/૦૨/૨૦૨૦ના રોજ પ્રાપ્ત થયેલ જે આ સાથે સામેલ છે. આ સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર, મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઇએસટી/૮૨૩૩ તા.૨૮/૦૨/૨૦૨૦ થી માહિતી/ પુર્તતા સમયમર્યાદામાં પાઠવવામાં આવેલ. જે પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતાથી નારાજ થઈ તા.૦૯/૦૩/૨૦૨૦ના રોજ પ્રથમ અપીલ અરજી દાખલ કરી, અપીલ તબકકે "તાલીમાર્થી કલાર્કની નિમણુંક અંગેના ખુલાસા તથા નિમણુંકના હુકમ વિગરે પુરાવા માંગેલ છે. જેનુ અર્થઘટન ખોટું થયેલ છે. તાલીમાર્થી કલાર્કની વયમર્યાદા વિત્યે થયેલ નિમણુંક અંગેના ખુલાસા, ઠરાવો યા જરૂરી હુકમો થયેલ હોય તો તે...." તે મુજબની માહિતી આપવા રજુઆત કરેલ છે.

ઉપરોકત હકીકત ધ્યાને લેતા, અરજદાર મજકુરની મુળ આઈ.ડી.થી મુદ્દા નં.૧ થી સુરેખા ભાવેશ પટેલ કર્મ.નં.૪૭૫૮૫ "મજકુર આપના આરોગ્ય વિભાગમાં તાલીમાર્થી કર્લાક તરીકે છેલ્લા ૩ વર્ષથી ફરજ બજાવતા હોય તેઓની ભરતી થયાની સંબધિત માહિતી ભરેલ ફોર્મ તેમજ જે આધારે નિમણૂંક કરવામાં આવેલ હોય તેના પુરાવા, રીપોર્ટની માહિતીની નકલો આપવામાં આવે"ની માહિતી માંગેલ. જે સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) ધ્વારા નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઇએસટી/૮૨૩૩, તા.૨૮/૦૨/૨૦૨૦થી પુર્તતામાં " પ્રસ્તુત મુદ્દાથી માંગવામાં આવેલ માહિતીની વિગતે જણાવવાનું કે સુરત મહાનગપાલિકામાં કોઈપણ અધિકારી/કર્મચારીએ તેમની નિમણૂંક સંદર્ભે રજુ કરેલ અરજી ફોર્મ, શૈક્ષણિક લાયકાતના/અનુભવના પ્રમાણપત્રો, માર્કશીટ કે અન્ય કોઈપણ દસ્તાવેજો એ તેઓનો અંગત પ્રકારનો ડોકયુમેન્ટ હોય જે વિશ્વસનીય સંબધોને આધારે અત્રેની કચેરીને તેઓની નિમણુંકના હેતુસર ઉપલબ્ધ થયેલ હોય જે ત્રાહિત વ્યકિતને આપી શકાય નહી કે આપવુ હિતાવહ જણાતુ નથી. તેમજ ઉકત માહિતીને જાહેર ગતિવિધિ અથવા હિત સાથે કોઈપણ પ્રકારનો સંબધ હોવાનું જણાતુ ન હોય પ્રસ્તુત મુદ્દાથી માંગ્યા મુજબની માહિતી આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ચ) અને (ઠ) મુજબ પુરી પાડવા જોગ નથી. વધુમાં ઉપરોકત મુજબની માંગવામાં આવતી માહિતી બાબતે અત્રેથી ઉકત કલમને આધીન ઈન્કાર કરવામાં આવેલ એક આર.ટી.આઈ. અરજીને પડકારવા માટે રાજય માહિતી આયોગમાં દાખલ કરવામાં આવેલ બીજી અપીલ નં.અ–૫૬૧૩/૨૦૧૫ માં ના.ગુજરાત રાજય માહિતી આયોગના રાજય માહિતી કમિશનરશ્રી ધ્વારા તા.૦૮/૧૨/૨૦૧૬ ના રોજ આપેલ ચુકાદામાં શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્ર વિગેરે અંગત બાબત છે જે માહિતી અધિકાર અધિનિયમની કલમ ૮(૧)(ઠ) હેઠળ આપવાપાત્ર નથી, અપીલ અરજી દફતરે કરવા હુકમ કરેલ છે. તદઉપરાંત રાજય માહિતી આયોગમાં દાખલ કરવામાં આવેલ અન્ય એક અપીલ નં.અ–૧૫૦૩–૨૦૧૭ માં ગુજરાત રાજય માહિતી આયોગના મુખ્ય માહિતી કમિશનરશ્રી ધ્વારા ઉમેદવારના શૈક્ષણિક લાયકાતના પુરાવા/પ્રમાણપત્રની માંગવામાં આવેલ માહિતી, માહિતી અધિકાર અધિનિયમની કલમ ૮(૧)(ઠ) મુજબ અંગત પ્રકારની હોય આપવામાં આવી નથી, જે પ્રથમ અપીલ અધિકારીના નિર્ણય સાથે સંમત હોવાનુ જણાવી બીજી અપીલ દફતરે કરવા હાલમાં જ તા.૧૧/૦૧/૨૦૧૮ ના રોજ હુકમ કરેલ છે. જેની નકલ અવલોકનાર્થે સામેલ છે. " તેમ જણાવી માહિતી/પુર્તતા પાઠવવામાં આવેલ.

ઉકત પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા યોગ્ય અને ઉચિત જણાય છે. કારણકે, સુરત મહાનગપાલિકામાં કોઈપણ અધિકારી/કર્મચારીએ તેમની નિમણૂંક સંદર્ભે રજુ કરેલ દસ્તાવેજો એ અંગત પ્રકારના હોય જે તેઓની નિમણુંકના હેતુસર ઉપલબ્ધ થયેલ હોય જે ત્રાહિત વ્યકિતને આપી શકાય નહી તેમજ ઉકત માહિતીને જાહેર ગતિવિધિ અથવા હિત સાથે કોઈપણ પ્રકારનો સબંધ હોવાનું જણાતુ ન હોય મજકુર કર્મચારીના શૈક્ષણિક લાયકાત /અનુભવના પ્રમાણપત્રો, માર્કશીટ, ડીગ્રી સર્ટીફીકેટ વિગેરે માંગ્યા મુજબની માહિતી આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ચ) અને (ઠ) મુજબ પુરી પાડવા જોગ જણાતી નથી. આ સંદર્ભે નામ. રાજય માહિતી આયોગ તરફથી વખતો વખત કરવામાં આવેલ ઉપરોકત હુકમ અરજદારને આપવામાં આવેલ હોવાથી પ્રસ્તુત અપીલ અરજી સંદર્ભે ધ્યાને લેવા જોગ છે. આમ, ઉકત સમગ્ર હકીકત ધ્યાને લેતા અરજદારની મુળ અરજી પરત્વે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) ધ્વારા આર.ટી. આઈ. એકટની કલમ–૮(૧)(ચ) અને (ઠ)ની જોગવાઈઓને આધીન માહિતી/પુર્તતા નિયમાનુંસાર પુરી પાડેલ હોય, અરજદાર ધ્વારા કરવામાં આવેલ રજુઆત ગ્રાહય રાખવા જોગ જણાતી નથી. સદર અપીલ અરજી અંગે મધ્યસ્થ મહેકમ કક્ષાએથી વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય કે વધુ કોઈ દસ્તાવેજો કે નકલો પુરી પાડવાની રહેતી ન હોય, જેથી સદર અપીલ અરજી દફતરે કરી નિકાલ કરવા જોગ જણાય છે.

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકતો ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી ભાવિનભાઈ નટવરભાઈ પટેલએ મુળ અરજી આઈ.ડી.નં.૩૨૩૯ તા.૧૭/૨/૨૦૨૦ થી તાલીમાર્થી કલાર્ક શ્રી સુરેખા ભાવેશ પટેલ, કર્મચારી નં.૪૭૫૮૫ બાબતે માહિતી માંગેલ. જે સંદર્ભમાં જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) ધ્વારા નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઇએસટી/૮૨૩૩ તા.૨૮/૦૨/૨૦૨૦ થી મજકુર કર્મચારીના શૈક્ષણિક લાયકાત /અનુભવના પ્રમાણપત્રો, માર્કશીટ, ડીગ્રી સર્ટીફીકેટ વિગેરે માંગ્યા મુજબની માહિતી આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ચ) અને (ઠ) મુજબ પુરી પાડવા જોગ જણાતી નથી. આ બાબતે રાજય માહિતી આયોગમાં દાખલ કરવામાં આવેલ બીજી અપીલ સંદર્ભે રાજય માહિતી કમિશનરશ્રી ધ્વારા તા.૦૮/૧૨/૨૦૧૬ ના રોજ આપેલ ચુકાદામાં બીજી અપીલ અરજી દફતરે કરવા હુકમ કરેલ છે. તેમજ અન્ય એક અપીલ નં.અ–૧૫૦૩–૨૦૧૭ માં શૈક્ષણિક લાયકાતના પુરાવા/ પ્રમાણપત્રો માહિતી અધિકાર અધિનિયમની કલમ ૮(૧)(ઠ) મુજબ અંગત પ્રકારની હોય આપવામાં આવી નથી, ઉકત સમગ્ર હકીકત ધ્યાને લેતા અરજદારની મુળ અરજી પરત્વે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) ધ્વારા આર.ટી. આઈ. એકટની કલમ–૮(૧)(ચ) અને (ઠ)ની જોગવાઈઓને આધીન તથા રાજય માહિતી આયોગના ઉકત ચુકાદાઓ ધ્યાને લેતા પાઠવવામાં આવેલ માહિતી/પુર્તતા યોગ્ય અને ઉચિત જણાય છે. જે ધ્યાને લેતા અરજદારે અપીલ તબકકે માહિતીનું અર્થઘટન ખોટું કરેલ હોવાની રજુઆત ગ્રાહય રાખવા જોગ જણાતી નથી. આમ, ઉપરોકત તમામ હકીકત ધ્યાને લેતા સદર અપીલ અરજી અંગે મધ્યસ્થ મહેકમ કક્ષાએથી વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય કે વધુ કોઈ દસ્તાવેજો કે નકલો પુરી પાડવાની રહેતી ન હોય, જેથી સદર અપીલ અરજી દફતરે કરવા જોગ જણાતી હોય, જે દફતરે કરી નિકાલ કરવામાં આવે છે. વધુમાં આ

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | **સુરત મહાનગરપાલિકા,**<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ, સુરત – ૩૯૫ ૦૦૩. |

હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજ્ય કક્ષાની કચેરી, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે અરજદાર બીજી અપીલ કરી શકે છે.

**(એસ.એચ.વ્યાસ)**
**અપીલ અધિ કારી અને પર્સોનલ ઓફિસર(મહેકમ)**
**સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત**
**ફોન નં.(૦૨૬૧)૨૪૨૩૭૫૧ થી ૫૬ એક્ષટે.નં.૫૧૯**

નં.જીએડી/ઇએસટી/૮૮૪૪
તા.૩૧/૦૩/૨૦૧૯

**નોંધ–** હાલની COVID-19 જેવી વૈશ્વિક મહામારી તથા LOCDOWN ની પરિસ્થિતિના કારણોસર પોષ્ટ ખાતા ધ્વારા ટપાલ સ્વીકારવામાં આવતી ન હોય જે ધ્યાને લેશો.
**નકલ રવાનાઃ** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મધ્યસ્થ મહેકમ વિભાગ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાનાઃ** શ્રી ભાવિનભાઈ નટવરભાઈ પટેલ, પ્રતિ....જાણ માટે.

ફેક્સ : 91-0261-2422110
ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87

**સુરત મહાનગરપાલિકા,**
મહાનગર સેવા સદન,
મુગલસરાઈ, સુરત – ૩૯૫ ૦૦૩.

**અપીલ અરજી નં.૪૫/૧૯–૨૦**

**અરજદાર :** શ્રી રાજેષભાઈ એચ. આમલીવાલા

**સામાવાળા :** સેકશન ઓફીસર (મધ્યસ્થ મહેકમ વિભાગ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષય:–** શ્રી રાજેષભાઈ એચ. આમલીવાલાની મુળ અરજી આઈ.ડી.નં.૩૧૦૯ તા.૦૬/૦૨/૨૦૨૦ સંદર્ભે કરેલ અપીલ અરજી બાબત.

**સંદર્ભ:–** અરજદાર મજકુરની તા.૦૭/૦૩/૨૦૨૦ ની અપીલ અરજી No.SMC/GAD/FAP/45/19-20.

અરજદાર શ્રી એ મુળ આઈ.ડી.નં.૩૧૦૯ તા.૦૬/૨/૨૦૨૦ થી એસ.સી.એ. નં.૧૫૩૦/૨૦૧૨ ગુજરાત હાઈકોર્ટ બાબતે માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી અને પી.ઓ.શ્રી સેન્ટ્રલ ઝોનને સંબોધીને સેન્ટ્રલ ઝોન સીટી સીવીક સેન્ટર ખાતે કરેલ. જે સીટી સીવીક સેન્ટર ધ્વારા નં.સીસીસી/સીઝેડ/૩૧૦૯ તા.૦૭/૨/૨૦૨૦ થી સેન્ટ્રલ ઝોન તથા મધ્યસ્થ મહેકમ વિભાગને તબદીલ કરેલ. જે મહેકમ વિભાગને તા.૦૭/૦૨/૨૦૨૦ના રોજ પ્રાપ્ત થયેલ. આ સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર, મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઇએસટી/૮૩૩૬ તા.૦૪/૦૩/૨૦૨૦, નકલ ફી ભરવા બાબતનો પત્ર નિયત નમુના–ખ પત્ર નં.જીએડી/ઇએસટી/૮૩૩૭ તા.૦૪/૦૩/૨૦૨૦, નકલ ફી ભરપાઈ કરેલ હોય જે સબંધે નકલો પુરી પાડયા બાબતેનો પત્ર નં.જીએડી/ઈએસટી/૮૭૫૦ તા.૧૯/૦૩/૨૦૨૦થી માહિતી/ પુર્તતા સમયમર્યાદામાં પાઠવવામાં આવેલ. જે પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતાથી નારાજ થઈ તા.૦૭/૦૩/૨૦૨૦ના રોજ પ્રથમ અપીલ અરજી દાખલ કરી, અપીલ તબકકે "માહિતીનો જવાબ અપૂરતો હોય, જે માંગ્યા મુજબ નથી" તે મુજબની માહિતી આપવા રજુઆત કરેલ છે.

ઉપરોક્ત હકીકત ધ્યાને લેતા, અરજદાર મજકુરની મુળ આઈ.ડી.થી **મુદ્દા નં.૨** "એસ.સી.એ. નં. ૧૫૩૦/૨૦૧૨ ગુજરાત હાઈકોર્ટ તરફથી ૧૫૩૦/૨૦૧૨ તરફેણમાં આપેલ ચુકાદાની નકલ" મુજબની માહિતી માંગવામાં આવેલ. જે સંદર્ભે **પુર્તતામાં:** " એસ.સી.એ. નં. ૧૫૩૦/૨૦૧૨ ગુજરાત હાઈકોર્ટમાં હાલ પેન્ડીગ છે. પરંતુ આ અગાઉ ગુજરાત હાઈકોર્ટ તરફથી તા.૧૧/૧૦/૨૦૧૨ના રોજ કરેલ "ORAL ORDER" ની નકલ (પાના નંગ–૨) આ સાથે સામેલ છે. જે નકલ મેળવવા અરજદાર આ સાથે સામેલ પત્ર મુજબની નકલ ફી રૂા.૪/– ભરપાઈ કર્યેથી તેવી માહિતીની નકલ તમોને પુરી પાડવામાં આવશે." તેમ જણાવવામાં આવેલ. તથા **મુદ્દા નં.૪** અંશતઃ "<u>એસ.સી.એ. ૧૫૩૦/૨૦૧૨ નાં કર્મચારીની અરજી દફતરે કર્યા પછી નવો પરિપત્ર ઈસ્યુ કરી અરજી મંગાવવામાં આવી છે કે કેમ? જો આવી હોય તો પરિપત્રની નકલ આપવી</u> તથા તેના અનુસંધાને આવેલ અરજીની નકલ" મુજબની માહિતી માંગવામાં આવેલ. જે સંદર્ભે **પુર્તતામાં :** "પ્રસ્તુત મુદ્દામાં અંડરલાઈન કરેલ સુરત મહાનગરપાલિકાના મધ્યસ્થ મહેકમ વિભાગને અંશતઃ લાગત મુદ્દાથી માંગ્યા મુજબની માહિતી બાબતે જણાવવાનું કે એસ.સી.એ. નં. ૧૫૩૦/૨૦૧૨ હાલમાં સબજયુડીશ છે. વધુમાં સુરત મહાનગરપાલિકાના મધ્યસ્થ મહેકમ વિભાગ દ્વારા ઈસ્યુ કરવામાં આવેલ પરિપત્ર નં.જીએડી/ઈએસટી/૧૬૨૧ તા.૧૦/૦૭/૨૦૧૩ ની નકલ (પાના નંગ–૧) આ સાથે સામેલ છે. જે નકલ મેળવવા અરજદાર આ સાથે સામેલ પત્ર મુજબની નકલ ફી રૂા.૨/– ભરપાઈ કર્યેથી તેવી માહિતીની નકલ તમોને પુરી પાડીએ. જેના પરથી માંગલ માહિતીનો સંદર્ભ અરજદારે મેળવવાનો રહે છે" તેમ જણાવવામાં આવેલ. જે સંદર્ભે અરજદાર ધ્વારા તા.૧૮/૦૩/૨૦૨૦ ના રોજ સુચવેલ નકલ ફી સેન્ટ્રલ ઝોન સીટી સીવીક સેન્ટર ખાતે ભરપાઈ કરેલ અને તે અંગેની જાણ તા.૧૯/૦૩/૨૦૨૦ ના રોજ થતા મધ્યસ્થ મહેકમ વિભાગ કક્ષાએથી સમયમર્યાદામાં લાગત માહિતીની નકલો પાના નંગ–૩ નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઇએસટી/૮૬૫૦ તા.૧૯/૦૩/૨૦૨૦ થી પુરી પાડવામાં આવેલ છે. આમ ઉકત મુળ આઈ.ડી. સંદર્ભે મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત મુદ્દાની માહિતી/પુર્તતા તથા લાગત નકલો સમયમર્યાદામાં અરજદારને પાઠવવામાં આવેલ છે. તેમ છતા અરજદાર ધ્વારા અપીલ તબકકે જવાબ અપૂરતો અને માંગ્યા મુજબ મળેલ ન હોવાની રજુઆત કરેલ છે. અરજદાર દ્વારા અપીલ રીક્રુટમેન્ટ વિભાગને ઉલ્લેખીત કરેલ હોય, સદર કરેલ રજુઆતમાં કોઈ તથ્ય જણાતુ ન હોય, કરેલ રજુઆત પાયાવિહોણી જણાતી હોય, મજુકરની અપીલ અરજી અંતર્ગત મધ્યસ્થ મહેકમ વિભાગ કક્ષાએથી વધુ કોઈ માહિતી પુરી પાડવાની બાકી હોવાનું જણાતુ ન હોય, અપીલ અરજી દફતરે કરવા જોગ જણાય છે.

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકતો ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી રાજેશભાઈ એચ. આમલીવાલાએ મુળ અરજી આઈ.ડી.નં.૩૧૦૯ તા.૦૬/૨/૨૦૨૦ થી લાગત **મુદ્દા નં.૨** થી "એસ.સી.એ. નં. ૧૫૩૦/૨૦૧૨ ગુજરાત હાઈકોર્ટ તરફથી ૧૫૩૦/૨૦૧૨ તરફેણમાં આપેલ ચુકાદાની નકલની માહિતી માંગેલ." જે સંદર્ભે **પુર્તતામાં:** " એસ.સી.એ. નં.૧૫૩૦/૨૦૧૨ ગુજરાત હાઈકોર્ટમાં હાલ પેન્ડીગ છે. પરંતુ આ અગાઉ ગુજરાત હાઈકોર્ટ તરફથી તા.૧૧/૧૦/૨૦૧૨ના રોજ કરેલ "ORAL ORDER" ની નકલ–૨ નકલ ફી ભરપાઈ કર્યેથી નકલ પુરી પાડવામાં આવશે." તથા લાગત **મુદ્દા નં.૪** અંશતઃ "<u>એસ.સી.એ. ૧૫૩૦/૨૦૧૨ નાં કર્મચારીની અરજી દફતરે કર્યા પછી નવો પરિપત્ર ઈસ્યુ કરી અરજી મંગાવવામાં આવી છે કે કેમ? જો આવી હોય તો પરિપત્રની નકલ આપવી</u> તથા તેના અનુસંધાને આવેલ અરજીની નકલ" ની માહિતી માંગવામાં આવેલ. જે સંદર્ભે **પુર્તતામાં :** "પ્રસ્તુત મુદ્દામાં અંડરલાઈન કરેલ સુરત મહાનગરપાલિકાના મધ્યસ્થ મહેકમ વિભાગને અંશતઃ લાગત મુદ્દાથી માંગ્યા મુજબની માહિતી એસ.સી.એ. નં.૧૫૩૦/૨૦૧૨ હાલમાં સબજયુડીશ હોય સુરત મહાનગરપાલિકાના મધ્યસ્થ મહેકમ વિભાગ દ્વારા ઈસ્યુ કરવામાં આવેલ પરિપત્ર નં.જીએડી/ઈએસટી/૧૬૨૧ તા.૧૦/૦૭/૨૦૧૩ ની નકલ–૧ નકલ ફી ભરપાઈ કર્યેથી પુરી પાડવામાં આવશે." જે સંદર્ભે તા.૧૮/૦૩/૨૦૨૦ ના રોજ સુચવેલ નકલ ફી સેન્ટ્રલ ઝોન સીટી સીવીક સેન્ટર ખાતે ભરપાઈ કરેલ અને તે અંગેની જાણ તા.૧૯/૦૩/૨૦૨૦ ના રોજ થતા લાગત માહિતીની નકલો સમયમર્યાદામાં પાના નંગ–૩ નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઇએસટી/૮૬૫૦ તા.૧૯/૦૩/૨૦૨૦ થી પુરી પાડવામાં આવેલ. આમ, જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, મધ્યસ્થ મેહકમ દ્વારા પાઠવવામાં આવેલ માહિતી/પુર્તતા યોગ્ય અને ઉચિત જણાય છે. જે ધ્યાને લેતા અરજદારે અપીલ તબકકે "માહિતીનો જવાબ અપૂરતો હોય, જે માંગ્યા મુજબ નથી" નું અર્થઘટન ખોટું કરેલ હોવાની રજુઆત ગ્રાહય રાખવા જોગ જણાતી નથી. આમ, ઉપરોક્ત તમામ હકીકત ધ્યાને લેતા સદર અપીલ અરજી અંગે મધ્યસ્થ મહેકમ કક્ષાએથી વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય કે વધુ કોઈ દસ્તાવેજો કે નકલો પુરી પાડવાની રહેતી ન હોય, જેથી સદર અપીલ અરજી દફતરે કરવા જોગ

જણાતી હોય, જે દફતરે કરી નિકાલ કરવામાં આવે છે. વધુમાં આ હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજ્ય કક્ષાની કચેરી, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેક્ટર નં.૧૦–એ, ગાંધીનગર– ૩૮૨૦૧૦ ખાતે અરજદાર બીજી અપીલ કરી શકે છે.

**(એસ.એચ.વ્યાસ)**
**અપીલ અધિ કારી અને પર્સોનલ ઓફિસર(મહેકમ)**
**સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત**
**ફોન નં.(૦૨૬૧)૨૪૨૩૭૫૧ થી ૫૬ એક્ષટે.નં.૫૧૯**

નં.જીએડી/ઇએસટી/૮૮૪૫
તા.૩૧/૦૩/૨૦૧૯

**<u>નોંધ–</u>** હાલની COVID-19 જેવી વૈશ્વિક મહામારી તથા LOCDOWN ની પરિસ્થિતિના કારણોસર પોષ્ટ ખાતા ધ્વારા ટપાલ સ્વીકારવામાં આવતી ન હોય જે ધ્યાને લેશો.

**નકલ રવાનાઃ** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મધ્યસ્થ મહેકમ વિભાગ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાનાઃ** શ્રી રાજેષભાઈ એચ. આમલીવાલા, પ્રતિ....જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | **સુરત મહાનગરપાલિકા,**<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ, સુરત – ૩૯૫ ૦૦૩. |

**અપીલ અરજી નં.૪૬/૧૯–૨૦**

**અરજદાર :** શ્રી રમેશભાઈ હરસીગભાઈ બારીઆ

**સામાવાળા :** સેકશન ઓફીસર (મધ્યસ્થ મહેકમ વિભાગ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષય:–** શ્રી રમેશભાઈ હરસીગભાઈ બારીઆની મુળ અરજી આઈ.ડી.નં.૬૪૯ તા.૧૮/૦૨/૨૦૨૦ સંદર્ભે કરેલ અપીલ અરજી બાબત.

**સંદર્ભ:–** અરજદાર મજકુરની તા.૧૬/૦૩/૨૦૨૦ ની અપીલ અરજી No.SMC/GAD/FAP/46/19-20.

અરજદાર શ્રી રમેશભાઈ હરસીગભાઈ બારીઆએ શહેરી વિકાશ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ ગાંધીનગરને સંબોધીને કરેલ. જે શહેરી વિકાશ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ ધ્વારા નં.:અમન/૧૦૨૦૨૦ તા.૧૫/૦૨/૨૦ થી સુરત મહાનગરપાલિકાને તબદીલ કરેલ. જે મધ્યસ્થ કચેરી ધ્વારા આઈ.ડી. નં.૬૪૯ તા.૧૮/૦૨/૨૦ થી નોંધણી કરી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી, આરોગ્ય મહેકમ વિભાગને તબદીલ કરેલ. જે આરોગ્ય વિભાગ ધ્વારા નં.પીએચ/૧૪૯ તા.૨૫/૦૨/૨૦ થી મધ્યસ્થ મહેકમ વિભાગને તબદીલ કરેલ. જે મધ્યસ્થ મહેકમ વિભાગને તા.૨૬/૦૨/૨૦ ના રોજ પ્રાપ્ત થયેલ. સદર મુળ આઈ.ડી.ની વિગતો ધ્યાને લેતા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર મધ્યસ્થ મહેકમ વિભાગ ધ્વારા માંગેલ મુદ્દા – એ થી ડી ની માહિતી સંદર્ભમાં નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઇએસટી/૮૩૫૩ તા.૦૫/૦૩/૨૦ થી પુરી પાડવા જોગ માહિતી બાબતે યોગ્ય પુર્તતા/જવાબ પાઠવેલ. જે પુરી પાડવામાં આવેલ માહિતીથી નારાજ થઈ તા.૧૬/૦૩/૨૦ ના રોજ પ્રથમ અપીલ અરજી દાખલ કરી અપીલ તબકકે અરજદાર ધ્વારા "સંદર્ભ:(૧) નં.જીએડી/ઈએસટી/પીએચ/ આરટીઆઈ/૧૪૯ તા.૨૫/૨/૨૦ તથા (૨) નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/૧૫૧ તા.૨/૩/૨૦થી ઉકત બંને પત્રોથી નારાજ હોઈ સમયમર્યાદામાં પ્રથમ અપીલ દાખલ કરૂ છું" તે મુજબની રજુઆત કરેલ છે.

અરજદાર દ્વારા માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) ધ્વારા ઉકત નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઇએસટી/૮૩૫૩ તા.૦૫/૦૩/૨૦ થી પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા યોગ્ય અને ઉચિત જણાય છે. કારણ કે **<u>મુદ્દા નં.એ પુર્તતામાં</u>** ઉપરોકત બંને પોસ્ટ પૈકી સુરત મહાનગરપાલિકાના મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત સેનેટરી ઈન્સ્પેકટરની પોસ્ટ સુરત મહાનગરપાલિકા ખાતે ઉપલબ્ધ છે. **<u>મુદ્દા નં.બી.સી.ડી.ની સંયુકત પુર્તતામાં</u>** "માંગેલ માહિતી રેકર્ડ આધારીત નહી પરંતુ પ્રશ્ન પુછવા સમાન/અભિપ્રાય/મંતવ્યને લગતી હોવાનું જણાય છે. તેવી માહિતી પુરી પાડી શકાય નહી કે તેવી માહિતી પુરી પાડવાની જવાબદારી જાહેર માહિતી અધિકારીની રહેતી નથી. જેના અનુસંધાનમાં ભારત સરકાર કર્મચારી વર્ગ જાહેર ફરીયાદો અને પેન્શન મંત્રાલય કર્મચારી વર્ગ અને તાલીમ વિભાગના ક્રમાંક : ૧/૭/૦૯/ આઈ.આર. તા.૧/૬/૦૯ તથા નં.૧/૧૮/૧૧– આઈ.આર. તા.૧૬/૯/૧૧ની નકલ આપની તા.૩૧/૧૨/૨૦૧૯ ની આઈ.ડી.૩૭૨૮ ની પૂર્તતા સાથે પુરી પાડવામાં આવેલ છે. તેમજ નામ. સુપ્રિમ કોર્ટના સિવિલ અપીલ નં.૨૨ ઓફ ૨૦૦૯ તા.૩૧/૦૮/૨૦૧૭ ના ચુકાદાનું અનુસંધાન લઈ કલેરીકલ સ્ટાફ અને કર્મચારીઓની અંગત બાબતો, નોકરીમાં જોડાયા તારીખ, બઢતીની વિગત, કચેરીમાં જોડાયાની તારીખ, ટ્રાન્સફરના હુકમો વિગરે તેમની અંગત માહિતી છે. જે માહિતી અધિકાર અધિનિયમની કલમ ૮(૧) (ઠ) હેઠળ જાહેર કરી શકાય નહી. તેમજ આ મુજબની માંગવામાં આવેલ માહિતીમાં જાહેર હિત સમાયેલુ હોવુ જોઈએ. આ માંગવામાં આવેલ માહિતીમાં કોઈપણ પ્રકારનું જાહેર હિત સમાયેલ હોવાનું પ્રસ્થાપિત થતુ નથી કે પ્રસ્થાપિત કરવામાં આવેલ ન હોય માંગવામાં આવેલ માહિતી જે તે કર્મચારી અને તેમના નોકરીદાતા વચ્ચેની છે જે કામગીરી સેવા નિયમો હેઠળ નિયંત્રિત હોય, તે બાબતો ધ્યાને લેતા પ્રસ્તુત સમગ્ર મુદ્દાથી માંગ્યા મુજબની માહિતી આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ઠ) મુજબ ત્રાહિત પક્ષકારને પુરી પાડવા જોગ નથી. આ બાબતે રાજય માહિતી અયોગના ઉકત હુકમની નકલ આપની તા.૩૧/૧૨/૨૦૧૯ ની આઈ.ડી.૩૭૨૮ ની પૂર્તતા સાથે પુરી પાડવામાં આવેલ છે." જે મુજબ માહિતી /પુર્તતા પાઠવવામાં આવેલ છે. વધુમાં ઉકત બંને પોસ્ટ બાબતે અત્રેના પત્ર નં.જીએડી/ઈએસટી/૮૮૫૯ તા.૩૧/૩/૨૦ થી જાહેર માહિતી અધિકારીને આ સંદર્ભે વધુ સ્પષ્ટતા કરવા જણાવતા તેઓશ્રી તરફથી પત્ર નં.જીએડી/ઇએસટી/૮૮૬૨ તા.૩૧/૩/૨૦ થી જણાવેલ છે કે "અરજદારશ્રી રમેશભાઈ હરસીગભાઈ બારીયાએ મુળ આઈ.ડી.નં.૬૪૯ તા.૬/૨/૨૦ સંદર્ભે અત્રેના પત્ર નં.જીએડી/ઈએસટી/૮૩૫૩ તા.૫/૩/૨૦ થી મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત સેનેટરી ઈન્સ્પેકટરની માંગવામાં આવેલ માહિતી બાબતે જરૂરી પુર્તતા કરતા જણાવેલ છે કે સદરહુ સેનેટરી ઈન્સ્પેકટરની જગ્યા બઢતીના ધોરણે સુરત મહાનગરપાલિકા ધ્વારા નકકી કરવામાં આવેલ નીતિ નિયમોને આધીન ભરવામાં આવે છે. તેમજ અરજદારે માંગેલ માહિતી મુજબનો રેકર્ડ અલગથી નિભાવવામાં આવતો ન હોવાની સ્પષ્ટતા કરવામાં આવેલ છે." આમ, ઉકત તમામ હકીકતો ધ્યાને લેતા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસરશ્રી (મહેકમ) ધ્વારા પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા યોગ્ય, ઉચિત અને નિયમાનુસારની જણાય છે. અરજદારની સદર પ્રથમ અરજીમાં સંદર્ભ–(૧) તથા (૨) માં જણાવ્યા મુજબ આરોગ્ય વિભાગ તરફથી પુરી પાડવામાં આવેલ માહિતીથી નારાજ હોવાનું જણાવેલ છે. જે પણ ધ્યાને લેતા મહેકમ વિભાગ ધ્વારા સદર અપીલ સંદર્ભમાં વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય કે વધુ કોઈ નકલો કે માહિતી પુરી પાડવાની રહેતી ન હોય, જેથી સદર અપીલ અરજી દફતરે કરવા જોગ જણાય છે.

**<u>–: હુ ક મ :–</u>**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકતો ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી અરજદાર શ્રી રમેશભાઈ હરસીગભાઈ બારીઓ મુળ અરજી આઈ.ડી. નં.૬૪૯ તા.૧૮/૦૨/૨૦ થી પ્રાયમરી હેલ્થ વર્કર તથા સેનેટરી ઈન્સ્પેકટર બાબતે મુદ્દા નં.'એ' થી 'ડી' ની માહિતી માંગવામાં આવેલ. જે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) ધ્વારા ઉકત નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઇએસટી/૮૩૫૩ તા.૦૫/૦૩/૨૦ થી પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા યોગ્ય અને ઉચિત જણાય છે. કારણ કે **<u>મુદ્દા નં.એ પુર્તતામાં</u>** ઉપરોકત બંને પોસ્ટ પૈકી સુરત મહાનગરપાલિકાના મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત સેનેટરી ઈન્સ્પેકટરની પોસ્ટ સુરત મહાનગરપાલિકા ખાતે ઉપલબ્ધ છે. **<u>મુદ્દા નં.બી.સી.ડી. ની</u>**

...૨.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | **સુરત મહાનગરપાલિકા,**<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ, સુરત – ૩૯૫ ૦૦૩. |



**<u>સંયુકત પુર્તતામાં</u>** "માંગેલ માહિતી રેકર્ડ આધારીત નહી પરંતુ પ્રશ્ન પુછવા સમાન/અભિપ્રાય/મંતવ્યને લગતી હોય જે માહિતી પુરી પાડી શકાય નહી. જેના અનુસંધાનમાં ભારત સરકાર કર્મચારી વર્ગ જાહેર ફરીયાદો અને પેન્શન મંત્રાલય કર્મચારી વર્ગ અને તાલીમ વિભાગના ક્રમાંક : ૧/૭/૦૯/ આઈ.આર. તા.૧/૬/૦૯ તથા નં.૧/૧૮/૧૧– આઈ.આર. તા.૧૬/૯/૧૧ની નકલ પુરી પાડવામાં આવેલ છે. તેમજ નામ. સુપ્રિમ કોર્ટના સિવિલ અપીલ નં.૨૨ ના ચુકાદાનું અનુસંધાન લઈ કર્મચારીઓની અંગત બાબતો, નોકરીમાં જોડાયા તારીખ, બઢતીની વિગત, કચેરીમાં જોડાયાની તારીખ, ટ્રાન્સફરના હુકમો વિગરે તેમની અંગત માહિતી છે. આ માંગવામાં આવેલ માહિતીમાં કોઈપણ પ્રકારનું જાહેર હિત સમાયેલ હોવાનું પ્રસ્થાપિત થતુ નથી કે પ્રસ્થાપિત કરવામાં આવેલ ન હોય માંગવામાં આવેલ માહિતી જે તે કર્મચારી અને તેમના નોકરીદાતા વચ્ચેની છે જે કામગીરી સેવા નિયમો હેઠળ નિયંત્રિત હોય, તે બાબતો ધ્યાને લેતા પ્રસ્તુત સમગ્ર મુદ્દાથી માંગ્યા મુજબની માહિતી આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ઠ) મુજબ ત્રાહિત પક્ષકારને પુરી પાડવા જોગ નથી. મધ્યસ્થ મહેકમ વિભાગના પત્ર નં.જીએડી/ઇએસટી/૮૮૬૨ થી સેનેટરી ઈન્સ્પેકટરની ભરતી બાબતે વધુ સ્પષ્ટતા કરેલ છે કે સેનેટરી ઈન્સ્પેકટરની જગ્યા બઢતીના ધોરણે સુરત મહાનગરપાલિકા ધ્વારા નકકી કરવામાં આવેલ નીતિ નિયમોને આધીન ભરવામાં આવે છે. તેમજ માંગેલ માહિતી મુજબનો રેકર્ડ અલગથી નિભાવવામાં આવતો ન હોવાની સ્પષ્ટતા કરવામાં આવેલ છે. આમ, ઉકત તમામ હકીકતો ધ્યાને લેતા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસરશ્રી (મહેકમ) ધ્વારા પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા યોગ્ય, ઉચિત અને નિયમાનુસારની જણાય છે. અરજદારની સદર પ્રથમ અરજીમાં સંદર્ભ–(૧) તથા (૨) માં જણાવ્યા મુજબ આરોગ્ય વિભાગ તરફથી પુરી પાડવામાં આવેલ માહિતીથી નારાજ હોવાનું જણાવેલ છે. જે પણ ધ્યાને લેતા મહેકમ વિભાગ ધ્વારા સદર અપીલ સંદર્ભમાં વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય કે વધુ કોઈ નકલો કે માહિતી પુરી પાડવાની રહેતી ન હોય, જેથી સદર અપીલ અરજી દફતરે કરવા જોગ જણાતી છે. જે દફતરે કરી નિકાલ કરવામાં આવે છે.

વધુમાં આ હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર– ૩૮૨૦૧૦ ખાતે અરજદાર બીજી અપીલ કરી શકે છે.

**(એસ.એચ.વ્યાસ)**
**અપીલ અધિકારી અને પર્સોનલ ઓફિસર(મહેકમ)**
**સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત**
**ફોન નં.(૦૨૬૧)૨૪૨૩૭૫૧ થી ૫૬ એક્ષટે.નં.૫૧૯**

નં.જીએડી/ઇએસટી/૮૮૬૫
તા.૩૧/૦૩/૨૦૧૯

**<u>નોંધ–</u>** હાલની COVID-19 જેવી વૈશ્વિક મહામારી તથા LOCDOWN ની પરિસ્થિતિના કારણોસર પોષ્ટ ખાતા ધ્વારા ટપાલ સ્વીકારવામાં આવતી ન હોય જે ધ્યાને લેશો.

**નકલ રવાના:** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મધ્યસ્થ મહેકમ વિભાગ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાના:** શ્રી રમેશભાઈ હરસીગભાઈ બારીઆ પ્રતિ....જાણ માટે.